# વિશ્વકોશવિમર્શ

સંપાદક

**પ્રીતિ શાહ**



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ઇ-બુક શ્રેણી : 23

# વિશ્વકોશવિમર્શ


સંપાદક

**પ્રીતિ શાહ**


ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રકાશનો ઓનલાઈન જોવા માટે લિંક
https://gujarativishwakosh.org/ebooks


ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

અમદાવાદ

Vishvakoshvimarsh : A Treatise on Encyclopaedia
Ed. by Preeti Shah
Pub. : Gujarat Vishvakosh Trust
Navrangpura, Ahmedabad 380 009

© ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

પ્રકાશક

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ,** રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-380 013. ફોન : 2755 1703

Email : vishvakoshad1@gmail.com / website : www.vishwakosh.org

કિંમત રૂ. : 120/- ⦿ પહેલી આવૃત્તિ : મે, 2001

**મુદ્રક :**
**ક્રિશ્ના ગ્રાફિક્સ**
નારણપુરા ગામ, અમદાવાદ 380013 ફોન નં. : 2494393

મુખ્ય વિક્રેતા
**ગૂર્જર સાહિત્ય ભવન,** રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380 001

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

# પ્રકાશકનું નિવેદન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ગુજરાતી ભાષામાં વિશ્વકોશ તૈયાર કરવાનો સંકલ્પ કર્યો તે પછી કોશને બને તેટલો સંપૂર્ણ અને પ્રમાણભૂત બનાવવાના પ્રયત્નો ટ્રસ્ટ દ્વારા થતા રહ્યા; તેમાંનો એક પ્રયત્ન તે રચના, સ્વરૂપ, પ્રકાર અને વિવિધ ભાષાઓમાં વિશ્વકોશના અવતરણ પરત્વે સર્વગ્રાહી ચર્ચા થઈ શકે તેવો પરિસંવાદ 21-22 માર્ચ, 1998ના દિવસોમાં યોજવામાં આવ્યો તે છે. ‘વિશ્વકોશ : સાંપ્રત વિશ્વના સંદર્ભમાં’ એ વિષય પર અધિકારી વિદ્વાનો દ્વારા એ પરિસંવાદમાં જે ચર્ચા-વિચારણા થયેલી તેને અહીં ગ્રંથસ્થ કરવામાં આવી છે. તેમાંની સામગ્રી વિશ્વ-કોશ વિશેના નિષ્ણાતોના વિભિન્ન અભિગમો ઉપરાંત અન્ય ભારતીય ભાષાઓમાં જોવા મળતી તેની ગતિવિધિનો સ્પષ્ટ ખ્યાલ આપે તેમ છે.

પરિસંવાદમાંનાં વક્તવ્યો સાથે ‘ગુજરાતી વિશ્વકોશ : એક વિશિષ્ટ અભિયાન’ એ વિભાગ જોડ્યો છે. તેમાંનાં લખાણો અદ્યતન ગુજરાતી વિશ્વકોશનાં આયોજન અને વિકાસ પર પ્રકાશ પાડે છે. છેલ્લે ‘વિશ્વકોશ-સાહિત્યસૂચિ’ મૂકેલી છે. તેમાં વિશ્વના અને ભારતના મળીને આશરે એક હજાર જેટલા વિશ્વકોશોને આવરી લેવામાં આવ્યા છે.

એ રીતે વિશ્વકોશની રચના કે વિશ્વકોશનો ખાસ અભ્યાસ કરવા ઇચ્છના-રને માર્ગદર્શક નીવડે તેવું આ પુસ્તકનું આયોજન થયેલું છે. કદાચ, આ પ્રકારનું આપણી ભાષામાં આ વિષયનું આ પહેલું જ પ્રકાશન છે.

આજના માહિતીયુગમાં વિશ્વકોશ અનિવાર્ય જ્ઞાનસાધન બન્યું છે ત્યારે અહીં મૂકેલી સામગ્રી વિદ્યાલયો ઉપરાંત પૃથગ્જનોને પણ ઉપયોગી નીવડશે એવી આશા છે.

આ પ્રસંગે પુસ્તકનું ચીવટપૂર્વક સંપાદન કરવા બદલ ડૉ. પ્રીતિબહેન શાહનો, વિશ્વકોશ-સાહિત્યની સૂચિ તૈયાર કરવા બદલ કનુભાઈ શાહનો, પરિ-સંવાદમાં ભાગ લેવા બદલ વિવિધ ક્ષેત્રના વિદ્વજ્જનોનો અને આ કાર્યમાં ઉમળકા-ભેર સહકાર આપવા બદલ વિશ્વકોશ પરિવારના સૌ સભ્યોનો હૃદયપૂર્વક આભાર માનતાં આનંદ થાય છે.

31 જુલાઈ, 2011

**ધીરુભાઈ ઠાકર**
**કુમારપાળ દેસાઈ**

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| 1. | ભૂમિકા | પ્રીતિ શાહ | 10 |
| 2. | વિશ્વકોશ : અનન્ય જ્ઞાનસાધન | ચંદ્રકાન્ત શેઠ | 16 |
| 3. | અભિનંદનીય પ્રવૃત્તિ | સી. ડી. દેશપાંડે | 28 |
| 4. | શિક્ષણપ્રવૃત્તિનું હૃદયંગમ પ્રાગટ્ય | એમ. એન. દેસાઈ | 32 |
| 5. | જ્ઞાનતીર્થની યાત્રા | બંસીધર શુક્લ | 36 |
| 6. | વિશ્વકોશ : પરિકલ્પના અને સર્જન | અરુંધતી દેવસ્થળે | 40 |
| 7. | વિશ્વકોશ અને વૈજ્ઞાનિક અભિગમ | જ. દા. તલાટી | 46 |
| 8. | વિશ્વકોશ : જૈન વિદ્યાના ચમત્કારનું દર્પણ | મ. શિ. દુબળે | 51 |
| 9. | સમાજવિદ્યાઓના સંદર્ભમાં | રમેશ ભા. શાહ | 57 |
| 10. | માનવવિદ્યાઓના સંદર્ભમાં | પી. કે. મહેતા | 66 |
| 11. | વિશ્વકોશની આવતી કાલ | સુધીર પંડ્યા | 70 |
| 12. | જ્ઞાનસાધનાની પ્રવૃત્તિ | વિ. પ્ર. ત્રિવેદી | 75 |
| 13. | મરાઠી વિશ્વકોશ | જયંત ર. જોશી | 80 |
| 14. | બંગાળી વિશ્વકોશ | અનિલા દલાલ | 84 |
| 15. | હિન્દી વિશ્વકોશ | ગોવર્ધન શર્મા | 90 |
| 16. | ગુજરાતીમાં વિશ્વકોશપ્રવૃત્તિ | ચંદ્રકાન્ત ટોપીવાળા | 96 |
| 17. | સંદર્ભસાધન | જયકુમાર ર. શુક્લ | 103 |
| 18. | કલા અને વિશ્વકોશ | અમિતાભ મડિયા | 106 |
| 19. | વિજ્ઞાન, ટેકનૉલૉજી અને વિશ્વકોશ | પ્રહલાદ છ. પટેલ | 108 |

| | | | |
|---|---|---|---|
| 20. | વાણિજ્ય અને વિશ્વકોશ | **જયન્તિલાલ પો. જાની** | **112** |
| 21. | ગણિતશાસ્ત્ર અને વિશ્વકોશ | **શિવપ્રસાદ મણિશંકર જાની** | **114** |
| 22. | ભૂસ્તરવિદ્યા અને વિશ્વકોશ | **ગિરીશભાઈ પંડ્યા** | **119** |
| 23. | જ્ઞાનવિસ્તરણનું સાધન | **બાળકૃષ્ણ માધવરાવ મૂળે** | **124** |
| 24. | શિક્ષણ, સંશોધન અને વિશ્વકોશ | **રક્ષા શાહ** | **128** |
| 25. | પત્રકારત્વ અને વિશ્વકોશ | **પ્રીતિ શાહ** | **132** |
| 26. | સર્વસંગ્રાહક સંદર્ભગ્રંથ | **કુલીનચંદ્ર યાજ્ઞિક** | **137** |
| 27. | શાન્ત ક્રાન્તિનું સમર્થ વાહન | **ધીરુભાઈ ઠાકર** | **142** |
| 28. | વિશ્વકોશ : આયોજન અને નિર્માણ**ચંદ્રકાન્ત શેઠ** | | **147** |
| 29. | વિશ્વકોશની વિકાસવાર્તા | **ધીરુભાઈ ઠાકર** | **150** |
| 30. | વિશ્વકોશ સાહિત્યસૂચિ | **કનુભાઈ શાહ** | **163** |
| | CONTENT | | 165 |
| | General | | 172 |
| | ગુજરાતી વિશ્વકોશો : વર્ગીકૃત સૂચિ | | 229 |

# વિશ્વકોશવિમર્શ

❖

પ્રીતિ શાહ



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આયોજિત પરિસંવાદની ઉદઘાટનવિધિ પ્રસંગે સર્વશ્રી સી. ડી. દેશપાંડે, એમ. એન. દેસાઈ, સુધીર પંડ્યા, ધીરુભાઈ ઠાકર, કુમારપાળ દેસાઈ અને ચંદ્રકાન્ત શેઠ

# વિશ્વકોશ
## સાંપ્રત વિશ્વના સંદર્ભમાં

| | |
|---|---|
| ભૂમિકા | પ્રીતિ શાહ |
| વિશ્વકોશ : અનન્ય જ્ઞાનસાધન | ચંદ્રકાન્ત શેઠ |
| અભિનંદનીય પ્રવૃત્તિ | સી. ડી. દેશપાંડે |
| શિક્ષણપ્રવૃત્તિનું હૃદયંગમ પ્રાગટ્ય | એમ. એન. દેસાઈ |

# ભૂમિકા

## પ્રીતિ શાહ

1

નાનકડા બીજમાંથી ધીરે ધીરે વિશાળ વટવૃક્ષ બને ત્યારે બીજની કલ્પના આવે ખરી ? 1985ના ઑગસ્ટ મહિનામાં આઝાદીમાં સક્રિય ભાગ લેનારા મજૂરો અને ગરીબોના બેલી એવા કર્મયોગી શ્રી સાંકળચંદભાઈ પટેલનો એમના મિત્ર અને ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ વિવેચક ડૉ. ધીરુભાઈ ઠાકર સાથે મેળાપ થયો. આ મેળાપ તે બીજ અને એમાંથી સર્જાયેલું વટવૃક્ષ એટલે ગુજરાતી વિશ્વકોશના ખંડો, કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર શ્રેણીના ઉપક્રમે પ્રગટ થયેલા ત્રણ ગ્રંથો, કર્મયોગી સ્વ. સાંકળચંદ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણીમાં પ્રગટ થયેલા અન્ય ત્રણ ગ્રંથો, વર્તમાનવિશ્વ અને વિશ્વકોશનું માહિતી આપતું દર મહિને પ્રગટ થયું 'વિશ્વવિહાર', બાળવિશ્વકોશ અંગેનો રાષ્ટ્રીય પરિસંવાદ અને એ જ પરંપરામાં અમદાવાદમાં યોજાયેલો 'વિશ્વકોશ : સાંપ્રત વિશ્વના સંદર્ભમાં' એ વિશેનો પરિસંવાદ. વિદ્યાકીય અને સાંસ્કારિક પ્રવૃત્તિનો આવો વિકાસ એમાં જોડાયેલા સહુની નિષ્ઠા અને નિસ્બતનો દ્યોતક ગણાય.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે આ પરિસંવાદનું આયોજન કર્યું એની પાછળ એના જુદા જુદા ઉદ્દેશો હતા. માત્ર થયેલા કાર્યની કેફિયત નહોતી, પરંતુ એ કાર્યમાં આવતી મુશ્કેલીઓ અંગે સહચિંતન કરવાનો પણ આશય હતો. ભારતીય ભાષાઓમાં ચાલી રહેલી આ પ્રવૃત્તિનો શિક્ષણ અને સંશોધન પરત્વે ક્યાસ કાઢવાની સાથોસાથ સાંપ્રત સમયના સંદર્ભમાં જ્ઞાનસાધન તરીકે

વિશ્વકોશની વિશિષ્ટતા તપાસવાનો પણ આશય હતો. વિશ્વકોશની ઉપયોગિતા દર્શાવવાની સાથોસાથ ગુજરાતમાં ચાલી રહેલી વિશ્વકોશના કાર્યની જાણકારી વાચક સુધી પહોંચાડવાનો પણ આમાં આશય હતો. વિશ્વકોશની પ્રવૃત્તિની ચર્ચા કરવા માટે જુદા જુદા વિષયના તજજ્ઞોએ આ પરિસંવાદમાં ભાગ લીધો. વળી મહત્વના જ્ઞાનસાધન વિશ્વકોશની રચના અંગે અને તેમાં પણ સંકલન, સંપાદન, વિષયસામગ્રી, તજજ્ઞો, પરામર્શન અને મુદ્રણ સુધીની બાબતો આવરી લેવાઈ. કેટલાક પ્રશ્નો વિશે વિચારગોષ્ઠિ પણ થઈ. જેમ કે વિશ્વકોશને કઈ રીતે 'અપડેટ' કરવો. દસ વર્ષે એક ઇયર બુક બહાર પાડવી. રોજેરોજના સમાચારને આધારે તેમજ વિદ્વાનોના સૂચનને આધારે હકીકતો કે માહિતીમાં સુધારા કરવા. કમ્પ્યૂટર દ્વારા માહિતીસંચય કરવો અને માહિતીકેન્દ્ર ઊભું કરીને માહિતી-વિતરણ કરવું. આ રીતે વિશ્વકોશને જ્ઞાનસાધન તરીકે વધુ સમૃદ્ધ અને અદ્યતન બનાવવા માટે શું કરવું એનો પણ આ પરિસંવાદમાં વિગતે વિચાર કરવામાં આવ્યો.

આજનો યુગ માહિતીયુગ છે અને તેમાં માહિતીની કક્ષા, વિપુલતા, વિતરણ અને ત્વરિતતા એ બાબતમાં આજના યુગે નવાં સીમાચિહનો રચ્યાં છે. આજે વૈશ્વિક મહત્વ ધરાવતા સમાચાર માત્ર બે મિનિટમાં આખા વિશ્વને વ્યાપી વળે છે. વિશ્વ નાનું બનવાની સાથે એના દેશો નજીક આવી ગયા છે અને એને પરિણામે કચ્છનો ભૂકંપ, નેપાળના રાજવંશની હત્યા, કૅન્સરમાં થતું નવું સંશોધન કે માનવ--જીનોમની વાત કોઈ પ્રદેશવિશેષની માહિતી રહેવાને બદલે વિશ્વની માહિતી બને છે. આનો સૌથી મોટો પડકાર વિશ્વકોશે ઝીલવાનો હોય છે. જુદા જુદા સમાજ, સમુદાયો, સંસ્કૃતિઓ અને સાંસ્કારિક પ્રણાલીઓ વચ્ચેનું આદાનપ્રદાન ઘનિષ્ઠ બન્યું છે. ધર્મ, શિક્ષણ, સાહિત્ય, કલા કે તત્વજ્ઞાન જેવાં ક્ષેત્રોના વિકાસની માહિતી સહુ કોઈને હાથવગી બની છે. ઉદારીકરણે ભારતના દૂરના ગામડાની હાટડીમાં અમેરિકાએ તૈયાર કરેલાં ઠંડા પીણાંઓ લાવી દીધાં છે. શહેર, પ્રદેશ, રાજ્ય કે દેશને બદલે હવે વિશ્વમાં ક્યાં એ માલની જરૂર છે તેનો વિચાર કરવામાં આવે છે. આ રીતે 'વસુધૈવ કુટુમ્બકમ્'ની પરિસ્થિતિ સર્જાય છે ત્યારે માનવીને માટે પોતાના વિસ્તારની નહિ બલકે આખી વસુધાની વાત જાણવી આવશ્યક બની છે. માનવી વિશ્વમાનવી બન્યો તેની સાથોસાથ એની જાણકારીનો વ્યાપ પણ આખા વિશ્વને આવરી લે છે. આ પરિસ્થિતિને કારણે માનવીએ પોતાની આસપાસની સૃષ્ટિ અને સંકુલ દુનિયાની જાણકારી રાખવી પડશે. આથી અગાઉ ક્યારેય નહોતી તેટલી વિશ્વકોશની જરૂર આજના યુગને છે. અગાઉ એક શતાબ્દીમાં જેટલો જ્ઞાનરાશિ પ્રાપ્ત થતો હતો તેનાથીયે અધિક જ્ઞાન આજે એક દસકાથી પણ ઓછા સમયમાં ઉપલબ્ધ થાય છે. આજના માનવીને આ જુદી જુદી વિદ્યાશાખાઓનું જ્ઞાન કયું જ્ઞા-નસાધન આપી શકે ? આને માટે દરેક સંસ્કૃત પ્રજા પોતાના વિશ્વકોશ તરફ દૃષ્ટિ

ઠેરવે છે. પ્રજાની જ્ઞાનજિજ્ઞાસાની પારાશીશી એની વિશ્વકોશ-પ્રવૃત્તિ ગણી શકાય. આ વિશ્વકોશમાં જ્ઞાનની શાખા-પ્રશાખાઓની અદ્યતન માહિતી એના વિશિષ્ટ આયોજન સાથે સંક્ષેપમાં પણ પ્રમાણભૂત રીતે પ્રાપ્ત થાય છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે 21–22 માર્ચ, 1998ના રોજ 'વિશ્વકોશ : સાંપ્રત વિશ્વના સંદર્ભમાં' વિષય પર યોજેલા પરિસંવાદની ભૂમિકા ટ્રસ્ટના ટ્રસ્ટી કુમા-રપાળ દેસાઈએ આપી જેમાં ગુજરાતી વિશ્વકોશની પ્રવૃત્તિના પ્રારંભથી અદ્યાપિ સુધીની વિકાસરેખા આપી. ત્યારબાદ મરાઠી વિશ્વકોશ સાથે ગાઢ રીતે સંકળાયેલા શ્રી સી. ડી. દેશપાંડેએ દીપપ્રાગટ્ય કર્યું. મુંબઈ યુનિવર્સિટીમાંથી ડી. લિટ્.ની ડિગ્રી મેળવનાર. ઑસ્ટ્રેલિયાની કૅનબેરા યુનિવર્સિટીના મુલાકાતી અધ્યાપક, એકસોથી વધુ સંશોધન-પત્રો લખનાર મરાઠી વિશ્વકોશ મંડળના સભ્ય તેવા ડૉ. દેશપાંડેએ ગુજરાતમાં ગાળેલાં વર્ષોની સ્મૃતિઓ તાજી કરી. સ્વ. સાંકળચંદભાઈની ગતિશીલ પ્રતિભાને અંજલિ અર્પી. ગુજરાતી વિશ્વકોશ વિશે પ્રતિભાવ આપતાં એમણે કહ્યું : ''... મરાઠી વિશ્વકોશના કાર્યના મારા અનુભવના આધારે હું કહી શકું છું કે ગુજરાતી વિશ્વકોશનું આયોજન ઉત્તમ રીતે થયેલું છે... અને એ માટે વિશ્વકોશ મંડળના સંપાદકો તથા કાર્યકરો અભિનંદનના અધિકારી છે...'' તેમના અનુભવના આધારે તેમણે વિશ્વકોશને વધારે લોકોપયોગી બનાવવા માટે કેટલાંક ઉપયોગી સૂચનો કર્યાં. અભિવ્યક્તિ માટે ભાષા ઉચિત-અનુરૂપ હોવી જોઈએ. સ્થળનામોના ઉચ્ચારો સ્થાનિક ભાષા પ્રમાણે હોય તે ઉચિત છે. ઉદાહરણરૂપ તેમણે કહ્યું કે બૅંગલોર અંગ્રેજી નામ છે. સ્થાનિક નામ બંગલુરુ છે અને, મરાઠી વિશ્વકોશમાં અમે એ રીતે આ અધિકરણ મૂકેલું છે. તેમણે સૂચવ્યું કે કોશમાં સ્થળે સ્થળે અધિકરણ સાથે માનચિત્ર હોવું જોઈએ. તે ઉપરાંત, એકાદ ગ્રંથ માનચિત્રકોશ(ઍટલાસ)રૂપે આપવો જોઈએ. ભૌગોલિક વિષયો સમજવામાં આથી બહુ સહાય થાય છે. વિશ્વ-કોશના વેચાણનો પ્રશ્ન પણ એમણે ચર્ચ્યો. આ ક્ષેત્રે ઑસ્ટ્રેલિયાના અનુભવ પરથી આપણે શીખી શકીએ એવું સૂચન કર્યું. બધા ખંડો પ્રકાશિત થઈ જાય એ સાથે કોશનું કાર્ય સમાપ્ત થાય છે એવું માનવું ઉચિત નથી એમ શ્રી સી. ડી. દેશપાંડેએ કહીને તેનું સતત સંશોધન-સંવર્ધન કરતા રહી નવેસરથી પ્રકાશન કરવાનું ચાલુ રાખવું આવશ્યક છે એમ સમજાવ્યું. તેને અદ્યતન રાખવા પર ભાર મૂક્યો. આવાં કાર્યોમાં કેન્દ્ર સરકારના સહયોગ માટે તેમણે હાકલ કરી. તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે કેન્દ્ર સરકાર ગૅઝેટિયરો–સર્વસંગ્રહોના પ્રકાશન માટે દર્શાવે છે તેવી ઉત્સુકતા વિશ્વકોશ માટે દર્શાવતી નથી. આ વલણ બરાબર નથી. વિશ્વકોશ પ્રત્યે પણ તેટલું જ ધ્યાન અપાવું જોઈએ. ગુજરાતી વિશ્વકોશના સુંદર કાર્ય માટે ડૉ. દેશપાંડેએ તેમાં ફાળો આપનારા સૌને અભિનંદન આપી વક્તવ્ય સમાપ્ત કર્યું.

કવિ, નિબંધકાર, વિવેચક, સંપાદક અને સંશોધક ડૉ. ચંદ્રકાન્ત શેઠે હાર્દરૂપ

વક્તવ્ય આપ્યું. ચંદ્રકાન્તભાઈએ વિશ્વકોશની વિભાવના, તેનાં મૂળ, આદિ વિશ્વ-કોશ, તેનાં વિવિધ સ્વરૂપ, તેની વિકાસયાત્રા, તેનાં પૂર્વ-પશ્ચિમ પરિપ્રેક્ષ્ય, નોંધપાત્ર કાર્યો અને સિદ્ધિઓ, ત્રુટિઓ, તેમનું નિવારણ અને વર્તમાન સમયમાં તેની સામેના પડકારો સુધીની લાંબી જ્ઞાનયાત્રા કરાવી. ઉદા. ગુજરાતી ભાષાનો પ્રથમ વિશ્વકોશ વાછા અને સોલન નામના બે પારસી વિદ્વાનોએ ચાર ભાગની યોજના અંતર્ગત પ્રથમ ભાગ રૂપે એપ્રિલ, 1891માં 'સર્વ વિદ્યામાળા અથવા ગુજરાતી સાઇક્લોપીડિયા' નામે પ્રસિદ્ધ કર્યો તે વાતનો ઉલ્લેખ કર્યો. વધુમાં એમણે જણાવ્યું કે વિશ્વ-કોશમાં માહિતી અને જ્ઞાન બંનેનો સમન્વય હોય છે. વિશ્વકોશ શુષ્ક માહિતી ને વિગતોનું જડ માળખું આપનારું જ્ઞાનસાધન નથી. વિશ્વકોશ તો એમાંની અવનવી માહિતીના આધારે જ્ઞાનરસિક વાચકના ચિત્તને 'ચેતનયાત્રા' કરાવે છે.

અતિથિવિશેષપદેથી ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ ડૉ. એમ. એન. દેસાઈએ તેમના વિશ્વકોશના નિર્માણકાર્યના અનુભવોનું સ્મરણ કરાવ્યું. તેમણે કહ્યું કે વિશ્વકોશનું નિર્માણ એ કેટલું કઠિન કાર્ય છે એ તો તેમણે જ્યારે યુનિવર્સિટીના 'વિજ્ઞાન અને યંત્રવિદ્યાના જ્ઞાનકોશ'ના દસ ખંડનું પ્રકાશન કરાવ્યું ત્યારે સમજાયું. તેમણે નોંધ્યું કે શબ્દકોશ, વિજ્ઞાનશબ્દકોશ, લઘુ વિશ્વકોશ, વિજ્ઞાનનો વિશ્વકોશ એમ વિશ્વકોશક્ષેત્રે અનેક રૂપો પ્રચલિત છે, પરંતુ તે માટે ઉચિત પ્રશિક્ષણ માટે ક્યાંય કશી વ્યવસ્થા નથી. આ સંજોગોમાં વિશ્વકોશ ટ્રસ્ટે આટલી ત્વરાથી નિર્ધારિત વીસમાંથી નવ ખંડોનું પ્રકાશન કર્યું તે અભિનંદનીય સિદ્ધિ છે. અત્રે તેમણે નિર્દેશ કર્યો કે અત્યારે જે વેગથી વિજ્ઞાન અને ટૅકનૉલૉજીનાં ક્ષેત્રોમાં પ્રગતિ થાય છે, તથા જે વેગથી માહિતીના ડુંગરો ખડકાય છે, તે જોતાં શ્રેણીના 20 ખંડો પૂરા થતા સુધીમાં તેની નવી સંશોધિત આવૃત્તિનું પ્રકાશન કરવા તૈયાર રહેવું પડશે. ડૉ. એમ. એન. દેસાઈએ કહ્યું કે આવાં કાર્યો યુનિવર્સિટી માટે અસંભવ છે. એમાંયે વિજ્ઞાનના વિષયો સરળ બનાવવાનું ઘણું કઠિન છે. અહીં ગુજરાતી ભાષાના વિદ્વાનો ભેગા મળે તેથી કામ પતી જતું નથી. વિશ્વકોશની જ – એ શબ્દની જ વાત કરીએ તો એન્સાઇક્લોપીડિયા માટે 'જ્ઞાનચક્ર' ઉચિત પર્યાય લાગે છે, જે રતનજી શેઠનાએ 1899માં તેમના પ્રથમ વિશ્વકોશ માટે પ્રયોજેલો. એમાં બીજો પણ મહત્વનો અર્થ મળે છે. ચક્ર ગતિનું પ્રતીક છે. જ્ઞાનના ક્ષેત્રના વિકાસનો વેગ એટલો ત્વરિત છે કે જો કોશના કાર્યમાં યોગ્ય વેગ ના જળવાય તો મુશ્કેલી થાય. તેમણે વર્તમાન પેઢીના જ્ઞાનવિમુખ થતા વલણ પ્રત્યે પણ ચિંતા દર્શાવી. સાથે પ્રમુખ સંપાદક ડૉ. ધીરુભાઈની ધૃતિની પ્રશંસા કરતાં ગુજરાતી વિશ્વકોશ જોઈ પોતાના ઘણા ભ્રમો ભાંગી ગયાનો સ્વીકાર કર્યો. વિજ્ઞાનના અઘરા વિષયો સરળતાથી પ્રસ્તુત કરાયા છે, તે સંતોષની વાત છે. યુનિવર્સિટીઓ માટે આવા ગ્રંથો ઉપયોગી સંદર્ભસાધનો પૂરાં પાડે છે. વિજ્ઞાનના વિષયો માટે સર્વમાન્ય પરિભાષા ચલણી

બને તેની આવશ્યકતા પર ડૉ. દેસાઈએ ભાર મૂક્યો, જેથી વિજ્ઞાનના વિષયોના વિશ્વકોશનું નિર્માણ સરળ બને. હળવાશથી તેમણે એક એવું સૂચન પણ કર્યું કે વિશ્વકોશ જેવા ગ્રંથોનો ઉપયોગ વૃદ્ધજનો પણ કરતા હોય છે, એટલું ધ્યાનમાં રાખી બીબાં મોટાં વાપરવાં વિચારવું જોઈએ. આ નોંધપાત્ર કાર્ય માટે એમણે સહુને ધન્યવાદ આપ્યા.

અધ્યક્ષસ્થાનેથી ડૉ. ધીરુભાઈ ઠાકરે સમાપન વક્તવ્ય આપતાં કહ્યું કે વિશ્વ-કોશના મુખ્ય સંપાદકનું કામ મહત્વનું છે. વિજ્ઞાનના વિષયમાં પાઠ્યપુસ્તકોના કે અધ્યાપકીય શબ્દોથી કામ સરતું નથી. વિષયનો સંદર્ભ સમજાવે તેવા સરળ શબ્દો પ્રયોજવા પડે છે. ગુજરાતી વિશ્વકોશે અપનાવેલી તમામ અધિકરણોની સૂચિ પ્રથમ તૈયાર કરવાની પદ્ધતિ પાછળનો હેતુ સ્પષ્ટ કરતાં તેમણે કહ્યું કે વિષયસૂચિનું નિ-ર્ધારણ આરંભે કરવાથી સમગ્ર કોશનું દર્શન ઊપસે છે. સમયાંતરે સૂચિમાં સુધારા-વધારા થતા રહે છે અને કોશની સર્વગ્રાહિતા જળવાય છે. વિષય પ્રમાણે સંપાદકો નિશ્ચિત માળખામાં વિષયનાં અધિકરણો ઢાળે છે. આધુનિક સગવડોને લીધે છેલ્લી ઘડીની વિગતો સમાવી શકાય છે. માંડણી પછી તેમણે પરિસંવાદનો હેતુ  વિશ્વકોશ : સાંપ્રત વિશ્વના સંદર્ભમાં – અત્યારે કેવું વ્યાપક મહત્વ ધારણ કરે છે, તે વાતનો નિર્દેશ કર્યો. વીજાણુ યુગની સ્પર્ધામાં લિખિત શબ્દો માટે મોટો પડકાર ઊભો થયો છે. વિશ્વકોશના કાર્યની સતત અને ઘનિષ્ઠ સમીક્ષા આવશ્યક છે, જેથી ક્ષતિઓ ધ્યાનમાં આવે અને તેમના નિવારણ માટે સવેળા ઉપાય કરી શકાય.

ડૉ. ધીરુભાઈ ઠાકરે વિશેષમાં કહ્યું કે વિશ્વકોશ શબ્દબ્રહ્મનું સ્વરૂપ છે, તે અમર છે. જ્યાં સુધી માનવી પૃથ્વી પર છે, ત્યાં સુધી વિશ્વકોશ પણ હશે જ. વક્ત-વ્યનું સમાપન કરતાં તેમણે આયુર્વેદની હરીતકી વિશેની અવિસ્મરણીય ઉક્તિમાં થોડો સુધારો કરી તેને વિશ્વકોશને લાગુ પાડી

" વિશ્વકોશસ્તસ્ય પિતા યસ્ય નાસ્તિ ગૃહે પિતા "

ઉદઘાટન-બેઠકની સમાપ્તિ બાદ ત્રણ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિશ્વકોશની વિભાવના અને તેનું કાર્યક્ષેત્ર, સંદર્ભગ્રંથ તરીકે વિશ્વકોશ તેમજ ભારતીય ભાષાઓમાં થયેલી વિશ્વકોશની પ્રવૃત્તિ વિશે જુદા જુદા તજ્જ્ઞોએ વક્ત-વ્યો આપ્યાં જે અહીં ગ્રંથસ્વરૂપે પ્રગટ થઈ રહ્યાં છે. આ ઉપરાંત શ્રી જે. પી. જાનીએ 'વાણિજ્ય અને વિશ્વકોશ' વિશે અને શ્રી એસ. એમ. જાનીએ 'ગણિતશાસ્ત્ર અને વિશ્વકોશ' વિશે લખેલા લેખો પણ સમાવિષ્ટ કર્યા છે જેથી પરિસંવાદના આયોજનની કલ્પના યથાશક્ય શબ્દસ્થ કરી શક્યા છીએ. આ પરિસંવાદની ફળ-શ્રુતિ રૂપે વિશ્વકોશની પ્રવૃત્તિનું મહત્વ અને સમગ્ર રાષ્ટ્રમાં તૈયાર થતા વિશ્વકોશ અંગે મૂલ્યવાન માહિતી સાંપડી. વિશ્વકોશ અંગેના કેટલાક મૂળભૂત પ્રશ્નોની મોકળે મને સમીક્ષા થઈ અને હજી કયા કયા ક્ષેત્રના વિશ્વકોશ સર્જાવાના બાકી છે તેનો

અંગુલિનિર્દેશ થયો. અદ્યતન યુગની માગને પહોંચી વળે તેવા એના સઘન અને વ્યાપક સ્વરૂપની ચર્ચા થઈ. વિશ્વમાં અને સ્વાતંત્ર્યોત્તર કાળના વિદ્યાકીય નવોત્થાન રૂપે ભારતના વિવિધ પ્રદેશોમાં વિશ્વકોશરચનાનું આંદોલન ચાલે છે તેમાં ગુજરાતે પણ એની વિશ્વકોશપ્રવૃત્તિ દ્વારા પોતાનો અર્ઘ્ય આપ્યો છે.

ગુજરાતમાં ચાલતી વિશ્વકોશપ્રવૃત્તિનો સર્વગ્રાહી આલેખ મળી રહે તે માટે 'ગુજરાતી વિશ્વકોશ : એક વિશિષ્ટ અભિયાન' વિભાગમાં ગુજરાતી ભાષામાં તૈયાર થતા વિશ્વકોશ વિશેની માહિતી પૂરી પાડે છે. વિદ્યાકીય અને આર્થિક દૃષ્ટિએ વિશ્વકોશના મહાભારત સમા કાર્યનો કઈ રીતે ગુજરાતમાં પ્રારંભ થયો તેની તથા તેના આયોજન અને નિર્માણ અંગેની વિગતો આલેખાઈ છે. સમગ્ર વિશ્વમાં અને ભારતની અન્ય ભાષાઓમાં થયેલી વિશ્વકોશરચનાની પ્રવૃત્તિની સાથોસાથ ગુ-જરાતમાં કઈ રીતે આ પ્રવૃત્તિ સાંસ્કારિક આંદોલન જગાડે તેવું વિચારકો અને વાચસ્પતિઓનું સંયુક્ત સાહસ બન્યું એનો આલેખ આમાંથી મળી રહેશે. ગુજરાતી વિશ્વકોશના 14મા ગ્રંથનું વિમોચન કરતાં હિન્દીના સમર્થ સાહિત્યકાર શ્રી વિદ્યા-નિવાસ મિશ્રે કહ્યું હતું કે વીણાનો એક તાર વાગે એટલે બીજા તાર પણ વાગે એમ ગુજરાતમાં જે થાય છે તેનો પડઘો બીજાં રાજ્યોમાં પણ પડેલો છે. આ ગ્રંથમાં એના સૂર સંભળાય છે.

# વિશ્વકોશ : અનન્ય જ્ઞાનસાધન

**ચંદ્રકાન્ત શેઠ**

2

મનુષ્યના વિકાસ સાથે જ્ઞાનનો અને જ્ઞાનના વિકાસ સાથે મનુષ્યનો વિકાસ થતો રહ્યો છે. મનુષ્યમાં જેમ જિજીવિષા તેમ જિજ્ઞાસા પણ છે. દેશકાળના સંદર્ભમાં મનુષ્ય જે જે અનુભવો પોતાને થતા જાય તે સર્વનો અર્ક જ્ઞાન રૂપે ચિત્તમાં સંચિત કરી, તેનો સર્જનાત્મક કે રચનાત્મક વૃત્તિથી લાભ લઈ, પોતાનાં સત્તાસામર્થ્યને વિકસાવવા–વિસ્તારવા સતત પ્રયત્નશીલ રહ્યો છે અને એ રીતે આત્મસમૃદ્ધ–જીવનસમૃદ્ધ પણ થતો રહ્યો છે. મનુષ્યની સમસ્ત જ્ઞાનપ્રવૃત્તિ અને જ્ઞાનસંપત્તિમાં એની ઉપર્યુક્ત પ્રકારની વૃત્તિ-ગતિ દૃષ્ટિગોચર થાય છે. જ્ઞાનકોશો કે વિશ્વકોશો-ના નિર્માણ-વિકાસમાંયે આ વૃત્તિ-ગતિનો પ્રભાવ–પ્રતાપ વરતાય છે. અતીતની અનુભવમૂલક જ્ઞાનપરંપરાનો અર્ક, સાંપ્રતનો જ્ઞાના-ભિમુખી પુરુષાર્થ અને ભવિષ્યની ભૂમિકા માટે સ્ફુરતા જ્ઞાના-ત્મક વિચારતર્ક – આ ત્રિવેણીને સમન્વિત રૂપે ચિત્તમાં સંધારણ કરતી મનુષ્યની પ્રજ્ઞાશક્તિ જ જ્ઞાનકોશો કે વિશ્વકોશોનું પ્રેરક, સંવર્ધક ને નિયામક પરિબળ બની રહે છે. મનુષ્યના આત્મ-વિકાસ–જીવનવિકાસ સાથે, એના અન્નાદિ પંચકોશોના ઉઘાડ સાથે અવિનાભાવિ-સંબંધે સંલગ્ન જ્ઞાનવિકાસનાં ઇષ્ટ-મિષ્ટ ફળો રૂપે આપણે જ્ઞાનકોશો–વિશ્વકોશો વગેરેને જોઈ શકીએ.

મનુષ્યની સતત મથામણ પોતાની આસપાસના સમસ્ત વિશ્વને અને તદનુષંગે પોતાને વધુમાં વધુ પામવાની રહી છે. એ મથામણ અનવરત ચાલતી, વધુ ને વધુ ઉત્કટ, વ્યાપક ને પ્રબળ

બનતી લાગે છે. એ મથામણ જ જ્ઞાનકોશો–વિશ્વકોશોના ઉદભવ-વિકાસની પાછળ રહેલી છે. વિશ્વકોશ છે વિશ્વજ્ઞાન માટે, અને આપણે સૌ જાણીએ છીએ તેમ, વિશ્વ ઘણું સંકુલ, ગહન અને વ્યાપક છે. તેથી જ વિશ્વવિષયક જ્ઞાન પણ ઘણું સંકુલ, ગહન અને વ્યાપક હોય તે સ્વાભાવિક છે. આપણું વિશ્વ ચરાચર, સ્થૂળ-સૂક્ષ્મ જીવ-જંતુ ને પ્રાણી-પદાર્થોથી સભર, અપાર વૈવિધ્યવાળું, સતત પરિવર્તનશીલ ને વિકાસશીલ, मध्ये व्यक्त એવું છે. તેથી જ વિશ્વવિષયક જ્ઞાનવ્યાપારને કોઈ સીમા નથી. એ જ્ઞાનવ્યાપાર તબક્કાવાર ભિન્ન ભિન્ન રૂપે, અનેકાનેક ઉચ્ચાવચ શ્રેણીઓમાં ચાલતો ને પમાતો રહે છે. એ જ્ઞાનવ્યાપારના – એતદવિષયક માનવીય પ્રવૃત્તિઓના – પરિપાક રૂપે, એની એ જ્ઞાનસાધનાના અમરફળ સ્વરૂપે જ્ઞાનકોશો કે વિશ્વકોશોને ઓળખવા જોઈએ. સર્વ વિશ્વકોશો વસ્તુતઃ વિશ્વજ્ઞાનકોશો જ હોય છે. સાહિત્યક્ષેત્રે પણ જેમની ગતિ છે એવા આપણા એક ચિત્રકાર રજની વ્યાસે તો પોતાના એક જ્ઞાનસંદર્ભાત્મક ગ્રંથને 'વિશ્વજ્ઞાનકોશ' નામથી જ ઓળખવાનું મુનાસિબ માન્યું છે.

'વિશ્વકોશ' શબ્દ અંગ્રેજી 'એન્સાઇક્લોપીડિયા'નો ગુજરાતી પર્યાય છે. 'Encyclopaedia' શબ્દના મૂળમાં enkyklious / enkiklious તથા paideia / paedeia – આ બે ગ્રીક શબ્દો છે. સેન્ચુરી ડિક્શનરી અનુસાર 'એન્સાઇ-ક્લોપીડિયા'નો અર્થ 'કળાઓ અને વિદ્યાઓનું ચક્ર' એવો થાય છે. ઑક્સફર્ડ ડિક્શનરી પ્રસ્તુત શબ્દને 'general course of instruction' સાથે સાંકળે છે. 'એવરીમૅન્સ એન્સાઇક્લોપીડિયા' 'એન્સાઇક્લોપીડિયા'- ના મૂળમાં 'the circle of learning'નો અર્થ રહ્યો હોવાનું જણાવે છે. ગ્રીક પ્રજાની સાર્થક અને સમુત્કૃષ્ટ જીવન વિશેની વિભાવનામાં encyclic educationનો ભારે મહિમા હતો. મનુષ્યે કૂ-પમંડૂક ન રહેતાં પોતાના વિશે તેમ જ પોતાની આસપાસના વિશ્વ વિશે શક્ય તેટલું બધું જ જાણવા જેવું જાણી લેવું જોઈએ અને એ માટે જ સર્વગ્રાહી જ્ઞાન આપે એવા સંચયગ્રંથોનું સેવન કરવું જોઈએ. સંભવતઃ આ પ્રકારના ભાવનાત્મક ખ્યાલથી પ્રેરાઈને પ્લેટોના ભત્રીજા ને શિષ્ય સ્પ્યુસિપ્પસે (Speusippus) પશ્ચિમનો પ્રથમ જ્ઞાનકોશ તૈયાર કર્યાનું મનાય છે. કેટલાકના મતે ઍરિસ્ટોટલે ઈ. સ. પૂર્વે ચોથી સદીમાં પોતાના શિષ્યો માટે તત્કાલીન જ્ઞાન-ચિંતનનો જે સારસંચય કરેલો તેને પ્રથમ જ્ઞાનકોશ તરીકે ઓળખવામાં આવે છે. આ 'જ્ઞાનકોશ' શબ્દ સંસ્કૃતમાં છે, પરંતુ 'એન્સાઇક્લોપીડિયા'ના અર્થમાં નહિ. 'જ્ઞાનકોશ' શબ્દ એ અર્થમાં, આપણે ત્યાં અર્વાચીન યુગમાં પ્રયોજાતો થયો છે. મરાઠી જ્ઞાનકોશકાર ડૉ. શ્રીધર વ્યંક-ટેશ કેતકરે 1929માં ગુજરાતીમાં જ્ઞાનકોશના જે બે ભાગ આપ્યા તેમાં તે શબ્દ પ્રયોજાયો છે. એ શબ્દ પછી 'વ્યાયામ જ્ઞાનકોશ'(1941)માં, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશિત જ્ઞાનકોશનાં વૉલ્યુમોમાં તથા બંસીધર શુક્લ પ્રયોજિત 'પ્રસન્નિકા જ્ઞા-

નકોશ’(1976)માં જોવા મળે છે. 1867માં ‘એન્સાઇક્લોપીડિયા’ માટે – વધુ ચોકસાઈથી કહેવું હોય તો ‘સાઇક્લોપીડિયા’ માટે રતનજી ફરામજી શેઠનાએ જે ‘જ્ઞાનચક્ર’ પર્યાય આપ્યો તે સૌથી વધુ સારો હતો, પરંતુ કમભાગ્યે, તે એમના જ્ઞાનકોશકાર્ય પૂરતો જ મર્યાદિત રહ્યો. ‘એન્સાઇક્લોપીડિયા’ માટે પ્રયોજાયેલો ‘વિશ્વકોશ’ શબ્દ 1967માં વિજયરાય વૈદ્યે તૈયાર કરેલા ‘સાહિત્યનો વિશ્વકોશ યાને સાહિત્યપ્રિયનો સાથી’ એ ગ્રંથમાં જોવા મળે છે, જે પછી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે સ્વીકારીને 1987માં શરૂ કરેલાં જ્ઞાનકોશનાં વૉલ્યુમોમાં પ્રયોજ્યો છે. ડૉ. ધીરુભાઈ ઠાકર ‘ગુજરાતી વિશ્વકોશ’ના ભૂમિકા ખંડમાં નોંધે છે : ‘‘વિશ્વકોશ એટલે વિશ્વવિદ્યાનો કોશ, સચરાચર સૃષ્ટિની સર્વાંગીણ માહિતીનો ભંડાર.’’ ગુજરાતીમાં ‘જ્ઞાનકોશ’ અને ‘વિશ્વકોશ’ બંનેય શબ્દો ‘એન્સાઇક્લોપીડિયા’ માટે રૂઢ થઈ ગયેલા છે અને ‘સાર્થ જોડણીકોશ’, ‘ભગવદગોમંડલ’ (1954) જેવા શબ્દકોશોમાં પણ આવી ગયા છે, વિજયરાય, ધીરુભાઈ ઠાકર વગેરેએ તે પ્રયોજ્યા તે પૂર્વે.

જ્ઞાનકોશાત્મક ગ્રંથો માટે ‘જ્ઞાનગંગોત્રી’ (ભોગીલાલ ગાંધી, 1967), ‘જ્ઞાનસંહિતા’ (બંસીધર શુક્લ, 1976), ‘જ્ઞાનસંચય’ (નટવરલાલ શાહ, 1978), ‘જ્ઞાનમંજૂષા’ (વંદના મહેતા, 1981) જેવા શબ્દપ્રયોગો પણ થયા છે. ‘ભગવદગોમંડલે’ ‘વિશ્વકોશ’ના પર્યાય તરીકે જે શબ્દો આપ્યા છે તેમાં ‘વિશ્વજ્ઞાનસંગ્રહ’, ‘સર્વકોષ’, ‘સર્વવિદ્યામાળાસંગ્રહ’, ‘સર્વવિદ્યાસંગ્રહકોષ’ તથા ‘સર્વસંગ્રહ’ ઉલ્લેખનીય છે. વળી એ જ ગ્રંથે ‘સર્વસંગ્રહ’ના પર્યાય તરીકે ‘વિદ્યાવળી’, ‘સર્વવિદ્યાકોષ’ અને અંગ્રેજી ‘સાઇક્લોપીડિયા’ શબ્દો આપ્યા છે. માણેકજી એદલજી વાછા તથા અરદેશર ફરામજી સોલને એપ્રિલ, 1891માં આપેલા પહેલા ગુજરાતી સાઇક્લોપીડિયા માટે ‘સર્વવિદ્યામાળા’ શબ્દ પ્રયોજેલો તે પણ સ્મરવો જોઈએ.

‘સાર્થ જોડણીકોશ’ ‘સર્વસંગ્રહ’ શબ્દ ‘ગૅઝેટિયર’ના અર્થમાં હોવાનું નોંધે છે. વળી ‘ભગવદગોમંડલ’માં ‘સર્વવિષયસંગ્રહ’ શબ્દ અલગ રીતે ‘સર્વજ્ઞાનસંગ્રહ’ના અર્થમાં નોંધાયો છે. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીએ ‘એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા’ના સંદર્ભમાં ‘સર્વવિષયસંગ્રહમાળા’ એવો પર્યાય આપ્યો છે.

જ્ઞાનકોશો કે વિશ્વકોશોના વંશકુલમાં જ સર્વસંગ્રહોનો સમાવેશ કરાય; આમ છતાં તેમનો એક અલગ વર્ગ પાડી શકાય. આપણે ત્યાં ‘ગુજરાત સર્વસંગ્રહ’, ‘કાઠિયાવાડ સર્વસંગ્રહ’, ‘ચરોતર સર્વસંગ્રહ’, ‘વડોદરા રાજ્ય પ્રાન્તિક સર્વસંગ્રહ’, ‘સૌરાષ્ટ્ર સર્વસંગ્રહ’ જેવા ગ્રંથોનો એક અલાયદો વિભાગ ચીંધી શકાય.

‘એન્સાઇક્લોપીડિયા’ શબ્દની અને તેના ગુજરાતી પર્યાયો વગેરેની ચર્ચા બાદ, ‘એન્સાઇક્લોપીડિયા’ની જે કેટલીક વ્યાખ્યાઓ અપાઈ છે તે જોઈએ :

‘એકૅડેમિક અમેરિકન એન્સાઇક્લોપીડિયા’માં તેની પરિચયાત્મક વ્યાખ્યા નીચે મુજબ છે :

Derived from the Greek enkyklios paideia for a 'circle of learning' the term encyclopedia is now applied to any work of one or more volumes with articles, usually in alphabetical order, on all branches of knowledge, or on all aspects of one subject. The purpose of the modern encyclopaedia is to condense current and essential information and make it accessible to the nonspecialist.

(Academic American Encyclopaedia, 1983)

'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'માં તેની પરિચયાત્મક વ્યાખ્યા નીચે મુજબ છે :

An encyclopaedia is a self-contained reference work with three main aims : to include up-to-date knowledge about a particular discipline or group of disciplines, to encompass this knowledge in the unity of a system, and to make this knowledge conveniently accessible. It is rare that these three aims can be harmoniously accommodated in one work, and extensive compromises are often necessary. An encyclopaedia differs from a dictionary, in that it explains general subjects rather than merely supplies definitions of words and phrases. It differs from almanac in that the information contained in the latter is dated. An encyclopaedia differs from pedagogical texts in its attempt to be easy to consult and to be readily understood by the lay person. In its attempt to be comprehensive an encyclopaedia differs from guides, manuals, atlases and similar learning aids.

(Encyclopaedia Britannica, 1985)

'ધ વર્લ્ડ બુક એન્સાઇક્લોપીડિયા' નીચે પ્રમાણે તેની પરિચયાત્મક વ્યાખ્યા કરે છે :

Encyclopaedia is one or more books containing information about people, places, events, and things. It may deal with all areas of knowledge or it may confine itself to just one area. A general encyclopaedia, such as World Book, includes information in topics in every field of knowledge. Specialized encyclopaedias provide more detailed and technical information on specific areas of knowledge, such as art, medicine or the social sciences.

(The World Book Encyclopaedia, 1992)

ઉપરની વ્યાખ્યાઓના પ્રકાશમાં જોઈએ તો નીચેના મુદ્દાઓ વિશ્વકોશ બાબતે અર્થવિસ્તાર સાથે, તારવી શકાશે :

(1) વિશ્વકોશના કદનો કોઈ નિયમ નથી. એક ગ્રંથ પણ હોય (જેમ કે, The Hutchinson Encyclopaedia, 1948; The Encyclopaedia of Ignorance, 1977; The Cambridge Encyclopaedia, 1990; The Social Science Encyclopaedia, 1996 વગેરે) અને અનેક પણ. મોટા ભાગે અનેક ખંડો કે ગ્રંથોમાં વિશ્વકોશો તૈયાર થતા રહ્યા છે.

(2) વિશ્વકોશમાં લોકો, સ્થળો, બનાવો અને પદાર્થો વગેરેની માહિતી હોય છે. કેટલાક ગ્રંથો માનવજીવનનાં સર્વ જ્ઞાનક્ષેત્રોને આવરી લઈ તેમની સાથે સંકળાયેલા વિષયોની માહિતી આપે છે. તો કેટલાક જ્ઞાનનો કોઈ એક જ –ખાસ વિષય લઈ, તેનાં વિવિધ પાસાંને આવરી લેતી માહિતી આપે છે; જેમ કે, કળા, ઔષધશાસ્ત્ર, સમાજવિજ્ઞાનો વગેરેને લગતા જ્ઞાનકોશો. 'વિશ્વકોશ' શબ્દ 'જનરલ એન્સાઇક્લોપીડિયા' પૂરતો નિયત રાખવો ઠીક લાગે છે. ખાસ વિષયની – તેનાં વિવિધ પાસાંની ટૅકનિકલ જ્ઞાનસામગ્રી આપતા ગ્રંથોને તો 'જ્ઞાનકોશ' કહેવામાં જ ઔચિત્ય લાગે છે.

(3) વિશ્વકોશમાં જે વિષયલેખો આવે તે સામાન્ય રીતે અકારાદિ ક્રમે ગોઠવાયેલા હોય છે.

(4) જે કંઈ પ્રવર્તમાન અને અગત્યની જ્ઞાનમાહિતી હોય તે સંક્ષિપ્ત રૂપે અર્વાચીન વિશ્વકોશમાં આપવામાં આવે છે. એ માહિતી એવી રીતે અપાય છે કે તેથી જે તે જ્ઞાનવિષયના નિષ્ણાત ન હોય તેવા વાચકો પણ તે સમજી – ગ્રહી શકે.

(5) વિશ્વકોશને એક સ્વતંત્ર – સ્વયંપર્યાપ્ત સંદર્ભગ્રંથ તરીકે જોવો જોઈએ.

(6) વિશ્વકોશમાં છેલ્લામાં છેલ્લી કહેવાય એવી અપ-ટુ-ડેટ – અદ્યતન જ્ઞાનસામગ્રી આપવામાં આવે છે.

(7) વિશ્વકોશમાં નિર્ધારિત માહિતીજ્ઞાન એક સુસંવાદી, સુશ્લિષ્ટ માળખામાં સમાયોજિત કરીને આપવામાં આવે છે.

(8) વિશ્વકોશમાં અપાતું માહિતીજ્ઞાન ઉત્તમ પ્રકારનું તો હોય જ, સાથે વ્યવસ્થિત રીતે, રસપ્રદ થાય એમ રજૂ થયેલું હોય. આ ઘણું કપરું, છતાં કરવું ઘટે એવું કામ છે.

(9) શબ્દકોશથી વિશ્વકોશ ભિન્ન છે. શબ્દકોશનું લક્ષ્ય શબ્દની પર્યાયાત્મક ને વ્યાકરણી સમજૂતી આપવાનું છે, જ્યારે વિશ્વકોશનું લક્ષ્ય જ્ઞાનના વિવિધ વિષયોની તલસ્પર્શી શાસ્ત્રીય માહિતી આપી તેની તાત્ત્વિક, ઐતિહાસિક ને તુલનાત્મક સંદર્ભભૂમિકાએ સર્વાશ્લેષી સમજૂતી આપવાનું છે, જે સરવાળે જીવન તેમજ જગત ઉભયને ઉપયોગી થાય. એ ખરું કે કેટલાક શબ્દકોશો – જેમ કે, વેબસ્ટરનો

શબ્દકોશ, ગુજરાતીમાં 'ભગવદગોમંડલ' જેવા શબ્દજ્ઞાન આપવા સાથે જ્ઞાનકોશીય કામગીરી પણ કરે છે. એવા કોશોને 'એન્સાઇક્લોપીડિક ડિક્શનરી' તરીકે ઓળખવામાં આવે છે. આમ છતાં શબ્દકોશોથી જ્ઞાનકોશોની પૃથક્તા સ્પષ્ટ છે.

(10) વિશ્વકોશો વાર્ષિકીઓથી પણ જુદા પડે છે. વાર્ષિકીઓમાંની માહિતી નિયત સમય પૂરતી સીમિત હોય છે. વિશ્વકોશની માહિતીને એ પ્રકારની સીમા હોતી નથી.

(11) પાંડિત્યભારવાળા ગંભીર જ્ઞાનગ્રંથોના કરતાં વિશ્વકોશની રજૂઆત સરળ – પ્રાસાદિક હોઈ તે બહુજનસ્પર્શિતાનો ગુણ દાખવે છે.

(12) વિશ્વકોશ જ્ઞાનનું સાધન છતાં, માર્ગદર્શિકાઓ, નકશાપોથીઓ અને પરિચયપુસ્તિકાઓ છે તે રીતનું સાધન નથી. તેની કામગીરી કેટલીક રીતે આગવી હોય છે.

વિશ્વકોશમાં માહિતી (information) અને જ્ઞાન (knowledage) – આ બંનેનો, ટી. એસ. એલિયટને ઇષ્ટ એવો, સમન્વય હોય છે. વિશ્વકોશ શુષ્ક માહિતી ને વિગતોનું જડ માળખું આપનારું જ્ઞાનસાધન નથી. વિશ્વકોશ તો એમાંની અવનવી માહિતીના આધારે જ્ઞાનરસિક વાચકના ચિત્તને, 'ગુજરાતની અસ્મિતા'(સંપા. રજની વ્યાસ)માં ઉમાશંકરે પ્રયોજેલો શબ્દ વાપરીને કહીએ તો, 'ચેતનયાત્રા' કરાવે છે. વિશ્વકોશના સેવનથી તેના વાચકની સૂઝ-સમજ ખીલે છે, તેની જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરે છે અને 'જ્ઞાનગંગોત્રી'માં જણાવવામાં આવ્યું છે તેમ, જીવન અને જગતનાં મૂળભૂત સત્યો અને મૂલ્યોની શ્રદ્ધાનાં બીજ રોપાય છે. માનવના બહુવિધ વિકાસના મુખ્ય મુખ્ય મજલ–ટપ્પાઓનાં દર્શન દ્વારા માનવીની સંસ્કાર અને સંસ્કૃતિની જે ઘડતરકથા છે, એની જે આગેકૂચ છે તેનું રહસ્ય પામી શકાય છે. તેની દશાદિશા સમજી શકાય છે.

કોઈ પણ પ્રજાને જ્ઞાન-વિજ્ઞાનની સંપ્રાપ્તિ માટેના કોઈ ને કોઈ પ્રકારના ઉદ્યમ કે પુરુષાર્થ વિના ચાલ્યું નથી. પશ્ચિમની પાસે છે એવા જ્ઞાનકોશ આપણી પાસે નહોતા, પરંતુ 'અગ્નિપુરાણ' જેવાં પુરાણો જરૂર હતાં; જેમાં ઐહિક અને આમુષ્મિક, આધ્યાત્મિક અને વૈશ્વિક ઘણી જ્ઞાનસામગ્રીનાં વિચારચિંતન તેમ જ પરિચય-વર્ણન સમાવિષ્ટ હોય. ખાસ કરીને ધર્મ ને વિદ્યાકેળવણીના ક્ષેત્રે સક્રિય કેટલાક વિદ્વાનોને ધર્મ અને વિદ્યા-શિક્ષણના હિતમાં જ્ઞાનકોશ તૈયાર કરવાનું જરૂરી લાગ્યું. 'એન્સાઇક્લોપીડિયા કેથોલિકા' ને 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ ઇસ્લામ' જેવા ધર્મને કેન્દ્રમાં રાખીને તૈયાર થયેલા જ્ઞાનકોશો મળે છે તો 'સ્પેક્યુલમ ટ્રિપ્લેક્સ' (Speculum Triplex), 'માર્ગારિટા ફિલૉસૉફિકા' (Margarita Philosophica) જેવા પાદરીઓ કે ધર્મગુરુઓ દ્વારા તૈયાર થયેલા જ્ઞાનકોશો પણ મળે છે.

જેમ જેમ જ્ઞાનનો ઉભાર – ભરાવો વધતો જાય છે તેમ તેમ જ્ઞાનકોશ કે વિશ્વકોશ જેવા તત્કાલ સંદર્ભસેવા પૂરી પાડે એવા જ્ઞાનગ્રંથોની જરૂરિયાત ને ઉપયોગિતા બંનેય ખૂબ વરતાયાં કરે છે. માનવસંસ્કૃતિના વિકાસે હવે રૉકેટગતિ પકડી છે. જેમ આ યુગ પરમાણુવિસ્ફોટ, વસ્તીવિસ્ફોટનો તેમ જ્ઞાનવિસ્ફોટનો પણ છે. જિજ્ઞાસુઓનાં સમય-શક્તિ વગેરે બચાવે અને એમને પ્રમાણભૂત જ્ઞાન સહેલાઈથી, ઝડપથી, સંક્ષેપમાં છતાં સર્વગ્રાહી રીતે પ્રાપ્ત થાય એવી ભાવના હવે જોર પકડી રહી છે. એક બાજુ દૃશ્યશ્રાવ્ય માધ્યમોની હરણફાળે, કમ્પ્યૂટરના અભૂતપૂર્વ પ્રદાને માહિતીજ્ઞાનની સંપ્રાપ્તિ બાબતે મોટી ક્રાન્તિ – કહો કે ઉત્ક્રાન્તિ સર્જી છે ત્યારે બીજી બાજુ સુવિકસિત મુદ્રણમાધ્યમમાં સમાવેશ પામતા જ્ઞાનકોશ કે વિશ્વકોશના ગ્રંથો માહિતીજ્ઞાનના સબળ સાધન તરીકે આજેય પૂરતા પ્રભાવક ને વર્ચસ્વી છે. અસીમ જ્ઞાન ને સામે સીમિત આયુષ્યવાળો મનુષ્ય. આ પરિસ્થિતિમાં પારાવાર જ્ઞાનસિંધુમાંથી શું શું, કેટલું, ક્યારે ને કઈ રીતે ગ્રહણ કરવું એ એક જટિલ સમસ્યા મનુષ્ય માટે બની રહે છે. જ્ઞાનની વિપુલતા, વિવિધતા ને અનંતતા જોતાં એમાંથી અગ્રતાક્રમે, ગૌણપ્રધાનભાવે, તારતમ્યબુદ્ધિએ, વિવેકપુરઃસર જે તે સ્વીકૃત પ્રયોજન કે પ્રયોજનોના સંદર્ભમાં યોગ્ય – ઉપયોગી વિષયસામગ્રીચયન કરવું અનિવાર્ય બની રહે છે.

સાંપ્રત દેશકાળમાં, મનુષ્યને સર્વાંગીણ વિકાસમાં ઉપકારક થાય તેવું વિષયસામગ્રીચયન કરતાં પૂર્વે વિશ્વકોશનાં કદ-માપ ને ખર્ચનોયે વાસ્તવિક ખ્યાલ કરવો પડે. એક જ ખંડનો વિશ્વકોશ આપવાનો હોય તો જ્ઞાનસામ્રગીના ચયનનું એક ધોરણ હોય ને એકાધિક ખંડોનો હોય તો બીજું. જ્ઞાનકોશો કે વિશ્વકોશો જ્યારે વૈયક્તિક પુરુષાર્થે તૈયાર થાય છે ત્યારે કદમાં નાના હોય છે, પણ જ્યારે તે સામુદાયિક પુરુષાર્થે તૈયાર થાય છે, ત્યારે ઘણાં વૉલ્યુમો રોકે છે. જ્ઞાનકોશની વિકાસયાત્રા જોતાં જણાશે કે શરૂઆતમાં જ્ઞાનકોશો – વિશ્વકોશો પ્રમાણમાં નાના હતા, પછી ક્રમશઃ બૃહત્ થતા ગયા. જ્ઞાનકોશ કે વિશ્વકોશ કેટલો મોટો જોઈએ એ અંગે કોઈ ચોક્કસ નીતિનિયમો નથી. 'પ્રસન્નિકા વિશ્વકોશ'માં, બંસીધરભાઈએ નોંધ્યું છે તેમ, વિશ્વનો સૌથી મોટો જ્ઞાનકોશ સ્પૅનિશ ભાષામાં 104 ભાગનો મળે છે. અનેક વિશ્વકોશો જોતાં, એટલું તો સ્પષ્ટ થાય છે કે, દસ-વીસ કે ત્રીસ-ચાલીસ વૉલ્યુમો ધરાવતા અનેક વિશ્વકોશો – જ્ઞાનકોશો મળે છે. મહાભારત ને પછી 'કાદંબરી'ના સંદર્ભે व्यासोच्छिष्टं जगत्सर्वम् ને बाणोच्छिष्टं जगत्सर्वम् ને बाणोच्छिष्टं जतत्सर्वम् એવું કહેવાયેલું. આજે સારા વિશ્વકોશોનું તો એ લક્ષણ જ લેખાય; જેમ કે, 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા' (1768–1823), 'એન્સાઇક્લોપીડિયા અમેરિકાના' (1829–1833), 'ચેમ્બર્સ એન્સાઇક્લોપીડિયા' (1859–1868), 'કૉલિયર્સ એન્સાઇક્લોપીડિયા' (1950 –1985) વગેરે.

વિશ્વકોશ કઈ વય-કક્ષાના વાચકો માટે છે અથવા તે કયા પ્રકારના ઉપયોગ માટે છે તેના આધારેય તેમાંની સામગ્રીનું ચયન કરવાનું થાય; જેમ કે, આર્થર મીનો 'ચિલ્ડ્રન્સ એન્સાઇક્લોપીડિયા' (1907), 'ઑક્સફર્ડ જુનિયર એન્સાઇ-ક્લોપીડિયા' (1948–1955), 'ચિલ્ડ્રન્સ બ્રિટાનિકા' (1960) વગેરે. વળી એક જ વિષયના જ્ઞાનકોશ માટેના સામગ્રીચયનમાં વ્યાપને મુકાબલે વધુ ઊંડાણનોયે ખ્યાલ કરવામાં આવે. તેવા કોશ જ્ઞાનકોશનો એક પ્રકાર પણ બને છે; જેમ કે, આશિષ રાજાધ્યક્ષ અને પાઉલ વિલેમનનો 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ ઇન્ડિયન સિનેમા' (1995), પી. એન. ચોપરાનો 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ ઇન્ડિયા' (1988), 'મેક-ગ્રો-હિલ એન્સાઇ- ક્લોપીડિયા ઑવ્ સાયન્સ ઍન્ડ ટેકનૉલૉજી', 'ફોકલ એન્સા-ઇક્લોપીડિયા ઑવ્ ફોટોગ્રાફી', 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ સોશિયલ સાયન્સીઝ', 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ વર્લ્ડ આર્ટ', જ્યોફ્રીએ તૈયાર કરેલો 'ધ લૅરાઉઝે એન્સાઇક્લોપીડિયા ઑવ્ મ્યુઝિક' (1971), 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ વર્લ્ડ ડ્રામા', એસ. પી. ભટ્ટાચાર્યજીનો 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ ઇન્ડિયન ઇવેન્ટ્સ ઍન્ડ ડેઇટ્સ' વગેરે. ગુજરાતીમાં પણ એવા કોશોમાં 'વ્યાયામ જ્ઞાનકોશ' (1941), 'યોગકોશ' (1974–75), 'વિજ્ઞાન અને યંત્રવિદ્યાકોશ' (1977), 'ગુજરાતી સાહિ-ત્યકોશ' (1989 –90) વગેરેનો સમાવેશ થાય છે.

વિશ્વકોશમાં કયા વિષયો સમાવવા ને કયા નહીં તેનો નિર્ણય મુખ્ય સંપાદક અને તેમના સાથી-સહાયક સંપાદકોની જ્ઞાનસજ્ઞતા, સૂઝ-સમજણ, પ્રૌઢિ-વિવેક, રસ-રુચિ વગેરે પર નિર્ભર રહે છે. વિશ્વકોશ માટેની વિષયાનુક્રમણિકા તૈયાર કરવી – તેની ભૂમિકા બાંધવી તે ઘણો વિચારવિમર્શ ને વિચારપરામર્શ માગી લે છે. ઉતાવળ હિંસા છે, ને જ્ઞાનકોશ કે વિશ્વકોશમાં તો ખાસ. ખૂબ ધૃતિપૂર્વક ચારેય બાજુનો વિચાર કરી, વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોઈ-ચકાસી, સ્વસ્થતા ને તટસ્થતાપૂર્વક વિષયચયન કરવાનું રહે છે. એક વાર આ રીતે વિષયચયન કરીને અનુક્રમણિકા તૈયાર થાય પછીયે અમુક સંજોગોમાં તે ભાવિ સુધારા-વધારા માટે તો ખુલ્લી રાખવી જ પડે.

મનુષ્યની જીવનયાત્રા સાથે જ એની જ્ઞાનયાત્રા સતત વિકસતી – વિસ્તરતી – પરિવર્તન પામી હોય છે. તેથી આ જ્ઞાનયાત્રાની ઝાંખી કરાવતા – તેના આલેખો આપતા જ્ઞાનકોશો કે વિશ્વકોશો સમયની રફતાર સાથે સુધારા-વધારા પામતા રહે એ હિતાવહ છે. આ અર્થમાં કોઈ જ્ઞાનકોશ કે વિશ્વકોશ છેવટનો કે સંપૂર્ણ હોતો જ નથી. એક 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'નો ઇતિહાસ તપાસતાંયે આ બાબત સ્પષ્ટ થાય છે. સો અઠવાડિક હપતા રૂપે શરૂ થયેલી 'બ્રિટાનિકા'ની કામગીરી વિકસતાં 1768માં એનો પ્રથમ ગ્રંથ મળ્યો તે પછી તો તેની અનવરત વિકાસગતિને કારણે 1975માં તેના પ્રોપીડિયા, મૅક્રોપીડિયા અને માઇક્રોપીડિયા – એ ત્રિવિધ

વિભાગોમાં અનેક વૉલ્યુમો શક્ય બન્યાં. વળી આ 'બ્રિટાનિકા'ની સામગ્રીને માટે પૂરક વિશોધક એવી વાર્ષિકીઓ બહાર પડી તેનોય ખ્યાલ કરવો જોઈએ. જેમ મનુષ્ય તેમ જ્ઞાનકોશ પણ કાળે કરીને વૃદ્ધ થાય છે. જ્ઞાનકોશ જ્ઞાનવૃદ્ધ થાય તે તો આવકાર્ય જ. જ્ઞાનકોશોનું કે વિશ્વકોશોનું પુનર્મુદ્રણ નહીં, નવસંસ્કરણ ઇચ્છનીય હોય છે. કમ્પ્યૂટરની જેમ જ્ઞાનકોશ કે વિશ્વકોશનોયે પેઢી દર પેઢી વિકાસ થતો રહેતો હોય છે.

વિશ્વકોશની વિષયાનુક્રમણિકા તૈયાર થાય એટલે એક વિશાળ મહાલય માટેનો જાણે નકશો તૈયાર થયો હોય તેમ સમજવું જોઈએ. વિશ્વકોશ એક વિશાળ મહાલય-શો હોય છે, જેમાં વિવિધ પ્રકારના અનેકાનેક જ્ઞાનખંડો છે. એ સર્વ સાથે રહીને મહાલયની ભવ્યતા ને ઉપયોગિતા સિદ્ધ કરે છે. વિશ્વકોશના મુખ્ય સંપાદક આ મહાલયના મુખ્ય સ્થપતિ કે ઇજનેર જેવા હોય છે, જેમણે ખૂબ ચીવટ ને ચાનકથી સજાગપણે આ મહાલયના મજૂરથી તે માલિક સુધી અનેકોની કામગીરીનું સંકલન કરીને ધાર્યું પરિણામ નિપજાવવાનું હોય છે. વિશ્વકોશ કે જ્ઞાનકોશનું કામ મોટે ભાગે વૈયક્તિક નહિ, તેટલું સામુદાયિક – સાંઘિક પુરુષાર્થનું ન જણાય તો જ નવાઈ. વિશ્વકોશ સર્વજ્ઞાનના સંગ્રહરૂપ હોઈ અને તે તૈયાર કરનાર મનુષ્ય સર્વજ્ઞ ન હોઈ અનેકોનો સાથ-સહકાર વિવિધ તબક્કે અનિવાર્ય થઈ પડતો હોય છે.

જેમ નાટક ભિન્નરુચિ જનોના એક સમારાધનરૂપ હોય છે તેમ વિશ્વકોશ પણ ભિન્નરુચિ જિજ્ઞાસુઓના પરિતોષ માટેના જ્ઞાનસાધનરૂપ હોય છે. વિશ્વકોશમાં જીવનનાં અનેક ક્ષેત્રોને લગતી માહિતી જે તે ક્ષેત્રના અધિકારી લેખકો દ્વારા મેળવવાની રહે છે. એમાં વિવિધ તબક્કે માર્ગદર્શન, પરામર્શન વગેરેય જરૂરી હોય છે. સર્વનાં લખાણો સંકલિત કરી – સંપાદિત કરી વિશ્વકોશ કે જ્ઞાનકોશનું અખંડ મહાલય ખડું કરવાનું રહે છે. વિશ્વકોશ કે જ્ઞાનકોશના મુખ્ય સંપાદકનું કાર્ય એક વિશાળ ઑરકેસ્ટ્રા ચલાવવા જેવું છે.

અધિકારી વિદ્વાનો દ્વારા જે વિષયલેખો આવે તેમાં આજ દિન સુધીની જ્ઞાનસાધનાનો નિચોડ હોવો જોઈએ. 'ધ વર્લ્ડ બુક એન્સાઇક્લોપીડિયા' નોંધે છે તેમ, 'An encyclopaedia is concerned with the who, what, when, where, how and why of things' એ રીતે વિશ્વકોશમાં જો રડાર વિશેનો લેખ હોય તો તેમાંથી રડાર શું છે, રડાર કોણે, ક્યારે ને ક્યાં શોધ્યું વિકસાવ્યું, તે કઈ રીતે કામ કરે છે અને તે રોજિંદા જીવનમાં શા માટે ઉપયોગી છે ? એવા એવા પ્રશ્નોના ઉત્તર મળી રહેવા જોઈએ. એ લેખોમાં પ્રમાણભૂતતા, તાર્કિકતા, વસ્તુલક્ષિતા, સત્યશુદ્ધિ અને સત્વશક્તિ આવેલાં હોય. એ લેખો સુશ્લિષ્ટ, સઘન અને સંક્ષિપ્ત છતાં પ્રાસાદિક – સરસ ને સચોટ હોય. તેમાં પ્રસ્તાર, વિષયાન્તર, પુનરાવર્તન, વાગાડંબર, પક્ષિલતા કે પૂર્વગ્રહ-દૂષિતતા, દુર્બોધતા, સંદિગ્ધતા, રજૂઆતની અરાજકતા જેવા

દોષો ન જ જોઈએ. યોગ્ય લેખોની યોગ્ય રીતે કોશમાં રજૂઆત થાય – માવજત થાય તે માટે મુખ્ય સંપાદકે અને તેમના મંડળે સજાગતાપૂર્વક, સતર્કતાથી કામ કરવાનું રહે છે. જે તે વિષયમાં નિષ્ણાતો તો અનેક હોય, પણ કોની, ક્યારે, કઈ રીતે ને કેટલી સહાય લેવી તે મુખ્ય સંપાદકની વિવેકદૃષ્ટિ પર અવલંબે છે. મુખ્ય સંપાદક કોશકાર્યના અનુભવી અને કોશશિસ્તના ચુસ્ત હિમાયતી હોવા જોઈએ. તેઓ અનુભવજ્ઞાનના વિશાળ પરિપ્રેક્ષ્યમાં જે તે વિષયને સમતોલપણે જોઈ-મૂલવી શકે એવા હોય. આમ તો જે તે વ્યક્તિની રસરુચિની મુદ્રા ઓછેવત્તે અંશે વિશ્વકો-શના વિષયલેખમાં અંકિત હોય જ, આમ છતાં વિવિધ વિષયલેખો વચ્ચે એકસૂ-ત્રતા રહે તે મુખ્ય સંપાદકે જોવાનું રહે છે. કોશનું પોતાનું એક આગવું વ્યક્તિત્વ પણ સિદ્ધ થાય અને એમાં મુખ્ય સંપાદકની પ્રતિભાશક્તિનોયે ઇષ્ટ સંકેત મળી રહે એ અપેક્ષિત છે.

મુખ્ય સંપાદકે વિષયલેખોની બે રીતે ચકાસણી કરવી–કરાવવી પડે છે – વિ-ષયવસ્તુની દૃષ્ટિએ અને ભાષાભિવ્યક્તિની દૃષ્ટિએ. એ માટે તેમણે યોગ્ય નિષ્ણા-તોની મદદ પણ લેવાની રહે છે. વિશ્વકોશનું કાર્ય જ એવું મોટું છે કે એકલદોકલ વ્યક્તિ ગમે તેટલી સશક્ત હોય તોપણ ન ચાલે નર્મદા પરનો સરદાર બંધ એક વ્યક્તિ ન જ બાંધી શકે તેમ. મુખ્ય સંપાદક જે તે વિષયલેખ વિષયનિષ્ણાત અને ભાષાનિષ્ણાત દ્વારા પ્રમાણિત થાય પછી જ કોશ માટે તેને સ્વીકારે છે. આ રીતે વિશ્વકોશમાં જ્ઞાનસામગ્રીના એકત્રીકરણ, સંપાદન-સંકલન વગેરેમાં ઘણી તકેદારી રાખવાની રહે છે.

વિશ્વકોશને જ્ઞાનની જડીબુટ્ટીતુલ્ય માની તેનો એ રીતે ઉપયોગ થવો જોઈએ. સામાન્ય રીતે એક-બેઠકે વાંચવા માટે જ્ઞાનકોશ કે વિશ્વકોશ હોતો નથી. એનું કાઠું – એનું સ્વરૂપ સંદર્ભગ્રંથનું હોઈ, તકે જ તેનું કામ પડતું હોય છે, અને ત્યારે તે જો ઉપયોગી થઈ શકે તો જ એની સાર્થકતા પ્રતીત થાય. વિશ્વકોશમાં એ રીતે લેખસામગ્રી રજૂ થઈ હોય કે જિજ્ઞાસુને તે વધુ જોવા-વાંચવા ઉશ્કેરે – લાલાયિત કરે. જેમ ‘લિખતે લિખતે લવ હો જાય’ કહેવાય છે તેમ ‘પઢતે પઢતે પ્યાર હો જાય’ તેવું થવું જોઈએ !

આ માટે વિશ્વકોશમાં, લખાણ ઉપરાંત જરૂરી ચિત્રો, તસવીરો, આલેખો, નકશાઓ, કોષ્ટકો વગેરેની – કેટલીક વાર તો વિવિધરંગી પણ – સામગ્રી યોગ્ય રીતે પ્રદર્શિત થવી જોઈએ. પંખીઓ વિશેના એક કોશમાં તો તેમના અવાજો સાંભળવા માટે ધ્વનિપટ્ટિકાયે જ્ઞાનકોશના ગ્રંથ સાથે સુલભ કર્યાનું મને યાદ છે. બાળકો માટેના તેમજ શાલેય જ્ઞાનકોશો કે વિશ્વકોશોમાં તો લેખનની સ્પર્ધા કરે એ પ્રકારે ચિત્રાદિ સામગ્રી મુકાવી જોઈએ. વળી મુદ્રણ ને ગ્રંથકલેવરનાં સુઘડતા – આકર્ષકતા ને ટકાઉપણું પણ ધ્યાનમાં રાખવાં જ રહ્યાં.

વિશ્વકોશનો ઉપયોગ સરેરાશ વાચક સહેલાઈથી કરી શકે એ માટે, આ પૂર્વે નિર્દેશ્યું તેમ, વિષયલેખોનું અકારાદિ ક્રમે આયોજન થાય એ મહત્વનું છે. શરૂઆતના વિશ્વકોશો – જ્ઞાનકોશોમાં વિષયાનુક્રમે આયોજન થતું. અરબી એન્સાઇક્લોપીડિયામાં 'પાવર', 'વૉર' જેવા વિષયો શરૂઆતમાં ને પછી અંતે 'ફૂડ' અને 'વુમન' જેવા વિષયો મૂકવામાં આવેલા. એ રીતે રોમન કાળના જ્ઞાનકોશોમાં ભૂસ્તરશાસ્ત્ર, ખગોળ જેવા વ્યવહાર-વિષયો પહેલા અને ઓછા પ્રચલિત વિષયો પાછળ મુકાતા. ફ્રાન્સિસ બેકને 1620માં એમના 'ઇન્સ્તાઉર્તિયો મૅગ્ના' (Instauratio Magna) ગ્રંથમાં બાહ્ય પ્રકૃતિ, મનુષ્ય, અને તેની પ્રકૃતિને અવલંબીને થતી વ્યવહારપ્રવૃત્તિ – એ રીતે ત્રણ મુખ્ય વિષયખંડોમાં જ્ઞાનસામગ્રીને વિભાજિત કરી હતી; પરંતુ સમય જતાં અકારાદિ ક્રમે વિષયલેખોનું આયોજન કરવાની પદ્ધતિ જ વ્યાપક બની. વળી વિશ્વકોશોની ઉપયોગિતા વધે એ માટે વિવિધ પ્રકારની સૂચિઓ તેમજ પ્રતિસંદર્ભો આપવાની પદ્ધતિયે અપનાવાઈ. શાલેય જ્ઞાનકોશોમાં તો જિજ્ઞાસુ વિદ્યાર્થીઓની ગ્રહણશક્તિની કસોટી માટેના પ્રશ્નોયે મુકાય છે. 'ધ વર્લ્ડ બુક એન્સાઇક્લોપીડિયા'માં કેટલાક મહત્વના વિષયલેખોમાં તો છેલ્લે એમાં રજૂ થયેલા મુદ્દાઓનું માળખું તથા સહાયક વાચનસામગ્રીના સંદર્ભો પણ આપવામાં આવ્યા છે. 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ પોએટ્રી અને પોએટિક્સ'માં પણ જે તે વિષયલેખના સંદર્ભમાં મહત્વની વાચનસામગ્રીની સૂચિ આપવામાં આવી છે. આવી વિષયાનુક્રમણિકાઓ ને સૂચિઓ ક્યારેક જ્ઞાનકોશનો સંચ ખોલવા માટેના ચાવી–ઝૂડાની ગરજ પણ સારતી હોય છે. કેટલાક જ્ઞાનકોશો ને વિશ્વકોશોમાં તો વિવિધ પ્રકારની સૂચિઓનાં વૉલ્યુમ અલગ હોય છે. વળી વિશ્વકોશોમાં સંપાદકમંડળ, લેખકમંડળ, પરામર્શકમંડળ વગેરેનીયે જરૂરી માહિતી પૂરી પાડવાનો સિલસિલો પાળવામાં આવે છે.

વિશ્વકોશનું પ્રધાન કર્તવ્ય, ડ્રાયડનની રીતે કહીએ તો, to instructનું – બોધનું છે અને એ કરતાં આનંદ – delight મળે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય. વિશ્વકોશમાં સ્પષ્ટતયા વાચકની જ્ઞાનશક્તિના વિકાસનું કેળવણીવિકાસનું ધ્યેય હોય જ. વિશ્વકોશ તેના જિજ્ઞાસુ વાચકને 'jack of all' બનાવવાનું તાકે છે, 'master of one' બનાવવાની જવાબદારી એની નથી જ.

વિશ્વકોશો વિશ્વનાં વિકાસશીલ તેમજ વિકાસોન્મુખ રાષ્ટ્રોમાં નોંધપાત્ર પ્રમાણમાં રચાયા છે. એક રીતે તો વિશ્વકોશપ્રવૃત્તિ માટે આજની વૈશ્વિક પરિસ્થિતિ ઘણી જ સાનુકૂળ લેખાય. વર્તમાન સમયમાં તરેહ તરેહના જ્ઞાનકોશો તૈયાર થાય છે. આજે ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, સ્પેન, રશિયા જેવાં યુરોપનાં રાષ્ટ્રોએ; અમેરિકા, કૅનેડા ને ઑસ્ટ્રેલિયાએ; ચીન, જાપાન, ઇઝરાયલ, ભારત વગેરે એશિયાઈ રાષ્ટ્રોએ પણ વિશ્વકોશનિર્માણની પ્રવૃત્તિમાં અનેક નવાં સાહસો કરી નવાં નવાં પરિમાણો ને પરિણામોયે નિપજાવ્યાં છે. વિશ્વકોશમાં સામાન્ય રીતે

જે તે દેશકાળ કે સંસ્કાર-સંસ્કૃતિની છબી અંકિત થયેલી જ હોય છે. પશ્ચિમના ઉત્તમ કોશોમાં ત્યાંનાં (પાશ્ચાત્ય) સંસ્કાર-સંસ્કૃતિની ને સિદ્ધિઓની જેટલી ને જેવી વાતો હોય છે તેટલી ને તેવી પૌરસ્ત્યની આવેલી જોવા મળતી નથી. ભારતમાં તૈયાર થયેલા વિશ્વકોશમાંથી જો ભારતીયતાની મુદ્રા પ્રાપ્ત ન થાય તો કેમ ચાલે ? આપણા આ ગુજરાતી વિશ્વકોશમાં ગુજરાતનાં સંસ્કાર-સંસ્કૃતિ, ઇતિહાસ-ભૂગોળ અને ભાષા-સાહિત્યનું પ્રતિબિંબ, સમુચિત પ્રમાણમાં ઝિલાય એવું તો બનવાનું જ. 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'માં બ્રિટિશ, 'એન્સાઇક્લોપીડિયા અમેરિકાના'માં અમેરિકન, 'એન્સાઇક્લોપીડિયા કૅનેડિયાના'માં કૅનેડાના જનજીવનની તસવીર ઝિલાયેલી મળે છે.

વિશ્વકોશમાં આવતા માહિતી-જ્ઞાનની શ્રદ્ધેયતા વિવાદાતીત હોવી જોઈએ. વિશ્વકોશના નિર્માતાએ વિશ્વકોશને એવો સત્વ-સમૃદ્ધ – એવો પ્રમાણભૂત બનાવવો જોઈએ કે તેથી એ એના જનસમાજની 'દૈવી સંપત્તિ' બની રહે. જનસમાજ એનો શક્ય તેટલો લાભ ઉઠાવવા પ્રેરાય એવું બનવું જોઈએ. એ માટે શિક્ષણ અને સંસ્કારનાં મંડળોએ ઝુંબેશની રીતે જ્ઞાનકોશો–વિશ્વકોશોનો ઉપયોગ વધે એ માટે પ્રચારકાર્ય કરવું જોઈએ. વિશ્વકોશ જિજ્ઞાસુઓની હાથપોથી બની રહે એવું થવું જોઈએ. મરાઠી જ્ઞાનકોશકાર શ્રીધર વ્યંકટેશ કેતકર વિશ્વકોશની ચળવળનું કારણ 'જ્ઞાનવિષયી સ્વાતંત્ર્યની આકાંક્ષા ઉત્પન્ન થઈ' તે હોવાનું જણાવે છે. જ્ઞાનકોશ – વિશ્વકોશ પાછળ સમસ્ત પ્રજાની જ્ઞાનવિજ્ઞાનની તપઃસાધનાનું બળ હોય છે. જ્યાં આવી તપઃસાધના વટવૃક્ષની જેમ મૂળિયાં નાખીને વિસ્તરેલી હોય ત્યાં વિશ્વકોશોનું સર્જન-નિર્માણ જોરદાર રીતે ચાલતું હોય છે. આપણે ત્યાં એવી જ્ઞાનકોશ ને વિશ્વ-કોશને ઉપકારક તપઃસાધના જોરદાર રીતે ચાલો અને આપણે સૌ એ તપઃસાધ-નાના અગ્નિને સવિશેષ પ્રજ્વલિત કરવા આપણા તરફથી પણ યત્કિંચિત્ આહુતિ શ્રદ્ધાપૂર્વક સમર્પીએ એવી ભાવના વ્યક્ત કરું છું અને સાભાર વિરમું છું.

# અભિનંદનીય પ્રવૃત્તિ

**સી. ડી. દેશપાંડે**

3

આ પરિસંવાદના પ્રસંગે આપે મને આમંત્રણ આપ્યું તે બદલ હું આપનો ઋણી છું. આ મહત્વના વિષય પર પરિસંવાદનું આયોજન કરી તેને અમલમાં મૂકવા બદલ હું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને તથા ડૉ. ધીરુભાઈ ઠાકરને અભિનંદન આપું છું. ગુજરાતની વૈભવશાળી પરંપરાઓના ફલસ્વરૂપે ગુજરાતી વિશ્વકોશના પ્રકલ્પને ગુજરાત રાજ્યમાં ઉદાર સહાય અને ઉમળકાભર્યો ટેકો સાંપડ્યાં છે તેનાથી મને આનંદ થયો છે. પણ મને વિશેષ આનંદ તો એ બાબતનો છે કે મારા મિત્ર, પ્રખર ગાંધીવાદી, સરદાર પટેલની ઉજ્જ્વળ પરંપરાઓમાં ઊછરેલા, લોકલાડીલા શ્રી સાંકળચંદ પટેલે આ પ્રકલ્પ માટે ઉદાર સખાવત દ્વારા તેની પહેલ કરી છે, ભલે તે પોતે ઓછું ભણેલા હતા.

આ પ્રકલ્પના અમલ દરમિયાન તેના સંચાલકોને કેવા પ્રકારની મુશ્કેલીઓ તથા કઈ કઈ સમસ્યાઓનો સામનો કરવો પડતો હશે તેનો ખ્યાલ હું કરી શકું છું, કારણ કે તર્કતીર્થ લક્ષ્મણશાસ્ત્રી જોશીના પ્રેરણાપ્રદ નેતૃત્વ હેઠળ વાઈ ખાતેના મરાઠી વિશ્વકોશ નિર્મિતિ મંડળ દ્વારા મરાઠી વિશ્વકોશના અત્યાર સુધી પ્રગટ થયેલા 18 ગ્રંથોના કાર્ય સાથે હું પોતે સક્રિય રીતે સંકળાયેલો રહ્યો છું. અઠંગ વિદ્વાન અને દેશભક્ત એવા શ્રી જોશીએ મહારાષ્ટ્રમાં આ શકવર્તી કાર્ય દરમિયાન એક એવો માહોલ ઊભો કર્યો જેને લીધે મરાઠી ભાષા અને સાહિત્યના ક્ષેત્રમાં જ નહિ પરંતુ અન્ય ભારતીય ભાષાઓના ક્ષેત્રમાં પણ મરાઠી

વિશ્વકોશે એક આગવી ભાત ઊભી કરી છે. મને ખાતરી છે કે મારા સ્નેહી ડૉ. ધીરુભાઈ ઠાકરના ઉમદા નેતૃત્વ હેઠળ ગુજરાતી વિશ્વકોશ પણ ગુજરાતી ભાષા અને સાહિત્યના ક્ષેત્રમાં હરહંમેશ ઊંચાં ને ઊંચાં શિખરો સર કરતો રહેશે.

વાઈ ખાતેના પ્રકલ્પના મારા અનુભવને આધારે હું આ તબક્કે કેટલીક સંભવિત સમસ્યાઓનું બયાન કરવા માગું છું.

(1) આ કાર્યમાં સક્રિય રીતે ઉપયોગી નીવડી શકે તેવા વિદ્વાનો, તજ્જ્ઞો અને નિષ્ણાતોની સેવાઓ પ્રાપ્ત કરવી અને તેમને આ કાર્યમાં પરોવવા.

(2) તજ્જ્ઞો અને વિદ્વાનોની સહાયથી વૈજ્ઞાનિક તથા ભાષા અને સાહિત્ય સંબંધી પરિભાષાનો કોશ તૈયાર કરવો.

(3) સંદર્ભ રૂપે ઉપયોગમાં લઈ શકાય એવો પરિભાષા કોશ તૈયાર કરવામાં અનેક અડચણો આવતી હોય છે. તેમાં મુખ્ય વાત તો એ છે કે એક સામાન્ય વાચક અને શ્રોતા સુધી આપણા વિચારો અને માહિતી પહોંચાડવા માટે આપણે કયાં માધ્યમો અને ઉપકરણોની પસંદગી કરી શકીશું કે જે દ્વારા આપણો હેતુ સચોટ રીતે સિદ્ધ થઈ શકે ?

(4) આ કાર્યમાં નિમ્નલિખિત ક્ષેત્રોની કઈ ભૂમિકા રહેશે ?

(i) આધારભૂત કે પ્રમાણભૂત એવી પ્રાદેશિક ભાષાની ભૂમિકા,

(ii) તળપદી ગ્રામભાષાઓ તથા આદિવાસી સમાજની ભાષાઓની ભૂમિકા,

(iii) સંસ્કૃત, પ્રાકૃત અને પાલિ ભાષાની ભૂમિકા,

(iv) ફારસી, અરબી તથા ઉર્દૂ ભાષાની ભૂમિકા,

(v) ઉત્તર હિંદુસ્તાનની આર્યન ભાષાઓ તથા દક્ષિણ ભારતની દ્રવિડિયન ભાષાઓની ભૂમિકા, તથા

(vi) યુરોપીય અને તેમાં પણ ખાસ કરીને અંગ્રેજી, ફ્રેન્ચ, પોર્ટુગીઝ અને ડચ ભાષાઓની ભૂમિકા.

(5) વિચારો/માહિતીના પ્રસારણની પ્રક્રિયા દરમિયાન ઉપયોગમાં લેવાતી ભાષાઓના પ્રયોગ દરમિયાન તેનો સુયોગ્ય ઉપયોગ થાય તેની તકેદારી રાખવી જરૂરી છે. માધ્યમ તરીકે વપરાતી કોઈ પણ ભાષા આત્યંતિક સંસ્કૃતપ્રચુર અથવા તદ્દન તળપદી બને તે ઇષ્ટ પણ નથી અને જરૂરી પણ નથી. આ જ બાબત આપણી ભાષાના અંગ્રેજીકરણને પણ લાગુ પડે છે. સરવાળે, આપણા લેખકો, પરામર્શકો અને સંપાદકો માટે આ બાબત પડકારરૂપ છે.

(6) સ્થાન કે સ્થળ સાથે સંબંધ ધરાવતાં નામોનું લિપ્યન્તર કરવાની સમસ્યા પણ મહત્વની, જટિલ અને મુશ્કેલ છે. તર્કતીર્થ લક્ષ્મણશાસ્ત્રીજીનો તો હંમેશ આગ્રહ રહ્યો છે કે સ્થાન કે સ્થળને લગતાં નામો તથા તેમનું દેવનાગરીમાં લિપ્યન્તર કરતી વેળાએ સ્થાનિક/પ્રાદેશિક સમાજના લોકો તેનો જે રીતે ઉપયોગ કરતા હશે તે રીતે જ તે અપનાવવાં જોઈએ. તે મુજબ પ્રાદેશિક ભાષાઓમાં ભારતનાં સ્થળો અને ભૌગોલિક લક્ષણોનાં નામો ઉચ્ચારણશાસ્ત્રની દૃષ્ટિએ (phonetically) જે રીતે મળી આવે છે તે રીતે અમે તેની સૂચિ તૈયાર કરી. પરંતુ ભારતની બહારનાં સ્થળોનાં નામો અને ભૌગોલિક લક્ષણો કે અંગો (features) વિશે અમારે આંતરરાષ્ટ્રીય શબ્દકોશોનો જ આધાર લેવો પડ્યો હતો.

(7) સરવાળે, વૈજ્ઞાનિક પરિભાષા તૈયાર કરતી વખતે તથા સ્થળોનાં નામ લિખિત સ્વરૂપે નિર્ધારિત કરતી વેળાએ એક તરફ 'શુદ્ધિનો હઠાગ્રહ' (purism) તો બીજી તરફ 'મિશ્રણ' અથવા 'એકીકરણ'ની ઝુંબેશ વચ્ચે ચાલતો આ ગજગ્રાહ છે.

(8) ભૂગોળની નકશાપોથીની અનિવાર્યતા : મારી દૃષ્ટિએ કોઈ પણ વિશ્વકોશ માટે ભૂગોળની નકશાપોથી અનિવાર્ય છે. હું આશા રાખું છું કે ગુજરાતી વિશ્વકોશના પ્રકલ્પના ભાગ રૂપે ભૂગોળની નકશાપોથી સ્વતંત્ર ગ્રંથરૂપ પ્રયોજવામાં તથા પ્રગટ કરવામાં આવશે.

(9) વાઈ ખાતે તૈયાર થતા મરાઠી વિશ્વકોશ અંગેના મારા અનુભવ પરથી હું કહી શકું છું કે વિશ્વકોશના ગ્રંથોનું છાપકામ તેની વિશિષ્ટ જરૂરિયાતોના સંદર્ભમાં ઘણી મુશ્કેલીઓ ઊભી કરે તેવું છે. તાજેતરનાં વર્ષો દરમિયાન માહિતીપ્રસારણની તકનીકના ક્ષેત્રમાં ઘણી પ્રગતિ થયેલી છે. આવા જ પ્રકારની પ્રગતિ કમ્પ્યૂટર તથા માહિતી/ડેટાના સંગ્રહના ક્ષેત્રમાં હાંસલ કરવામાં આવી છે જે છાપકામનું સુંદર સમર્થન કરે તેમ છે.

(10) વાઈ ખાતેના મરાઠી વિશ્વકોશના પ્રકલ્પ અંગેનો મારો અનુભવ એ છે કે હજુ આપણા વાચકો વિશ્વકોશ જેવા ગ્રંથો ખરીદવા ટેવાયેલા નથી. એક તરફ 1/4 ડેમી સાઇઝમાં છપાયેલા મરાઠી વિશ્વકોશનો 1000 પાનાંનો ગ્રંથ રૂપિયા 100માં ખરીદી શકાય છે તો બીજી બાજુ તદ્દન હલકી ગુણવત્તાવાળું માત્ર 100 પાનાંનું કચરા જેવું પુસ્તક પણ તેટલી જ કિંમતમાં વેચાતું હોય છે. કદાચ ગુજરાતી વિશ્વકોશના વેચાણ અંગે પણ આપનો આવા જ પ્રકારનો અનુભવ હશે. મહત્વની બાબત એ છે કે આપણે ત્યાં પણ ઇંગ્લૅન્ડના પરિવારોમાં જે પ્રકારનું આ અંગેનું વાતાવરણ હોય છે તેવો માહોલ આપણા દેશમાં પણ આપણે ઊભો કરવાની તાતી જરૂર છે. ઇંગ્લૅન્ડના લગભગ દરેક પરિવારે અન્ય સારી વસ્તુઓની સાથોસાથ ત્રણ વસ્તુઓ તો ખરીદેલી હોય છે જ : એક ભૂગોળપોથી, બીજી સારી જાતનો શબ્દકોશ અને ત્રીજી વસ્તુ તે વિશ્વકોશ. ત્યાં દરેક પરિવારના વડીલો લગભગ

દરેક સાંજે તેમનાં બાળકો સાથે જ્ઞાન અને માહિતીનાં આ ત્રણ માધ્યમોની મદદથી વિદ્યાકીય ગપસપ કરતા હોય છે.

આ પ્રસંગે હું વિશ્વકોશ પરિવારને તેમના માસિક સંપર્કપત્ર ‘વિશ્વરંગ’(નવું નામ ‘વિશ્વવિહાર’)ના સુડોળ અને માહિતીસભર પ્રકાશન માટે ખાસ અભિનંદન આપવા માગું છું. વિશ્વકોશ પરિવાર સાથે સંકળાયેલા વાચકવર્ગ સાથે જીવંત સંપર્ક સાધવા માટે ટૂંક સમયમાં તે એક અસરકારક માધ્યમ સાબિત થયું છે.

વિદ્વાનો અને તજ્જ્ઞોની સક્રિય ભાગીદારી સાથે પ્રયોજાયેલો આ પરિસંવાદ તેના ઉદ્દિષ્ટો હાંસલ કરવામાં સફળ નીવડશે અને ભવિષ્યમાં માત્ર ગુજરાતી વિશ્વકોશ માટે જ નહિ પરંતુ અન્ય ભારતીય ભાષાઓ માટે પણ ઉપયોગી અને નમૂનારૂપ સાબિત થશે એવી મને ખાતરી છે. મારી શુભેચ્છાઓ સાથે વિરમું છું.

# શિક્ષણપ્રવૃત્તિનું હૃદયંગમ પ્રાગટ્ય

એમ. એન. દેસાઈ

4

કોશની રચનાનું કામ કેટલું કઠિન છે તેની પ્રતીતિ ગુજરાત યુનિવર્સિટી માટે યંત્રવિદ્યાનો વિજ્ઞાનકોશ લખ્યો ત્યારે મને થઈ. કોઈ જગ્યાએ વાંચ્યું કે વિદ્યાર્થીઓને લક્ષમાં રાખીને ગુજરાત યુનિવર્સિટીએ આ કોશ તૈયાર કર્યો છે. આ વાત તદ્દન સાચી છે, કારણ કે એકૅડેમિક અને જનરલ બંનેનાં લખાણો તૈયાર કરવાં બહુ અઘરું છે.

વિજ્ઞાનનો વિશ્વકોશ બનાવવો ઘણો મુશ્કેલ છે. અંગ્રેજી-માંથી શિષ્ટ ગુજરાતીમાં એનું રૂપાંતર કરનાર વ્યક્તિઓ આપણી કેળવણીની સંસ્થાઓમાંથી મળતી નથી. હું માનું છું કે ગુજરાતી વિશ્વકોશના વીસ ગ્રંથ સુધી પહોંચશો એટલે બધા ગ્રંથો ફરી લખવાના થશે. વિશ્વકોશને ઘડપણ બહુ વહેલું આવે છે. એમાં પણ વિજ્ઞાનવિષયક અધિકરણોને તો એથીય વહેલું ઘડપણ આવે છે. અત્યાર સુધીના યુગ 200 વર્ષ ચાલ્યા હતા. વિજ્ઞાન-ની ઘણી પ્રગતિ થઈ તેની સાથે છેલ્લી સદીએ ત્રણ યુગ જોયા. અણુયુગ, અવકાશયુગ અને છેલ્લે વીજાણુ અને કમ્પ્યૂટર યુગ. ફોટોગ્રાફી આજની સ્થિતિએ પહોંચી છે તેને સો વર્ષ લાગ્યાં. એની સરખામણીમાં આ સદીમાં જે થયું તે બહુ ત્વરિત થયું.

શૈક્ષણિક પ્રવૃત્તિઓ આપણે અહીં કરવાની જરૂર છે. યુ-નિવર્સિટીમાં કરવાનું લગભગ અશક્ય છે. વિજ્ઞાનના 50-100 શબ્દ એવા છે કે જેનું ગુજરાતી તેઓ અમારી સાથે બેસીને કરે. વિજ્ઞાનવાળા જાણી-જોઈને એટલી ક્લિષ્ટ ભાષામાં ભાષણ કરે

છે કે જેથી શ્રોતાઓને સમજ જ ન પડે આવી એક માન્યતા છે, પરંતુ કેટલાક વિષયો એવા છે કે એને વધુ સરળ બનાવવા જઈએ તો કદાચ સત્ય મરડાઈ જવાનો ભય રહે છે, અર્થનો અનર્થ થઈ જવાનો સંભવ રહે છે.

ગુજરાત યુનિવર્સિટીએ આઠ-દસ માહિતીસભર પુસ્તકો બહાર પાડ્યાં છે. સરદાર પટેલ યુનિવર્સિટીએ પણ જ્ઞાનગંગોત્રીમાં લખાણો પ્રગટ કર્યાં છે, પણ આને પહોંચી વળવા માટે મોટું કામ ઉપાડવું પડે. પરંતુ લખનાર કોણ છે ? આ બધા નિવૃત્ત માણસો છે એટલે જલદી લખાવવું હોય એટલું લખાવી લો. હવે પછીની પેઢીમાં અર્થના અનર્થ થાય તેવા અનુવાદો થશે. આંબેડકર યુનિવર્સિટીમાં બે વર્ષ કામ કર્યું ત્યારે આર્ટ્સ–કૉમર્સનાં પુસ્તકો લખાવતાં મને ખૂબ મુશ્કેલી પડી હતી. સવા–દોઢ વર્ષમાં 117 પુસ્તકો લખાવ્યાં (60થી 80 પાનાંનાં). ખૂબ મુશ્કેલી પડી. માણસો મળે જ નહિ. આ પરિસ્થિતિમાં ધીરુભાઈને અભિનંદન આપવાનું મન થાય છે. એમને જોઉં છું ત્યારે મને થયું કે ઘણું શીખવાનું બાકી છે. જેટલું જાણતો હોવાનો ભ્રમ હતો તે ગુજરાતીમાં લખવા બેઠો ત્યારે ભાંગી ગયો. આપણા શિક્ષકો ગુજરાતી ભાષામાં એ વિષયને ઉતારે નહિ ત્યાં સુધી એની સમજ સ્પષ્ટ થઈ છે કે નહિ તેનો ખ્યાલ ન આવે.

વિશ્વકોશ એ સંદર્ભગ્રંથ તરીકે ઉપયોગી છે. બરોડા યુનિવર્સિટી સિવાય ગુજરાતી માધ્યમમાં બધા ભણે છે. ત્યારે આ વિશ્વકોશનાં પુસ્તકો સંદર્ભગ્રંથ તરીકે ખૂબ ઉપયોગી નીવડવાનાં છે. હવે પછીના દસકામાં તો ખાસ ઉપયોગી નીવડશે.

રસાયણશાસ્ત્રનો વિશ્વકોશ આપણી પાસે નથી. આપણે કેટલા પાછળ છીએ ? વિશ્વકોશના ટાઇપ મોટા હોવા જોઈએ. યુવાનો કરતાં 45 કે 50ની વય વટાવી ચૂકેલા આનો વધારે ઉપયોગ કરશે એમ હું માનું છું.

વિશ્વકોશ ટ્રસ્ટ કેળવણીની એક આદર્શ સંસ્થા તરીકે ભવિષ્યમાં વિકાસ સાધે તેમ ઇચ્છું છું. ઉત્તમ ગ્રંથાલય બનાવે. અનેક નિવૃત્ત પ્રોફેસરો આવીને બેસે એવી વ્યવસ્થા થાય તો કદાચ હું માનું કે ગુજરાતમાં શિક્ષણની પ્રવૃત્તિ દેખાતી નથી તે દેખાતી થશે. આપણે સહુ માત્ર ઉદ્યોગોમાં જ આગળ છીએ. સાહિત્ય અને વિજ્ઞાનમાં પણ હરીફાઈમાં ઊભા રહી શકીએ છીએ એવી પ્રતીતિ આપણે સમગ્ર વિશ્વને કરાવવાની છે. એવા કાર્યમાં વિશ્વકોશ દ્વારા આપણે સહભાગી થઈએ.

# વિશ્વકોશ
# વિભાવના અને કાર્યક્ષેત્ર

| | | |
|---|---|---|
| * | જ્ઞાનતીર્થની યાત્રા | બંસીધર શુક્લ |
| * | વિશ્વકોશ : પરિકલ્પના અને સર્જન | અરુંધતી દેવસ્થળે |
| * | વિશ્વકોશ અને વૈજ્ઞાનિક અભિગમ | જ. દા. તલાટી |
| * | વિશ્વકોશ : જૈવ વિદ્યાના ચમત્કારનું દર્પણ | મ. શિ. દુબળે |
| * | સમાજવિદ્યાઓના સંદર્ભમાં | રમેશ ભા. શાહ |
| * | માનવવિદ્યાઓના સંદર્ભમાં | પી. કે. મહેતા |
| * | વિશ્વકોશની આવતી કાલ | સુધીર પંડ્યા |

# જ્ઞાનતીર્થની યાત્રા

**બંસીધર શુક્લ**

5

માણસ અને અન્ય પ્રાણી વચ્ચે જે થોડા નોંધપાત્ર ફરક છે, તેમાં એક છે ભાષાનો. માણસ પાસે જેવી વિકસિત ભાષા છે, તેવી ભાષા બીજા કોઈ પ્રાણી પાસે નથી. આને કારણે માણસને એક વિશેષ લાભ મળ્યો તે એ કે જ્ઞાનનો સંચય તથા વિનિમય કરવાનું શક્ય બન્યું. સ્વાભાવિક જિજ્ઞાસાથી પ્રેરિત જ્ઞાનેન્દ્રિયો દ્વારા પર્યાવરણ અને પ્રકૃતિનું જ્ઞાન મેળવવાનું પ્રાણીમાત્ર માટે આવશ્યક હતું. એ રીતે તે જીવનપોષક આહારાદિ પદાર્થો તથા જીવનબાધક ભય આદિ પરિબળોની માહિતી મેળવી શકતું. ભાષાના માધ્યમથી આ જ્ઞાન પોતાના માટે તથા ભાવિ પેઢીઓ માટે સંચિત કરવાનું માનવી માટે સરળ બન્યું. આમ, જ્ઞાનસંચયની પ્રવૃત્તિનો આદિકાળમાં જ ઉદગમ થયો.

સુબોધ લિપિનો વિકાસ પાછળથી થયો, પણ માણસે વાણીમાં ઘણો સારો વિકાસ ઘણો વહેલો સાધ્યો. આથી પ્રારંભિક જ્ઞાનસંચય છંદોબદ્ધ શ્લોકો સ્વરૂપે કંઠસ્થ કરવાની પદ્ધતિ અપનાવાઈ. લિપિ ઉપલબ્ધ બન્યા પછી આ જ્ઞાન શિલા, ધાતુ, પત્ર, ચર્મ આદિ ઉપર અક્ષરદેહે અંકિત થયું. તેને શાશ્વતતા પ્રાપ્ત થાય તેવો અવસર સાંપડ્યો.

આપણા પ્રાચીન ગ્રંથોનાં લખાણોના બે ભાગ પાડી શકાય : (1) માણસે પ્રકૃતિનાં જે વિવિધ પાસાંનું નિરીક્ષણ કર્યું, જે અનુભવ કર્યો, તેનું તેણે શબ્દોમાં આલેખન કર્યું. (2) આ અનુભવે તેનામાં જે ચિંતનો પ્રેર્યાં તેમાંથી તેને પ્રકૃતિ પ્રત્યે અહોભાવ

જાગ્યો અને તેમાં દેવત્વ આરોપી તેની સ્તુતિ કરી. સ્તુતિઓમાં પણ ઘણે અંશે પ્રાકૃતિક દેવોનાં લક્ષણોનું વર્ણન છે. એટલે અંશે તે પ્રકૃતિનું જ્ઞાન છે.

ઋગ્વેદ સૃષ્ટિનો આદિગ્રંથ છે. તેની રચના લાંબા સમયગાળામાં ત્રુટકત્રુટક કર્તૃત્વ દ્વારા થઈ. આ રીતે તેમાં જે તે સમયના સમાજના જ્ઞાનનો સંચય થયો. ઋગ્વેદના દસમા મંડળનું નાસદીય સૂક્ત જ્ઞાનમીમાંસાની ઊંચી ભૂમિકાનું ષ્ટાંત છે. તેમાં બ્રહ્માંડની ઉત્પત્તિનો વિષય ચર્ચતા ઋષિઓનાં આ ઉચ્ચારણો હજારો વર્ષોથી માનવીના મનમાં પડઘા પાડતાં આવ્યાં છે :

को अद्या वेद क इह प्र वोचत्
कुत आजाता कुत इयं विसृष्टिः ।
अर्वाग् देवा अस्य विसर्जनेनाडथा
को वेद यत आबभूव ।। (ऋग्वेद, 10/129/6)

અર્થાત્, આ નાનાવિધ સૃષ્ટિ કયા નિમિત્તે, કયા ઉપાદાનથી પ્રગટ થઈ તે કોણ જાણે છે ? કોણ કહી શકે છે ? ત્યાં સુધી કોની દૃષ્ટિ પહોંચી શકે છે ? દેવગણ પણ ભૂતસર્ગ પછી ઉત્પન્ન થયો છે. ત્યારે આ સૃષ્ટિ કોણે કરી ? આ રહસ્ય કોણ જાણે છે ?

જ્ઞાનનો ઉદભવ પ્રશ્નો પૂછવાની ટેવમાંથી થાય છે. આપણા ઋષિઓએ સતત પ્રશ્નો પૂછતા રહી જાતે જ તેમના ઉત્તરો મેળવ્યા અને આ સકળ જ્ઞાન શ્રુતિ, સ્મૃતિ અને પુરાણાદિ ગ્રંથોમાં સંકલિત કર્યું. અનુક્રમણી, નિઘંટુ, નિરુક્ત આદિ ગ્રંથો જ્ઞાનકોશોનાં મૂળ છે. પુરાણો વિશ્વના પ્રથમ જ્ઞાનકોશો છે. કેવળ અગ્નિપુરાણની જ વાત કરીએ તો તેમાં અનેકાનેક વિષયો છે : અવતારો, રામાયણ, મહાભારત, હરિવંશ, બુદ્ધ ભગવાનનું જીવન, સૃષ્ટિવર્ણન, માનવવંશ, દેવપૂજા, સ્નાનાદિ નિ-ત્યકર્મ, મૂર્તિપૂજા, યજ્ઞકાર્ય, મંત્રદર્શન, મુદ્રા, દીક્ષા, અભિષેક, સર્વતોભદ્રમંડલ, માર્જન, ચોલ સંસ્કાર, હોમહવન, દેવાલયનિર્માણ, પ્રતિષ્ઠા, અર્ઘ્ય, શિલાન્યાસ, મંદિર, ભૂતશાંતિ, મૂર્તિનાં લક્ષણો, પીઠિકા, શાલિગ્રામ, વિવિધ મંત્રો, દેવી, ચોસઠ જોગણીઓ, લિંગ, દિક્પાલ, અધિવાસન, દ્વાર, ધ્વજારોહણ, વાવ તથા કૂવાનું નિર્માણ, ઘર તથા સભાસ્થળનું નિર્માણ, જીર્ણોદ્ધાર, યાત્રા, તીર્થાટન, વ્રત, પર્વ, ઉત્સવ, વૃક્ષારોપણ, ગણેશપૂજા, સૂર્યનો મહિમા, શાંતિશોધન, વાસ્તુશાસ્ત્ર, પ્રાસા-દનિર્માણ, નગરવાસ્તુ, ભુવનકોશ, ગંગા–પ્રયાગ–વારાણસી–નર્મદા–ગયા આદિનાં માહાત્મ્ય, ભારતવર્ષનું વર્ણન, મહાદ્વીપનું વર્ણન, જ્યોતિષશાસ્ત્ર, કાલગણના, શ્રા-દ્ધકલ્પ, યુદ્ધશાસ્ત્ર, નક્ષત્રશાસ્ત્ર, ઘાતચક્ર, સેવાચક્ર, મહામારી, ષટ્કર્મ, ઔષધાદિ, મન્વંતર, વર્ણાશ્રમ, ગૃહસ્થધર્મ, બ્રહ્મચારીનો ધર્મ, વિવાહ, આચાર, શુદ્ધિ, સૂતક, વાનપ્રસ્થનો ધર્મ, સંન્યસ્ત, પાપ અને પ્રાયશ્ચિત્ત, સ્વર્ગ-નરક, દાનધર્મ, સંધ્યાપૂજા, રાજધર્મ, સામ–દામ–દંડ–ભેદ, રાજાની દિનચર્યા, રાજનીતિ, રણનીતિ, શુકનઅ-

પશુકન, સ્ત્રીપુરુષનાં લક્ષણો, રત્નપરીક્ષા, ધનુર્વેદ, ન્યાય તથા દંડ, ઉત્તરાધિકાર, સૂર્યવંશ–ચંદ્રવંશ, સિદ્ધૌષધિ, રોગ, રાજરોગ, મૃત સંજીવની, હાથીઘોડાની ચિકિત્સા, ગાયોનું આરોગ્ય, સર્પવિજ્ઞાન, પંચાંગ, સંમોહનશાસ્ત્ર, રાગ, છંદ, અલંકાર, કાવ્યશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, એકાક્ષર કોશ, વ્યાકરણ, શરીરશાસ્ત્ર, ગર્ભશાસ્ત્ર, યમનિયમ, યોગ, પ્રાણાયામ, ધ્યાન, સમાધિ, ભગવદગીતા અને બ્રહ્મજ્ઞાન....

અથર્વવેદ પણ એક પ્રકારનો વિશ્વકોશ છે.

વિશ્વકોશના હેતુનો વિચાર કરતાં પ્રાચીન કાળ તથા અર્વાચીન કાળના હેતુઓ વચ્ચે સમાનતાની સાથે જ અંતર પણ જોઈ શકાય છે. ધર્મશાસ્ત્રમાં ગૃહસ્થે પ્રતિદિન પાંચ યજ્ઞો કરવાનું વિધાન છે. એમાં એક ઋષિયજ્ઞ છે. આ યજ્ઞમાં વેદીમાં આહુતિ આપવાની નથી, પણ વેદપાઠ કરવાનો હોય છે. જે પૂર્વજોએ આપણા લાભ માટે જ્ઞાનનો સંચય કરી આપણને અમૂલ્ય વારસો આપ્યો, તેમના પ્રતિના ઋણનું સ્મરણ વેદપાઠથી કરવાની ભાવનાનો મહિમા સમજી શકાય છે. ત્યારેય જ્ઞાનનો સાગર તો અમાપ હતો જ. છતાં જે કંઈ ઉપલબ્ધિ હતી તે ભાવિ સંતાનો માટે સંચિત કરવા પર લક્ષ હતું. અત્યારની સ્થિતિ સાવ ભિન્ન છે. અત્યારે આપણી સમક્ષ માહિતીના ડુંગરો ખડકાતા થયા છે. તેમાંથી જોઈતી માહિતી, વિશ્વસનીય માહિતી અને સમજી શકાય તેવી માહિતી શોધી કાઢવાનું કાર્ય ઘાસની ગંજીમાંથી સોય શોધી કાઢવાના કાર્ય કરતાં વધારે દુષ્કર છે. સંગણક અથવા કમ્પ્યૂટરમાં જ્યારે તમે નવ ઓછા ચારનો દાખલો આપી ‘બરાબર’ની કળ દબાવો ત્યારે પડદા ઉપર પાંચનો અંક આવે છે. આ બધું કેવી રીતે થાય છે તે કોઈ કમ્પ્યૂટર--ઇજનેર સમજાવી શકતા નથી. કસનળી-બાળક એટલે કે ટેસ્ટ-ટ્યૂબ બેબી અને ક્લોન એટલે કે સમજનીનક વચ્ચે પાયાનો ફરક છે. એ કયો ફરક છે તે સામાન્ય માણસને સરળ શબ્દોમાં સમજાવવાનું અત્યંત અઘરું છે. આનું કારણ કદાચ એ છે કે જેઓ નિષ્ણાતો છે તેમની પાસે સરળ ભાષાશૈલી નથી અને સુંદર ભાષાના જે સ્વામીઓ છે, તેમની વિષયની ગહનતા પામવાની ક્ષમતા ઊણી ઊતરે છે. આ સમસ્યાનો ઉકેલ કેવળ વિશ્વકોશ આપી શકે છે. તેમાં સઘળા વિષયોનો સમાવેશ કરાતો હોવાથી થોડાં પાનાં આગળપાછળ ફેરવીને વાચક પોતાને જોઈતા વિષયમાં સર્વગ્રાહી માહિતી પ્રાપ્ત કરી શકે છે.

અહીં વાચકની અપેક્ષાનો પ્રશ્ન પણ વિચારવાજોગ જણાય છે. વિશ્વકોશ એકસાથે એક કરતાં વધારે હેતુઓ સિદ્ધ કરે છે. તે સાંસ્કૃતિક વારસાને સુરક્ષિત કરે છે, સમાજની અસ્મિતા જગાડે છે, ભાષાને સમૃદ્ધ કરે છે, વાચકને શિક્ષિત કરે છે ઉપયોગી માહિતી આપે છે, વાચકને સાત્વિક મનોરંજન પૂરું પાડે છે. મોટેરાં માટેના સર્વસામાન્ય વિશ્વકોશ ઘણુંખરું સંદર્ભગ્રંથોના સ્વરૂપે પ્રસ્તુત કરાય છે, પણ બાળકો તથા નવશિક્ષિતો માટે આ સ્વરૂપ નિરુપયોગી છે. તેમણે આ ગ્રંથનો સંદ-

ર્ભસાધન તરીકે ઉપયોગ કરવાનો હોતો નથી. તેમણે તો અક્ષરને ઓળખતા થયા પછી અક્ષરના માધ્યમથી જ્ઞાનવિશ્વમાં દૂર દૂર વિહાર કરવાનો હોય છે. તેમણે ગમે તે પાનું ઉઘાડી આરંભ કરવાનો હોય છે. આરંભ તેમની જિજ્ઞાસાને પ્રજ્વલિત કરે છે. તે જેમ વાંચતાં જાય તેમ તેમનાં રસરુચિ વધારે ઉત્તેજિત થાય છે. અધિકરણને અંતે તેમને કોઈ અનોખા જ્ઞાનતીર્થની યાત્રા કર્યાના આનંદનો અનુભવ થાય છે. આ જ વિશ્વકોશની સાર્થકતા છે.

વિશ્વકોશનું સર્જન સામાન્ય સાહિત્યિક ઘટના નથી. તે એક પ્રચંડ સાંસ્કૃતિક અને ઐતિહાસિક ઘટના છે. અનેક સંજોગોના વિરલ મેળથી જ તે સંભવે છે. તેમાં નેતૃત્વ, પ્રજ્ઞા, શ્રમ, ધન, સામાજિક સ્થિરતા આદિ પરિબળોનો વિરલ અષ્ટગ્રહયુ-તિ જેવો યોગ આવશ્યક છે અને આવા યોગો — चंदनं न वने वने અથવા मौक्तिकं न गजे गजेની જેમ – દરેક શતાબ્દીએ આવતા નથી.

# વિશ્વકોશ : પરિકલ્પના અને સર્જન

**અરુંધતી દેવસ્થળે**

6

મારા વક્તવ્યનો વિષય 'વિશ્વકોશની પરિકલ્પના અને તેનું સર્જન' છે. 'ભારતીય સાહિત્યનો વિશ્વકોશ'ની પ્રવૃત્તિ સાથે પરામર્શક અને સંપાદક તરીકે હું છેલ્લાં દસ વર્ષથી જોડાયેલી છું. એ નાતે હું આપ જેવા નિષ્ણાતોની સાથે વિશ્વકોશ અંગે સહચિંતન કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. આપ સૌને વિદિત છે તેમ વિશ્વકોશનાં ખરીદનારાંઓની સંખ્યા કંઈ ઝાઝી નથી. અહીં તો આપણે એકમેકનાં વિશ્વકોશ અંગેનાં વિચારો અને ટાંચણોને સમજવાનાં છે. આમ થતાં આપણા અનુભવોને શબ્દનું સ્વરૂપ મળશે અને મને શ્રદ્ધા છે કે તેમાંથી આપણને ઘણું બધું નવું જાણવાનું મળશે. અહીં કોઈ પણ જાતની પૂર્વશરતોમાં બંધાયા વગર વિશ્વકોશ વિશેની આપણી પરિકલ્પના અને તેની પદ્ધતિ અંગેની ઠીક એવી સમજણ આપણા સ્વૈરવિહારમાંથી મળી રહેશે એમ મારું માનવું છે.

વિશ્વ વિશેનું સઘળું જ્ઞાન મેળવવા માટેની કઈ યુક્તિ વિશ્વકોશ પ્રયોજે છે ? વિશ્વકોશના ક્ષેત્રની વ્યાખ્યા કઈ છે ? વિશ્વકોશ જ્ઞાન પામવા માટેનું સાધન છે એ હકીકત સાચે જ ઉત્તેજક અને મહત્વાકાંક્ષી છે. અહીં વિશ્વને તેના સૂક્ષ્માતિસૂક્ષ્મ અને મહતો મહીયાન્ સ્વરૂપમાં જોવાનું છે. આપણો અભિગમ પૂર્ણતાને સમજવાનો છે. વિશ્વકોશે આખરે તો જ્ઞાનની અનેકવિધ શાખાઓને ધ્યાનમાં લેવાની છે અને બહુવિધ માધ્યમોને આવરી

લેવાનાં છે. વિશ્વકોશના કેટલાક પ્રકારો છે : સામાન્ય વિશ્વકોશ; દેશીય વિશ્વકોશ; વિજ્ઞાન અને વ્યાવહારિક વિશ્વકોશ; સમાજવિદ્યાઓ; વાણિજ્ય, ઉદ્યોગ અને વ્યવસ્થાપનનો વિશ્વકોશ; કલા, તત્વજ્ઞાન, ધર્મ, ભાષાઓ, સ્થાપત્ય, પુરાતત્વ વગેરેના વિશ્વકોશો સાંપડે છે.

સામાન્ય રીતે વિજ્ઞાન(શુદ્ધ અને પ્રયુક્ત)નો વિશ્વકોશ કરવો પ્રમાણમાં સહેલો છે, પરંતુ તત્વમીમાંસા અથવા અનેકવિધ જ્ઞાનશાખાઓને આવરી લે તેવા સાહિત્ય, માનવવિદ્યાઓ, સંસ્કૃતિ, કલા કે તત્વજ્ઞાનના વિશ્વકોશો રચવા સુલભ નથી. જોકે આ પ્રકારનો વિશ્વકોશ એક એવું બૌદ્ધિક સાધન છે કે જે તેનો ઉપયોગ કરનારને નવું દષ્ટિબિંદુ કે દર્શન કરાવી આપે છે. વિશ્વકોશ વાચકના મનને વિચારવંત કરે છે તે જ તેની મોટી સિદ્ધિ છે.

ભારતીય સાહિત્યના વિશ્વકોશની વ્યાખ્યા કઈ રીતે કરીશું ? ભારતીયોએ લખેલું સાહિત્ય એટલે ભારતીય સાહિત્ય ? લોકશાહીની અત્યંત જાણીતી વ્યાખ્યાની રીતે આપણે તેને ભારતીયો માટે, ભારતીયો દ્વારા લખાયેલ ભારતીયોનો વિશ્વકોશ કહી નવાજીશું ? ભારતીય સાહિત્યમાં રહેલું ભારતીયત્વ શું છે ? ભારતીય રાષ્ટ્રવાદના ઊગમ પહેલાં ભારતીય સાહિત્ય કેવું હતું ? અહીં હું રાજકારણની ઓથમાં કંઈ બોલતી નથી. હું તો ભારતીય સંસ્કૃતિ કે ભારતીય વિચાર જે રાજકીય વિચારધારાની પણ પહેલાં હતો તેની વાત કરું છું, નીરદ ચૌધરી, વિક્રમ સેઠ, એ. કે. રામાનુજનને આપણે ભારતીય સાહિત્યકારો તરીકે ઓળખીશું ? દા.ત., વિક્રમ સેઠની કૃતિ 'ગોલ્ડન ગેટ'ને સાહિત્ય અકાદમી ઍવૉર્ડ એનાયત થયો છે. આ કૃતિની નોંધ 'ભારતીય સાહિત્યનો વિશ્વકોશ'માં લેવાની થાય તો એક મૂંઝવણ જરૂર ઉદભવે છે. આ લેખકને ભારતીય કહી પણ શકાય અને ન પણ કહી શકાય. તેમની કૃતિનો વિષય અમેરિકન છે. અરે, તેમણે પ્રયોજેલ સ્વરૂપ પણ 'સૉનેટ' છે. આ કૃતિ સરસ છે અને તે આપણને સંપૂર્ણ આનંદ આપે છે. પરંતુ એને ભારતીય સાહિત્ય કઈ રીતે કહી શકાય ? આ લેખકો આમ મૂળના તો ભારતીય છે, પણ અમેરિકામાં કાયમી રીતે સ્થાયી થયા છે. તેઓ ભારતીય પ્રશ્નોના પરિપ્રેક્ષ્યમાં અને અન્ય પ્રશ્નોના સંદર્ભમાં લખે છે. આ સંદર્ભમાં એમ પણ કહી શકાય કે આ ભારતીય સંવેદનશીલતા જે પરદેશમાં જઈને વસી છે તેની સદંતર નોંધ જ ન લેવાય તે યોગ્ય છે ? આ દૃષ્ટિએ રાજા રાવ કે એ. કે. રામાનુજન કે વિક્રમ સેઠ કે વી. એસ. નૈપૉલ સિવાયનું ભારતીય સાહિત્ય કંઈક અંશે ઊણું તો નહિ રહે ને ? વિશ્વકોશના સંપાદક માટે આ હંમેશાનો પ્રશ્ન રહેવાનો જ છે.

ભારતીય સાહિત્યનો વ્યાપ 5,000 વર્ષમાં પથરાયો છે અને ભારતની 18

ભાષાઓમાં તે અભિવ્યક્ત થયો છે. આમાં સર્જકતાના અનેક સ્રોતો તો છે જ પણ એકમેકની સાથેના તાણાવાણાની અનેક અઘરી પ્રક્રિયાઓ પણ સંડોવાયેલી છે. લાંબા સમયાંતરે આમાં અનેકવિધ સાહિત્યિક સ્વરૂપ દુનિયાભરમાં સરજાયાં છે. આમ ભારતીય સાહિત્યનો વિશ્વકોશ રચતી વખતે તમે એકલા જ છો એમ માનીને ચાલી ન શકાય. દેશવિદેશના સાહિત્યની પણ નોંધ લેવી પડે છે. આનો શાબ્દિક અર્થ લેવાનો નથી, પણ ભૌગોલિક સીમાડાઓની આરપાર જવું આવશ્યક છે.

ભારતીય સાહિત્યના વિશ્વકોશના આ ગ્રંથોના વિશાળ પટમાં અનેક સર્જ-કોના વિચારો સમાવવામાં આવ્યા છે, એટલું જ નહિ, પરંતુ દુનિયાભરના ધાર્મિક નેતાઓ, તત્વજ્ઞાનીઓ, કવિઓ, સૌંદર્યશાસ્ત્રીઓ, લેખકો, વિવેચકોને પણ એમાં સ્થાન આપવાનું છે. આમ પ્લેટો, એરિસ્ટોટલ, ભરતમુનિ, આનંદવર્ધન, અશ્વઘોષ, તૉલ્સ્તૉય, કાન્ટ, હેગેલ કે શ્રીઅરબિંદોની સાથે સાથે રામચંદ્ર શુક્લ વગેરેનો પણ એમના વિચારોની દૃષ્ટિએ સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતવર્ષની ખોજ એટલે આપણી અસ્મિતાની શોધ છે. અસ્મિતાની ખોજ કરતાં આનંદ પણ પ્રાપ્ત થાય છે અને એમ ન થતું હોય તો આપણે બધાએ લખવા કે વાંચવાનું પ્રયોજન જ શું રહે છે ? સંસ્કૃતિ અને ભાષાકીય વૈવિધ્યની વચ્ચે વિશ્વકોશ તો આપણા પ્રશ્નો અને પડકારોને વાચા આપે છે. આપણી સંવેદનશીલતા અને સમજને નવું દિશાસૂચન કરતા આ વિશ્વકોશના ગ્રંથો મનુષ્યચિત્તને નવા વિચારોથી સુસજ્જ કરે છે અને વર્તમાન સાથે સમજણ પામવાની તક આપે છે. આખરે તો આપણી સમક્ષ સૌથી મોટો પડકાર તો અભિગમ અને અભિવ્યક્તિ પરત્વે આપણું પોતીકું કહેવાય તેવું વિશિષ્ટ પોત પ્રગટાવવાનો છે. વિશ્વકોશ પ્રત્યેક કૃતિની સ્વાયત્તતાને ઓળખાવવાનું કાર્ય કરે છે. સાર્વત્રિકતા જેમ અનુપમતા પણ એટલી જ અગત્યની છે.

વિશ્વકોશનું ધ્યેય વૈવિધ્ય અને જટિલતામાં સંપૂર્ણતા નિપજાવવાનું છે. આ માટે ઇંદિરા ગાંધી સેન્ટર ઑવ્ આર્ટ દ્વારા રજૂ થયેલી યોજનામાં વિશ્વકોશ-ના મૂળ સ્થાપિત સ્વરૂપથી જુદા પડીને જે તે વિષય પરત્વે નવા અભિગમોની વાત છે. જેવી રીતે સિદ્ધાંત, વ્યવહાર કે મૂર્ત સ્વરૂપની બાબતમાં બને છે તેમ નવા કલાવિષયક વિશ્વકોશમાં મૂળ વાચના, સંદર્ભ અને સ્વરૂપને વિચારમાં લઈને તેનાં ત્રણ પરિમાણોનો વિચાર કરવામાં આવ્યો છે. જોકે પ્રત્યેક વિશ્વકોશે પોતાનાં આદર્શ સ્વરૂપ અને રીત-પદ્ધતિનું નિર્માણ કરવાનું હોય છે. વિશ્વકોશ-સંપાદકો આખરે એક જ ધ્યેય માટે કામ કરતા હોય છે, છતાંય વિશ્વકોશની પદ્ધતિ સ્વા-ભાવિક જ વ્યક્તિગત રહેવાની. આનું જોખમ દેખીતું હોય જ છે. વિશ્વકોશના મુખ્ય સંપાદકે આ બધા વાસ્તવિક પ્રશ્નોનો સામનો કરવાનો હોય છે. વિરોધાભાસ પ્રાથમિક કક્ષાએ ઊભો થાય છે. આમાં સૌથી મોટો પ્રશ્ન અધિકરણના આત્મ-

લક્ષી સ્વરૂપનો છે. આ માટે પરામર્શકમંડળ કે વિશ્વકોશના શરૂઆતના યોજકો જ જવાબદાર હોય છે. વિશ્વકોશમાં વિવિધ વિષયોનાં અધિકરણોની પસંદગીમાં શું રાખવું કે રદબાતલ કરવું, તેને કેટલા શબ્દોમાં પરિમિત કરવું અને આ બધાં અધિકરણોમાં નામ કે કૃતિ, સ્થળ કે વિચાર કઈ રીતે પસંદ કરવાં એ બધું સંપાદકો પર આધારિત હોય છે. આ બધું વિશેષ કરીને અંગત ભાવના કે અભિપ્રાયથી અસ્પૃષ્ટ હોય તેમ કરવું દુષ્કર છે. આખરે તો આપણે બધા માણસો છીએ અને તેથી માનવસહજ મર્યાદાઓથી ભરેલા છીએ. આમ વિશ્વકોશનું સર્જન કંઈક અંશે માનવીય રહેવાનું જ. કલાસર્જન માટે એમ કહેવાય છે કે તે બે કક્ષાએ થાય છે : (1) ભૌતિક કક્ષા, (2) માધ્યમકક્ષા. દા.ત., ચિત્રકલા. ચિત્ર કોઈ ઘટનાનું હોય છે તેમાં રંગ અને કૅન્વાસનો ઉપયોગ થાય છે. આગ કે ચોરથી તેનું રક્ષણ થઈ શકે તેવી વ્યવસ્થા પણ પ્રથમથી જ વિચારી લેવાય તે સ્પૃહણીય છે. પરંતુ આ બધું હોવા છતાં જે કંઈ ચીતરવામાં આવે છે તે ચિત્રકલા બની શકે નહિ તે નિર્વિવાદ વાત છે. કલાને કોણ સમજે છે ? તે કલા છે તેનું પારખું કોણ કરે છે ? સર્જક પોતે કે તેનો ભાવક કે વિવેચક ? કલાનો જે નમૂનો મને સ્પર્શે છે તે કદાચ અન્ય ઉપર અસર ન પણ કરે. એટલે કોઈક ક્ષણે કલાના પારખામાં આત્મલક્ષીપણું પ્રવેશ કરવાનું જ. આ સંપૂર્ણ રીતે નકારી શકાય તેવી બાબત નથી. જોકે તેમાં આત્મલક્ષીપણાની માત્રા જરૂર ઘટાડી શકાય. જે તે લેખકને આપણી રીતે ઓળખવા રહ્યા. એટલે તેમની કૃતિઓનું આપણા સંદર્ભમાં મૂલ્યાંકન કરવું ઘટે. આપણા યુગને તે કેટલા પ્રસ્તુત છે તે શોધવાનો આયામ કરવો તે જરૂરી છે. મરાઠીમાં ફડકે કે ખાંડેકરનું આ પ્રમાણે પુનઃ મૂલ્યાંકન કરવું જોઈએ. વિશ્વકોશ માત્ર સાંપ્રત માટે નહિ, પરંતુ ભવિષ્યની પેઢીઓ માટે પણ છે, એટલે તો અધિકરણની પસંદગી અને તેની શબ્દ-સંખ્યાની મર્યાદા આંકવાનું જે કામ છે તેના માટે મુખ્ય સંપાદકે સભાન રહેવું ઘટે.

ભારતીય સાહિત્યના અંગ્રેજીમાં લખાયેલા વિશ્વકોશમાં ભારતની જેટલી ભાષાઓ છે તેનાં પૃથક્ પાઠાંતરો આવે તે સ્વાભાવિક છે. આમાં જે તે અધિકર-ણલેખકની જુદી જુદી શૈલીને બાજુ પર કઈ રીતે મૂકી શકાય ? વિશ્વકોશે પોતાને જીવંત રહેવું હોય તો આ બધી ભાષાઓની પ્રામાણિકતાને સ્વીકારવી રહે.

અંગ્રેજી આપણી ‘લિંગ્વા ફ્રાન્કા’ છે ત્યારે ભારતીય અંગ્રેજી પણ તે તે રાજ્યની જુદી જુદી છે. ભારતની આ બધી ભાષાઓમાંથી જે તે અધિકરણ માટે જે કંઈ વિગત મળે છે તે જુદા જુદા રીતરિવાજો ને લહેકાને લઈને આવે છે. કોઈ ખાસ શૈલી કે ઘાટમાં આ માહિતીને મૂકી શકાય. પરંતુ મૂળ શૈલીને તમે બદલી શકો ખરા ? તમારી પાસે મૂળ લખાણનો અંગ્રેજીમાં થયેલો અનુવાદ જ છે. આ અનુવાદ મૂળ ભાષાને વફાદાર ન પણ રહ્યો હોય. શૈલીઓ પણ જુદી જુદી હોય છે. આમાં

ક્વીન્સ ઇંગ્લિશ, અમેરિકન ઇંગ્લિશ અને ઇન્ડિયન ઇંગ્લિશ હોઈ શકે. આમ બધી શૈલીઓ સાથે સાથે રહી શકે છે. જોકે માર્ગદર્શક સિદ્ધાંતો મદદરૂપ બની શકે પણ એનાથી અધિકરણલેખકની શૈલીમાં ખાસ ફેર પડતો નથી. દા.ત., મહાશ્વેતાદેવી વિશેનું અધિકરણ. જુદા જુદા લેખકો તેના પર લખે પણ તે જુદી જુદી શૈલીમાં હોવાનાં. આમાં કોઈ એક જ 'પાઠ-શૈલી' હોય તેમ બનવાનું અશક્ય છે. વિશ્વકોશ-સંપાદકને આની નોંધ લેવી પડે છે. તમિળ ભાષાએ તો આવું કોઈ સ્વરૂપ હોય તેની ખેવના રાખી જ નથી, પરંતુ તેમ કરવા જતાં આ વાત વધુ ગૂંચવાડાભરી બની છે. આમ કરતાં તે તે ભાષાનાં ચિહનો, ઉચ્ચારણોમાં ગૂંચવાડો પેદા થવાનો જ. દા.ત. ક્યારેક એક જ નામ ત્રણ રીતે લખાતાં હોય છે. માધવન, મક્તાવન અને માથવન. પ્રત્યેક ઉચ્ચારણ સાચું છે એમ વિશેષજ્ઞ કહેશે. આ જુદાં જુદાં ઉચ્ચારણો સાચાં છે, પરંતુ અધિકરણોના ક્રમ આપતી વખતે આ બધાં જુદે જુદે સ્થાને આવે એટલે શોધનાર કે વાચક તે અધિકરણ સરળતાથી કઈ રીતે શોધી શકશે ? વળી આ વ્યક્તિવિશેષ મક્તાવન વિષે એક જણ એક રીતે લખે તો બીજું બીજી રીતે. આ બધાનો સમન્વય કઈ રીતે કરવો ? વળી વાચક તરીકે હું જાણું પણ કઈ રીતે કે આ તે જ વ્યક્તિ છે ? વળી અધિકરણલેખકને તમે કેટલા સ્મૃતિપત્રો લખી સાચી વાત જાણી શકશો ? તેમની પાસેથી સંતોષકારક પ્રત્યુત્તર ન મળે તો બીજા લેખકને શોધવો પડે ને અધિકરણ પુનઃ લખાવવું પડે. આમ અધિકરણ વધારે અઘરું બને છે. એટલે એક ચોક્કસપણું લાવવું એ તો કૌતુકપ્રિય શમણું છે.

છેવટે આપણો વિશ્વકોશ તો આપણે જેવા છીએ તેવો થવાનો. જુદા જુદા હોવા છતાં પણ આપણે કોઈ એક ઘડીએ તેમ કર્યે જ છૂટકો.

બીજી કઠણ વાત તે વિષયનિષ્ણાતો અને અનુવાદકોની છે. અનુવાદક મૂળ કૃતિને કાં તો સરજી શકે કે તેને વિપરીત સ્વરૂપમાં ઢાળી દે. અનુવાદની કલા અનુ-વાદકની વિશ્વસનીયતાને હરહંમેશ થતો પડકાર છે. દા. ત., 'માનવીની ભવાઈ', 'મળેલા જીવ', નિશીથનાં અધિકરણો લો. આ બધી શ્રેષ્ઠ કૃતિઓ છે. પરંતુ પ્રશિષ્ટ કૃતિઓ અંગ્રેજીમાં અનૂદિત થાય છે ત્યારે કેટલીક વાર કેટલી બધી વિકૃત થઈને પ્રગટે છે ? અરે, તમે મૂળ કૃતિને તો ભૂલી જ જાવ છો. આ તો કંઈ જુદું જ રંધાયું હોય તેમ લાગે છે. જોકે તેનું બાહ્ય સ્વરૂપ સુંદર મઠારેલું હોય છે –ખાસ કરીને પશ્ચિમના વાચકોને ગમે તેવું. પરંતુ ભાવક તો આ અનુવાદ વાંચીને છેતરાઈ જ જવાનો. તમે તો માત્ર અનુવાદ પર આધાર રાખીને ચાલો છો. કેટલાક લેખકો પોતાની માતૃભાષામાં ઉત્તમ લખે છે. પરંતુ જ્યારે તેઓ અનુવાદ કરે છે ત્યારે આ બધું અંધાધૂંધ થતું હોય તેમ લાગે છે. અનુવાદની આ મોટી મુસીબત છે. મુસીબતો તો અનંત છે. છતાંય મારે અંતે તો આશાવાદ સેવવો જ રહ્યો.

આ બધું હોવા છતાં વિશ્વકોશ જુદી જુદી જ્ઞાનશાખાઓમાંથી અર્થ તારવવાનું કાર્ય કરે છે. અહીં તો તમામ સાંસ્કૃતિક સંબંધોની પેલે પાર જવાનું છે. વિશ્વકોશે સંદર્ભનો ખપ પૂરો પાડવાનો છે. સાંસ્કૃતિક ઓળખનો એકડો કાઢી નાંખવાની હું વાત કરતી નથી, પણ સાથે સાથે ખાસ સાંપ્રત સાંસ્કૃતિક સંદર્ભોને સાર્વત્રિક વિચારના ચોકઠામાં મૂકવાના છે અને છતાંય જે સાંસ્કૃતિક જુદાપણું છે તેનો માનમરતબો તો જાળવવાનો જ છે.

અનુવાદ : **વિ. પ્ર. ત્રિવેદી**

# વિશ્વકોશ અને વૈજ્ઞાનિક અભિગમ

જ. દા. તલાટી

7

વિજ્ઞાન એ અવલોકનો અને પ્રયોગ દ્વારા મળેલાં પરિણામોનો સમન્વય કરી, તેમની ચકાસણી અને વર્ગીકરણ કરી, તર્કબદ્ધ અને વ્યવસ્થિત રીતે મેળવવામાં આવેલું જ્ઞાન છે. તે કોઈ પણ બાબતને અશક્ય માનતું નથી, પણ સાથે સાથે તે બાબત જ્યાં સુધી ચકાસણીમાં પાર ન ઊતરે ત્યાં સુધી તેને સાચી પણ માનતું નથી.

વિજ્ઞાનની એ પણ લાક્ષણિકતા છે કે તેનાં કથનો ચોક્કસ (precise) તેમજ ચકાસણી અને સાબિતી(proof)ને સુગ્રાહી (susceptible) હોય છે. જોકે આવું હંમેશાં શક્ય હોતું નથી; દા.ત., ખગોળશાસ્ત્ર કે ભૂસ્તરવિજ્ઞાનમાં એવું બને છે કે એક ઘટના બની હોય તેનું માનવી દ્વારા પુનરાવર્તન કરવું શક્ય ન પણ હોય.

વિજ્ઞાનના દરેક વિષયની એ એક પૂર્વશરત હોય છે કે તેના વિષયવસ્તુનું નિરૂપણ કરવા માટે યોગ્ય પદ્ધતિ હોય. આ માટેની ભાષા વિષયના હાર્દને ચોકસાઈપૂર્વક તેમજ અનન્યપણે રજૂ કરે તેવી હોવી જરૂરી છે. રોજ-બ-રોજના ઉપયોગમાં લેવાતી ભાષા આવી ચોકસાઈ દર્શાવી શકે તેવી ન હોય તો જે તે વિષયે તેની પોતાની ભાષા વિકસાવવી પડે છે. આ માટે ઘણી વાર અન્ય ભાષાઓમાંથી શબ્દો કે સંજ્ઞાઓ લઈ તેમના મર્યાદિત (restricted) અર્થ ઉપજાવવામાં આવે છે. જરૂર પડે ત્યાં આ માટે સમીકરણોનો ઉપયોગ થાય છે, જેથી માહિતી ટૂંકાણમાં અને માત્રાત્મક

રીતે રજૂ કરી શકાય.

વસ્તુ કે ઘટનાની યોગ્ય સમજ માટે જે વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવામાં આવે છે તે લક્ષમાં રાખેલ ઉદ્દેશ અને વિષયવસ્તુના પ્રકાર ઉપર આધાર રાખે છે. તેમાં બારીક અવલોકન, પ્રયોગ અને માપન, પુનરાવર્તન, વર્ગીકરણ, સહમતી (consensus) અને કાર્ય-કારણ (cause and effect), તર્ક વગેરેનો સમાવેશ થાય છે.

ન્યૂટને ઝાડ ઉપરથી સફરજનના નીચે પડવાની સામાન્ય ઘટનાનું બારીકાઈથી અવલોકન કર્યું ન હોત તો આપણને ભૌતિકશાસ્ત્રનો એક અગત્યનો નિયમ પ્રાપ્ત થયો ન હોત. રસાયણશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર જેવા વિષયોમાં સંશ્લેષિત રેસાઓ, કૃત્રિમ ખાતરો, વિવિધ ઔષધો કે હાઇબ્રિડ બિયારણ એ જે તે ક્ષેત્રમાં કરવામાં આવેલા પ્રયોગોની ઉપલબ્ધિ છે. આ દર્શાવે છે કે ઘટનાની યોગ્ય સમજ માટે કે નવાં તથ્યોની શોધ માટે પ્રયોગકાર્ય એ એક અગત્યનું માધ્યમ છે. પ્રયોગકર્તા વિવિધ સંજોગો હેઠળ પ્રયોગ કરી એક કુદરતી ઘટના કેવી રીતે બને છે તે માટેની શરતો પ્રસ્થાપિત કરે છે. ઘણી વાર કુદરતમાં જોવા ન મળે તેવી પરિસ્થિતિ પણ તે ઊભી કરે છે; દા.ત., હજારો વાતાવરણના દબાણ હેઠળ પાણીની વર્તણૂક.

વર્ગીકરણની દૃષ્ટિએ વિજ્ઞાનના વિવિધ વિષયોને યથાર્થ વિજ્ઞાન (exact sciences) અને વર્ણનાત્મક વિજ્ઞાન (descriptive sciences) – એમ બે ભાગમાં વહેંચી શકાય. ભૌતિકશાસ્ત્ર તથા કંઈક અંશે રસાયણશાસ્ત્ર જેવા વિષયોને પ્રથમ પ્રકારમાં મૂકી શકાય, કારણ કે તેમાંનાં ઘણાં કથનોનું ચોક્કસ માપન અથવા તેમની સાબિતી શક્ય, છે. બીજા પ્રકારમાં વર્ગીકીય (taxonomical) વનસ્પતિશાસ્ત્ર અથવા પ્રાણીશાસ્ત્ર જેવા વિષયોનો સમાવેશ થાય છે. તેમાં વર્ણન અને વર્ગીકરણની ચોકસાઈ મુખ્ય બાબત છે.

વિજ્ઞાનનું એક સૌથી વધુ ઉત્તેજનાપૂર્ણ અને પડકાર આપતું પાસું એ છે કે તેની સીમાઓ (frontiers) હંમેશાં બદલાતી કે વિસ્તરતી રહે છે. તેનો વિકાસ અવલોકન, પ્રયોગ અને તર્કપૂર્ણ ચર્ચાના ફળસ્વરૂપે ઊપસી આવતી હકીકતો પર આધારિત હોવાથી નવી માહિતી પ્રાપ્ત થતાં એક માન્ય સિદ્ધાંત બદલાઈ પણ શકે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં થયેલ અધ્યયન-સંશોધનને લીધે ઉદભવેલા જ્ઞાન-વિસ્ફોટને કારણે વિષયો વચ્ચેની સીમારેખાઓ ઝાંખી બની ગઈ છે અને એક વિષયે બીજામાં સંક્રમણ (ingression) કર્યું છે. પરિણામે નવા વિષયો વિકસ્યા છે; દા. ત., આણ્વીય જીવવિજ્ઞાન (molecular biology), જનીનિક ઇજનેરી (genetic engineering), અવકાશવિજ્ઞાન (space science), પર્યાવરણવિજ્ઞાન (environmental science), ન્યૂક્લિયર સાયન્સ, કમ્પ્યૂટર સાયન્સ, ઇન્ફર્મેશન ટૅકનૉલૉજી વગેરે.

નવાં નવાં સંશોધનોને કારણે વિજ્ઞાન અંગેનો કોઈ પણ ગ્રંથ સંપૂર્ણપ-

ણે વ્યાપક (comprehensive) રહેતો નથી. જોકે તેના દ્વારા એક મજબૂત પાયો નાંખવાનું શક્ય બને છે. વિશ્વકોશ વિજ્ઞાનની આવી વિવિધ શાખાઓનું પાયારૂપ જ્ઞાન ઉપલબ્ધ બનાવીને જે તે વિષય માટેનો આધાર બની શકે.

વિશ્વકોશમાં આવરી લેવાયેલાં વિજ્ઞાનને લગતાં અધિકરણોએ સામાન્ય નાગરિક, વિદ્યાર્થીઓ, અધ્યાપકો, ઉદ્યોગસાહસિકો અને પુસ્તકાલયપ્રવૃત્તિ સાથે સંકળાયેલા સૌની જરૂરિયાતો પૂરી પાડવાની હોય છે. તેનો આશય બાળકો અને પ્રૌઢોને વિજ્ઞાન અંગેની રસપ્રદ (fascinating) તથા આજના વિશ્વને સમજવામાં મદદરૂપ થાય તેવી ઘટનાઓની સ્પષ્ટતા કરવાનો હોઈ તેમાં રજૂ થતી માહિતી વિષયને લગતી, અદ્યતન અને સાચી હોવી જોઈએ એટલું જ નહિ; તે સરળ, આકર્ષક (attractive) અને સારી રીતે મઠારેલા સ્વરૂપ(format)માં પણ હોવી જોઈએ.

રેડિયો, ટી.વી. કે સમાચારપત્રો જેવાં માધ્યમોમાં નવી નવી રસપ્રદ શોધો અંગે ઘણી વાર ઉલ્લેખ થતો હોય છે; પણ તેમાંની માહિતી સંક્ષિપ્તમાં હોય છે અથવા તેમાં મુદ્રણદોષો હોય છે. જોકે તે માનવીમાં જિજ્ઞાસા જરૂર જગાવી જાય છે. છેલ્લા દાયકામાં રજૂઆત પામેલી કેટલીક શોધોનો ઉલ્લેખ કરીએ તો,

(1) પ્રોસ્પેક્ટર અવકાશયાન દ્વારા ચંદ્ર પર પાણીનો સારો એવો જથ્થો હોવાની શોધ અને ચંદ્ર-વસાહતની શક્યતા.

(2) 8 વર્ષ સુધી નિમ્નતાપી પ્રવાહીમાં રાખ્યા પછી ભ્રૂણનું પ્રતિરોપણ.

(3) અત્યંત નીચાં તાપમાનો મેળવવાના પ્રયત્નો રૂપે શક્ય બનેલું $10^{-7}$ k જેટલું તાપમાન.

(4) ગ્રૅફાઇટ અને હીરા ઉપરાંત ફુલેરીન તરીકે ઓળખાતું કાર્બનનું વધુ એક રૂપ.

(5) 240 k જેટલા તાપમાને જોવા મળેલ અતિવાહકતા (superconductivity)

(6) ક્લોનિંગ

(7) 500 km/કલાક કરતાં વધુ ઝડપે દોડતી મેગ્લેવ પ્રકારની ટ્રેન.

(8) માનવ-જીનૉમ (human-genom) પરિયોજના(project)નાં તારણો.

(9) નાભિકીય સંગલન (nuclear fusion) વગેરે.

(10) જૈવ અવક્રમણીય (priodegradable) અને વિદ્યુતવાહક પ્લાસ્ટિક.

વિશ્વકોશને યથાર્થ બનાવવા માટે તેમાં વિવિધ ક્ષેત્રોમાં થયેલી આવી શોધો અને તેમની ઉપલબ્ધિઓનો સમાવેશ થઈ શકે. સમગ્ર રજૂઆત એવી હોવી જોઈએ કે માનવીને મૂળભૂત ખ્યાલોનો પ્રથમ પરિચય થાય. તે પછી વાચક જે તે વિષય-

માંનાં પોતાની પસંદગીને લગતાં વિશિષ્ટ અધિકરણો / વ્યાપ્તિલેખો જોઈ સવિસ્તર માહિતી મેળવી શકે.

વિજ્ઞાનમાં કથનની સ્પષ્ટતા અને પ્રયોગ સમયના સંજોગોની ચોકસાઈ જેવી બાબતો અગત્યની હોઈ લેખક દ્વારા વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે જરૂરી છે. લખાણમાં છેલ્લામાં છેલ્લી માહિતી રજૂ થાય તે માટે વિવિધ પાઠ્યપુસ્તકો, સામયિકો, હૅન્ડબુકો, સંદર્ભગ્રંથો, અન્ય ભાષાઓમાં લખાયેલા વિશ્વકોશ જેવા ગ્રંથો, દશ્ય-શ્રાવ્ય માધ્યમો તેમજ ઇન્ટરનેટનો ઉપયોગ થઈ શકે છે.

લખાણમાં વિવિધ રાશિઓ દર્શાવવા માટેના એકમો (units) દર્શાવતી વખતે પણ પૂરતી કાળજી લેવાય તે જરૂરી છે. આ સંદર્ભમાં Conference Generale de Poids et Mesures (CGPM), International Union of Pure and Applied Physics (IUPAP), International Union of Pure and Applied Chemistry (IUPAC), International Organization for Standardization (ISO) વગેરેની ભલામણો ધ્યાનમાં લેવી જરૂરી છે, એ ભલામણો પ્રમાણે કામ કરવાથી લખાણોમાં એકસૂત્રતા લાવી શકાય.

એકસૂત્રતાની બાબતમાં એક બીજી વાત પણ અત્રે કરવાનું જરૂરી લાગે છે. રસાયણશાસ્ત્રમાં 92 તત્વો (અનુ-યુરેનિયમ તત્વોને બાદ કરતાં) છે. અત્યાર સુધીમાં જે તત્વોને લગતાં અધિકરણો લખાયાં છે તેમાં દરેકનો ઢાંચો એકસરખો નથી. તત્વની શોધ, તેનાં પ્રાપ્તિસ્થાનો કે ખનિજો, તેનું ધાતુકાર્ય, ગુણધર્મો, ઉપયોગો, સંયોજનો વગેરે બાબતો ચોક્કસ ક્રમમાં જ ઉલ્લેખાય તે જરૂરી છે. તેમ ન થાય તો સંપાદકીય કાર્ય વધી જવાનો સંભવ રહે છે. તેવું જ સંજ્ઞાઓ, સમીકરણો વગેરેની બાબતમાં પણ સમજવું જોઈએ.

સ્વરાજ્યપ્રાપ્તિ પછી આપણે ત્યાં શિક્ષણનો વ્યાપ સર્વ સ્તરે વધતો રહ્યો છે. વળી શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાનો સ્વીકાર થતાં સ્નાતક અને અનુસ્નાતક-કક્ષા સુધી માતૃભાષા દ્વારા શિક્ષણનો કાર્યક્રમ અમલી બન્યો છે. પણ વિજ્ઞાન વિદ્યાશાખામાં વિદ્યાર્થીસંખ્યા ઓછી હોવાને લીધે કે અન્ય કારણોસર ગુજરાતીમાં વિજ્ઞાનને લગતાં પુસ્તકો, સામયિકો કે સંદર્ભગ્રંથો પ્રમાણમાં ઓછાં પ્રાપ્ય છે. આને લીધે સામાન્ય માનવીને કે વિષયના અભ્યાસીને પૂરતી માહિતી ઉપલબ્ધ થતી નથી. જોકે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલ જ્ઞાનગંગોત્રી શ્રેણી, ગુજરાત યુનિવર્સિટી તરફથી પ્રકાશિત થયેલ વિજ્ઞાન અને યંત્રવિદ્યાકોશ તેમજ અન્ય કેટલાંક પ્રકાશનો દ્વારા આ મુશ્કેલી હળવી કરવાનો પ્રયત્ન જરૂર થયો છે.

ગુજરાતી ભાષામાં આધુનિક કહી શકાય તેવો આ પ્રથમ વિશ્વકોશ છે. તેમાં 40 % જેટલાં અધિકરણો વિજ્ઞાનને લગતાં છે. તે micropaedia અને macropaedia-ના સમન્વય સ્વરૂપનો હોઈ તેમાં લઘુનોંધરૂપ લખાણો, મધ્યમ કદના લેખો તેમજ

વ્યાપ્તિલેખોનો પણ સમાવેશ થયેલો છે. આ વ્યાપ્તિલેખો વાચકને જે તે વિષયની ઊંડી સમજ આપવામાં ઉપયોગી બની શકે તેમ છે; દા.ત., (i) અપૃષ્ઠવંશીઓ, (ii) અવપરમાણુ કણો, (iii) અંતરીક્ષ અન્વેષણો, (iv) આંકડાશાસ્ત્રીય અનુમાન, (v) આબોહવા, (vi) ન્યૂક્લિઇક ઍસિડ, (vii) દૂધ અને દુગ્ધવિદ્યા, (viii) દૂરવાણી અને દૂરસંવેદન, (ix) ધાત્વિક ક્ષારણ, (x) ધ્વનિ, (xi) ધાત્વિક નિષ્કર્ષણ જેવાં અધિકરણો આ પ્રકારનાં છે.

ગુજરાતી વિશ્વકોશમાં સામગ્રીની અદ્યતનતા, પ્રમાણભૂતતા અને ચોકસાઈની ચકાસણી માટે તેમજ વિષયના વ્યાપ અને ઊંડાણનો સ્તર નક્કી કરવા સારુ જે તે લખાણને અંતિમ સ્વરૂપ આપતાં પહેલાં એક પ્રકારની સંશોધનની પ્રક્રિયા થાય છે. તેથી એમ કહી શકાય કે વિશ્વકોશનો ઉપયોગ એ સંશોધનની દિશામાં પ્રથમ પગલું છે. આ વિશ્વકોશ દ્વારા વિદ્યાર્થીને વિજ્ઞાનના એકાદ વિષયમાં ઊંડો રસ પડે અને તે વિષયના કોઈ એક પાસામાં વિશિષ્ટ સંશોધન કરવા પ્રેરાય તો તે વિશ્વકોશની મોટી ઉપલબ્ધિ હશે અને તેનું પ્રકાશન સાર્થક થયું ગણાશે.

# વિશ્વકોશ : જૈન વિદ્યાના ચમત્કારનું દર્પણ

**મ. શિ. દુબળે**

8

મારી દૃષ્ટિએ વિશ્વકોશ એટલે વિશ્વના વિવિધ ઘટકો અને ઘટનાઓનું દર્શન કરાવતું દર્પણ. વિશ્વકોશમાં જીવસૃષ્ટિના વિવિધ સભ્યો અને તેને લગતી ઘટનાઓની માહિતી આપવા ઉપરાંત જીવવિદ્યાઓના વિવિધ ક્ષેત્રે હાલમાં સધાયેલી પ્રગતિ, માનવની સમૃદ્ધિના સોપાન તરીકે તેનું સ્થાન, માનવીને મૂંઝવતા પ્રશ્નો અને તેનો સંભાવ્ય ઉકેલ વગેરે પાસાંઓનો સમાવેશ વિશ્વકોશમાં કરવામાં આવે તે ખાસ અગત્યનું છે. હાલમાં જૈવ તકનીકીમાં સધાયેલી પ્રગતિએ ઔદ્યોગિક વિકાસ અને આરોગ્ય-પરિચર્યાથી માંડીને ગ્રાહકલક્ષી ઉત્પાદનમાં થયેલા ધરખમ વધારામાં મહત્વનો ફાળો આપ્યો છે. ચીઝ જેવા પોષક આહારથી માંડીને ઉપલબ્ધ એવા માત્ર સૂક્ષ્મ દૈહિક અવશેષને આધારે પીઢ ગુનેગારને પણ સજા ફરમાવી શકાય તેવો સચોટ પુરાવો સહેલાઈથી આપી શકાય તેવી સિદ્ધિ હાંસલ થઈ છે.

હાલમાં જમાનો 'સિંગલ વિન્ડો' પુરવઠાનો છે. જો આપણે એકાદ વિસ્તીર્ણ સુપરમાર્કેટ તરફ નજર ફેરવીએ તો ત્યાં સામાન્ય ગ્રાહકલક્ષી જરૂરિયાતો પૂરી પાડનાર ઘણી ચીજો જૈવ તકનીકી આધારિત ઉત્પાદનને લગતી હશે. આ સુપર માર્કેટમાં પ્રવેશતાં જ કદાચ સૌપ્રથમ શાકભાજી કે ફળફળાદિના વેચાણનો વિભાગ નજરે પડશે. ત્યાં અગાઉ માત્ર વિશિષ્ટ ઋતુમાં પ્રાપ્ય

વસ્તુઓ હતી. હવે બારેય માસ, સૌને પોસાય તે ભાવે બધી વસ્તુઓ ઉપલબ્ધ હશે. સામાન્યપણે વનસ્પતિ-પેશીમાં પ્રોટીનના ભાગ રૂપે આવેલ 'લાયસિન' ઍમિનોઍસિડનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. પરંતુ ત્યાં વેચાણમાં મળતી કેટલીક વનસ્પતિમાં લાયસિનનું પ્રમાણ વધારે હશે. ત્યાં ખરીદવા આવેલ ગ્રાહક ગૃહિણીએ આપેલ યાદી પ્રમાણે શાકભાજી ખરીદવા આવ્યો છે તે સમજી શકાય. પરંતુ ત્યાં એક બીજો ગ્રાહક એમના 'consultant physician' દ્વારા આપેલ પ્રિસ્ક્રિપ્શન-નોંધ લઈને આવ્યો છે. તેને એવા ટૉમેટો ખરીદવા છે કે જેના પ્રાશનથી પ્રોસ્ટેટ ગ્રંથિની વિકૃતિ મટાડી શકાય.

છેલ્લી માહિતી મુજબ 48 % જેટલા કૅન્સરના વ્યાધિને અટકાવી શકાય તેવાં ટોચ કારણોમાંથી 25 % જેટલાં કારણો અપૂરતા પ્રમાણમાં ખાવામાં આવતાં ફળ અને શાકભાજી સાથે સંકળાયેલાં છે. ડૉક્ટરની સલાહ મુજબ અહીંની શાકભાજી અને ફળો ખરીદવાથી કૅન્સરથી બચી જવાય તેમ છે. સહેજ આગળ જતાં ત્યાં આવેલ ડેરી વિભાગમાં વિશિષ્ટ પ્રકારનું યૉગર્ટ, ચીઝ, અલ્પમેદીય (toned), પ્રમાણિત તેમજ 'સંપૂર્ણ' (whole) દૂધ ઉપરાંત, જેમાં માનવી-રુધિરની જમાવટમાં અગત્યનું એક એવું કારક (factor) સમાવાયું છે તેવું દૂધ પણ ખરીદી શકાય, જે હીમોફિલિયાના વ્યાધિ સામે અકસીર દવાની ગરજ સારે છે.

સહેજ આગળ જતાં ત્યાં એક દવાની દુકાન નજરે પડશે. લ્યો, ત્યાં મળતાં 'ચ્યૂઇંગ ગમ'ને ખરીદીને તેને વાગોળવાથી 'Osteoporosis'થી પીડાતા દર્દીને પૂરતા પ્રમાણમાં કૅલ્શિયમ ઉપલબ્ધ થશે. તદુપરાંત જૈવ તકનીકીને આધારે બનાવેલ રસી અને પ્રતિજૈવકો ઉપરાંત માનવીને બદલે બૅક્ટેરિયા દ્વારા ઉત્પાદિત માનવી- ઇન્સ્યુલિન પણ વેચાતું મળશે.

આ સુપર માર્કેટમાં એક અનેરા એવા ખંડનો સમાવેશ થયેલ હશે. પાટિયું વાંચો : 'Babies made to order'. તમે સંતાનવિહોણાં છો ? કન્યા-સંતાન થશે તેની ગૅરંટી આપીશું. દામ 2,500 ડૉલર. સંતાન તરીકે નોબેલ લૉરિયેટ જોઈશે ? 4,000 ડૉલર. ડાકુ ? 6,000 ડૉલર, પાટલીબદલુ વિધાનસભ્ય માત્ર 1,500 ડૉલર. સ્વાતંત્ર્ય પર્વની સુવર્ણજયંતીને નિમિત્તે ખાસ વળતર – 5 % થી 25 %.

અહીંના પશુ વિભાગમાં વેચવામાં આવતી મરઘી, આખા વર્ષ દરમિયાન લગભગ દરરોજ એક ઈંડું આપ્યા કરશે તેની ગૅરંટી. અહીં વેચવામાં આવતી વાછરડી ઓછા નિભાવખર્ચે, સારા પ્રમાણમાં દૂધ આપશે. ચિંતા ન કરશો. ગૅરંટી પત્ર સાથે આપવામાં આવશે.

સમજનીનીકરણ (cloning) અને સમજનીનકો (clones) : પ્રજનકનાં આનુવંશિક લક્ષણો માટે કારણભૂત બધાં જ જનીનો પણ સંતાનોમાં આવ્યાં હોય તેવા સંતાનને સમજનીનક કહે છે. પ્રજનકનાં બધાં લક્ષણો સંતાનોમાં ઊતરે તે ઇચ્છવા

જોગ છે. પ્રજનક જો એક હોય તો જ તેનાં બધાં જનીનો સંતાનોમાં ઊતરે એવું બને. પરંતુ પ્રાણીઓમાં બે પ્રજનકોના સમાગમથી સંતાનો પ્રાપ્ત થતાં હોવાથી તેવાં સંતાનો સમજનીનકો તરીકે જન્મે તે અશક્ય છે. પરંતુ હાલમાં થયેલ સફળ પ્રયોગો વડે વૈજ્ઞાનિકો પ્રાણીઓમાં પણ ‘સમજનીનકો’ પેદા કરવામાં સફળ નીવડ્યાં છે. સમજનીનકોની આ ઉત્પત્તિ જૈવ તકનીકી વિજ્ઞાનની ખાસ નવી ‘દેણ’ છે. 1997 વર્ષના માર્ચ મહિનામાં એડિનબરોના રોઝેલિન ઇન્સ્ટિટ્યૂટના પ્રજનન-દેહધર્મવિજ્ઞાની કૅમ્પબેલ અને તેના સાથીદારો સૌપ્રથમ ‘ડૉલી’ નામની એક જ પ્રજનક એવી પોતાની માતાની સમજનીનક ઘેટીને જન્મ આપવામાં સફળ થયા છે. ત્યારબાદ આખા વર્ષમાં ડૉલીના સાત સમજનીનકોનું ઉત્પાદન કરવામાં સિદ્ધિ પણ હાંસલ કરી છે. હાલમાં ગર્ભનો વિકાસ કોઈ પણ ભ્રૂણપોષી (surrogate) માતાના શરીરમાં થઈ શકે તેમ હોવાથી અનેક સમજનીનકો એકીસાથે મેળવવા તે સહેલું બન્યું છે. હાલમાં સમજનીનક તકનીકી વડે ‘માનવીનું ઉત્પાદન’ એક ચર્ચાનો વિષય બન્યો છે. પોતાનો સમજનીનક જન્મ્યો છે તેની માહિતી કદાચ પ્રજનકને પણ ન હોય. માતાપિતાવિહોણી સમજનીનક વ્યક્તિનું સ્થાન સમાજમાં કયા પ્રકારનું હશે એ પ્રશ્ન છે. માનવીના સમજનીનીકરણનો સંભાવ્ય દુરુપયોગ ટાળી શકાશે ખરો ? આ એક સાંપ્રત સમાજમાં ચર્ચાનો વિષય બન્યો છે. અમેરિકાએ તો માનવીના સમજનીનીકરણ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય જાહેર કર્યો છે.

વનસ્પતિસૃષ્ટિમાં સમજનીનીકરણ સહેલાઈથી કરી શકાય. ડાળીના રોપણથી કે કલમ કરવાથી સમજનીનકોનું ઉત્પાદન સહેલાઈથી થાય છે. દહાણુના ચીકુ, વલસાડી આફૂસ કે બારડોલીની શેરડીની મબલકની પેદાશ સમજનીનીકરણને આભારી છે. જનીન-ઇજનેરી વડે જનીનોનું સ્થાનાંતર કરીને માત્ર એક કોષમાંથી વિશાળ વૃક્ષનું સર્જન થઈ શકે છે. વિશ્વબૅંકે ખેડૂત-સહાયક સમી જૈવ તકનીકી વડે અન્ય સમસ્યાને હલ કરવા અનુરોધ કર્યો છે અને તે અંગે જોઈતી મદદ કરવા તત્પરતા પણ દાખવી છે. અગાઉ જણાવેલ ફળફળાદિ, દવા જેવાં ઉત્પાદનો પણ જનીન-ઇજનેરીનો ચમત્કાર છે. જૈવ સંશોધને અન્ય ક્ષેત્રે પણ અપાર સિદ્ધિઓ હાંસલ કરી છે. માનવીએ ‘પુશબટન’ જમાનામાં પ્રવેશ કર્યો છે. આવી સુવિધાઓથી આપણા પૂર્વજો સાવ વંચિત હતા. આમ હોવા છતાં આજનો સામાન્ય માનવી તણાવપૂર્ણ અવસ્થામાંથી પસાર થઈ રહ્યો છે. પ્રગતિની નબળી બાજુ એટલે ગીચ વસ્તી, વાનસ્પતિક જંગલોનો વિનાશ. સિમેન્ટ-જંગલોનો વધતો વિસ્તાર, પીવાના પાણીની તંગી, પ્રદૂષિત પર્યાવરણ, રાસાયણિક ખાતર તેમજ કીટનાશકોના વપરાશનો અતિરેક વગેરેની માઠી અસર વિશ્વના પર્યાવરણ (ecosystem) પર પડી છે. અમદાવાદની સાબરમતીને ભારતની ચૌદમા ક્રમાંકની સાવ પ્રદૂષિત નદી તરીકે જાહેર કરવામાં આવી છે. ઔદ્યોગિક વિકાસમાં મોખરે એવો વટવાથી વાપી સુધીનો

વિસ્તાર પ્રદૂષિત બન્યો છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં થઈને પસાર થતી નદીઓ માછલી વિહોણી બની છે, ભૂગર્ભજળનો સંગ્રહ સાવ ઘટ્યો છે. નીચલા સ્તરે આવેલ પાણી ફ્લોરાઇડયુક્ત હોવાથી ઉત્તર ગુજરાત, અમરેલી તેમજ છોટાઉદેપુર પ્રદેશ પર ફ્લોરોસિસની અસર થઈ છે. વનસ્થલી ઘટી જવાથી કચ્છ-પ્રદેશમાં વસતા ઘુડખ-ર(wild ass)ની સંખ્યા ઘટી છે. ગુજરાતમાંથી ઘોરાલ (Indian bustard), ચિત્તા, દીપડા, રીંછ, વાઘ, વરુની સંખ્યા સાવ વિરલ થઈ છે. માંસાહારી પ્રાણીઓને ક્રૂર ગણીને તેમની અવગણના કરવી તે યોગ્ય નથી. સાચા અર્થમાં વનસ્પતિ-સૃષ્ટિના રખેવાળ છે અને પર્યાવરણની સમતુલા જાળવવામાં તેમનું અસ્તિત્વ અનિવાર્ય છે. સાપ એક અત્યંત બીકણ પ્રાણી છે અને તે હંમેશાં માનવીથી દૂર રહેવા મથે છે. તે મુખ્યત્વે પાકને ખતરનાક એવી જીવાત પર નભે છે. ઝેરી સાપ જવલ્લે જ અને ભયમાં મુકાય ત્યારે જ કરડે છે. આ બધાં પ્રાણીઓ માનવજાતના મિત્રો છે.

કચ્છના અખાતનો દરિયો એટલે અજાયબ સજીવ સૃષ્ટિનું સંગ્રહાલય અહીંની સજીવસૃષ્ટિ વિદ્યાર્થી તેમજ સંશોધનકારોને આકર્ષવા ઉપરાંત દેશવિદેશના ઘણા પર્યટકોને આકર્ષે છે વન્યજીવોને સંરક્ષણ આપવા કચ્છના અખાતનો વિસ્તાર રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે જાહેર કરાયો છે. આમ છતાં આ પ્રદેશમાં વસતી સજીવ સૃષ્ટિની વિવિધતા ઘટતી જાય છે.

અલંગ નૌભંજન ક્ષેત્ર એક અત્યંત પ્રદૂષિત ક્ષેત્ર તરીકે કુખ્યાત છે. ત્યાં ભાંગવામાં આવતાં વહાણોનાં રંગદ્રવ્યો, થર્મોકૉલ, ગ્લાસવુલ, ખનિજતેલ, ગ્રીઝ, હાઇડ્રોકાર્બનો, પૉલિક્લોરિનેટેડ-બાય-ફીનાઇલ જેવાં દ્રવ્યોનો પ્રસાર દરિયાના પાણીમાં થવાથી મત્સ્યોદ્યોગ ભયમાં મુકાયો છે. તેની અસરથી સુંદરી (mangrove) વૃક્ષોનો વિનાશ સર્જાતાં કિનારાની જમીન ઢસડાય છે. ત્યાં રોકાયેલા કારીગરોને અત્યંત મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે અને વારંવાર થતા અકસ્માતનો ભોગ બનવું પડે છે.

'Necessity is the mother of invention'. જ્યારે મુશ્કેલીઓ ઊભી થાય છે. ત્યારે માનવી તેના નિવારણ માટે કુશળ યોજના ઘડી કાઢે છે. હું માનું છું કે હાલની પ્રગતિમાં પરંપરાગત નક્કર મૂલ્યો અને પદ્ધતિનો કુશળતાપૂર્વક સમન્વય કરવાથી મુશ્કેલીઓનો સામનો સફળતાપૂર્વક કરી શકાય તેમ છે. અહીં આપણે પાણીની તંગીની વાત કરીએ. PRLના શ્રી ગુપ્તા અને તેમના સાથીદારોએ આ માટે સરસ યોજના ઘડી કાઢી છે. 'અક્ષયધારા' નામે ઓળખાતી એક પરંપરાગત યોજના મુજબ સૌરાષ્ટ્ર ઉપરાંત દેશ-વિદેશના ઘણા ભાગોમાં જૈવિક ઉપચાર વિના વરસાદના પાણીનું ભૂગર્ભમાં પુનઃચક્રણ (recycling) કરવામાં આવે છે. આ યોજનામાં સહેજ ફેરફાર કરી વૈજ્ઞાનિકોએ પોતાની યોજના ઘડી કાઢી છે. આ યોજનાને અધીન, જાજરૂમાંથી વહેતા પાણીને સુએઝ-તંત્ર તરફ વાળીને શેષ

પાણીનું પુનઃચક્રણ (recycling) કરીને તેમજ વરસાદના પાણીને ભૂગર્ભ-જલવિજ્ઞાનીઓની સલાહ મુજબ જમીન તૈયાર કરી આ જમીન વાટે ખાસ તૈયાર કરેલ સ્રવણ-કૂવા(percolation)માં ઠાલવવામાં આવે છે. સ્રવણ-કૂવાઓ કરતાં પરંપરાગત ડુબાડ-કૂવા (soak well) અલગ પ્રકારના હોય છે. ડુબાડ-કૂવાના પાણીનું શુદ્ધીકરણ જૈવિક ઉપચાર વડે થાય છે. મ્યુનિસિપાલટી જેવી જાહેર સંસ્થાઓ ગંદા પાણીને સૌપ્રથમ ઠારણ-કૂવા (settlement tank) તરફ વાળતી હોય છે, જેમાં ઘન કચરો એકઠો થાય છે. અજારક બૅક્ટેરિયા તેને સેન્દ્રિય ખાતરમાં ફેરવે છે. જ્યારે શેષ પાણીને નદી જેવાં જળાશયો તરફ અથવા તો ખેતરોમાં વાળી શકાય. તેમાં રહેલાં શેષ દ્રવ્યોના ઉપયોગથી વાતજીવી સૂક્ષ્મજીવો અને શેવાળ જેવી વનસ્પતિની વૃદ્ધિ થતાં પાણી વાપરવા લાયક બને.

હવે આપણે કૃષિક્ષેત્રે ઊભી થયેલ મુશ્કેલીઓના ઉકેલ તરફ દૃષ્ટિ નાખીએ. જૈવ તકનીકીના આધારે ઉત્પન્ન થયેલ વનસ્પતિનું પરફલન વન્ય જાત સાથે કરવાથી દવાના છંટકાવ વગર જીવાતો અને પેશીજન્ય રોગોનો સામનો કરી શકાય તેમ છે. હાલમાં મેક્સિકોમાં વર્ષો સુધી મકાઈનો સારો પાક લઈ શકાય તેવી એક મકાઈની જાત શોધી કાઢવામાં આવી છે. નવાઈની વાત તો એ છે કે તેનું વાવેતર દર વર્ષે કરવાની જરૂર નથી હોતું.

કૃત્રિમ ખાતર પર આધાર રાખ્યા વિના મબલક પાક મેળવવા તરફ વૈજ્ઞાનિકોએ પોતાનું સંશોધન કેન્દ્રિત કર્યું છે. નાઇટ્રોજનનું સ્થિરીકરણ કરનાર સૂક્ષ્મજીવોનો ફેલાવો ખેતરમાં કરવાથી સારા પ્રમાણમાં પાક ઊપજે છે. બીજી એક યોજના મુજબ અળસિયાં વડે ખેતર ખેડી શકાય. અળસિયાં ખોરાક મેળવવા જમીનની ઊથલપાથલ કરતાં હોય છે અને સાથે સાથે મળત્યાગ વડે સેંદ્રિય દ્રવ્યોનો ફેલાવો પણ કરે છે.

હાલમાં મધ્યસ્થ સરકારના જૈવ તકનીકી વિભાગે સૌરાષ્ટ્રના મોચા ગોરાસર ગામને આદર્શ જૈવ ગામ(bio-village)માં ફેરવવા 41 લાખ રૂપિયાની યોજના મંજૂર કરી છે. આ યોજના અન્વયે ભાવનગરની CSMRI સંશોધન સંસ્થાએ દરિયાનાં પાણીને લવણ-રહિત બનાવવાની પ્રક્રિયા શોધી છે. આ ગામના ખેડૂતોને માત્ર નૅશનલ પ્રયોગશાળાઓએ તૈયાર કરેલ જૈવ ખાતરનો પુરવઠો પૂરો પાડવામાં આવશે અને જીવાત તેમજ પેશીઓના નિર્મૂલન માટે જૂનાગઢના કૃષિ-સંશોધન ક્ષેત્રમાં બનાવવામાં આવેલ કુદરતી કીટકનાશકો વડે ઉપચાર કરવામાં આવશે.

જૈવિક વિવિધતા(bio-diversity)ની જાળવણી માનવીના વિકાસ માટે ખાસ અગત્યની પુરવાર થઈ છે. સ્મિથસ્નોનિયન ઇન્સ્ટિટ્યૂટના ટૉમસ ઇ. લવજૉયના મંતવ્ય મુજબ તેનો વિશેષ લાભ કૃષિ અને આરોગ્ય-પરિચર્યા ક્ષેત્રે થઈ રહ્યો છે. ભારતનું સર્જન કરી શકાય તેવા ‘હર્બલ-બ્યૂટી-પાર્લરો’નો વ્યાપ દેશ-વિદે-

શોમાં ફેલાયો છે. વાસ્તવમાં આયુર્વેદીય, પરંતુ હાલમાં હર્બલ-મેડિસિન એટલે કે વનસ્પતિજન્ય દવાઓનો પ્રચાર દેશ-વિદેશમાં પણ થઈ રહ્યો છે.

જૈવ વિદ્યાકીય ક્ષેત્રે હાંસલ કરેલ સિદ્ધિઓનો લાભ સર્વેને મળી રહે, જૈવિક વિવિધતા જળવાય, પુનઃચક્રણ(recycling)ની પાણીની તંગીનું નિવારણ થાય, તેમજ આધુનિક પ્રગતિ તેમજ પરંપરાગત નક્કર મૂલ્યો અને પદ્ધતિનો સમન્વય થાય – આ બધા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આ પરિસંવાદમાં મારા વિચારોની રજૂઆત કરી છે. આ વિચારોના સંદર્ભમાં વિશ્વકોશમાં જૈવ વિદ્યાકીય ક્ષેત્રે સજીવસૃષ્ટિનું વર્ણન. સજીવની ઉત્પત્તિ અને ઉદવિકાસ જેવા પાઠ્ય-પુસ્તકીય વિષયો પૂરતું મર્યાદિત રાખવાને બદલે, જૈવ વિદ્યાક્ષેત્રે સધાયેલી પ્રગતિ, તેના અતિરેક વડે ઉદભવેલા માનવીને મૂંઝવતા પ્રશ્નો, તેના ઉકેલ વિશેની માહિતી નિષ્ણાત ઉપરાંત સામાન્ય જિજ્ઞાસુ વ્યક્તિને ગુજરાતી વિશ્વકોશ દ્વારા મળી રહે તેવી વ્યવસ્થા આવશ્યક છે. વિશ્વકોશ તકનીકી વિષયોનો સંદર્ભગ્રંથ અને સંશોધનનું ઉપકરણ બને અને એ રીતે જૈવ વિદ્યાના ચમત્કારનું દર્પણ બની રહે તેમાં તેનું સાર્થક્ય છે.

# સમાજવિદ્યાઓના સંદર્ભમાં

**રમેશ ભા. શાહ**

9

પશ્ચિમના દેશોમાં ઐહિક વિશ્વને સમજવાની જે તીવ્ર જિજ્ઞાસા કેટલીક સદીઓથી પ્રગટેલી છે તેના એક આવિષ્કાર રૂપે આપણને સંશોધનો અને તેમના આધાર પર પુસ્તકો તથા સામયિકોના રૂપમાં વિપુલ પ્રમાણમાં સાહિત્ય ઉપલબ્ધ થયું છે. અહીં સંશોધનને સ્વ. મશરૂવાળાએ આપેલા અર્થમાં સમજવાનું છે : ન જાણેલું જાણવું અને જાણેલું સુધારવું એટલે સંશોધન. આવાં સંશોધનો માનવસુખાકારી અને માનવજાતની પ્રગતિને નજર સમક્ષ રાખીને આગળ વધે તેને ઇચ્છનીય લેખવામાં આવે છે; જોકે બધા જ ઐહિક વિષયોનું ખેડાણ તેની તત્કાળ ઉપયોગિતાને નજર સમક્ષ રાખીને કરવામાં આવે છે એવું નથી.

આ પ્રકારના સંશોધનમૂલક વિદ્યાકીય પુરુષાર્થનાં પરિણામો આપણને વિવિધ સ્વરૂપે પ્રગટ થયેલાં જોવા મળે છે. શિક્ષણની સંસ્થાઓમાં જોડાતા વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તકો, લેખસંચયો અને બીજા સ્વરૂપે સંદર્ભગ્રંથો, વિવિધ અભિગમથી તૈયાર કરવામાં આવેલા શબ્દકોશો, વિવિધ વિદ્યાશાખાઓ માટેના પારિભાષિક કોશો અને એન્સાઇક્લોપીડિયા કે વિશ્વકોશો – એ બધાં અધ્યયનશીલ સમાજ(learning society)ની એક સાંસ્કૃતિક લાક્ષણિકતા છે. અલબત્ત, આવા અધ્યયનશીલ નાગરિકો નાની લઘુમતીમાં હોય છે, પરંતુ એ લઘુમતી જ સમાજનું નેતૃત્વ કરતી હોય છે. આ સમાજના વિદ્યાભિમુખ નાગરિકો તેમને લાધેલા જ્ઞાનને લેખિત સ્વરૂપે પ્રગટ કર્યા વિના રહી શકતા નથી; એવા

જ અધ્યયનશીલ અન્ય નાગરિકો એ જ્ઞાનનું શોધન કર્યા વિના રહી શકતા નથી અને આ પ્રક્રિયામાં ઉપલબ્ધ થતાં જ્ઞાન અને માહિતીનો ઉપયોગ કરવાનું વલણ એ સમાજોમાં વ્યાપક રીતે કેળવાયેલું છે, એટલે કે ઐહિક વિષયોના જ્ઞાનને એ સમાજોમાં એક મૂલ્ય પ્રાપ્ત થયેલું છે. તેથી સમાજને ઉપલબ્ધ જ્ઞાન અને માહિતીનો સંચય કરતું વિપુલ સાહિત્ય એ સમાજોમાં પ્રગટ થતું રહે છે. તેના એક ભાગ રૂપે 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા' જેવા સર્વસામાન્ય સ્વરૂપના અને અર્થશાસ્ત્ર, પ્રાકૃતિક વિજ્ઞાનો, ટૅકનૉલૉજી વગેરે ચોક્કસ વિષયો પરના જ્ઞાનકોશો કે વિશ્વકોશો આપણને અંગ્રેજીમાં મોટી સંખ્યામાં જોવા મળે છે.

## વિશ્વકોશના મધ્યવર્તી ઉદ્દેશો

'એન્સાઇક્લોપીડિયા' શબ્દ જે ગ્રીક શબ્દ પરથી ઊતરી આવ્યો છે તેનો એક અર્થ અંગ્રેજીમાં 'જનરલ એડ્યુકેશન' થાય છે. આમાંથી 'જનરલ એડ્યુકેશન'ના અર્થ વિશે સ્પષ્ટતા કેળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે; પરંતુ શબ્દ કોઈ એક અર્થનો ભાર લઈને ચાલતો નથી. તેમાં કાળક્રમે નવા નવા અર્થો ઉમેરાતા રહે છે. જેને આપણે 'વિશ્વકોશ' કહ્યો છે તેની બાબતમાં પણ આવું જ બન્યું છે. આરંભમાં જ્ઞાનના બધા વિષયોને આવરી લેતા કોશો તૈયાર થયા, સમય જતાં વિષયવાર કોશો તૈયાર થયા. આ વિષયવાર કોશોમાં પણ આવરી લેવામાં આવેલા મુદ્દાઓ અને ચર્ચાના વ્યાપ તથા સ્તરની બાબતમાં મોટા તફાવતો પડવા માંડ્યા. અર્થશાસ્ત્રમાં એક જ ગ્રંથમાં સમાઈ જતો કોશ પણ છે અને ચાર મોટા ગ્રંથોમાં સમાવાયેલો કોશ પણ છે. (આનુષંગિક રીતે અહીં એ ઉમેરવું જોઈએ કે તેનું મૂળ નામ The New Palgrave : A Dictionary of Economics રાખવામાં આવ્યું છે. ગઈ સદીનાં અંતિમ વર્ષોમાં કદાચ એ એક પારિભાષિક કોશ રૂપે પ્રગટ થયો હશે, તેની છેલ્લી આવૃત્તિ વિશ્વકોશ જ છે.) આની સાથે વિવિધ વિષયોના પારિભાષિક કોશો પણ મોટી સંખ્યામાં પ્રગટ થયા છે. તેમાં કેવળ પારિભાષિક શબ્દોની વ્યાખ્યા જ કરવામાં આવી હોય એવું બનતું નથી. તેની સાથે સંલગ્ન મુદ્દાઓની ચર્ચા પણ સંક્ષેપમાં કરવામાં આવી હોય છે. આમ 'એન્સાઇક્લોપીડિયા' શબ્દની છત્રછાયા નીચે ભારે વૈવિધ્ય ધરાવતા કોશો આપણને જોવા મળે છે. તેથી તેમના વિશે ઝાઝી અર્થપૂર્ણ વ્યાપ્તિઓ થઈ શકે તેવી સ્થિતિ આજે રહી નથી; તેમ છતાં આ પ્રકારના કોશોની બાબતમાં જે થોડી વ્યાપ્તિઓ સર્વસામાન્ય રીતે થઈ શકે તેમ છે તે નીચે પ્રમાણે છે :

1. પ્રસ્તુત ગણવામાં આવેલાં જ્ઞાન અને માહિતીનાં ક્ષેત્રોના અદ્યતન (latest) જ્ઞાન-માહિતીને અધિકૃત (authentic) રીતે રજૂ કરવામાં આવે છે. સંભવિત વાચક અને તેને અનુલક્ષીને ચર્ચાનો સ્તર જે હોય તે, તેમાં ઉપર્યુક્ત બે બાબતો પર

ભાર મૂકવામાં આવે છે. જે તે વિષયની માહિતી ભરોસાપાત્ર અને અદ્યતન હોવી જોઈએ.

2. જ્ઞાન અને માહિતીની રજૂઆતનો એક સ્પષ્ટ અભિગમ હોય છે, તેની એક ચોક્કસ તરેહ હોય છે; દા. ત., જે તે ક્ષેત્રમાં પ્રદાન કરનાર વ્યક્તિઓના જીવનની રૂપરેખામાં કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવશે તે વિશે સ્પષ્ટતા પ્રવર્તતી હોય છે.

3. જ્ઞાનની રજૂઆત સગવડભરી રીતે કરવામાં આવે છે; દા. ત., અધિકર-ણોને અકારાદિ ક્રમમાં ગોઠવવામાં આવે છે અને મોટી સંખ્યામાં cross references આપીને વાચકને માર્ગદર્શન આપવામાં આવે છે.

4. વિશ્વકોશ કેવળ શબ્દકોશ નથી, જેમાં શબ્દો કે શબ્દસમૂહોની વ્યાખ્યા કરીને અટકી જવામાં આવ્યું હોય; તેમ એ પાઠ્યપુસ્તક પણ નથી, જેમાં બધી જ બાબતો વિષયનો અભ્યાસ શરૂ કરનાર વિદ્યાર્થીને નજર સમક્ષ રાખીને એકડે એકથી સમજાવવામાં આવી હોય. આ બેની વચ્ચે નિર્ધારિત વિશ્વકોશ કેવું સ્વરૂપ ધારણ કરશે તે જે તે કોશના સંપાદકો તેમના સંભવિત વાચકોની જરૂરિયાતને નજર સમક્ષ રાખીને નક્કી કરતા હોય છે.

અહીં મારે સામાજિક વિજ્ઞાનોને સ્પર્શતા જ્ઞાનકોશોના સંદર્ભમાં વિશ્વકોશની રચનાનાં કેટલાંક પાસાંની ચર્ચા કરવાની છે. સામાજિક વિજ્ઞાનોમાં કઈ સમાજવિ-દ્યાઓનો સમાવેશ કરવો ઘટે એ એક અભિપ્રાયનો વિષય છે, પરંતુ મારી આજની ચર્ચાના સંદર્ભમાં આ પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. મેં ચાર કોશોને નજર સમક્ષ રાખીને ચર્ચા કરી છે :

1. Encyclopaedia of the Social Sciences, પ્રથમ આવૃત્તિ, 1930–35, 15 ગ્રંથો.
2. International Encyclopaedia of the Social Sciences, પ્રથમ આવૃત્તિ, 1968, 18 ગ્રંથો.
3. The Social Science Encyclopaedia, બીજી આવૃત્તિ, 1995, એક ગ્રંથ.
4. Encyclopaedia of Economics, 1982, એક ગ્રંથ.

ઉપર્યુક્ત કોશોને જે ત્રણ ઉદ્દેશોને નજર સમક્ષ રાખીને મેં તપાસ્યા છે તે નીચે પ્રમાણે છે :

1. કયા ઉદ્દેશો અને વાચકોને નજર સમક્ષ રાખીને આ કોશો તૈયાર કરવામાં આવ્યા છે ?

2. અધિકરણોની પસંદગી કઈ રીતે કરવામાં આવી છે ?

3. સામાજિક વિજ્ઞાનો માટેનો વિશ્વકોશ તૈયાર કરવામાં કયા વિશિષ્ટ પ્રશ્નો ઊભા થાય છે ?

## ઉદ્દેશો અને વાચકો

સામાજિક વિદ્યાઓને આવરી લેતો જે પ્રથમ કોશ આ સદીના પૂર્વાર્ધમાં અમેરિકામાં પ્રગટ થયો તે તૈયાર કરવા પાછળના ઉદ્દેશની ચર્ચા એના સંપાદકે ટૂંકમાં કરી હતી. તેમણે નોંધ્યું હતું કે વીતેલા દસકાઓમાં સામાજિક વિજ્ઞાનો પોતાની રીતે વિકસ્યાં છે. આ બધાં વિજ્ઞાનોએ પોતાના દૃષ્ટિબિંદુથી માનવીના વર્તનનો અભ્યાસ કર્યો છે, પરંતુ માનવીના વર્તનને અખિલાઈમાં જોવા-તપાસવા-ની જરૂરિયાત સ્વયંસ્પષ્ટ છે. તેથી માનવીના સામાજિક વર્તનના વિવિધ દૃષ્ટિએ થયેલા અભ્યાસોને એકસાથે મૂકી આપતા પ્રકાશનની આવશ્યકતા છે, એમ પ્રસ્તુત કોશના સંપાદક જ નહિ, અમેરિકાનાં ઘણાં શૈક્ષણિક મંડળો અને વિદ્વાનો પણ માનતા હતા. એ જરૂરિયાત સંતોષવાના એક સાધન તરીકે સામાજિક વિજ્ઞાનોનો વિશ્વકોશ તૈયાર કરવામાં આવ્યો હતો.

1968માં જે International Encyclopaedia of the Social Sciences પ્રગટ થયો તેમાં ઉદ્દેશોની ચર્ચા વધુ વિગતે કરવામાં આવી હતી. તેમાં નીચેના ઉદ્દેશો નોંધવામાં આવ્યા હતા :

1. અધ્યાપકોમાં પ્રવર્તતા સર્વસામાન્ય અભિપ્રાયને ટાંકીને નોંધવામાં આવ્યું હતું કે ‘‘ભૌતિક વિજ્ઞાનોના વિદ્યાર્થીઓ માટે જે જરૂરિયાત પ્રયોગશાળાની છે, તેવી જ જરૂરિયાત સામાજિક વિજ્ઞાનોનો અનુસ્નાતક-કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિશ્વકોશની છે.’’

2. વેપારી-ઔદ્યોગિક પેઢીઓ સરકારી વિભાગો અને સંસ્થાઓ વગેરે બિન-શૈક્ષણિક ક્ષેત્રોમાં કામ કરતા સામાજિક વૈજ્ઞાનિકો ગ્રંથાલયોમાં જઈને સંખ્યાબંધ સંદર્ભગ્રંથો જોઈ શકે નહિ. તેમને એકસાથે વિવિધ વિદ્યાશાખાઓમાં પ્રસ્તુત વિષય પર થયેલા ખેડાણનો ખ્યાલ એકસાથે કોશમાં મળી જાય. આમ એક હાથવગાને સગવડભરેલા સાધન તરીકે કોશ તેમને કામ આપી શકે.

3. ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં કામ કરતા વિવિધ વિદ્વાનોને પણ આ પ્રકા-રના સંદર્ભગ્રંથની જરૂરિયાત જણાતી હતી. આ પ્રકારના કોશથી પોતાની વિદ્યા-શાખા સાથે સંકળાયેલી અન્ય વિદ્યાશાખાઓના મુખ્ય પ્રવાહો અને તેમાં ચર્ચવામાં આવેલા મુખ્ય પ્રશ્નોનો ખ્યાલ જે તે વિદ્યાશાખાના અભ્યાસીને આવી જાય તે તેની એક ઉપયોગિતા છે.

4. ઉચ્ચશિક્ષણ સાથે સંકળાયેલા બધા જ અધ્યાપકો તેમના વિષયનાં વિવિધ

પાસાંના પ્રવાહોથી વાકેફ રહી શકતા નથી, કારણ કે તેમને તેમના અધ્યાપન અને સંશોધનની જરૂરિયાતને કારણે વિશેષીકરણ સાધવું પડતું હોય છે; તેમ છતાં તેમને પોતાના વિષયનાં અન્ય ક્ષેત્રોમાં થઈ રહેલા વિકાસ વિશે અવારનવાર જાણકારી મેળવવી પડતી હોય છે. સામાજિક વિજ્ઞાનોને આવરી લેતો કોશ આ જરૂરિયાત સારી રીતે સંતોષી શકે.

સામાજિક વિજ્ઞાનો અંગેના 1995માં પ્રગટ થયેલા કોશમાં ઉપર વિસ્તારથી રજૂ કરવામાં આવેલા ઉદ્દેશોનો સાર આપતા હોય એમ તેના સંપાદકે નોંધ્યું છે : ‘‘કોશનો ઉદ્દેશ વિશેષીકરણ પામેલા ન હોય એવા સુશિક્ષિત વાચકોની જરૂરિયાત સંતોષવાનો છે. આમાં સામાજિક વૈજ્ઞાનિકો, સામાજિક વિદ્યાઓના વિદ્યાર્થીઓ, પત્રકારો, મૅનેજરો, આયોજકો અને વહીવટદારોનો સમાવેશ થાય છે.’’ આવા વાચકોને સામાજિક વિજ્ઞાનોનું ‘‘વ્યાપક ફલક પર પ્રમાણભૂત અને અદ્યતન જ્ઞાન સગવડભરેલા સ્વરૂપે સુલભ કરવાના ઉદ્દેશથી’’ પ્રેરાઈને પ્રસ્તુત કોશનું આયોજન કરવામાં આવ્યું છે.

આમાંથી ફલિત થતા મુદ્દાને સ્પષ્ટ કરીએ. સામાજિક વિજ્ઞાનો માટેના કોશો (તે વ્યક્તિગત વિષય માટે તૈયાર કરવામાં આવ્યા હોય કે તેમાં અનેક વિષયોને સમાવી લેવામાં આવ્યા હોય) વાચકોના એક ચોક્કસ વર્ગને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યા હોય છે. તેમનો વાચકવર્ગ જે તે વિષયનો અનુસ્નાતક--કક્ષાએ અભ્યાસ કરી ચૂક્યો હોય છે અથવા કરી રહ્યો હોય છે. આ બાબતમાં તે ‘બ્રિટાનિકા’ જેવા સર્વસામાન્ય (જનરલ) સ્વરૂપના કોશોથી જુદા પડે છે.

## અધિકરણોની પસંદગી

સામાજિક વિજ્ઞાનો માટેના આંતરરાષ્ટ્રીય કોશ માટે અધિકરણોની પસંદગી કઈ રીતે કરવામાં આવી તેનું વર્ણન તેમાં કરવામાં આવ્યું છે. પ્રત્યેક મુદ્દા(topic)ને તેના અંગભૂત ઘટકોમાં વહેંચી નાખવામાં આવ્યો અને એ પ્રત્યેક ઘટક માટે લેખો તૈયાર કરાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. તેની સાથે એ પણ નક્કી કરવામાં આવ્યું કે કોઈ લેખ 5,000 શબ્દોથી વધારે લાંબો ન હોવો જોઈએ. આ રીતે અધિકરણો-ની જે યાદી સંપાદકમંડળે તૈયાર કરી તે જે તે વિષયના પસંદગીના વિદ્વાનો પર મોકલી આપવામાં આવી. તેની સાથે તેમને એક વિનંતી કરવામાં આવી : ‘‘યાદીમાં સમાવિષ્ટ કોઈ અધિકરણ (topic) તમને બિનજરૂરી જણાય તો તેના પર ચોકડી મારશો. તમારી દૃષ્ટિએ કોઈ મુદ્દો સમાવવા જેવો હોય અને તે રહી ગયો હોય તો તે નોંધશો.’’ આ રીતે સુધારાવધારા સાથે જે યાદીઓ પરત આવી તેના પર વિચાર કરીને અધિકરણોની યાદીને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું.

અર્થશાસ્ત્રના જે કોશનો મેં ઉપર ઉલ્લેખ કર્યો છે તેમાં પણ અધિકરણોની

પસંદગીની પ્રક્રિયા વર્ણવવામાં આવી છે. એ કોશના સંપાદકોએ તેમની જ પ્રકા-શન-પેઢી દ્વારા પ્રગટ કરવામાં આવેલા પારિભાષિક કોશથી પ્રારંભ કર્યો. તેમાં આપવામાં આવેલા 1,400 જેટલા પારિભાષિક શબ્દોમાંથી 200ને અધિકરણો માટે પસંદ કરવામાં આવ્યા. તે શબ્દો સંપાદકોને મહત્વના લાગ્યા હતા, કેમ કે, તેમની વધુ વિગતે ચર્ચા કરી શકાય તેમ હતી. એ 200 અધિકરણોની યાદી 50 જેટલા અર્થશાસ્ત્રીઓ પર મોકલી આપવામાં આવી હતી. તેમણે જે સૂચનો કર્યાં તેમાંથી છેવટે 310 અધિકરણોની યાદી તૈયાર કરવામાં આવી. આ પછી જે અધિ-કરણો માટે અધિકારી લેખકો મળી શક્યા નહિ તે પડતાં મૂકવામાં આવ્યાં. એ જ રીતે લખાઈને આવ્યા પછી જે અધિકરણો, તેમાં થયેલી ચર્ચાના આધારે સમાવવા જેવાં ન લાગ્યાં તે પણ પડતાં મૂકવામાં આવ્યાં. અલબત્ત, આ રીતે પડતાં મૂકવાં પડેલાં અધિકરણોની સંખ્યા મોટી ન હતી.

અધિકરણોની પસંદગી અંગેની આ ચર્ચામાંથી બે નોંધપાત્ર મુદ્દાઓ ફલિત થાય છે. એક, જે તે વિષયના ચારપાંચ વિદ્વાનોની બનેલી સમિતિ તેમની સમજના આધારે અધિકરણોની પસંદગી સંતોષકારક રીતે કરી શકે નહિ. તે માટે વિદ્વાનોના એક મોટા સમૂહને સામેલ કરવો પડે. બીજું, જે તે વિષયના પારિભાષિક કોશનો ઉપયોગ આ હેતુ માટે બહુ વિવેકપૂર્વક કરવો પડે. તેમાં સમાવવામાં આવેલા મોટા ભાગના શબ્દો વિશ્વકોશમાં અપેક્ષિત ચર્ચાનો ભાર ખમી શકે તેવા નથી હોતા. આ બીજો મુદ્દો નોંધપાત્ર લાગવાનું કારણ મારે સ્પષ્ટ કરવું જોઈએ. આપણા ‘ગુજરાતી વિશ્વકોશ’ માટે આર્થિક બાબતોને સ્પર્શતાં અધિકરણોની યાદી બનાવવા માટેની સમિતિનો હું એક સભ્ય હતો. તેમાં અધિકરણોની પસંદગીમાં અમે પારિભાષિક કોશના અભિગમથી દોરવાઈ જવાની ભૂલ કરી છે એમ હું માનું છું.

પ્રસ્તુત કોશોમાં વિદ્વાનોનાં જીવન એક અધિકરણ તરીકે સમાવેશ પામેલાં છે. આ બાબતમાં વિભિન્ન કોશોમાં વિવિધ અભિગમો જોવા મળ્યા છે. તેની થોડી વિગતે ચર્ચા આપણા માટે પ્રસ્તુત છે. આ સદીના પૂર્વાર્ધમાં પ્રગટ થયેલાં સામાજિક વિજ્ઞાનો અંગેના કોશમાં 4,000 જેટલા વિદ્વાનો પર અધિકરણો લખાવવામાં આવ્યાં હતાં. તેમની પસંદગીમાં એક નકારાત્મક સ્વરૂપની કસોટી અપનાવવામાં આવી હતી : જે તે વિદ્વાન હયાત ન હોવો જોઈએ.

આની તુલનામાં 1968માં પ્રગટ થયેલા આંતરરાષ્ટ્રીય કોશમાં ફક્ત 600 વિદ્વાનોનો જ પરિચય આપવામાં આવ્યો છે. તેના સંપાદકોએ ઓછા જાણીતા વિદ્વાનોને પડતા મૂકવા માટે બે કારણો આપ્યાં હતાં. એક, જેઓ જાણીતા થયેલા ન હોય તેમના વિશે જાણવાની જિજ્ઞાસા ધરાવતા વાચકો અપવાદ રૂપે જ હોઈ શકે. બીજું, એવા વિદ્વાનો વિશે અધિકારપૂર્વક લખી શકે એવા લેખકો ન પણ મળે.

જેમનો પરિચય આપવાનું સ્વીકારવામાં આવ્યું તેમની બાબતમાં પણ એક

ધોરણ સ્વીકારવામાં આવ્યું હતું : એ નામી વિદ્વાન વિદ્યમાન હોય તોપણ તે નિવૃત્ત થયેલા હોય અથવા નિવૃત્તિના આરે પહોંચેલા હોય. આના સંદર્ભમાં 1880 પછી જન્મેલા વિદ્વાનનો સમાવેશ કોશમાં ન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

જેની બીજી આવૃત્તિ 1995માં પ્રગટ થઈ છે અને જે એક જ ગ્રંથમાં પ્રગટ થયેલો છે તે સામાજિક વિજ્ઞાનોના કોશમાં કુલ કેટલા વિદ્વાનોનો પરિચય આપવામાં આવ્યો છે તે નોંધવામાં આવ્યું નથી, પરંતુ તેમાં ફક્ત છ અર્થશાસ્ત્રીઓને સમાવવામાં આવ્યા છે. જે અર્થશાસ્ત્રીઓને સમાવવામાં આવ્યા છે તેમાં પસંદગી માટેનું કોઈ ધોરણ જણાતું નથી.

અર્થશાસ્ત્ર પરના વિશ્વકોશમાં એક પણ અર્થશાસ્ત્રીનું જીવન આપવામાં આવ્યું નથી. તેનું કારણ આપતાં જણાવવામાં આવ્યું છે કે ''જીવનચરિત્ર આલેખવા માટેનું સંદર્ભસાહિત્ય (source material) દુર્લભ હોવાથી કોઈ ચરિત્રાત્મક લેખનો સમાવેશ આ કોશમાં કરવામાં આવ્યો નથી.'' આ કારણમાં એક નોંધપાત્ર મુદ્દો અભિપ્રેત છે : કોશમાં અધિકરણો લખવા માટે લેખક સંશોધન કરે તેવી અપેક્ષા રાખવાની નથી. અધિકરણો ઉપલબ્ધ સ્રોતોનો ઉપયોગ કરીને લખવાનાં છે.

વિદ્વાનોનો પરિચય આપવાની બાબતમાં વિભિન્ન કોશોના સંપાદકોએ જે અભિગમ અપનાવ્યા છે તેની બાબતમાં બે મુદ્દાઓ મને નોંધવા જેવા જણાયા છે. એક, જેમ જેમ વિવિધ વિજ્ઞાનોનો વિકાસ થતો ગયો છે તેમ તેમ વિજ્ઞાનોના વિષયવસ્તુને સમાવવા માટે વધુ જગા ફાળવવી પડી છે અને તેથી ચરિત્રાત્મક અધિકરણો માટે ઓછી જગા ફાળવી શકાઈ છે. તેને પરિણામે સમાવવાયોગ્ય વિદ્વાનોની પસંદગીનાં ધોરણો ક્રમશઃ કડક થતાં ગયાં છે. બીજું, પરિચય માટે જે નામી વિદ્વાનોને સમાવવામાં આવ્યા છે તેમના અંગત જીવનની વિગતોને ગૌણ ગણીને તેને એકાદ-બે ફકરામાં સમાવી લેવામાં આવી છે, જ્યારે વિદ્વાને આપેલા પ્રદાન માટે પૂરતી જગા ફાળવવામાં આવી છે; દા.ત., સામાજિક વિજ્ઞાનો અંગેના બે બૃહદ કોશોમાં અર્થશાસ્ત્રી ઍડમ સ્મિથ માટે જે જગા ફાળવવામાં આવી છે તેમાં તેમના અંગત જીવન માટે ફાળવવામાં આવેલી જગા પાંચ ટકાથી ઓછી છે.

## સામાજિક વિજ્ઞાનો માટેના કોશના પ્રશ્નો

સામાજિક વિજ્ઞાનો માટેનો વિશ્વકોશ તૈયાર કરવામાં જે કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે તે તેમના આગવા પ્રશ્નો છે એમ હું માનતો નથી. એ જ પ્રકારના પ્રશ્નો પ્રાકૃતિક વિજ્ઞાનો અને અન્ય વિદ્યાશાખાઓના કોશ તૈયાર કરવામાં થતા જ હશે.

આ સદીના પૂર્વાર્ધમાં જ્યારે સામાજિક વિજ્ઞાનો માટેનો વિશ્વકોશ તૈયાર કરવાની દરખાસ્ત કરવામાં આવી ત્યારે તેની સામે એક વાંધો રજૂ કરવામાં આવ્યો હતો : સામાજિક વિજ્ઞાનોમાં ઝડપથી પરિવર્તનો આવી રહ્યાં છે. એવી

ટકોર કરવામાં આવી હતી કે વિશ્વકોશ જે દિવસે પ્રગટ થશે એ જ દિવસે કાલબાહ્ય (out of date) થઈ જશે. આજે પણ આ ટીકા સામાન્ય રીતે કરવામાં આવે છે. આજે એમ કહેવામાં આવે છે કે વિશ્વમાં જ્ઞાનનો વિસ્ફોટ થઈ રહ્યો છે.

ઉપરની ટીકાના જવાબમાં પ્રથમ કોશના સંપાદકે જણાવ્યું હતું કે વિશ્વકોશ પસાર થઈ ચૂકેલી પેઢીએ કરેલા પ્રદાનનો નિચોડ આપી શકે. ચાલુ પેઢી વિજ્ઞાનોના ક્ષેત્રે જે વિકાસ સાધી રહી છે તેની બુનિયાદ અગાઉની પેઢીઓએ તૈયાર કરી હોય છે. આ સાથે એ સ્વીકારવામાં આવ્યું હતું કે 25–30 વર્ષે વિશ્વકોશની નવી આવૃત્તિ તૈયાર કરીને તેને શક્ય તેટલો અદ્યતન રાખી શકાય. આમાં એ અભિપ્રેત છે કે જેને ખરેખર જ્ઞાન કહી શકાય તેમાં 5–10 વર્ષના ટૂંકા ગાળામાં કોઈ નોંધપાત્ર વધારો થતો નથી. નવા સિદ્ધાંતો અને વિચારો રજૂ થાય ત્યારે આવેશ અને ઉત્સાહપૂર્ણ ચર્ચાના રૂપમાં ભારે ગરમી પેદા થતી હોય છે, પરંતુ પ્રકાશ ઝાઝો પડતો નથી. નવા વિચારોએ સર્જેલો ઊહાપોહ શમી જાય ત્યારે જ જ્ઞાનમાં ખરેખર કેટલી વૃદ્ધિ થઈ તેનો ખ્યાલ આવે છે. હું મારા વિષયમાંથી દાખલો આપીને આ મુદ્દાને સ્પષ્ટ કરીશ. 1936માં કેઇન્સનું પુસ્તક ‘જનરલ થિયરી’ પ્રગટ થયું ત્યારે તેને કેઇન્સપ્રેરિત ક્રાંતિ તરીકે વધાવી લેવામાં આવ્યું હતું અને બે દસકા દરમિયાન તેને અનુલક્ષી વિપુલ સાહિત્ય લખાયું હતું, પરંતુ આજે હવે કેઇન્સના પ્રદાનને બેત્રણ પાનાંમાં રજૂ કરી શકાય તેમ છે.

વિશ્વકોશ અદ્યતન હોવો જોઈએ એવા આદર્શના સંદર્ભમાં ઉપરની ચર્ચા એક મહત્વનો ફલિતાર્થ ધરાવે છે. આમાં ચર્ચવા જેવો શબ્દ અદ્યતન નથી, પરંતુ જ્ઞાન છે. જ્યાં સુધી નવા વિચારો કે સિદ્ધાંતો ચર્ચાની એરણ પર હોય ત્યાં સુધી એને જ્ઞાન ગણવું કે કેમ એ પ્રશ્ન છે. નવા વિચારો કસોટીમાંથી પાર ઊતરે પછી જ તેમનો જ્ઞાન તરીકે સ્વીકાર થઈ શકે. આ પ્રક્રિયામાં ઠીક ઠીક સમય વીતતો હોય છે. તેથી ધારવામાં આવે તેટલી ઝડપે જ્ઞાનકોશો કાલબાહ્ય થતા નથી. અલબત્ત, તેમાંનો માહિતીને સ્પર્શતો કેટલોક ભાગ કાલબાહ્ય થાય છે.

સામાજિક વિજ્ઞાનોના જ્ઞાનકોશની બાબતમાં જે બીજો પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો હતો તે વધારે ગંભીર સ્વરૂપનો છે. સામાજિક વૈજ્ઞાનિકો વિવિધ વિચારધારાઓ(સ્કૂલ્સ)માં વહેંચાયેલા હોય છે. પ્રશ્ન એ ઉપસ્થિત કરવામાં આવ્યો હતો કે જ્ઞાનકોશમાં તમે કઈ વિચારધારાને રજૂ કરશો ? અર્થશાસ્ત્રનો દાખલો આપીને કહું તો જેને અર્થશાસ્ત્રનો મુખ્ય પ્રવાહ ગણવામાં આવે છે તેના અર્થશાસ્ત્રીઓ કેઇન્સવાદી, નાણાવાદી એવી અડધો ડઝન જેટલી વિચારધારાઓમાં વહેંચાયેલા છે. આની સાથે જેનો સમાવેશ અર્થશાસ્ત્રીઓના મુખ્ય પ્રવાહમાં કરવામાં આવતો નથી એવા ડાબેરી અર્થશાસ્ત્રનો એક પ્રવાહ પણ સમાંતરે વહી રહ્યો છે. આ બધા અર્થશાસ્ત્રીઓ આર્થિક ઘટનાઓ અને સિદ્ધાંતોને પોતાની દૃષ્ટિએ તપાસે છે અને

તેથી તેમની રજૂઆત અને તેમના નિષ્કર્ષોમાં ઘણા તફાવતો જોવા મળે છે. આને કારણે કઈ વિચારધારા કે પ્રતીતિ ધરાવતા વિદ્વાને અધિકરણ લખ્યું છે તેના પર અધિકરણમાં રજૂ થતા વિચારો અવલંબતા હોય છે; એટલે કે જેની જ્ઞાન તરીકે રજૂઆત થાય છે તે અમુક અંશે આત્મલક્ષી ચીજ બની રહેતી હોય છે.

વિશ્વકોશના જાણીતા આદર્શ સાથે ઉપરની સ્થિતિનો મેળ બેસતો નથી. વિ-શ્વકોશમાં વસ્તુલક્ષી રીતે બધા વિવાદાસ્પદ મુદ્દાઓની રજૂઆત થયેલી હોય એવી અપેક્ષા રાખવામાં આવે છે; પરંતુ વિવાદાસ્પદ મુદ્દાઓનો ઝીણવટથી અભ્યાસ કરવા છતાં પોતાના ચોક્કસ તારણ પર ન પહોંચ્યો હોય એવો વિદ્વાન ભાગ્યે જ મળે. અલબત્ત, આપણે ત્યાં આવા જળકમળવત્ અનેક વિદ્વાનો મળી આવે છે. આના સંદર્ભમાં The Encyclopaedia of Philosophyના સંપાદકે લીધેલું નિખાલસ વલણ નોંધપાત્ર છે. તેમણે નોંધ્યું હતું કે વિશ્વકોશ પ્રકારના સંદર્ભગ્રંથો તેમની લખાવટની શૈલીને કારણે ખૂબ નીરસ અને કંટાળાભરેલા બની જતા હોય છે. તે બધા હેવાલની શૈલીમાં લખાયેલા હોવાથી તેમની રોચકતા ગુમાવી બેસે છે. તેથી એ સંપાદકે તેમના લેખકોને તેમની પ્રતીતિઓ પ્રમાણે લખવાની અને શૈલી અપનાવવાની છૂટ આપી હતી. અલબત્ત, આ એક વિવાદાસ્પદ નિર્ણય છે, પરંતુ તેમાંથી વાચક ગેરમાર્ગે ન દોરવાય એનો કેટલોક પ્રબંધ કોશમાં થઈ શકે. ચર્ચાનો મુદ્દો એ છે કે વિશ્વકોશના નિર્વિવાદ જણાતા આદર્શોનો અમલ કરવાનું કાર્ય વ્યવ-હારમાં કેટલાક મુશ્કેલ પ્રશ્નો ઊભા કરતું હોય છે અને તેમાં આદર્શો સાથે કેટલીક બાંધછોડ કરવી પડતી હોય છે.

# માનવવિદ્યાઓના સંદર્ભમાં

**પી. કે. મહેતા**

10

અનંત સૃષ્ટિ અને અનંત સમયપ્રવાહમાં પ્રત્યેક માનવ પોતાના મર્યાદિત ક્ષેત્રમાં મર્યાદિત સમયગાળા માટે જીવે છે. સફળ અને પરિપૂર્ણ જીવન જીવવા માટે, સૃષ્ટિની રચનામાં પોતાનું સ્થાન અને પોતાની આગવી ઓળખ ઊભાં કરવા માટે, જીવનની સમજ કેળવવા માટે તથા બની ચૂકેલી અને સતત બનતી ઘટનાઓ તેમજ તેના સંદર્ભમાં થતા અનુભવોને યોગ્ય પરિપ્રેક્ષ્ય / સંદર્ભમાં પ્રસ્થાપિત કરવા માટે પ્રત્યેક માનવનું જ્ઞાન-ફલક વિસ્તૃત બને તે આવશ્યક છે. વિશ્વના ભૌગોલિક અને સમય-પરિમાણો તેની વૈચારિક પૃષ્ઠભૂમિમાં સ્પષ્ટ થાય તે પણ જરૂરી છે.

ઉપર્યુક્ત જરૂરિયાત પરંપરાગત શિક્ષણ સમય અને પાઠ્યક્રમની દેખીતી મર્યાદાઓને લીધે સંતોષી શકે તેમ નથી. માનવીની કારકિર્દી પણ કોઈ ચોક્કસ ક્ષેત્ર પૂરતી મર્યાદિત હોઈ તેને જે તે ક્ષેત્રને લગતા મર્યાદિત અનુભવો જ થાય છે. આ સંદ-ર્ભમાં 'વિશ્વકોશ' જ એકમાત્ર અધિકૃત માહિતીના ભંડાર તરીકે પોતાનું સ્થાન સુનિશ્ચિત કરે છે. 'વિશ્વકોશ' માનવને વિશ્વનો સાક્ષાત્કાર કરાવી શકે છે તથા તેને બૌદ્ધિક રીતે પરિપૂર્ણતા અને સંતુષ્ટિ આપે છે. જ્ઞાનની વિપુલ શાખાઓ, પ્રશાખાઓ હોવા છતાં 'વિશ્વકોશ' પ્રમાણભૂત અદ્યતન માહિતી, સઘન સ્વરૂપમાં, નિષ્કર્ષ રૂપે 'ગાગરમાં સાગર'ની રીતે રજૂ કરે છે.

'વિશ્વકોશ'નો સંબંધ સ્વાધ્યાય-સંસ્કૃતિ સાથે છે. તે વર્ગોમાં

શીખવાતો નથી. તેની વિભાવના અધ્યાપન-કેન્દ્રિત નહિ પણ અધ્યયન-કેન્દ્રિત છે. 'વિશ્વકોશ' આગવી શિક્ષણપદ્ધતિ છે, જે એકથી વધુ બાબતમાં ઓપન યુનિવર્સિટી પદ્ધતિ સાથે સામ્ય ધરાવે છે. ઉદાહરણાર્થે વિવિધ વિષયનિષ્ણાતો દ્વારા સામગ્રીલેખન અને તેના અગાઉથી તૈયાર કરેલ માળખામાં સંપાદન તથા સ્વ-અધ્યયન પર ભાર.

વિશ્વકોશની રચના એક સંતુલનકાર્ય (balancing act) છે : ઉચ્ચ ગુણવત્તાની સામગ્રી, અને તેની પ્રાસાદિક રજૂઆત, અપાર વિષયવ્યાપ પરંતુ રજૂઆત માટે મર્યાદિત શબ્દ/પૃષ્ઠસંખ્યા, સતત વિકસતું જ્ઞાન છતાં અદ્યતન માહિતી, વિવિધ વ્યક્તિઓ દ્વારા લેખન પરંતુ પ્રસ્તુતિ/શૈલીની એકરૂપતા.

'વિશ્વકોશ' એક ચળવળ (movement) છે જે સાંપ્રત વૈશ્વિકીકરણ(Globalisation)ના સમયમાં વૈશ્વિક પરિપ્રેક્ષ્ય (global perspective) કેળવવા માટે આવશ્યક છે.

પ્રૌદ્યોગિકી(technology)ના ઝડપી વિકાસ અને વધતી જતી ઉપલબ્ધતાએ જ્ઞાનાર્જનની જુદી વિભાવનાઓ ઊભી કરી છે. પ્રણાલિકાગત વાંચન-મનન-લેખનને સ્થાને દર્શન-શ્રવણ-સંકલનની પદ્ધતિ આવવા માંડી છે. એક તરેહ-પરિવર્તન (paradigm shift) આવી રહ્યું છે, જેના પરિણામે વાસ્તવિક સંસ્થાઓ (virtual institutions), સંકલિત ગ્રંથાલયસેવાઓ (Network library services) અને કૉમ્પેક્ટ ડિસ્ક પર જ્ઞાન (knowledge on CD's) જેવી વિભાવનાઓ પ્રચલિત બનતી જાય છે. આ બધું હોવા છતાં મુદ્રિત માધ્યમની ઉપયોગિતા અક્ષુણ્ણ રહેશે.

## વિશ્વકોશ અને માનવવિદ્યા

માનવવિદ્યાઓનું વર્ગીકરણ ચુસ્ત રીતે કરવું અશક્ય છે. આ બાબતમાં એકમત પ્રવર્તતો નથી, જેવો વિજ્ઞાનની બાબતમાં પ્રવર્તે છે. સામાન્ય રીતે માનવવિદ્યાઓમાં માનવી દ્વારા પોતાની અંતઃશક્તિ, બુદ્ધિ, સંવેદના દ્વારા વિકસાવેલી વિદ્યાઓ સમાવી શકાય; જે મનુષ્યને પ્રાણીકક્ષાથી જુદું પાડનાર તેમજ માનવજીવનને બૌદ્ધિક/આત્મિક રીતે પુષ્ટ બનાવનાર તથા આંતરિક સમૃદ્ધિ આપનાર હોય છે. ગુજરાતી વિશ્વકોશે ભાષા-સાહિત્ય, લલિતકલાઓ વગેરેને માનવવિદ્યાના ભાગ ગણ્યા છે; પરંતુ વિભાગો અલગ રાખ્યા છે. આ વિભાગ હેઠળ જનમાધ્યમોને સમાવી શકાય, કારણ કે તે ભાષાવિનિયોગથી અસ્તિત્વમાં રહે છે.

ભાષા સર્વવ્યાપી છે. તેને પુષ્ટ કરવાનું, વધુ સમૃદ્ધ બનાવવાનું અને સંપ્રેષણના અસરકારક માધ્યમ તરીકે ઉપયોગ કરતા કરવાનું કાર્ય વિશ્વકોશ-ચળવળથી થઈ શકશે. તે જ રીતે સાહિત્ય અને લલિતકલાઓ પણ સર્વવ્યાપી છે. તે માનવનું સૃષ્ટિ સાથે તાદાત્મ્ય સ્થાપે છે તથા તેની જીવનદૃષ્ટિ અને પરિપ્રેક્ષ્ય વિસ્તૃત કરે છે. સાહિત્યનાં અધિકરણોને પ્રકાર, વિષય, પ્રવર્તકો, કૃતિઓ અને શૈલીના મુખ્ય મથાળા

હેઠળ વર્ગીકૃત કરી શકાય. અધિકરણો માટે સાહિત્યકારો / લેખકોની પસંદગી-નું ધોરણ હયાતી કે નિવૃત્તિનું નહિ, પરંતુ નોંધપાત્ર પ્રદાનનું હોવું આવશ્યક છે.

ભાષા-સાહિત્યનો વ્યાપ અને મહત્વ જોતાં તે માટે અલાયદા વિશ્વકોશનું આયોજન વિચારાય તે યોગ્ય રહેશે.

## ગુજરાતી વિશ્વકોશ

ગુજરાતી ભાષામાં મૌલિક લેખન દ્વારા તૈયાર થયેલ ગુજરાતી માધ્યમથી વિશ્વનું જ્ઞાન મેળવવાના સ્રોત તરીકે 'ગુજરાતી વિશ્વકોશ' પ્રસ્થાપિત થયો છે. વિશ્વ અને ભારત અંગેની માહિતી ઉપરાંત ગુજરાત વિશે; તેનાં સાહિત્ય, કલા, સંસ્કૃતિ, ઇતિહાસ, ઉદ્યોગ-વાણિજ્ય, વ્યક્તિગત પ્રતિભાઓ વગેરે વિશે એક જ સ્થળે સવિશેષ અને સવિસ્તર માહિતી આપનાર અને જ્ઞાન પૂરું પાડી પ્રજાની બૌદ્ધિક સજ્જતા વધારવા ઉપરાંત ગુજરાતી ભાષાના વિકાસમાં મહત્વનું પ્રદાન કરનાર તરીકે તેની પ્રતિષ્ઠા રહેશે. અંગ્રેજી માધ્યમથી અભ્યાસ કરનાર ગુજરા-તના લોકોને વિશ્વના લબ્ધપ્રતિષ્ઠ અંગ્રેજી વિશ્વકોશોમાં પોતાનાં રાજ્ય, દેશ અને સંસ્કૃતિની પૂરતી માહિતી નહિ મળી શકે. તેમના માટે તથા ગુજરાતના લગભગ 90 % લોકો કે જે અંગ્રેજી માધ્યમ દ્વારા જ્ઞાનઅર્જનને માટે સક્ષમ નથી તેમના માટે ગુજરાતી વિશ્વકોશ વરદાન-સ્વરૂપ છે. આ માટે વ્યાપક રીતે પ્રજામાં સમજ ઊભી કરવામાં આવે તો ઉમળકાભેર પ્રતિભાવ સુનિશ્ચિત છે અને તેને પરિણામે એક ઝુંબેશ જન્મી શકે.

ઉપર્યુક્ત સંદર્ભમાં વિશ્વકોશ-ચળવળને સ્થાયિત્વ આપવાની અને તેનો બહોળો પ્રચાર-પ્રસાર કરવાની જરૂરિયાત છે, જે માટે વિચારણાર્થે થોડાંક મુદ્દાઓ / સૂચનો કરું છું :

1. વિશ્વકોશ માટે એક સ્વાયત્ત મંડળની રચના કરવી; જેમાં નિષ્ણાતોનું પાયાનું જૂથ હોય, પરંતુ તેનું માળખું વિશાળ આધારવાળું અને વૈવિધ્યપૂર્ણ હોય.

2. વિશ્વકોશ સંસ્થામાં પૂરતી માળખાગત સવલતો અને પૂરતો કાયમી સ્ટાફ હોય તે આવશ્યક છે.

3. વિશ્વકોશ તરફથી વાચકવર્ગ માટે નિયમિત માહિતી-સેવાઓની જોગવાઈ કરવાનું વિચારી શકાય.

4. જ્ઞાન-વિજ્ઞાનમાં થતા સતત પરિવર્તનને ગ્રહણ કરવા, માહિતીસંગ્રહ તથા અથાગ કાર્યને પહોંચી વળવા કમ્પ્યૂટરને કેન્દ્રીય સ્થાન આપવું.

5. વિશ્વકોશનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે વ્યાપક પ્રચારની રણનીતિ ઘડી શકાય, જેમાં

- વર્તમાનપત્રો સાથે સહકાર-સંકલન કરી વિશ્વકોશને અદ્યતન ઓપ આપે તેવા નિયમિત સ્તંભ દ્વારા પ્રજા સાથે સતત સંપર્ક;
- સરકારી વિભાગો, શૈક્ષણિક તેમજ અન્ય સંસ્થાઓ સાથે સંકલન;
- જે સંસ્થા વિશ્વકોશનો સેટ વસાવે ત્યાં વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી 'કોશાભિમુખતા વ્યાખ્યાન'નું વચન;
- પંચાયત તેમજ સહકારી નેટવર્ક સાથે સંકલન દ્વારા 'ગામેગામ વિશ્વકોશ'ની યોજના;
- હરીફાઈઓના માધ્યમથી અધ્યયન-સહાયકર્તા (learning facilitators) શોધી કાઢવા.

6. વિશ્વકોશના 20 ગ્રંથોમાં આપેલાં અધિકરણોને જ વિષયવાર તારવી જે તે વિષય માટેના અલાયદા ખંડ પ્રસિદ્ધ કરવાનું વિચારી શકાય.

7. ભાષા-સાહિત્ય, કૃષિ, ઉદ્યોગ, વિજ્ઞાન, સમાજવિદ્યાઓ વગેરે વર્ગો માટે અલગ વિશ્વકોશો તૈયાર કરવાના આયોજન સાથે 21મી સદી માટેનો ભાવિ પ્રકલ્પ તૈયાર કરી શકાય.

8. વિશ્વકોશને 'કૉમ્પેક્ટ ડિસ્ક' (CD) પર મૂકવું, જેથી તે સરળતાથી ઉપલબ્ધ બને, સંપાદન તથા સંશોધનમાં સુગમતા રહે, બહુમાધ્યમી પ્રસ્તુતિ સરળ બને તથા પરદેશમાં વસતા લગભગ 60 લાખથી વધુ ગુજરાતીઓ (diaspora) સરળતાથી વિશ્વકોશ મેળવી પોતાની આકાંક્ષા પૂર્ણ કરી શકે.

9. વિશ્વકોશ ઇન્ટરનેટ પર મૂકવાનું પણ શક્ય બની શકે તેમ છે.

જ્ઞાનસ્ફોટ એક નિરંતર પ્રક્રિયા છે માટે 'વિશ્વકોશ' પણ એક નિરંતર પ્રવૃત્તિ બનશે તેવી આશા છે.

# વિશ્વકોશની આવતી કાલ

## સુધીર પંડ્યા

11

વિશ્વકોશ રચવો હોય તો કેટલી કેટલી મુશ્કેલી નડે છે તે વિશ્વકોશ સાથે સંકળાયેલ વ્યક્તિઓ જ કહી શકે. અહીં ગુજરાતી વિશ્વકોશના સંદર્ભમાં કેટલાંક સૂચનો કરવા માગું છું. વિશ્વકોશની સાથે કેટલીક ટૅકનિકલ બાબતો સંકળાયેલી હોય છે. પ્રિન્ટિંગ વિશે સામાન્ય રીતે કહેવાય છે કે ટાઇપ મોટા હોય તો વધુ સારું. પરંતુ એનાં કારણો જુદાં હોય છે. પરિભાષાની થોડી ચર્ચા કરવી જોઈએ એમ પણ સૂચન થયું. આમ વિશ્વકોશના ટૅકનિકલ પાસાની ચર્ચા થઈ શકે તે માટે એક સેમિનાર યોજવો જોઈએ.

જો આ કલાકૃતિ હોય તો સર્જક સિવાય કોઈને કંઈ કહેવાનું રહેતું નથી. પરંતુ તે માત્ર કલાકૃતિ નથી. વાચકો સુધી, ગ્રાહકો સુધી જ્ઞાન પહોંચાડવાની આપણી કોશિશ છે. વિશ્વકોશ વિશે જ્યારે જ્યારે ચર્ચા થાય ત્યારે ચર્ચા કરનારાઓમાં વિશ્વકોશની રચના કરી રહ્યા હોય તેવા કે તેની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકો સાથે જ વાત થતી હોય છે, પણ જે ફક્ત ગ્રાહક છે, જેને ફક્ત વિશ્વકોશમાંથી માહિતી મેળવવામાં જ રસ છે એવો એક આખો વર્ગ છે. જેના તરફથી આપણને પ્રતિભાવ મળે અને તેઓ કહે કે આ તમે વિશ્વકોશ બનાવી રહ્યા છો તેમાં અમને અમુક મુશ્કેલી છે, અમને અમુક રસપ્રદ લાગે છે, કે અમારે અમુક જોઈએ છે, અમને આ મળી રહ્યું છે અને આ નથી મળી રહ્યું એની ચર્ચાનો સમાવેશ થઈ શકે તો આપણને ઘણી જાણકારી મળે.

આ જમાનો અત્યારે ખરેખર તો માહિતીયુગનો છે. આપણે અણુયુગ, અવકાશયુગ, વીજાણુયુગ કે કમ્પ્યૂટર યુગની વાત કરી, પણ ખરેખર અત્યારે માહિતીયુગ સર્વત્ર ચર્ચાય છે. લોકોની જરૂરિયાત વિશે આપણો શો ખ્યાલ છે ? શા માટે વિશ્વકોશ કરી રહ્યા છીએ ? આપણે લોકોને માહિતી પહોંચાડવી છે. આપણે મુદ્રણ દ્વારા પુસ્તકોમાં માહિતી બાંધીને લોકો સમક્ષ રજૂ કરી રહ્યા છીએ, પરંતુ અત્યારે માહિતીનાં એટલાં બધાં માધ્યમો ઉપલબ્ધ છે કે જેમ બને તેમ વહેલી તકે – આજે જ – આ વિશ્વકોશની માહિતીને કમ્પ્યૂટરના માધ્યમમાં કેવી રીતે મૂકવી તેનો ઊંડાણથી વિચાર કરવાની જરૂર છે. આ તો કાયમી પ્રવૃત્તિ છે અને આ પ્રવૃત્તિ તો સતત ચાલતી જ રહેવાની છે. માહિતી બદલાતી જાય છે. જ્યારે માહિતી બદલાઈ જાય અને થોડીક માહિતી બદલાય ત્યારે તે ઉમેરવા માટે પાનાંઓનાં પાનાં કે આખો ગ્રંથ ફરી મુદ્રણ કરવો પડે. કમ્પ્યૂટર પર આ બહુ સહેલાઈથી થઈ શકે છે.

હવે અનેક પ્રકારના એન્સાઇક્લોપીડિયા કૉમ્પેક્ટ ડિસ્ક(સી.ડી.)ના સ્વરૂપમાં મળે છે. કમ્પ્યૂટર પર આ બધી માહિતી મૂકીએ ત્યારે એનો ફાયદો એ છે કે ધ્વનિપટ્ટિકાઓ પણ સામેલ થઈ શકે છે. એમાં અનેક જાતનાં ચિત્રો પણ બતાવી શકીએ. સી.ડી. પર આ માહિતી મૂકવામાં આવે ત્યારે એની સાથે દૃશ્ય-શ્રાવ્ય પણ કરી શકીએ. એમાં આકૃતિ, ચિત્ર, નાની ફિલ્મ, ધ્વનિવ્યવસ્થા જોડી શકાય. એને લીધે ગ્રાહકને માહિતી અંગે વધુ ને વધુ રુચિ થાય, રસ જાગે અને આખુંય તત્વ બદલાઈ જાય.

આજે ગ્રંથાલયમાં કામ કરનારને માટે લાઇબ્રેરી સાયન્સ ડિપ્લોમાની જરૂર નથી, પણ કમ્પ્યૂટર સાયન્સમાં ડિગ્રી કે ડિપ્લોમાની જરૂર છે. P.R.L.માં લાઇબ્રેરીમાં કમ્પ્યૂટરાઇઝેશન ધીરે ધીરે વધતું ગયું. માહિતી તો છે, પણ એ માહિતી એટલી વધી ગઈ છે કે એને વ્યવસ્થિત કરવી – એવા સ્વરૂપમાં મૂકવી કે જેથી ગ્રાહકને સહેલાઈથી પહોંચી શકે.

ગ્રંથપાલનું કામ એક જમાનામાં એવું હતું કે ચોપડીઓ ભેગી કરીને રાખવી. જેમ જેમ ચોપડીઓ–સામયિકો વધતાં ગયાં, તેમ તેમ ગ્રંથાલયમાં વર્ગીકરણ, સૂચીકરણ, ચોપડીઓને ગોઠવવી, ગ્રાહકોને સહેલાઈથી અમુક પુસ્તકો મળી શકે એ બધું મુખ્ય કામ હતું. ગ્રંથાલયનો સમય બદલાઈ ગયો છે. યુનિવર્સિટી અને તેમાં ખાસ કરીને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં, તો ગ્રંથપાલ વાચકના રસને ઉદ્દીપ્ત કરે છે. વાચકને જે માહિતીની જરૂર હોય તે જેમ જેમ ગ્રંથાલયમાં આવતી જાય, તેમ તેમ આપોઆપ તે વાચકના ટેબલ પર આવતી જાય. વિશ્વકોશના ગ્રંથો તૈયાર કરીને બજારમાં કે લોકો સમક્ષ મૂકવા એ પૂરતું નથી. એ તો આ સમગ્રનો એક નાનકડો ભાગ છે. આ માહિતી ગ્રાહકોને કેવી રીતે પહોંચી શકે અને પહોંચાડવી તે અગત્યનું છે અને કમ્પ્યૂટરનો ઉપયોગ વધુ કરીએ તો જ પહોંચી શકે. વિશ્વકોશની

પ્રવૃત્તિમાં એક આખો વિભાગ ઊભો કરવાની જરૂર છે, જેમાં કમ્પ્યૂટર વિજ્ઞાનના લોકો જ બેસશે. એ લોકો જે માહિતી આવતી જાય, એ બધી માહિતીને ભેગી કરીને એને કમ્પ્યૂટર પર મૂકે. દસેક વર્ષ પછી આ ગ્રંથો વેચાશે નહિ અને મળશે તો તે કોઈ મ્યુઝિયમમાં જ જોવા મળશે. બધી આવૃત્તિઓનું પ્રકાશન સી.ડી. પર જ મળશે. વિશ્વકોશ લેવો હોય તે બજારમાં જઈને સી.ડી. જ માગશે. એ આવી રહ્યું છે અને એની શરૂઆત અત્યારે નહિ કરીએ તો ભવિષ્યમાં મોડા પડીશું.

# વિશ્વકોશ
# ભારતીય ભાષાઓમાં

| | | |
|---|---|---|
| * | જ્ઞાનસાધનાની પ્રવૃત્તિ | વિ. પ્ર. ત્રિવેદી |
| * | મરાઠી વિશ્વકોશ | જયંત ર. જોશી |
| * | બંગાળી વિશ્વકોશ | અનિલા દલાલ |
| * | હિન્દી વિશ્વકોશ | ગોવર્ધન શર્મા |
| * | ગુજરાતીમાં વિશ્વકોશપ્રવૃત્તિ | ચંદ્રકાન્ત ટોપીવાળા |

# જ્ઞાનસાધનાની પ્રવૃત્તિ

**વિ. પ્ર. ત્રિવેદી**

12

પરિસંવાદની આજની પ્રથમ બેઠકમાં વિશ્વકોશની વિભાવના અને કાર્યક્ષેત્રને આવરી લેતાં આપણે વિશ્વકોશનું પ્રયોજન, વિભાવના, પ્રકારો અને સ્વરૂપ, અન્ય કોશોની તુલનામાં ગુજરાતી વિશ્વકોશની વિશિષ્ટતા, તેનું કાર્યક્ષેત્ર અને વ્યાપ, વિષયવસ્તુ અને નિરૂપણ તથા તેનું સાંસ્કૃતિક મૂલ્યવિષયક જે તે વિષયોના તજ્જ્ઞોનાં વક્તવ્યોમાં નિમજ્જન કર્યું. આ બેઠકમાં 'વિશ્વકોશ : ભારતીય ભાષાઓમાં' વિશે જ્યારે આપણે સહચિંતન કરવા એકઠા થયા છીએ ત્યારે વિશ્વકોશના સંદર્ભમાં આપણા દેશમાં થયેલ કાર્યની મુલવણી કરવાનું ધ્યેય નજર સમક્ષ રાખ્યું છે. ભારતની અનેક ભાષાઓમાં આ માટે જે કંઈ કાર્ય થયું છે તેમાંથી મરાઠી, બંગાળી, હિંદી અને ગુજરાતી ભાષામાં થયેલ વિશ્વકોશ માટેની સાધના અને સિદ્ધિઓ જોઈ-તપાસી જવા માટે આ બેઠક રાખી છે. સદભાગ્યે, આપણા આજના સંમાન્ય વક્તાઓ જે તે ભાષાના સર્જકો–લેખકો છે; એટલું જ નહિ, પરંતુ પોતાના વિષયને ન્યાય આપી શકે તે માટેના તજ્જ્ઞો–પરામર્શકો પણ છે. પ્રો. જોશી મરાઠી અને પ્રો. દલાલ બંગાળી ભાષાના બહુશ્રુત વિદ્વાન તરીકે જાણીતા છે. ડૉ. ગોવર્ધન શર્મા હિંદી ભાષાના કવિ-વિવેચક છે અને સાથે સાથે કચ્છી સાહિત્ય-સમાજ વિશે તેમણે ઊંડો અભ્યાસ કરી અનેક પુસ્તકો લખેલ છે. ગુજરાતી ભાષા અને સાહિત્યના અગ્રણી સર્જક અને મૂર્ધ-

ન્ય સાહિત્યકાર ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળા ગુજરાતી વિશ્વકોશના સંદર્ભમાં પોતાનું વક્તવ્ય આપવાના છે. આ બેઠકનું સવિશેષ ગૌરવ તો એટલા માટે છે કે સમસ્ત પરિસંવાદના ઉદઘાટક ડૉ. દેશપાંડેસાહેબે આ બેઠકનું અધ્યક્ષપદ સંભાળવા સંમતિ આપેલ છે. ડૉ. દેશપાંડે મરાઠી વિશ્વકોશ નિર્મિતિ મંડળ, વાઈના માનનીય સભ્ય તથા ભૂગોળ વિષયના અખિલ ભારતીય મંડળના સ્થાપક પ્રમુખ રહી ચૂક્યા છે. જોકે ગુજરાતને તેમની ઓળખાણ એમ. એન. કૉલેજ, વીસનગર અને ગુજરાત કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય તરીકે આપવી ઘટે. મુંબઈ યુનિવર્સિટી, નૅશનલ ઑસ્ટ્રેલિયન યુનિવર્સિટી, કેનબેરા અને યુનિવર્સિટી ઑવ્ કાશ્મીરમાં તેમણે અધ્યાપક તરીકે સેવાઓ આપી છે. રૉયલ જ્યોગ્રૉફિકલ સોસાયટી, લંડનના તેઓ માનાર્હ ફેલો તરીકે ચૂંટાયા હતા. સર્જાતા વિશ્વકોશના અદના સર્જનાત્મક કાર્યકર અને ભૂગોળ વિષયના મોટા ગજાના તજ્જ્ઞ તરીકે તેમની આગવી સૂઝ અને સમજનો નિષ્કર્ષ આપણને આજે મળવાનો છે તે રોમાંચક ઘટના છે.

સાધારણ રીતે વિશ્વકોશ બે પ્રકારના હોઈ શકે. પહેલા પ્રકારમાં વિશિષ્ટ વિષયોને આવરી લેવામાં આવે છે, જ્યારે બીજા પ્રકારમાં તે સર્વવિષયસંગ્રહ બને છે; દા. ત., મરાઠી વિશ્વકોશ સર્વવિષયસંગ્રાહક છે. ભારતીય વાઙ્મયમાં સંદર્ભગ્રંથો–કોશ, અનુક્રમણિકા, નિબંધ-વ્યાપ્તિલેખ, જ્ઞાનસંકલન આદિની પરંપરા ઘણી પ્રાચીન છે. ભારતીય ભાષાઓમાં સંભવતઃ પહેલો આધુનિક વિશ્વકોશ નગેન્દ્રનાથ બસુ દ્વારા સંપાદિત 'બાંગ્લા વિશ્વકોશ' હતો, જે 22 ખંડોમાં પ્રસ્તુત થયો. તેનું પ્રકાશન 1911માં પૂર્ણ થયું. 1916થી 1932 દરમિયાન 25 ભાગમાં હિંદી વિશ્વકોશની રચના શ્રી બસુએ કરી તેનો મૂળ આધાર 'બાંગ્લા વિશ્વકોશ' હતો. આ એક અગાધ પરિશ્રમ અને જંગી નાણાંની જરૂરિયાતવાળું કઠિન કાર્ય હતું. મરાઠી વિશ્વકોશની રચના 23 ખંડોમાં શ્રીધર વ્યંકટેશ કેતકરે કરી. તેનું પ્રકાશન મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ મંડળ લિ., પુણેએ કર્યું. તેના પ્રારંભના પાંચ ગ્રંથોનું સ્વરૂપ ગૅઝેટિયર સ્વરૂપનું છે. અકારાદિ ક્રમમાં ખંડ 23માં સંપૂર્ણ અનુક્રમણિકા છે. આ પ્રમાણે મરાઠી જ્ઞાનકોશનું ગુજરાતી રૂપાંતર (બે ખંડો પૂરતું) ડૉ. કેતકરની દેખરેખ નીચે તૈયાર કરીને પ્રકાશિત થયું. આ કોશનું હિંદી રૂપાંતર ડૉ. કેતકરે બે ખંડમાં કરાવ્યું.

1947માં સ્વરાજપ્રાપ્તિ પછી સાહિત્યનાં તમામ અંગોની પૂર્ણ રચના માટેના પ્રયત્નો ભારતીય ભાષાઓમાં થયા છે. પરિણામે આધુનિક વિશ્વકોશ માટે કેટલાક પ્રયાસો થયા છે; દા. ત., તેલુગુ ભાષાસમિતિ(1947)નો પ્રમુખ ઉદ્દેશ તેલુગુ ભાષામાં વિશ્વકોશ રચવાનો હતો. 1,000 પાનાંનો એક એવા 12 ખંડોની યોજના હતી. તેના પ્રત્યેક ખંડનો સંબંધ એક વિશિષ્ટ વિષય અથવા વિષયસમૂહથી છે. 1959 સુધીનાં બાર વર્ષોમાં એના ચાર ખંડો પ્રકાશિત થયા. સાથે સાથે 'તમિળ વિશ્વકોશ'ની

યોજના મુજબ પાંચ ખંડો પ્રસિદ્ધ થયા છે. હિંદી વિશ્વકોશની યોજના 1954માં નાગરી પ્રચારિણી સભા, વારાણસી દ્વારા પ્રસ્તુત થઈ. 1,000 પાનાંનો એક એવા 30 ગ્રંથોની યોજના ભારત સરકાર સમક્ષ રજૂ કરવામાં આવી, પરંતુ ભારત સરકારની તત્કાલીન વિશેષજ્ઞ સમિતિએ 11 ફેબ્રુઆરી, 1956ના રોજ નક્કી કર્યા મુજબ માત્ર 10 ખંડોમાં અને તે પણ પ્રત્યેક ખંડ 500 પાનાંમાં પ્રકાશિત કરવા માટે સૂચન કર્યું. આ મુજબ પરામર્શક મંડળની નિમણૂક કરવામાં આવી. આ પ્રકાશનને ભારત સરકાર તરફથી સાડા છ લાખ રૂપિયાનું અનુદાન પ્રાપ્ત થયું. પરામર્શક મંડળ અને સંપાદક સમિતિની જવાબદારી નક્કી થઈ. આ માટે ભારત સરકારે સ્વીકારેલ પારિભાષિક શબ્દાવલીનો ઉપયોગ કરવાનો હતો. આ માટે નાગરી પ્રચારિણી સભા, વારાણસીએ તેના નિર્માણકાર્યનો આરંભ 1957માં કર્યો અને વિશ્વકોશ માટે જરૂરી કાર્યાલય, પુસ્તકાલય, સંદર્ભગ્રંથો અને અન્ય વિશ્વકોશોની સહાયતાથી 'કાર્ડ'માં શબ્દસૂચિ 1958 સુધીમાં તૈયાર થઈ ગઈ. મૂળ 70,000 શબ્દોમાંથી 30,000 શબ્દો વિચારાર્થે રાખવામાં આવ્યા. આ તમામ કાર્ય ડૉ. ભગવતશરણ ઉપાધ્યાય દ્વારા માત્ર એક વર્ષમાં સંપન્ન થયું; પણ ડૉ. ગોરખપ્રસાદની નિયુક્તિ વર્ષના અંતે થઈ અને તેમણે વિજ્ઞાન અને ભૂગોળ વિભાગનો કાર્યભાર સંભાળ્યો. 1959ના માર્ચથી પ્રધાન સંપાદક ડૉ. ધીરેન્દ્ર વર્માની નિયુક્તિ કરવામાં આવી. એમણે મુખ્ય કાર્ય ઉપરાંત ભાષા અને સાહિત્યનો વિભાગ સંભાળ્યો. દોઢ વર્ષમાં ઓછામાં ઓછા કર્મચારીઓ સાથે વિશ્વકોશનો પ્રથમ ખંડ પ્રસિદ્ધ થયો. પછી ત્રણ સહાયક સંપાદકોની નિમણૂક સાથે ચાર 'લિપિક' પણ નિમાયા. શરૂઆતમાં 1,400 અધિકરણોનાં શીર્ષકોની પસંદગી થઈ. કેટલાંક અધિકરણો હિંદી ઉપરાંત અંગ્રેજીમાં અને હિંદી વર્ણમાલાના અક્ષરક્રમથી અને વિદેશી નામોને રોમન લિપિમાં મૂકવામાં આવ્યાં. યથાસંભવ વિદેશોમાં ઉચ્ચરિત વિધિએ તે લખવામાં આવ્યાં. વેબ્સ્ટર શબ્દકોશને પ્રમાણભૂત ગણ્યો. દેશમાં વ્યવહૃત ઉચ્ચારણ સ્વીકારાયું. બાકી નાગરી પ્રચારિણી સભાની સ્વીકૃત વર્તનીને અનુકૂળ ઉચ્ચારણને માન્યતા આપવામાં આવી. આ વિશ્વકોશનો આદર્શ 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા' હતો, જેના માત્ર ત્રણ ગ્રંથો 1768માં પ્રકાશિત થયા હતા. અત્યારે તેના 32 ભાગ છે અને પ્રત્યેકમાં 1,000 જેટલાં પૃષ્ઠ છે.

આજની બેઠકમાં ભારતીય ભાષાઓના મરાઠી, બંગાળી, હિંદી અને ગુજરાતી વિશ્વકોશો વિશેની વાત આપણા વિદ્વાન વક્તાઓ કરશે.

કોઈ પણ વિશ્વકોશ માટે વિષયોની પસંદગીનો વિકટ પ્રશ્ન રહે છે. જ્યારે હિંદી વિશ્વકોશના પ્રથમ ખંડનો અંશ મે, 1959માં પ્રેસમાં હતો ત્યારે ગણિત અને ભૂમિતિ માટે વિશેષ 'ટાઇપ', 'ફૉન્ટ્ઝ', જે તે 'ઇક્વેશન' જરૂરી હતાં; ઉપરાંત

કાગળ વગેરે મેળવવાની કઠિનતા હતી. 1960ના પ્રારંભમાં મુદ્રણકાર્યમાં પ્રગતિ થતાં તેના પ્રથમ ખંડનું પ્રકાશન (1960) થયું. પં. ગોવિંદવલ્લભ પંત પરામર્શક મંડળ અને સંપાદક સમિતિના અધ્યક્ષ બન્યા. તેમનું યોગદાન નોંધપાત્ર છે.

ભવિષ્યની પ્રજાઓ – પેઢીઓ આપણા તરફ જોશે ત્યારે તેમને શું દેખાશે – શું સમજાશે ? એટલે હવે પછીના આપણા વિશ્વકોશોના સર્જનમાં, તેનાં પૂરક કે નવીન અધિકરણો લખતી વખતે કે તેના ગ્રંથોના પુનઃસંસ્કરણ કરતી વખતે આ બધાંની આપણે પુનઃવિચારણા કરવી પડશે. (1) વિશ્વમાં ચોમેર ફરીને તેનું નિરીક્ષણ અને વૈજ્ઞાનિક સાધનો દ્વારા નવી નવી ટૅકનૉલૉજીને પ્રયોજીને જે તે તપાસ, (2) ભૌતિક દુનિયાના અંતરિયાળ વિસ્તારોની ખોજ, (3) વસ્તી, (4) સજીવ સૃષ્ટિની વિવિધતા અને રહેણીકરણી, (5) માનવસંસ્કૃતિ અને (6) વિજ્ઞાન – આ દિશાઓમાં કામ કરવું પડશે.

આપણે વિશ્વનું નિરીક્ષણ અને વૈજ્ઞાનિક સાધનો દ્વારા તેની તપાસ કેમ કરીએ છીએ ? આપણું ભૌતિક જગત કેવું બદલાતું જાય છે ? વસ્તીવધારાનાં નવાં દબાણોની કઈ કઈ અસરો થાય છે ? સજીવ સૃષ્ટિનું પાસું કેવું મહત્વ પ્રાપ્ત કરતું જાય છે ? તો વળી આપણી સંસ્કૃતિના વિસ્તારનું દર્શન કેમ કરીને બદલાતું જાય છે ? વિજ્ઞાન અને ટૅકનૉલૉજી માટેના હવેના પડકારો કયા છે ? આ બધી તપાસ આખરે તો પ્રકૃતિ સાથેના મનુષ્યના સંબંધની, કહો કે મનુષ્ય-મનુષ્ય વચ્ચેના સંબંધો સમજવા માટેની છે. કેટલીક આપણી નજીકની તો કેટલીક દૂરની વાતો છે. પાયાની બાબત તો એ છે કે આપણે નવી દુનિયા, નવા આકાશી પદાર્થો વિશે વધુ ને વધુ જાણકારી મેળવવાની વાત છે. આમ પૃથ્વી જ માત્ર નહિ પરંતુ અવકાશ અને સમસ્ત બ્રહ્માંડ – તે બધાંયને આવરી લેતી નવી નવી માહિતીને તપાસી–ચકાસી ચોકસાઈથી સમજવાની વાત છે. 21મી સદી અને આવનાર સદીઓ માટે બેનમૂન માહિતી 'ગુજરાતી વિશ્વકોશ'માં સમાવવાનું આયોજન કરવું ઘટે. આમાં નવા પ્રદેશો, આપણી બદલાતી ભૌતિક દુનિયા, તેના વસ્તીવિસ્ફોટના પ્રશ્નો, સજૈવ વૈવિધ્ય, માનવસંસ્કૃતિ અને વિજ્ઞાનના નવા પડકારો અને પ્રકૃતિ સાથેનો આપણો સંબંધ — આ બધું યોગ્ય રીતે નોંધવું પડશે. અહીં મુખ્ય બાબત તો કોઈ પણ વસ્તુ, વિચાર કે વ્યક્તિ વિશે વધુ ને વધુ જાણવા અંગેની વાત છે, નવી નવી સૃષ્ટિઓને ખૂંદી વળીને શોધવાની છે. આપણી નજર સમક્ષ બનતી કોઈ પણ નવી બાબત માટેની શ્રદ્ધા આપણા યુગનું સર્વોપરી લક્ષણ છે. કરોડો વર્ષો પહેલાં માનવજીવન આ પૃથ્વી પર પ્રગટ્યું હતું; કરોડો મિનિટો પહેલાં અહીં ખ્રિસ્તી ધર્મ ઉદભવ્યો હતો; અને કરોડો કોકોકોલાની બાટલીઓ પહેલાં માત્ર ગઈ કાલની સવાર હતી – આ આપણી ગતિની વાત છે. ગતિમાં બધુંય બદલાય છે પણ નથી બદલાતો પ્રેમ.

શાશ્વત કાળ સુધી બોબ બ્રેન્ડાને ચાહે છે; કૃષ્ણ રાધાને. આ શ્રદ્ધાને લઈને આપણે આપણો વિશ્વકોશ – 'ગુજરાતી વિશ્વકોશ' રચવાની પ્રક્રિયા ચાલુ રાખવાની છે. આ એક સાધના છે. 'ગુજરાતી વિશ્વકોશ' પરિવારની આ જ્ઞાનસાધના આ પ્રકાર-ના પરિસંવાદો દ્વારા હરહંમેશ ફૂલે અને ફાલતી રહે તેવી પ્રભુને પ્રાર્થના કરી, ફરી એક વાર, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પરિવાર વતી અને મારા વતી મહેમાનો અને આપ સૌનું ભાવભર્યું સ્વાગત કરી મારું વક્તવ્ય પૂરું કરું છું.

# મરાઠી વિશ્વકોશ

**જયંત ર. જોશી**

13

વીસમી સદીમાં માણસ ચંદ્ર પર પહોંચ્યો એ તો ખરું જ, પણ એથી વધારે મહત્વની વાત એ છે કે મહિલાઓ, એક સમયના ગુલામો અને પરાધીન એવા અનેક જનસમુદાયો મતપેટી સુધી પહોંચ્યાં. સ્વાતંત્ર્ય અને સમાનતા હજી સંપૂર્ણપણે સિદ્ધ થયાં નથી. પણ આજના કહેવાતા કલિયુગમાં આ મૂલ્યો જેટલાં સર્વસ્વીકૃત બન્યાં છે એટલાં પહેલાં કદી પણ નહોતાં. લોકોની ભાષામાં જ્ઞાન મેળવવાનાં સાધનો પૂરાં પાડવાની પ્રવૃત્તિ સ્વાતંત્ર્ય અને સમતા તરફની યાત્રાનો એક ભાગ છે. ગુજરાતી, મરાઠી વગેરે ભાષાઓમાં રચાઈ રહેલા વિશ્વકોશોની પાછળ આ પ્રેરણા રહેલી છે.

મરાઠી વિશ્વકોશ પર આવું તે પહેલાં મરાઠી ભાષા વિશે થોડી પાર્શ્વભૂમિ. ''વેદ સંપન્ન છે, પણ તે અતિશય કૃપણ પણ છે; કારણ કે તે પોતાનો જ્ઞાનભંડાર માત્ર ત્રણ વર્ણના લોકો માટે ખુલ્લો રાખે છે.'' એવું કહીને સંત જ્ઞાનેશ્વરે લોકોની ભાષામાં અને બધા લોકો વાંચી શકે તે હેતુથી પોતાનો અમરગ્રંથ 'જ્ઞાનેશ્વરી' રચ્યો. તેઓ સંસ્કૃતમાં પોતાની ગીતા પરની આ ટીકા લખીને વિદ્વન્માન્ય થઈ શક્યા હોત પણ તેમને બધાં લોકો સુધી ગીતાનો સંદેશ પહોંચાડવો હતો. તેથી તેમણે ભાષા ઘડતાં ઘડતાં એક મહાન કાવ્ય નિપજાવવાનો પુરુષાર્થ કર્યો. અહીં, હું 'પુરુષાર્થ' શબ્દ રૂઢ છે માટે વાપરું છું; ખરેખર તો જ્ઞાનેશ્વરે જે કામ કર્યું તે એક માતા કે તેમના જેવો માતૃહૃદયી માણસ જ કરી શકે.

મરાઠી ભાષા અને તેનું જ્ઞાન લોકો માટે સુલભ બનાવવાની વાત કરતા હોઈએ ત્યારે છત્રપતિ શિવાજી મહારાજે વિદ્વાનો પાસે તૈયાર કરાવેલો 'રાજ્યવ્ય-વહારકોશ' પણ યાદ આવે. તે સમયની રાજકાજની ભાષા ફારસી બની ગયેલી અને દૂરદષ્ટિવાળા શિવાજી મહારાજને આ બદલવું જરૂરી લાગ્યું હતું. એ જ રીતે, મહાન સમાજસુધારક મહાત્મા ફુલેએ પણ સ્ત્રીઓ અને શૂદ્રો માટે જ્ઞાનના દરવાજા ખોલવાનો નિશ્ચય કરેલો અને સીધીસાદી મરાઠીમાં લોકોને કેળવવા માટે પોતાની કૃતિઓ રચી. લોકમાન્ય ટિળકે પણ પોતાનો 'ગીતારહસ્ય' ગ્રંથ મરાઠીમાં રચ્યો. એવું કહેવાય છે કે જ્યારે તેમને એવું પૂછવામાં આવ્યું કે 'ઑરાયન' જેવા ગ્રંથો અંગ્રેજીમાં લખ્યા પછી 'ગીતારહસ્ય' મરાઠીમાં કેમ લખ્યું ત્યારે એમણે રમૂજમાં કહેલું કે ગીતાનો કર્મમાં પ્રવૃત્ત રહેવાનો સંદેશ અંગ્રેજો તો જાણે જ છે, આપણા લોકોને આ સંદેશની ખાસ જરૂર છે. ટિળક પોતે મહાન વિદ્વાન હતા પણ તેઓ સરળ મરાઠીના આગ્રહી હતા. મંડાલેથી છૂટી આવ્યા પછી તેમના પત્ર 'કેસરી'માં જ્યારે તંત્રીપદ સંભાળનારા તેમના સહકાર્યકરે 'લોકમાન્યાંચિ બંધમુક્તતા' એવું લખ્યું ત્યારે તેમણે એના પર ચેકો મારી સુધાર્યું 'ટિળક સૂટલે' (ટિળક છૂટ્યા).

આ રીતે મરાઠી ભાષા ઘડાતી ગઈ અને તેને ગ્રંથસાહિત્ય, પત્રકારત્વ અને રંગભૂમિની સમૃદ્ધ પરંપરા મળી; પણ આજે આ પરિસ્થિતિ થોડીક બદલાઈ રહી છે. અન્ય પ્રાદેશિક ભાષાઓની જેમ જ આ ભાષા પર ફરી પાછો અંગ્રેજી ભાષાનો પ્રભાવ વધવા લાગ્યો છે. મહારાષ્ટ્રમાં જ્ઞાનભાષા તરીકે અંગ્રેજીનો પ્રચાર અંગ્રેજી માધ્યમની શાળાઓ દ્વારા ફરી વધવા લાગ્યો છે. તે સમયે વિશ્વકોશો જેવા સાહિ-ત્યની જરૂરિયાત પણ વધુ પ્રસ્તુત બની છે. એક સમયે સંસ્કૃત, એ પછી અંગ્રેજી અને હવે પાછી અંગ્રેજી એવી પરિસ્થિતિમાં આપણે ફરી મુકાવા લાગ્યા છીએ. આ જો એક ઐતિહાસિક અપરિહાર્યતા હોય તો 'ગ્લોબલાઇઝેશન' અને કમ્પ્યૂટરના આ યુગમાં તેને કઈ રીતે ખાળી શકાય કે ખાળવી યોગ્ય છે કે કેમ એ પ્રશ્ન પણ ઊભો થાય. આપણી જાતિના લાખથી વધારે વર્ષના ઇતિહાસમાં અનેક ભાષાઓ જન્મી અને લુપ્ત થઈ એવું તો આપણી પ્રાદેશિક ભાષાઓનું નહિ થાય ને એ પ્રશ્ન મને ક્યારેક મૂંઝવે છે. ગુજરાતીમાં નરસિંહ, સુન્દરમ્, મેઘાણી અને મરીઝ સદા વંચાતા રહે એમ હું ઇચ્છું. એવી જ રીતે મરાઠીમાં જ્ઞાનેશ્વર, તુકારામ, કેશવ_સુત, સાને ગુરુજી, પુ. લ. દેશપાંડે, ભાલચંદ્ર નેમાડે અને મહિલાઓ તથા દલિત લેખકોએ લખેલાં આત્મચરિત્રો સદા વંચાતાં રહે એવું હું ઇચ્છું. જ્ઞાનભાષા તરીકે અંગ્રેજી ભાષાને આત્મસાત્ કરીને તેનો ઉપયોગ આપણે કરવો જ પડશે, પણ સાથે સાથે આપણી ભાષાઓને પણ આપણે સમૃદ્ધ બનાવતાં રહેવું પડશે.

મરાઠીમાં વિશ્વકોશ રચવાનું પહેલું કાર્ય ડૉ. શ્રીધર વ્યંકટેશ કેતકરે કર્યું. તેમનો 'જ્ઞાનકોશ' તેમણે એકલે હાથે પૂરો કર્યો; એટલું જ નહિ, પણ હિંદી અને

ગુજરાતી ભાષાઓમાં પણ જ્ઞાનકોશ તૈયાર કરવાનો યત્ન કર્યો, પણ તેમના હિંદી–ગુજરાતી જ્ઞાનકોશો અધૂરા રહ્યા. હાલમાં જે મરાઠી વિશ્વકોશ સુલભ છે તે મહા-રાષ્ટ્ર રાજ્યની દેખરેખ અને મદદથી રચાયેલો છે. મહારાષ્ટ્ર રાજ્યની રચના પછી આ વિશ્વકોશની રચનાનું કાર્ય શરૂ થયું. એના પ્રમુખ સંપાદક પંડિત લક્ષ્મણશાસ્ત્રી જોષી એક વિશિષ્ટ વ્યક્તિ હતા. તેમની 'તર્કતીર્થ' ઉપાધિ તેમનું ભારતીય સંસ્કૃતિ, તત્વજ્ઞાન અને સંસ્કૃત સાહિત્યનું જ્ઞાન સૂચવે છે. પણ તેઓ રૉયિસ્ટ અને પ્રખર બુદ્ધિપ્રામાણ્યવાદી હતા. પશ્ચિમી સંસ્કૃતિ અને વિજ્ઞાનથી પરિચિત હતા. મહારાષ્ટ્ર શાસન (રાજ્ય માટે આ શબ્દ પણ તેમણે જ આપેલો.) પર કેટલીક બાબતોમાં તેમનો પ્રભાવ પણ સારો હતો. તેમની કાબેલિયતને કારણે તેમને વિદ્વાનોનો સહકાર પણ બહુ સારો મળ્યો. મરાઠી વિશ્વકોશની નિર્મિતિ માટે મહાબળેશ્વર પાસેના વાઈમાં કાર્યાલય સ્થાપવામાં આવ્યું અને વીસ ખંડોનો આ મરાઠી વિશ્વકોશ એક મહત્વનો વિશ્વકોશ બની રહ્યો.

વિશ્વકોશ લખવાનું કામ શરૂ થયું અને વાઈ ગામ વિશ્વકોશનગરી બની ગયું. વિશ્વકોશના કાર્યાલયમાં એક વિશાળ ગ્રંથાલય બન્યું, જેમાં 1973 સુધી એકત્રીસ હજારથી વધારે પુસ્તકો વસાવવામાં આવ્યાં. તેમાં ભારતની જુદી જુદી ભાષાઓમાં ઉપલબ્ધ એવા જૂના કોશો અને અંગ્રેજી ભાષાના અનેક પ્રકારના કોશોનો પણ સમાવેશ થતો હતો. એ ઉપરાંત તાજી ઘટનાઓની નોંધ લેનારાં અનેક સામયિકો પણ હતાં. 'એશિયન રેકૉર્ડર', 'આફ્રિકન રેકૉર્ડર', કિસિંગનું 'વર્લ્ડ ઇવેન્ટ્સ ડાયરી' વિશેષ ઉલ્લેખનીય છે. વિશ્વકોશને અદ્યતન બનાવવા માટે સંપાદક અને તેના સહ-કાર્યકરોએ પૂરો પ્રયત્ન કરેલો એવું આ પરથી દેખાય છે.

વિશ્વકોશ એકંદરે સત્તર હજાર પૃષ્ઠોનો (દરેક પૃષ્ઠ પર સાતસો પચાસ શબ્દો) થાય એવી યોજના કરવામાં આવી. માનવવિદ્યાઓ માટે આઠ હજાર પચાસ પાનાં અને વિજ્ઞાનની વિદ્યાશાખા માટે એટલાં જ પાનાં લખાય એવું નક્કી થયું. પહેલા સત્તર ખંડોમાં અધિકરણો અને છેલ્લા ત્રણ ગ્રંથોમાં નકશાઓ, પરિભાષા વગેરે આપવાનું નક્કી થયું. સાહિત્ય, કલા, ઇતિહાસ વગેરેનાં અધિકરણોમાં મહા-રાષ્ટ્ર, ભારત અને વિશ્વ એ ક્રમને મહત્વ આપવામાં આવ્યું. વિજ્ઞાનો વિશેના લેખોમાં આવી કોઈ પ્રાથમિકતા આપવામાં આવી નથી અને જે તે વિજ્ઞાનક્ષેત્રમાં જે તે વિષયનું મહત્વ લક્ષમાં રાખવામાં આવ્યું છે.

વિશ્વકોશમાં લેખોની સાથે આકૃતિઓ, રેખાચિત્રો, કોષ્ટકો, તસવીરોનો જરૂર પડ્યે ઉપયોગ કરવામાં આવ્યો છે. આ વિશ્વકોશની એક વિશિષ્ટતા એ છે કે દરેક ખંડના અંતે એંશીથી નેવું પાનાં જેટલાં 'ચિત્રપત્રો' અપાયાં છે. આ ચિત્રપત્રો આર્ટ પેપર પર છે અને તેમના પરના ફોટોગ્રાફો ખંડને આકર્ષક બનાવે છે. બીજા ખંડમાં રાજા રવિ વર્મા, રાફાએલની સુંદર કલાકૃતિઓ જોવા મળે છે.

આ વિશ્વકોશની એક ખાસિયત એ વિશ્વકોશમાં શું નથી એ કહેવાથી પ્રગટ થશે; દા.ત., તેમાં અંકશાસ્ત્ર (ન્યૂમરૉલૉજી) વિશે કોઈ માહિતી નથી. એ જ પ્રમાણે જ્યોતિષ વિશે કોઈ માહિતી નથી. 'અંક' પરનું અધિકરણ આંકડાઓના ઇતિહાસ અને સંખ્યા વિશે ગાણિતિક માહિતી આપે છે; પણ માણસના નામ પરથી તેનો અંક નક્કી કરીને તેના ભવિષ્યનું કથન કરનારા અંકશાસ્ત્ર વિશે કાંઈ કહેવાયું નથી. ખગોળશાસ્ત્ર સંબંધિત અનેક અધિકરણો છે. જોકે ગ્રહો તારાની સ્થિતિ પરથી ભવિષ્યકથન કરનારા અને મારી દૃષ્ટિએ જ્યોતિષ જેવા 'કહેવાતા શાસ્ત્ર' વિશે આ વિશ્વકોશ મૌન સેવે છે; આ પરથી સંપાદકોનું વલણ સ્પષ્ટ થાય છે. પણ સાથે સાથે એ પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે કે ઘણા લોકો જેને શાસ્ત્ર તરીકે સ્વીકારે છે તેનું વિશ્વકોશમાં શું સ્થાન હોય ?

આ વિશ્વકોશના ભૂમિકાખંડમાં કોશ જોવો સહેલો પડે તે માટેની માહિતી આપી છે અને કોશકારે કઈ કઈ બાબતો લક્ષમાં રાખવી જોઈએ તેનો નિર્દેશ પણ કરવામાં આવ્યો છે. આમાંની ઘણી બાબતો એક કે બીજા સંદર્ભમાં આ પરિસંવાદમાં કહેવામાં આવેલી છે તેથી તેની પુનરુક્તિ હું કરતો નથી.

તાજેતરમાં એક નિરીક્ષણ દ્વારા માલૂમ પડ્યું છે કે આપણા રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ લેવા આવનાર બાળકોમાંનાં 59 % બાળકો પ્રાથમિક શિક્ષણ પૂરું કરતાં નથી અને તે પહેલાં જ શાળા છોડી દે છે. ગુજરાત જેવા સંપન્ન અને પ્રગતિશીલ રાજ્યમાં આ પરિસ્થિતિ હોય એ આપણને સહુને અસ્વસ્થ બનાવે તેવી બાબત છે. આ પરિસ્થિતિમાં આપણા સહુની જવાબદારી વધી જાય છે અને લોકોની ભાષામાં જ્ઞાન મેળવવાનાં સાધનો પૂરાં પાડવાનું કાર્ય આપણે અનેક પ્રકારે વિકસાવવું પડશે તેની પ્રતીતિ કરાવે છે.

# બંગાળી વિશ્વકોશ

**અનિલા દલાલ**

14

ભારતીય ભાષાઓમાં ઓગણીસમી સદીમાં વિશ્વકોશ માટેના પહેલા પ્રયાસો બંગાળીમાં જોવા મળે છે. બંગાળમાં આ પ્રકારના ગ્રંથો પહેલવહેલા ઓગણીસમી સદીના નવજાગરણની પશ્ચાદભૂમિકામાં સંકલિત થયા છે. આ સમગ્ર સંકલનપ્રક્રિયા વિશેષે કરીને રાષ્ટ્રીય ચેતનાના ક્રમવિકાસના ઇતિહાસની સાથે જોડાયેલી છે. રાજા રાધાકાન્ત દેવ, રેવરન્ડ કૃષ્ણમોહન બંદ્યોપાધ્યાય જેવા મનીષીઓનાં નામ આ સંદર્ભમાં સ્મરણીય બને છે.

રાધાકાન્ત દેવ દ્વારા સંકલિત ગ્રંથ 'શબ્દકલ્પદ્રુમ' હતો અને તે વિશ્વકોશની સમકક્ષ હતો. પરિશિષ્ટ સાથે તે આઠ ખંડમાં પ્રકાશિત થયો છે. તેના સંકલન–પ્રકાશન-કાર્યમાં લગભગ 40 વર્ષ (1822થી 1858) જેટલો સમય ગયો હતો. અઢળક ધન ખર્ચી, અનેક પંડિતોનો સહયોગ લઈ, સંપાદિત કરેલા આ ગ્રંથનું રાધાકાન્ત દેવે વિના મૂલ્યે વિતરણ કર્યું હતું. દેશવિદેશના બૌદ્ધિકોએ તેમને સાદર અભિનંદન પાઠવ્યાં હતાં અને એ આદર આજ સુધી અક્ષુણ્ણ રહ્યો છે. ગ્રંથનાં એકાધિક સંસ્કરણ અને પુનર્મુદ્રણ થયાં છે. 'શબ્દકલ્પદ્રુમ'ના પ્રકાશન પછી થોડા સમયે પ્રસિદ્ધ પંડિત તારાનાથ તર્કવાચસ્પતિએ અઢાર વર્ષના પ્રયાસો પછી બીજા એક ગ્રંથનું સંકલન કર્યું હતું; છ ખંડ ધરાવતા આ ગ્રંથનું નામાભિધાન 'વાચસ્પત્ય' રાખ્યું (1873–1884). એમાં 'શબ્દકલ્પદ્રુમ'ની ત્રુટિઓ પરિપૂર્ણ કરવાના ઉદ્દેશને લક્ષ્યમાં રાખી ઘણા નવા શબ્દો ઉમેરાયા છે અને શબ્દની વ્યુત્પત્તિનો

નિર્દેશ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

બંગાળી વિશ્વકોશના નિર્માણકાર્યમાં અગ્રેસર છે વિલિયમ કૅરીના પુત્ર ફૅલિક્સ કૅરી (મૃ. 1822). તેમણે બંગાળીમાં એક વિશ્વકોશ જેવા કાર્યનો આરંભ 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'ને આધારે કરેલો. 1819થી 1821 સુધી 'વિદ્યાહારાવલિ' નામના કોશનું આયોજન કરેલું, પણ લેખકના અકાળ અવસાનથી આ યોજનામાં પહેલા બે અંશ 'વ્યવચ્છેદ વિદ્યા' તથા 'સ્મૃતિશાસ્ત્ર'થી આગળ વધી શકાયેલું નહિ. કાલીકૃષ્ણ દેવ બહાદુર-સંકલિત અને અનૂદિત 'સંક્ષિપ્ત સવિદ્યાવલિ'(1833)નું નામ પણ અહીં ઉલ્લેખયોગ્ય છે. વર્ષો પછી હિંદુ કૉલેજના વિદ્યાર્થી અને જેમણે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો હતો તે કૃષ્ણમોહન બંદ્યોપાધ્યાયે (1813–1885) આ પ્રકારનો એક વિશ્વકોશ તૈયાર કર્યો, જેને 'વિદ્યાકલ્પદ્રુમ' અથવા 'એન્સાઇક્લોપીડિયા બેંગાલેનસિસ' કહેવામાં આવ્યો. એની અંગ્રેજી–બંગાળી દ્વિભાષિક આવૃત્તિ પણ પ્રકટ થઈ. તેના તેર ખંડ 1846થી 1851માં પ્રકાશિત થયેલા અને તેમાં ઐતિહાસિક પ્રબંધો, ભૂમિતિ, ભૂગોળ, નીતિ વિશે ઉપદેશાત્મક નિબંધો હતા. તે ઉપરાંત વાર્તાઓનાં અનુવાદ કે રૂપાંતરો તેમજ કેટલાક લેખકોની કૃતિઓની પણ પસંદગી થઈ હતી. તેનું આયોજન વિદ્યાલયોને ધ્યાનમાં રાખીને થયું હતું. સરાસરી પાઠ્યપુસ્તકના લેખકોની તુલનામાં બંદ્યોપાધ્યાયની શૈલીમાં એક સ્પષ્ટ સુધારો હતો. વિવિધ વિદ્યાશાખાઓને સમાવિષ્ટ કરવા છતાં એને ખરેખરો વિશ્વકોશ કહેવો કે કેમ તે સંદેહભર્યું છે.

ત્રણ ભાગમાં, 1650 પાનાંમાં સમાપ્ત (1882–1892) ભારતવર્ષ સંબંધિત વિભિન્ન વિષયોનો વિવરણપૂર્ણ 'ભારતકોશ' વર્ણાનુક્રમે આયોજિત એવો પ્રથમ વિશ્વકોશ છે. 1880થી આ કોશ ખંડશઃ પ્રસારિત કરવામાં આવ્યો હતો; રાજકૃષ્ણ રાય અને શરતચંદ્ર દેવ આના સંકલનકર્તા હતા. છતાં, ગ્રંથ પાઠકોને એટલો વાચનક્ષમ ના બનતાં, એનો જોઈએ એટલો સમાદર થયો નથી. બંગાળી વિશ્વકોશના ઇતિહાસમાં (અને ભારતીય કોશોમાં પણ) શ્રી નગેન્દ્રનાથ બસુ-સંપાદિત 'વિશ્વકોશ' ગ્રંથ એક ગૌરવસ્તંભ છે. આજ સુધી બંગાળીમાં આ જ એકમાત્ર સુપરિચિત અને સુસંપૂર્ણ વિશ્વકોશ રહ્યો છે. 1886માં પહેલો ખંડ રંગલાલ મુખોપાધ્યાય અને ત્રૈલોક્યનાથ મુખોપાધ્યાય એ બે ભાઈઓએ આયોજિત કર્યો હતો. પછી નગેન્દ્રનાથે અનેક વિદ્વાન લેખકોના સહકારથી 22 ખંડો સંપાદિત કર્યા. તેનું પ્રકાશન 1911માં પૂરું થયું હતું. 1933થી 1938 દરમિયાન નગેન્દ્રનાથે બંગાળી વિશ્વકોશના બીજા સંસ્કરણના ચાર ખંડ પ્રકટ કર્યા હતા, પરંતુ 1938માં તેમના નિધનને કારણે આ નવું સંસ્કરણ અધૂરું રહ્યું. વિશ્વકોશના બીજા સંસ્કરણ માટેની સૂચનાથી અમૂલ્યચરણ વિદ્યાભૂષણે તેમના 'બંગીય મહાકોશ'ના પ્રકાશનનું કાર્ય શરૂ કર્યું હતું, પણ થોડા જ વખતમાં તેમનું અવસાન થયું. આમ બંને સંપાદકોના પરલોકગમનને

કારણે બંને ગ્રંથોની પ્રગતિ અટકી ગઈ હતી. વિશ્વકોશના 4 ખંડ અને મહાકોશના 2 ખંડ અને ત્રીજા ખંડનો કેટલોક અંશ માત્ર પ્રકટ થયા હતા.

નગેન્દ્રનાથ બસુનો વિશ્વકોશ સીમાસ્તંભરૂપ હોઈ તેના વિશે વિગતે વાત કરીશ. કોશના પહેલા પાના પર કોશના વિષયો અને ઉપયોગિતા વિશે સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે. લખે છે :

વિશ્વકોશ
અર્થાત્

સંસ્કૃત, બંગાળી અને ગ્રામ્ય શબ્દોનાં અર્થ અને વ્યુત્પત્તિ; અરબી, ફારસી, હિંદી વગેરે ભાષાઓના ચલિત શબ્દો અને તેમના અર્થ; પ્રાચીન અને આધુનિક ધર્મસંપ્રદાયો અને તેમની માન્યતાઓ; મનુષ્યતત્વ અને આર્ય તથા અનાર્ય જાતિઓના વૃત્તાંત; વૈદિક, પૌરાણિક તથા ઐતિહાસિક એવી બધા દેશોની પ્રસિદ્ધ વ્યક્તિઓનું વર્ણન; વેદ, વેદાંગ, પુરાણ, તંત્ર, વ્યાકરણ, અલંકાર, છંદોવિદ્યા, ન્યાય, જ્યોતિષ, અંક, વનસ્પતિ, રસાયણ, ભૂતત્વ, પ્રાણીતત્વ, વિજ્ઞાન; ઍલોપથી, હોમિયોપથી, વૈદક અને હકીમી વગેરે પ્રકારની ચિકિત્સાપ્રણાલી તથા વ્યવસ્થા; કલા, જાદુ, કૃષિતત્વ, પાકવિદ્યા વગેરે જુદાં જુદાં શાસ્ત્રોનો સારસંગ્રહ; અ-કારાદિ વર્ણાનુક્રમિક બૃહત્ કોશ.

આમ પહેલા પાના પર વ્યવસ્થાપદ્ધતિ તેમજ સમાવિષ્ટ વિષયોનો નિર્દેશ કરી દેવામાં આવ્યો છે. આવો નિર્દેશ દરેક ખંડમાં મૂકેલો છે. પહેલા ત્રણ ખંડો સંપૂર્ણપણે સ્વરો માટે છે. ચોથા ખંડથી વ્યંજન ‘ક’ શરૂ થાય છે. આ કોશમાં પર્યાય આપવાનું વલણ વધારે જોવા મળે છે; દા.ત., જગદીશ્વરી, ભગવતી, પાર્વતી. તેમ છતાં ઉપલબ્ધ તેમજ જરૂરી સામગ્રી આપવાનો કોશકારનો પ્રયત્ન રહ્યો છે. હું શલાકા-પરીક્ષા રૂપે વ્યંજન ‘જ’ના ખંડમાંથી થોડાં ઉદાહરણો લઉં છું; તે જોતાં 100 વર્ષ પહેલાં સંકલિત કરેલા આ વિશ્વકોશના રચયિતાના મનમાં કેવી વિભાવના હતી તેનો ખ્યાલ આવશે :

જગજીવનદાસ : સતનામી સંપ્રદાયના પ્રવર્તક એક મહાત્મા અને તેમના જીવન વિશે માહિતી.

જગદીશ તર્કાલંકાર : સુપ્રસિદ્ધ નૈય્યાયિક – તેમના વિશે ત્રણ પાનાં માહિતી.

જગન્નાથ : અહીં ઓરિસાના જગન્નાથ મંદિર વિશે, દેવો વિશે, લગભગ 35 પાનાં ભરીને માહિતી મળે છે. જગન્નાથ, સુભદ્રા, બલરા-

મની મૂર્તિઓ તેમજ મંદિરનાં ચિત્રો પણ આપ્યાં છે તો 'નીલાદ્રિમહો-દય' (જગન્નાથનું મંદિર જે સ્થળ પર બનેલું છે તે 'નીલાંચલ' કહેવાય છે) તેમજ 'પુરુષોત્તમ માહાત્મ્ય' – બંનેમાંથી દીર્ઘ સંસ્કૃત ઉદ્ધરણો મૂક્યાં છે. (આવે વખતે કોશમાં સમાવિષ્ટ અધિકરણના પ્રમાણ વિશેનો પ્રશ્ન આપણા મનમાં ઊઠે.)

જંગમ : જંગમ અથવા વીરશૈવ. દક્ષિણ ભારતના કર્ણાટકમાં થયેલા જંગમોનો વાસ વગેરેની માહિતી આપ્યા પછી 12મી સદીમાં જે 'વીરશૈવ' સંપ્રદાય થઈ ગયો તેની ઝીણવટભરી માહિતી છે – એમનો કોઈ નિવાસ નહિ, જ્યાં જાય ત્યાં વાસ. બસવેશ્વર (બસવન્ના), અલ્લમ્ પ્રભુ, દાસીમૈયા અને અક્કામહાદેવી એ વીરશૈવ સંપ્રદાયના આચાર્યો વિશે પણ ટૂંકમાં વાત કરી લીધી છે.

આ સામગ્રી આમાં હોય તેથી થોડું આશ્ચર્ય પણ થાય; કારણ કે 'જંગમ' એ એ સંપ્રદાયની કૂટ સંજ્ઞા – રહસ્યભરી સંજ્ઞા છે – એમાં આ રીતનું વિસ્તરણ અને પ્રમાણભૂતતા નવાઈ પમાડે છે. 'જગન્નાથ' વિશે લાંબી માહિતી છે. તો 'જામામ-સ્જિદ' વિશે પણ છે. 'જયપુર' અને 'જલપાઈગુડી' બે સ્થળોને પણ લીધાં છે અને એ વિશે નોંધો પણ છે. એટલે કે, ધર્મની સાથે ઇતિહાસ પણ છે, ભૂગોળ પણ છે.

એ સમયે જ્ઞાન-વિજ્ઞાનની માહિતી તેમજ ભારતના પ્રાંતીય વિભાગોની માહિતી પણ એટલી સુલભ નહોતી, એટલે એ પ્રવિધિઓ આ કોશમાં ન હોય તે સમજી શકાય છે; પણ આ કોશનું એટલે જ એક ઐતિહાસિક દસ્તાવેજ તરીકે મહત્વ છે; છતાં જે સૈદ્ધાંતિક કે વિભાવનાત્મક પ્રવિધિઓ કોશમાં મળે છે તે બધી આજે પણ પર્યાપ્ત છે; દા. ત., 'મ' વ્યંજનમાંથી પસાર થતાં 'મીમાંસા' વિશેનું અધિકરણ 16 પાનાંનું મળ્યું. એમાં તેમણે ભારતીય ષડ્દર્શનની વિસ્તૃત માહિતી આપી છે. 'મીરાંબાઈ'નું અધિકરણ છ પાનાં ભરીને છે. 'મુદ્રા' અને 'મુદ્રાતત્વ' જેને Numismatics ('ચિહનાંકિત ધાતુખંડ') કહે છે તે પ્રવિધિ પાશ્ચાત્ય, પ્રાચ્ય, ભારતીય – એમ ત્રણેયમાં આવતી મુદ્રાતત્વની માહિતી આપે છે – 40 પાનાં લીધાં છે. 'મુસલમાન ધર્મ', 'મોક્ષ', 'મૃત્યુ' વગેરેમાં પણ ઝીણવટભરી સામગ્રી મળે છે.

આ બે શલાકા-પરીક્ષાથી પ્રતીત થશે કે પહેલા પૃષ્ઠ પર વિષયોનો જે નિર્દેશ કરેલો છે તે વિષયો આવરી લેવાયા છે. એ સમયે સામગ્રીની પ્રાપ્તિના અનેક પ્રશ્નો હોવા છતાં આ રીતનો પ્રયત્ન પ્રશંસા માગી લે છે. બસુએ હિંદી વિદ્વાનોના સહયોગ દ્વારા 1916થી 1931 દરમિયાન 24 ભાગમાં હિંદી વિશ્વકોશનું પણ પ્રકા-શન કર્યું, જેનો મૂલાધાર એમનો બંગાળી વિશ્વકોશ હતો. જોકે એમણે પ્રથમ ખંડની ભૂમિકામાં સ્પષ્ટ કર્યું છે કે હિંદી વિશ્વકોશ બંગાળી વિશ્વકોશનું ભાષાંતર નથી, પણ સ્વતંત્ર હિંદી સંસ્કરણ થઈ રહ્યું છે, કારણ કે બંગાળી વિશ્વકોશને સંપૂર્ણ કરવામાં

27 વર્ષો વીત્યાં તે દરમિયાન વૈજ્ઞાનિક અને ઐતિહાસિક જગતની લગભગ કાયાપલટ થઈ ગઈ છે. 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'માં ઘણા વિષયો સમાવિષ્ટ હોવા છતાં વૈદિક યુગથી આધુનિક યુગ સુધીના ભારત સંબંધી ઘણા વિષયો એમાં નથી. – દા. ત., વ્યાસનું નામ પણ નથી. બસુએ તેમના બંગાળી વિશ્વકોશમાં ભારતવર્ષમાં જાણવાયોગ્ય વિષયો સન્નિવિષ્ટ કર્યા છે, તેમજ દરેક વિષયનો સંદર્ભ તેમજ સંશોધન આપ્યાં છે.

ઉપર ઉલ્લેખિત કર્યા છે તે બધા વિશ્વકોશ લગભગ વ્યક્તિગત પ્રયાસનું પરિણામ હતા; પરંતુ સ્વતંત્રતા મળ્યા પછી પ્રાદેશિક ભાષાઓમાં વિશ્વકોશ ઉપલબ્ધ કરી આપવાનું ત્રીજી પંચવર્ષીય યોજનામાં સ્વીકારવામાં આવ્યું, તેથી આ કાર્ય ભારતમાં સામૂહિક સહકારને ધોરણે યોજનાનો વિષય બન્યું. સરકારની આર્થિક સહાયથી આ યોજનાઓ ઘડાઈ અને અમલમાં મુકાઈ. 1959માં ભારત સરકાર અને પશ્ચિમ બંગાળની સરકારની સંયુક્ત સહાયથી બંગીય સાહિત્ય પરિષદે બંગાળી 'ભારતકોશ'નું આયોજન કર્યું અને તેના પાંચ ખંડો પ્રકટ કર્યા છે. 1964માં પહેલો ખંડ પ્રકટ થયો હતો, અને 1973માં પાંચમો.

'ભારતકોશ'ની પ્રથમ ખંડની સંપાદકમંડળીના સભાપતિ છે પ્રસિદ્ધ વિદ્વાન શ્રી સુશીલકુમાર ડે (એસ. કે. ડે) તો શ્રી સુનીતિકુમાર ચટ્ટોપાધ્યાય, શ્રી રમેશચંદ્ર મજુમદાર, શ્રી નિર્મલકુમાર બસુ, શ્રી ચિંતાહરણ ચક્રવર્તી, શ્રી રામગોપાલ ચટ્ટોપાધ્યાય, શ્રી ગોપાલચંદ્ર ભટ્ટાચાર્ય, શ્રી શશિભૂષણ દાસગુપ્ત અને શ્રી સજનીકાન્ત દાસ જેવા તે સમયના બંગાળના વિદ્વાન મનીષીઓ સંપાદકમંડળીમાં જોડાયેલા છે. પછીના ખંડોને પણ આવો જ સંપાદકમંડળીનો સહયોગ મળતો રહ્યો છે. થોડા ફેરફારો સાથે પહેલા ખંડમાં 'અઉઘડ'થી 'ઉમાકાન્ત સેન' સુધી, બીજામાં 'ઋગ્વેદ'થી 'કેરકેસ' સુધી, ત્રીજામાં 'ખઇ'થી 'થ્રમ્બોસિસ' સુધી, ચોથામાં 'દઇ'થી 'ફ્લેમિંગ' સુધી અને છેલ્લા પાંચમામાં 'વંશધર'થી 'વેબર (Weber) આલ્ફ્રેડ ફ્રીડરિખ' સુધી – એમ વર્ણાનુક્રમે શબ્દોની પ્રવિધિઓ મળે છે.

પ્રથમ ખંડની પ્રસ્તાવનામાં ઉદ્દેશો અને ઉપયોગિતા દર્શાવી સભાપતિએ આ ગ્રંથની રચનારીતિનો નિર્દેશ કર્યો છે. પૂર્વસૂરિઓને અનુસરી સમયને ઉચિત એવું નવું સ્વરૂપ આપવાનો પ્રયાસ છે. સામાન્ય બંગાળીને ઘણા વિષયોનો જ્ઞાનલાભ થાય તેમજ આધુનિક નવા વિષયોનો પરિચય થાય અને તે વિશે કુતૂહલ જાગ્રત થાય એ પ્રકારનું સંક્ષિપ્ત વિવરણ છે, વિષયો તો વિભિન્ન હોય જ. વિવરણ પાંડિત્યભર્યું ન થઈ જાય અથવા અતિવિસ્તારમાં ન ફેલાય એવી દૃષ્ટિ રાખી છે; પણ જેને વિશેષ જાણકારી મેળવવી હોય તેવા સંશોધકો માટે 'દ્ર' અથવા 'દ્રષ્ટવ્ય સ્તંભ'માં શિષ્ટ સંદર્ભગ્રંથોનો ઉલ્લેખ કરેલો છે. દરેક વિષયમાં તજ્જ્ઞો પાસે તે તે વિષયનાં અધિકરણો લખાવ્યાં છે. ફક્ત બંગાળના નહિ પણ ભારતના વિભિન્ન

પ્રાંતોના તેમજ ભારત બહારના વિદ્વાનોની સહાય લેવામાં આવી છે. અંગ્રેજીમાં પ્રાપ્ત થયેલી પ્રવિધિઓનો બંગાળીમાં અનુવાદ કરીને સમાવેશ કર્યો છે.

આ 'ભારતકોશ' બનાવતી વખતે એના સંપાદકોને જે એક પ્રશ્ને મૂંઝવ્યા છે તે છે બંગાળી જોડણીની અનિયંત્રિતતા. (ગુજરાતીમાં પણ થોડી આવી સ્થિતિ છે.) તેઓએ જણાવ્યું છે કે હજુ પણ જોડણી વિશે એક સર્વમાન્ય વ્યવસ્થા અસ્તિત્વમાં આવી નથી. ભારતકોશમાં મૂળ કોલકાતા વિશ્વવિદ્યાલય દ્વારા પ્રકાશિત 'બાંગ્લા બાનાનેર નિયમ' (બંગાળી જોડણીના નિયમો) અને રાજશેખર બસુના 'ચલન્તિકા' કોશને તેઓ અનુસર્યા છે. (જ્યાં વ્યતિક્રમ કર્યો છે ત્યાં તેનો ઉલ્લેખ જરૂરી ગણ્યો છે.) તેઓએ બીજો નિર્દેશ એ કર્યો છે કે બંગાળીમાં હલન્ત શબ્દો અંતમાં વપરાતા નથી, પરંતુ વિદેશી ભાષાના શબ્દોના ઉચ્ચાર પ્રસંગે જરૂર હોય ત્યાં આવા હલન્ત શબ્દોનો પ્રયોગ કર્યો છે; દા. ત., 'વિલ્ દાન દેન'. સામાન્ય રીતે તત્સમ શબ્દોની જોડણી સંસ્કૃત પ્રમાણે કાયમ રાખી છે, પણ ક્યાંક ક્યાંક સ્થળ પ્રમાણે વ્યતિક્રમ કર્યો છે. ક્યારેક તો લેખકોની ઇચ્છાને અનુસરી અત્યારે અપ્રચલિત એવી જોડણી રાખી છે. વિદેશી સ્થળ, વ્યક્તિ અને ગ્રંથના નામનું અંગ્રેજી રૂપાંતર (anglicised form) અથવા અંગ્રેજી ઉચ્ચારણ બંગાળીમાં પ્રયોજ્યાં છે. હાલ કોઈ કોઈ સ્થળે તે દેશની ભાષાના મૂળ ઉચ્ચાર પ્રમાણે લખવામાં આવે છે. દા. ત., 'પૅરિસ' નહિ, પણ 'પારી'; પણ સ્થળનું પરિચિત નામ મૂળ નામ પછી મૂકવામાં આવ્યું છે જેમકે 'હવીન' (વિયેના). ગ્રંથનું નામ મૂળ ઉચ્ચાર પ્રમાણે બંગાળીમાં લખીને એનો કૌંસમાં વાચ્યાર્થ આપ્યો છે; દા. ત., 'પ્રોમેથેઉસ દેસમોનેસ' (બંદી પ્રોમિથિઉસ). અલબત્ત, જેમ જેમ મુશ્કેલીઓ જણાતી ગઈ તેમ તેમ જોડણીવિષયક આ સિદ્ધાંતો ક્રમશઃ ગૃહીત કરવામાં આવ્યા છે; તેથી તે વિશે સમગ્રપણે એક સંગતિ તો ઊપસી આવી નથી.

છેલ્લે એક મહત્વનું સૂચન છે : જેમ કોશનું ટ્રસ્ટ હોય છે તેમ ભવિષ્યમાં વધારે સારાં પરિણામો માટે કોશની એક સ્થાયી, અલાયદી સંસ્થા – 'ભારતકોશ પ્રતિષ્ઠાન' – રચાય તે અત્યંત જરૂરી છે. પણ હજુ સુધી તો 'ભારતકોશ'નું બીજું સંસ્કરણ કે આવા પ્રકારના નવા જ બંગાળી વિશ્વકોશનું કામ થયું નથી.

# હિન્દી વિશ્વકોશ

**ગોવર્ધન શર્મા**

15

'જ્ઞાનકોશ' અને 'વિશ્વકોશ'ને સાહિત્યિક કોશો અંતર્ગત સ્થાન આપવામાં આવે છે. 'શબ્દકોશ'માં જેવી રીતે શબ્દનું અધ્યયન કરી, તેની વ્યાખ્યા આપવામાં આવે છે, તેવી જ રીતે 'જ્ઞાનકોશ' કે 'વિશ્વકોશ'માં કોઈ પણ વિશેષ વિષયવસ્તુ યા ઉપકરણના સંબંધમાં સંપૂર્ણ માહિતી આપવામાં આવે છે. 'શબ્દકોશ'નું ક્ષેત્ર 'શબ્દ'ની 'પરિધિ'માં જ સીમિત રહે છે. પરંતુ 'વિશ્વકોશ'ના ક્ષેત્રમાં એવી કોઈ સીમાનો સ્વીકાર કરવામાં આવતો નથી. તેની 'પરિધિ' યા તેના 'વૃત્ત'માં જ્ઞાનની કોઈ પણ સીમાનો સ્વીકાર કરવામાં આવતો નથી.[1] તેના 'વૃત્ત' યા 'પરિધિ'માં જ્ઞાનના કોઈ પણ ક્ષેત્રની સાથે સંબંધિત વિષયવસ્તુ સ્થાન પામી શકે છે. વિશ્વકોશનો અંગ્રેજી પર્યાય છે 'એન્સાઇ-ક્લોપીડિયા'. પ્રારંભમાં વિશ્વકોશનો અર્થ એવો કરવામાં આવતો હતો કે જેમાં જ્ઞાન-વિજ્ઞાનની સમસ્ત શાખાઓના સમસ્ત વિવ-રણનું સંયોજન હોય, જે પ્રાચીનો – શિક્ષિતજનોને કામ્ય હતું. શિક્ષણના ઉદાર અભિગમ દ્વારા જે કંઈ પણ જાણવા જેવું હોય તેનો તેમાં સમાવેશ કરવામાં આવતો હતો.[2]

વસ્તુઓની પ્રકૃતિ અને પ્રગુણ, નિર્માણવિધિ, પ્રયોગવિ-ધિ તથા શક્તિનું વિવરણ પ્રસ્તુત કરવું એ વિશ્વકોશના ક્ષેત્રમાં છે. એમાં કલા અને વિજ્ઞાનના પ્રત્યેક અંગનો સામાન્ય પરિચય

1. ડૉ. દેવેન્દ્ર વર્મા : 'ભાષા' વિશ્વ હિન્દી સંમેલન અંક, પૃ. 289
2. એન્સાઇક્લોપીડિયા અમેરિકાના : ખંડ 10, પૃ. 3116

જ નહિ, તેની સૂક્ષ્મતમ અને પ્રાવિધિક પ્રક્રિયાઓ સુધી પહોંચવાનો પ્રયાસ પણ કરવામાં આવે છે. વિશ્વકોશની શબ્દાવલી અધિકાંશતઃ નામ-સંજ્ઞા સુધી જ સીમિત રહે છે. તેમાં વસ્તુઓનાં નામ, વિદ્યા-વિવરણ કે નિર્માણ-પ્રક્રિયા જ મુખ્ય પ્રતિપાદ્ય હોય છે.[3] જોકે વિશ્વકોશમાં વિભિન્ન વિષયો સાથે સંબંધ ધરાવતી પ્રામાણિક માહિતી આપવામાં આવે છે. એટલે સંપાદન કરતી વખતે વિભિન્ન વિષયોના વિદ્વાનોનો સહયોગ અપેક્ષિત રહે છે. જુદા જુદા વિષયોની સાથે સંબંધિત વિષયવસ્તુ પર તે તે વિષયોના માન્ય વિદ્વાનો પ્રામાણિક ટિપ્પણી લખે છે; જેને મુખ્ય સંપાદક કોશ-સિદ્ધાંતોને અનુરૂપ સંપાદિત કરી, સ્થાન આપે છે. અર્થ-વ્યંજના માટે રેખાચિત્રો, ફોટોગ્રાફો, નકશાઓ વગેરેનો ઉપયોગ પણ આવશ્યકતા પ્રમાણે કરવામાં આવે છે.

હિન્દી વિશ્વકોશના ક્ષેત્રમાં પહેલ કરવાનું શ્રેય બંગાળી વિદ્વાન શ્રી નગેન્દ્રનાથ બસુના ફાળે જાય છે. આપણા દેશમાં પ્રથમ આધુનિક વિશ્વકોશ શ્રી નગેન્દ્રનાથ બસુ દ્વારા સંપાદિત ‘બાંગ્લા વિશ્વકોશ’ છે, જે 22 ખંડોમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. તેનું પ્રકાશન 1911માં થયું. શ્રી બસુએ 19 વર્ષની ઉંમરે આ કાર્યનો પ્રારંભ કર્યો હતો અને 45 વર્ષની ઉંમરે તેઓ આ કાર્ય પૂર્ણ કરી શક્યા. ત્યારબાદ તેઓ પોતાના મિત્ર ન્યાયાધીશ શ્રી શારદાચરણ મિત્રના પ્રોત્સાહનથી હિન્દી વિશ્વકોશ તૈયાર કરવામાં લાગી ગયા. આ કાર્યમાં તેમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, છતાં આખરે 63 વર્ષની વયે પોતાના આ મિશનમાં સફળ થયા. શ્રી બસુના ‘બાંગ્લા વિશ્વકોશે’ દેશના બૌદ્ધિકોમાં એક લહેર પ્રગટાવી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ પોતાના ‘યંગ ઇન્ડિયા’ના 10મી જાન્યુઆરી, 1929ના અંકમાં આ કાર્યની અત્યંત પ્રશંસા કરી; એટલું જ નહિ, પોતાના કોલકાતા પ્રવાસમાં જ્યારે બાપુને ખબર પડી કે ‘વિશ્વકોશ’ના રચયિતા બીમાર પડ્યા છે ત્યારે તેમણે શ્રી બસુને મળવા જવાની પહેલ કરી. શ્રી બસુએ 1925થી 1932ની વચ્ચે 25 ભાગોમાં ‘હિન્દી વિશ્વકોશ’નું નિર્માણ કર્યું, જેનો મૂળાધાર ‘બાંગ્લા વિશ્વકોશ’ હતો. આ કાર્યમાં તેમણે પોતાના સમકાલીન હિન્દી ભાષાના અનેક વિદ્વાનોનો સહયોગ પણ લીધો. પોતાના ‘હિન્દી વિશ્વકોશ’ના પ્રથમ અંકની ભૂમિકામાં તેમણે લખ્યું છે કે ‘‘જે હિન્દી ભાષાનો પ્રચાર અને વિસ્તાર ભારતવર્ષમાં ઉત્તરોત્તર વધતો જાય છે તે ભારતની ભાવી રાષ્ટ્રભાષામાં એવા ગ્રંથનું ન હોવું, એ ઘણાં દુઃખ અને શરમનો વિષય છે. જોકે ઘણા દિવસોથી અમારી પ્રબળ ઇચ્છા હતી કે હિન્દી વિશ્વકોશના પ્રકાશનનું કામ હાથ પર લેવું, પરંતુ કેટલાંક કારણોસર એ ઇચ્છા પૂર્ણ ન થઈ શકી. અમે હિન્દી ભાષાના રસિકોની આજ્ઞાનું પાલન ન કરી શકયા ! હવે અમે આ બહુપરિશ્રમી અને વિપુલ વ્યયસાધ્ય કાર્યનો પ્રારંભ કર્યો છે.’’

---

3. ડૉ. અચલાનંદ જખમોતા : હિન્દી કોશ સાહિત્ય, પૃ. 21 –22

હિન્દી વિશ્વકોશના પોતાના આ સંપાદનમાં શ્રી બસુએ ઘણો જ વ્યાપક આધાર ગ્રહણ કર્યો છે. આમ તો વિશ્વકોશમાં પ્રાયઃ શબ્દો અને વ્યુત્પત્તિ જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવતો નથી. તેમનું ક્ષેત્ર છે 'શબ્દકોશ'. પરંતુ શ્રી બસુએ અરબી, ફારસી, પોર્ટુગીઝ, ઉર્દૂ વગેરે ભાષાઓના મહત્વપૂર્ણ અને પ્રચલિત શબ્દોનો સમાવેશ કર્યો છે અને વ્યુત્પત્તિની સાથે તેમની સમુચિત માહિતી પણ આપી છે. વિશ્વકોશમાં આવતા વિષયો તો તેમાં છે જ; ધર્મ, દર્શનશાસ્ત્ર, જ્ઞાન--વિજ્ઞાન, ચિકિત્સા, જ્યોતિષ, ગણિત, અભિયાંત્રિકી, કલા-કૌશલ, શિલ્પ, સમાજ--જીવન – એટલે સુધી કે કર્મકાંડના વિષયમાં પણ પ્રામાણિક સામગ્રીનું સમાયોજન કરવામાં આવ્યું છે. ઋષિ કપિલ, મહાત્મા ઈસા, ગૌતમ બુદ્ધ, તીર્થંકર મહાવીર, જરથોસ્ત જેવા આધ્યાત્મિક નેતાઓ; શાહજહાં, નેપોલિયન, મોહમ્મદ ઘોરી તથા નીરો જેવી ઐતિહાસિક વ્યક્તિઓની સાથે જ ભવાનંદ મજમૂદાર, રાજા રવિ વર્મા, લિયોનાર્ડો દ વિંચી, ન્યૂટન જેવા જુદાં જુદાં ક્ષેત્રોની મહત્વપૂર્ણ વ્યક્તિઓ-ના સંબંધમાં પણ અધિકૃત સામગ્રી આપવામાં આવી છે. ભલે તમે ઐતિહાસિક, ભૌગોલિક કે સાંસ્કૃતિક મહત્વનાં સ્થળોના વિષયમાં જાણવા માગો; ભલે તમે આપણા જ દેશના વિભિન્ન આદિવાસી સમુદાય જેવા કે કુકી, મુંડા, ભીલ, નાગા વગેરે પ્રજાતિઓથી પરિચિત થવા માગો, શ્રી બસુનો આ વિશ્વકોશ તમને નિરાશ નહિ કરે. વેદ, પુરાણ, જન્દ-અવસ્થા, બાઇબલ, કુરાન, ત્રિપિટકથી માંડીને મહ-ત્વપૂર્ણ સાહિત્યિક કૃતિઓની બાબતમાં વ્યવસ્થિત માહિતી મળી શકે છે; એટલું જ નહિ, પણ આ ગ્રંથમાં પ્રેત-વિધિ અને વિભિન્ન દેશો તથા સમાજોમાં પ્રચલિત તેનાં રૂપો પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. આમ શ્રી બસુ-રચિત આ હિન્દી વિશ્વકોશ સ્વતંત્રતા પૂર્વે આ દિશામાં થયેલા આપણા પ્રયત્નોનો દ્યોતક છે.

ઈ. સ. 1986માં આ ગ્રંથનું નવું સંસ્કરણ પ્રગટ કરવામાં આવ્યું. પચ્ચીસ ખંડોમાં પ્રકાશિત આ હિંદી વિશ્વકોશ મહાપંડિત રાહુલ સાંકૃત્યાયનની સ્મૃતિમાં અર્પિત છે અને તેમાં યથાસ્થાન નવીન સામગ્રીનો સમાવેશ પણ થયેલો છે. આશરે 768 પૃષ્ઠનો પ્રત્યેક ખંડ છે, માત્ર પચીસમો ખંડ કલેવરમાં 180 પૃષ્ઠનો છે.

જેવી રીતે 'બાંગ્લા વિશ્વકોશ'ના આધારે નગેન્દ્રનાથ બસુએ 'હિંદી વિશ્વ-કોશ'નું સંપાદન કર્યું, તેવી જ રીતે એક અન્ય પ્રયત્ન પણ થયો. મરાઠી વિશ્વકોશની રચના 23 ખંડોમાં શ્રીધર વ્યંકટેશ કેતકરે કરી. તેમણે પણ શ્રી બસુની જેમ જ તેના આધારે હિન્દી વિશ્વકોશના સંવાદનું વિચાર્યું. તેઓ આ દિશામાં સક્રિય થયા પણ કામ જામ્યું નહિ. શ્રી કેતકરે જે હિન્દી રૂપાંતર પ્રકાશિત કરવા વિચાર્યું હતું, તેના માત્ર બે જ ખંડ પ્રકાશિત થઈ શકયા. ત્યારબાદ આ કામ ત્યાં જ અટકી ગયું.

'નાગરી પ્રચારિણી સભા'એ 1954માં હિન્દી વિશ્વકોશના સંપાદન અને પ્રકાશનની એક નવી યોજના તૈયાર કરી. મૂળ યોજના પ્રમાણે 1000 પૃષ્ઠના 30

ખંડ તૈયાર કરવાના હતા. આ યોજના દસ-વર્ષીય હતી. આ કાર્ય માટે સભાએ 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા' ગ્રંથને પોતાના આદર્શ તરીકે નજર સમક્ષ રાખ્યો. ભારત સરકાર સમક્ષ આર્થિક સહયોગ માટે યોજના રજૂ કરવામાં આવી, પણ જેવું બહુધા સરકારી તંત્રમાં થાય છે તેવું આ બાબતમાં પણ થયું. સરકારે માત્ર 10 ખંડોના પ્રકાશનની અનુમતિ આપી અને પૃષ્ઠસંખ્યા પણ એક હજારને બદલે પાંચસો પૃષ્ઠની રાખવાનું સૂચન કર્યું. સ્વાભાવિક છે કે આ બંધનના ફળસ્વરૂપે સામગ્રીચયનમાં ઘણી મુશ્કેલીઓ ઊભી થઈ અને અધિકરણોને અપેક્ષિત વિસ્તાર આપી શકાયો નહિ. કમલાપતિ ત્રિપાઠી અને સુધાકર પાંડેના સંપાદન હેઠળ આ કાર્યનો પ્રારંભ ઈ. સ. 1956માં થયો. આ વિશ્વકોશ 12 ખંડોમાં 1970માં પૂર્ણ થયો. સભાએ વિશ્વકોશની રચનાનો ઉદ્દેશ આ પ્રમાણે જાહેર કર્યો : ''કલા અને વિજ્ઞાન-નાં વિભિન્ન ક્ષેત્રોમાં જ્ઞાન અને વાઙ્મયની સીમાઓ ઘણી વિસ્તૃત થઈ ગઈ છે. નવા અનુસંધાન, વૈજ્ઞાનિક આવિષ્કારો તથા દૂરગામી ચિન્તનોએ માનવજ્ઞાનનાં ક્ષેત્રોના વિસ્તારને ઘણો વ્યાપક કરી દીધો છે. જીવનનાં વિવિધ અંગોમાં વ્યાવહારિક અને સાહસપૂર્ણ પ્રયોગો દ્વારા વિચારો અને માન્યતાઓમાં અસાધારણ પરિવર્તનો થયાં છે. આ મહાન અને વર્ધનશીલ જ્ઞાનરાશિને દેશની શિક્ષિત તથા જિજ્ઞાસુ જનતા સમક્ષ રાષ્ટ્રભાષાના માધ્યમથી સંક્ષિપ્ત અને સુબોધ રૂપમાં રજૂ કરવાનો અમારો વિચાર છે.'' સભાએ કાર્ય માટે એક સમિતિની રચના કરી અને વિભિન્ન ક્ષેત્રની અઢીસોથી વધારે વિદ્વાન વ્યક્તિઓની સહાયતા લઈ, આ કાર્યને સંપન્ન કર્યું. આમ 1960માં પ્રથમ ખંડ પ્રકાશિત થયો.

'નાગરી પ્રચારિણી સભા' દ્વારા પ્રકાશિત આ 'હિન્દી વિશ્વકોશ'નું અભૂતપૂર્વ સ્વાગત થયું. 1970માં ત્રણેય ખંડ વેચાઈ ગયા અને તેમની માંગ નિરંતર ચાલુ જ રહી હતી. આવી સ્થિતિમાં નક્કી કરવામાં આવ્યું કે આ ગ્રંથની બીજી આવૃત્તિ પ્રકાશિત કરવી. માનવની જ્ઞાનવૃદ્ધિના પરિપ્રેક્ષ્યમાં જ્યારે બીજી સંશોધિત આવૃત્તિ પ્રગટ કરવામાં આવી ત્યારે તેમાં વૃદ્ધિ થાય તે સ્વાભાવિક જ હતું. 500 પૃષ્ઠને બદલે 600 પૃષ્ઠ અને પ્રથમ આવૃત્તિમાં 470 અધિકરણ હતાં તે વધીને અહીં 710 થયાં !

આ એક જ ઉદાહરણ પર્યાપ્ત છે કે વિશ્વકોશના ક્ષેત્રમાં કંઈ પણ અંતિમ હોતું નથી. વિશ્વકોશ-સંપાદન એક નિરંતર ચાલતી રહે તેવી પ્રક્રિયા છે. નવી નવી માહિતીઓનો સમાવેશ નિરંતર કરવો જ પડે છે એટલું જ નહિ, જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રમાં આપણી પ્રગતિને કારણે અનેક વિષયોમાં શાખા-પ્રશાખાઓ પલ્લવિત થતી રહી છે. અહીં માનવવિદ્યાની અંતર્ગત ગણવામાં આવતાં ઇતિહાસ, પુરાતત્ત્વ, રાજનીતિશાસ્ત્ર, સાહિત્ય, ભાષાવિજ્ઞાન, દર્શન, ધર્મ અને સંપ્રદાય, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, નૃ-શાસ્ત્ર, સમજ-કાર્ય-વિભાજન, લોકજીવન વગેરે અનેક વિષયોનો

સમાવેશ થયો છે. આ જ વાત અન્ય ક્ષેત્રોને પણ લાગુ પડે છે.

'નાગરી પ્રચારિણી સભા' દ્વારા પ્રકાશિત આ વિશ્વકોશમાં આવશ્યકતા અનુસાર ચિત્રો, રેખાચિત્રો, નકશા, ફોટોગ્રાફોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે પ્રથમ ખંડમાં 'અંક'થી 'ઇલેક્ટ્રૉન' સુધીની વૈવિધ્યપૂર્ણ સામગ્રી સમાવિષ્ટ છે. તેમાં આફ્રિકા પર ભૌગોલિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક – એમ બધા જ પ્રકારની સચિત્ર માહિતી આપવામાં આવી છે. આફ્રિકા ભૂખંડ, નામ, સ્થિતિ તથા વિસ્તાર, સીમા, સમુદ્રતટ, શોધખોળ, પ્રાકૃતિક બનાવટ, ઝરણાં, નદીઓ, જલવાયુ, ધરતી (માટી), પ્રાકૃતિક વનસ્પતિ, વન્યજંતુ, ખનિજ-સંપત્તિ, સિંચાઈ, કૃષિ, પશુપાલન, ઉદ્યોગ-ધંધા, પરિવહનનાં સાધનો, વ્યાપાર, નિવાસી આફ્રિકાના વિવિધ દેશ, વિદેશી આધિપત્ય, આફ્રિકાની ભાષાઓ, તેમનું સ્વરૂપ – બુશમૅન, બાંટૂ, સુડાની તથા સામી-હામી પરિવારની અન્ય ભાષાઓ, મુખ્ય વ્યક્તિત્વ. આ સામગ્રીને અધિક ગમ્ય બનાવવા આફ્રિકાના જંગલી જીવોનાં 14થી વધારે ચિત્રો પણ આપવામાં આવ્યાં છે; બે નકશાઓ છે તથા કેટલાંક રેખાચિત્રો પણ છે. સંપાદકોએ નવીનતમ સામગ્રીને સંક્ષેપમાં લાઘવ સાથે રજૂ કરી છે.

પહેલાં નિર્દેશ કરવામાં આવ્યું છે તેમ આ વિશ્વકોશમાં પ્રમુખ ઘટનાઓની સાથે પ્રમુખ વ્યક્તિત્વોના પરિચય પણ આપવામાં આવ્યા છે. અહીં પૌરાણિક પાત્ર અહિરાવણ છે તો ઇતિહાસનાં પાત્ર અહિલ્યાબાઈ અને સર સૈયદ અહમદ પણ છે. ખંડ 12માં 'સ-વર્ગીય યોગિક'થી 'હવાઇટ હેંડ, એલફ્રેડ-નાર્થ' સુધીની માહિતી અહીં છે તથા ચંદ્ર પર માનવીના વિજયથી અંતરીક્ષ-યાત્રા સુધીની સામગ્રી આ ગ્રંથમાં ઉપલબ્ધ છે. એ કહેવાની જરૂર નથી કે આ હિન્દીનો ગૌરવગ્રંથ છે.

હિન્દી વિશ્વકોશનાં અધિકરણોની ભાષા વિષે ઘણી પરેશાનીઓનો સામનો કરવો પડ્યો. વિભિન્ન વિષયોની પારિભાષિક અને તકનીકી શબ્દાવલી વિષે કેટલાક મતભેદ હતા. ડૉ. રઘુવીર બધા જ શબ્દોને સંસ્કૃત મૂળથી ગ્રહણ કરવાના પક્ષમાં હતા. તેમના 'પારિભાષિક શબ્દસંગ્રહ' (બે ખંડ) તથા 'વૈજ્ઞાનિક શબ્દાવલી' દ્વારા રૂપાયિત શબ્દોના પ્રયોગના પક્ષધર વિદ્વાનો આ નવી શબ્દાવલીનો જ ઉપયોગ કરવાના આગ્રહી હતા, તો બીજી બાજુ કેટલાક વિદ્વાનો ભારતીય ભાષાઓમાં પ્રચલિત વિદેશી શબ્દોને જેમના તેમ ગ્રહણ કરી લેવાનો આગ્રહ રાખતા હતા. ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રચાયેલી સમિતિએ આ વ્યર્થ વાદ-વિવાદ પર પૂર્ણ વિરામ મૂકી દીધું વ્યવસ્થિત શબ્દ સંગ્રહ પ્રકાશિત કરીને. એટલે આ સ્વીકૃત શબ્દાવલીનો જ પ્રયોગ સર્વત્ર કરવામાં આવ્યો છે.

'વિશ્વ જ્ઞાનસંહિતા' નામ દ્વારા વિષયાધારિત સંકલન પણ પ્રકાશિત થયાં છે. 'હિન્દી વિકાસ સમિતિ' ચેન્નઈ (મદ્રાસ) દ્વારા આ દિશામાં ઉપયોગી પગલું ભરવામાં આવ્યું છે. સન 1967માં મદ્રાસમાં હિન્દી વિકાસ સમિતિની સ્થાપના

થઈ. જેના દ્વારા મોટ્ટુરી સત્યનારાયણના નેતૃત્વમાં વિષય સંબંધિત જ્ઞાનકોશ તૈયાર કરવાનું વિચારવામાં આવ્યું. તેનું પ્રેરકબળ હતું તેલુગુ-વિશ્વકોશના 16 ખંડ. 'વિશ્વ જ્ઞાનસંહિતા'નું બાર ખંડોમાં આયોજન થયેલું છે. સામાજિક વિજ્ઞાનના ખંડમાં મનોવિજ્ઞાન, સમાજવિજ્ઞાન, માનવવિજ્ઞાન, શિક્ષણવિજ્ઞાન વગેરેની માહિતીનો સમાવેશ થયેલો છે. તેમાં બધા જ પ્રકારની સામગ્રીનું સંકલન ન કરતાં વિષય--વિશેષની સામગ્રીનો જ સંચય કરવામાં આવ્યો છે. વિશ્વકોશનો જ્ઞાનકોશરૂપી આ પ્રયોગ પણ પ્રકાશિત થઈ ગયો છે.

ભારત સરકાર તરફથી તેના પ્રકાશન વિભાગે કિશોરોને ધ્યાનમાં રાખી 'જ્ઞાનસરોવર' નામક ગ્રંથ-શૃંખલા પ્રકાશિત કરી છે. 'ચિલ્ડ્રન્સ એન્સાઇક્લોપીડિયા'થી પ્રેરિત આ સચિત્ર પ્રકાશન પોતાના વિસ્તાર અને આયોજનની અમુક મર્યાદાઓને કારણે 'કિશોર વિશ્વકોશ' બની શક્યો નથી.

આ પ્રમાણે આપણે અહીં હિન્દી વિશ્વકોશની ગાથાનો સંક્ષિપ્ત પરિચય પ્રાપ્ત કર્યો છે.

# ગુજરાતીમાં વિશ્વકોશપ્રવૃત્તિ

ચંદ્રકાન્ત ટોપીવાળા

16

અમેરિકામાં ‘એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા’ની મુદ્રિત આવૃત્તિઓ પાણીના મૂલે લોકો વેચાણમાં કાઢી રહ્યા છે. એનું કારણ માહિતીક્રાંતિને લીધે માહિતીજગતમાં એની સીડી હોય અને રેમ આવૃત્તિઓ ઉપલબ્ધ બની છે અને આજના જ્ઞાનકામગારો(knowledge workers)નો માહિતી-અનુભવ (infosense) હવે એ જ રીતે તૈયાર થઈ રહ્યો છે, ત્યારે ગુજરાતીમાં મુદ્રિત થતો વિશ્વકોશ પણ બહુ થોડા સમયમાં કમ્પ્યૂટરના પડદે પહોંચશે એમાં શંકા નથી, પણ એ દરમિયાન ગુજરાતી ભાષામાં જ્ઞાનકોશ કે વિશ્વકોશના પ્રારંભિક પ્રયત્નોથી માંડી અદ્યતન પ્રયત્ન સુધીનો એનો ઇતિહાસમાર્ગ જોઈ લેવા જેવો છે.

ભારતીય ભાષાસાહિત્યમાં અન્ય સ્વરૂપોની જેમ જ્ઞાનકોશ કે વિશ્વકોશનું સ્વરૂપ પણ પશ્ચિમમાંથી આવેલું છે. અંગ્રેજી શાસનની પ્રતિષ્ઠા પછી અર્વાચીન ભારતમાં ‘જ્ઞાનવિષયી સ્વાતંત્ર્યની આકાંક્ષા’ જન્મી એની સાથે જ વિશ્વકોશ અંગેના પ્રારંભિક પ્રયત્નો બંગાળી કે મરાઠીમાં શરૂ થયેલા. મુદ્રણની પ્રારંભિક દશા, પુસ્તકોની અલ્પસંખ્યા, શિક્ષણનો ઓછો વ્યાપ, ટાંચાં સાધનો જેવી મર્યાદાઓમાંથી ઊગરતાં ઊગરતાં છેક 19મી સદીના છેલ્લા દાયકાના પ્રારંભે ગુજરાતી વિશ્વકોશ અંગે ચળવળ શરૂ થાય અને તે પણ ગુજરાતી ભાષામાં ગુજરાતીઓ દ્વારા નહિ પણ તત્કાલીન સમાજના ઘડતરમાં ઉત્સાહપૂર્વક ફાળો આપનાર પારસીઓ દ્વારા શરૂ થાય એ સ્વાભાવિક છે.

માણેકજી એદલજી વાચ્છા અને અરદેસર ફરામજી સોલાનના સંયુક્ત સાહસને કારણે 'સર્વવિદ્યામાળા' નામક જ્ઞાનકોશનો પહેલો ગ્રંથ 1891માં પ્રકાશિત થઈ શક્યો પણ આ બંને પારસીબંધુઓના, ચાર ગ્રંથની કરેલી પ્રકલ્પની કલ્પના પ્રમાણે બાકીના ત્રણ ગ્રંથ ક્યારેય બહાર આવ્યા નહિ. એટલે 'સર્વવિદ્યામાળા'એ આપણી ગુજરાતી ભાષાનો પહેલો પણ અધૂરો વિશ્વકોશ રચ્યો.

ગુજરાતી ભાષામાં પહેલો પૂરો વિશ્વકોશ આપનાર તો છે રતનજી આર. શેઠના. એમણે એનું નામ 'જ્ઞાનચક્ર યાને ગુજરાતી એન્સાઇક્લોપીડિયા' રાખ્યું. શેઠનાએ એકલે હાથે 'જ્ઞાનચક્ર'ના નવ ભાગ 1899થી 1910 સુધીમાં આપ્યા. જાતે બધું શોધ્યું અને બધું લખ્યું, જાતે બધું ગોઠવ્યું અને એમ એમના જાતપ્રયત્નથી એમણે અનેક અનેક વિષય પર જ્ઞાનમાહિતી આપી. કહેવાય છે કે 'જ્ઞાનચક્ર' એટલો બધો લોકપ્રિય થયો કે એની બધી નકલો માત્ર દોઢ વર્ષમાં ખપી ગઈ હતી.

'જ્ઞાનચક્ર'નો ઇતિહાસ એવો છે કે જ્ઞાનપ્રસારક મંડળીએ શેઠ અરદેસર સોરાબજી દસ્તૂર કામદીનની ઉદારતા અને એમના ઉત્સાહને નજરમાં રાખીને એક ઇનામી હરીફાઈ યોજી હતી. અને એને અંગે એ વખતના જ્ઞાનપ્રસારક મંડળીના ઓનરરી સેક્રેટરી નસરવાનજી હીરજીભાઈ પટેલે જાહેરાત કરી હતી. આ જાહેરાતમાં જણાવેલી મુદતમાં પાંચ રેસાલા (હસ્તપ્રતો) મળે છે. એમાં મોટા કદનાં ત્રણ દફતરોમાં એક રેસાલો મળે છે. મંડળી નિષ્ણાતોની એક સમિતિ નીમે છે અને આ સમિતિનો નિર્ણય આવ્યા પછી રેસાલા સાથે આવેલું 'સત્ય સબૂરી અંતે જય' એ તખલ્લુસવાળું પરબીડિયું ઉઘાડે છે. એમાં લખનાર તરીકે રતનજી ફરામજી શેઠનાનું નામ જાહેર થાય છે. મંડળી રેસાલાને 'જ્ઞાનચક્ર'ને નામે છાપે છે.

અલબત્ત આ 'જ્ઞાનચક્ર'માં જરથોસ્તી ધર્મ અને ઇતિહાસ તથા હુન્નરવાળા વિષયો પર વધુ ધ્યાન આપવાનું વલણ રહ્યું છે. વળી એ વખતે હયાત લોકોનાં જીવનચરિત્રો 'જ્ઞાનચક્ર'ના રેસાલામાં હતાં એ અંગે 'જ્ઞાનચક્ર'ના ત્રીજા ભાગની પરામર્શ સમિતિએ આપેલો અભિપ્રાય પણ જોવા મળે છે. સમિતિએ કહેલું કે હયાતી ભોગવનાર આસામીઓની જિંદગીના વૃત્તાન્ત આપવાનું કામ હવે પછીના જમાનાના લેખકોને માટે રહેવા દેવામાં આવે તે ધોરણની રૂએ તે વાસ્તવિક થઈ પડે અને આવા અભિપ્રાયને કારણે પછીથી બહુ જરૂરનાં એવાં જ જીવનચરિત્રો 'જ્ઞાનચક્ર'માં દાખલ થયાં છે.

'જ્ઞાનચક્ર'માં અંગ્રેજી એન્સાઇક્લોપીડિયામાં ન હોય એવી હિંદુસ્તાનને લગતી બાબતોનો સમાસ કરાયેલો છે. એમાં સંખ્યાબંધ વિષયો છે. જીવનચરિત્રોની સાથે પ્રાચીન-અર્વાચીન આર્યોના દેવતાઓ, એમની ધર્મકથાઓ, મુસલમાન પ્રજા અને મુસ્લિમ ધર્મ, જરથોસ્ત ધર્મ વગેરેનો સમાવેશ થાય છે. એમાં ભાષા, ગ્રંથો, વિદ્યા, હુન્નર, કલાકૌશલ, રમતો, તહેવારોનો પણ પરિચય મળી રહે છે. અહીં

કોઈ પણ વિષય પર લંબાણથી લખવા કરતાં ઘણાબધા વિષયોને દાખલ કરવાનું ધ્યેય વધુ રહ્યું છે. 'જ્ઞાનચક્ર' ભાગ 1માં શરૂઆતના પાનામાં આર્થિક મદદ કરનારા અરદેસર સોરાબજી દસ્તૂર કામદીનનો ફોટો અને એમનું જીવનચરિત્ર આપવામાં આવ્યાં છે. સાથે, રતનજી શેઠનાનો દીબાચો (પ્રસ્તાવના) છે. 'જ્ઞાનચક્ર' અંગે ઉદ્યમ કરનારાઓને ખાતરી છે કે 'ગુજરાતી સાહિત્યમાં સંખ્યાબંધ ગ્રંથો અનેક વિષયના પ્રગટ થઈ ચૂક્યા છે પણ આજવેર સર્વવિદ્યા હુન્નરજ્ઞાનનો સામટો સંગ્રહ ધરાવનાર 'જ્ઞાનચક્ર'ના ધોરણનો સંખ્યાબંધ બાબતોથી ભરપૂર એવો એક ગ્રંથ રચાયો નહોતો.'

આ પછી છેક 1929ની આસપાસ મૂળ મરાઠીમાં 23 ગ્રંથોનો જ્ઞાનકોશ તૈયાર કરનાર શ્રીધર વ્યંકટેશ કેતકર 'ગુજરાતી વિશ્વકોશ' વિભાગ 1 અને વિભાગ 2 પ્રકાશિત કરે છે. પોતે મરાઠી જ્ઞાનકોશ કરતાં ગુજરાતી વિશ્વકોશ વધારે સારો થાય એ રીતે પુરુષાર્થ આદરે છે. આ સાહસમાં માત્ર મરાઠી જ્ઞાનકોશનો અનુવાદ ન બને એની કાળજી લેવામાં આવી. આ અંગે ભાષાન્તર સમિતિઓની રચના કરવામાં આવી. એમાં મરાઠી જ્ઞાનકોશ કરતાં અનેક જુદા લેખો સમાવવામાં આવ્યા. કેટલાક લેખોમાં પુરવણીઓ જોડવામાં આવી. ભૌગોલિક લેખોમાં છેલ્લામાં છેલ્લી માહિતીની દરકાર રાખી. અર્થવ્યવસ્થા અને અવેસ્તા જેવાં તદ્દન નવાં લખાણો ઉમેરાયાં. પરંતુ આના સંપાદક કેતકર નોંધે છે કે 'હું મરાઠી સિવાયની બીજી ભાષાના ઉત્કર્ષ તરફ વળ્યો, પણ બીજી ભાષાના માણસો આ બાબતમાં મારી તરફ યોગ્ય સહાનુભૂતિ બતાવતા નથી. કેટલાક ગુજરાતી સાક્ષરો મારા પર ગુસ્સે થયા. તેમના યોગ્ય હક્કક્ષેત્ર પર હું તરાપ મારું છું એમ તેમને લાગ્યું.' બીજી બાજુ એમણે આશ્વાસન માટે ખુલાસો પણ શોધ્યો છે કે 'ગુજરાતનું ધ્યાન સાહિત્યને મદદ કરવા તરફ ન હતું પણ ઇતિહાસ નિર્માણ કરવા તરફ દોરાયેલું હતું. સહાનુભૂતિનો અભાવ હતો, એવું નહોતું', આમ છતાં 'ગુજરાતી જ્ઞાનકોશ'માં 'ઊડતી સમાલોચના' લખતાં વિદ્યાબહેન નીલકંઠ સ્પષ્ટ રીતે ખરખરો વ્યક્ત કરે છે કે 'એક શરમની કહાણી છે ગુજરાતી ભાષાનો જ્ઞાનકોશ એક મહારાષ્ટ્રીય ભાઈ તરફથી પ્રસિદ્ધ થાય છે.'

કેતકરે પહેલા વિભાગમાં અને બીજા વિભાગમાં કુલ 886 અધિકરણો આપ્યાં છે અને બંને વિભાગ 'અ'થી 'આગાખાન' સુધીનાં અધિકરણોને સમાવે છે. અલબત્ત, બીજો વિભાગ પ્રકાશિત કરવામાં વિલંબ થયો છે એ બાબતને નોંધીને કેતકરે જે વિગત આપી છે તે મહત્વની છે : 'સારું થયું. મીઠા સત્યાગ્રહ પહેલાં અસહકારનો લેખ લખાવ્યો હોત તો અસહકારના સંપૂર્ણ વિષયનું દૃશ્ય જગતની આંખ આગળ પૂરું થયું ન હોત.' દુર્ભાગ્યે બે વિભાગ પછી કેતકરનો 'ગુજરાતી જ્ઞાનકોશ' આગળ વધી ન શક્યો. બાકી બચેલી સામગ્રી મોરારજી દેસાઈ દ્વારા ગૂજરાત વિદ્યાપીઠમાં

પહોંચેલી પણ એનું કશું થઈ શક્યું નહિ. કેતકરનો 'ગુજરાતી જ્ઞાનકોશ' અધૂરો રહ્યો.

સરદાર પટેલ યુનિવર્સિટીએ જ્ઞાનકોશ કક્ષાનો એક પ્રકલ્પ વિચારી એને વિવિધ વિષયોના ત્રીસ ગ્રંથમાં મૂકવાનો સંકલ્પ કર્યો અને 1967માં એનો પહેલો ગ્રંથ બહાર આવ્યો. આ પ્રકલ્પમાં વીસ ગ્રંથો માનવવિદ્યા અંગેના અને દશ ગ્રંથો વિજ્ઞાન અંગેના છે. અહીં અલબત્ત, ગંભીર વિષયોને આસ્વાદ્ય બનાવવાની નેમ રખાયેલી છે. અહીં થોડા પરિશ્રમે રસપૂર્વક વંચાય, વિકાસના તબક્કાઓની જાણકારી મળે, જ્ઞાનપ્રાપ્તિની ચાવી મળે, મૂળભૂત મૂલ્યો –સત્યોનો પરિચય થાય એવું લક્ષ્ય રખાયું છે; અને એમ કરવામાં જ્ઞાન કેવળ માહિતી ન બને, વિજ્ઞાન કેવળ વિશ્લેષણ ન બને અને અનુભૂતિ કેવળ ઘટના ન બને એની કાળજી લેવાયેલી છે. ઑક્ટોબર 1967થી એપ્રિલ 1996 સુધીમાં 'બ્રહ્માંડદર્શન'થી આરંભીને 'લલિતકલા દર્શન–2' લગીની ત્રણ દાયકા અને ત્રીસ ગ્રંથોની યાત્રા પૂરી કરતી આ શ્રેણી વિકસતા વિશ્વને સર્વસાધારણ સુશિક્ષિત નાગરિકની પહોંચમાં લાવવા મથી છે.

1975માં 'હરિ ૐ આશ્રમ'ના રૂ. દશ લાખના દાનને આધારે ગુજરાત યુનિવર્સિટી 'જ્ઞાનકોશ'નો મોટો પ્રકલ્પ હાથ ધરે છે. પણ માત્ર 'ગુજરાતી જ્ઞાનકોશ : પરિચયગ્રંથ : ભૂમિકા'નો એક જ ગ્રંથ ચુનીલાલ બારોટ અને નરહરિ ભટ્ટના સંપાદન હેઠળ બહાર પાડી શકે છે. 60 વિષયો અને 8,000 પાનાંના વિસ્તારમાં ગુજરાત અને ભારતની માહિતીનો બને એટલો સમાવેશ કરવા માગતું આ આયોજન નિષ્ફળ ગયું.

આ રીતે જોતાં ગુજરાતી ભાષામાં જે વિશ્વકોશ રચાયા છે એના ત્રણ પ્રકાર જોવાય છે. કેટલાક શરૂ થઈને અધૂરા રહ્યા છે. કેટલાક પૂરા થયા છે અને અત્યારે એક પ્રયત્ન હજી ચાલુ છે. 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'નો 'ગુજરાતી વિશ્વકોશ'ને 20 ગ્રંથોમાં પૂરો કરવાનો નિશ્ચય છે. દરેક ગ્રંથમાં હજાર પાનાં હશે અને આ વિશ્વકોશ સો જેટલા વિષયોને અનુલક્ષીને 40,000 અધિકરણોને આવરી લેશે. આજ સુધીમાં એના નવ જેટલા ગ્રંથો પ્રકાશિત થઈ ચૂક્યા છે અને પહેલા બે ગ્રંથો તો પુનર્મુદ્રણ માટે પણ ગયા છે.

'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ' ગુજરાતી વિશ્વકોશ ઉપરાંત જેમ અન્ય પ્રકાશનની વ્યવસ્થા સંભાળે છે તેમ આ ટ્રસ્ટે એક મહત્વની કામગીરી પણ બજાવવા જેવી છે. ગુજરાતમાં શાળા કે મહાશાળાની કક્ષાએ વિશ્વકોશ કઈ રીતે વાંચવો એની તાલીમ અપાતી નથી. અંગ્રેજી વર્ણાનુક્રમમાં તો કદાચ હજી સંદર્ભગ્રંથને વાંચતાં આવડતું હશે. પણ ગુજરાતી વર્ણક્રમ-વ્યવસ્થાની બહુ ઓછાને જાણ છે. કદાચ પુસ્તકમાં સૂચિ આપવાની પ્રથા પણ બહુ ઓછી છે. અને ઘણાબધાને વિષયસૂચિ, ગ્રંથસૂચિ કે લેખકસૂચિ વાંચવાની પણ ટેવ નથી. આના અનુસંધાનમાં જ્ઞાનકોશના

પરિચય માટે, જ્ઞાનકોશના વપરાશ માટે અને જ્ઞાનકોશના અધિકરણલેખન અંગે અવારનવાર તાલીમશિબિરો યોજાય એ મહત્વનું છે. વિશ્વકોશ બહાર પડે અને માત્ર સંપન્ન ઘરનું ઘરેણું બને એટલું જ ઇચ્છનીય નથી, એનું મૂલ્ય અને કામગીરી સમજાય, એનો વ્યવસ્થિત પ્રસાર થાય એ પણ એટલું જ ઇચ્છનીય છે.

શ્રદ્ધા અને વ્યવસાયના સંવાદી સમન્વયને કારણે ગુજરાતીઓ વિશ્વમાં છવાઈ ગયા છે. તેઓએ ગુલામી કરીને નહિ પણ પોતાની શક્તિથી વિશ્વમાં નામના મેળવી છે. માનવહ્દયમાં જ્ઞાનપિપાસા ક્યારેય છિપાતી નથી. માનવી અસંતુષ્ટ છે. એ જેટલો અસંતુષ્ટ રહે છે તેટલો જ આગળ વધે છે. ગુજરાતમાં ભૂકંપ આવ્યો છે અને એ વેદનાની છાયામાં આ સર્જન થયું છે. શ્રીમદ્ ભગવદગીતાનું સર્જન પણ આ જ રીતે થયું હતું. ગુજરાતી વિશ્વકોશના સર્જનકાર્યમાં જોડાયેલા સહુ કોઈને પ્રણામ કરું છું.

શ્રી વિદ્યાનિવાસ મિશ્ર

# વિશ્વકોશ
# સંદર્ભગ્રંથ તરીકે

| | | |
|---|---|---|
| * | સંદર્ભસાધન | જયકુમાર ર. શુક્લ |
| * | કલા અને વિશ્વકોશ | અમિતાભ મડિયા |
| * | વિજ્ઞાન, ટૅકનૉલૉજી અને વિશ્વકોશ | પ્રહલાદ છ. પટેલ |
| * | વાણિજ્ય અને વિશ્વકોશ | જયન્તિલાલ પો. જાની |
| * | ગણિતશાસ્ત્ર અને વિશ્વકોશ | શિવપ્રસાદ મ. જાની |
| * | ભૂસ્તરવિદ્યા અને વિશ્વકોશ | ગિરીશભાઈ પંડ્યા |
| * | જ્ઞાનવિસ્તરણનું સાધન | બાળકૃષ્ણ માધવરાવ મૂળે |
| * | શિક્ષણ, સંશોધન અને વિશ્વકોશ | રક્ષા શાહ |
| * | પત્રકારત્વ અને વિશ્વકોશ | પ્રીતિ શાહ |
| * | સર્વસંગ્રાહક સંદર્ભગ્રંથ | કુલીનચંદ્ર યાજ્ઞિક |

# સંદર્ભસાધન

## જયકુમાર ર. શુક્લ

17

હું આજીવન વિદ્યાર્થી રહ્યો છું તથા મારા જીવનનાં સૌથી વધારે વરસો વિદ્યાર્થી તરીકે અને વિદ્યાર્થીઓ વચ્ચે શિક્ષણકાર્ય કરવામાં વીત્યાં છે. તેથી વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને વિશ્વકો-શની આવશ્યકતાની વાત કરીશ. ભારતમાં પ્રાચીન સમયથી વિવિધ વિદ્યાઓની ક્ષિતિજો વિસ્તાર પામી છે. તક્ષશિલા, નાલંદા, વિક્રમશીલા અને વલભી જેવી ઉચ્ચશિક્ષણ આપતી વિશ્વવિ-ખ્યાત વિદ્યાપીઠો અનેક વિષયોમાં તલસ્પર્શી જ્ઞાન આપતી હતી. તેમાં એશિયાના અનેક દેશોના તેજસ્વી વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ મેળવવા આવતા હતા અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ઉત્તમ અધ્યા-પકો તેઓને ભણાવતા હતા; તેમ છતાં તે સમયે આજના જેટલું વિષય-વૈવિધ્ય નહોતું. ઓગણીસમી સદીમાં વિષયોનું વૈવિધ્ય તથા વિદ્યાનો વિસ્તાર જેટલાં વધ્યાં છે એટલાં અગાઉ કદી વધ્યાં નહોતાં એમ ઇતિહાસના વિદ્યાર્થી તરીકે હું કહી શકું છું.

અગાઉના વિદ્યાર્થીઓ કરતાં હાલનાં બાળકો અને વિદ્યા-ર્થીઓ કદાચ ઘણી વધારે જિજ્ઞાસાવૃત્તિ ધરાવે છે. મારી ઉંમરના લાખો લોકોએ પોતાના બાળપણમાં રેડિયો જોયો કે સાંભળ્યો નહોતો, ટેલિફોન વાપર્યો નહોતો તથા વિમાન જોયું નહોતું. આજનો બાળક ઘરમાં રેડિયો સાંભળે છે, ટેલિવિઝન જુએ છે, ફ્રીઝમાંથી ઠંડું પાણી લઈને પીએ છે, પરદેશમાં વસતા કાકા અથવા મામા સાથે ટેલિફોન પર વાતચીત કરે છે તથા ઉપગ્રહને અવકાશમાં મોકલાતો નિહાળે છે. પોતાની આસપાસ ઉપલબ્ધ

આ નવાં વૈવિધ્યપૂર્ણ સાધનો બાળકની જિજ્ઞાસાવૃત્તિને જગાડે છે. તેને વધુ ને વધુ જાણવા, જ્ઞાન મેળવવા પ્રોત્સાહિત કરે છે. તેથી બાળકો પોતાનાં માતાપિતાને તથા દાદાદાદીને અનેક એવા પ્રશ્નો પૂછે છે કે તેના જવાબ શિક્ષિત માતા-પિતા પાસે પણ નથી હોતા. ક્યારેક જવાબ ન આવડતો હોવાથી બાળક સાથે ગુસ્સે પણ થઈ જાય છે. શિક્ષણનો વ્યાપ તથા વૈજ્ઞાનિક ઉપકરણોનો ઉપયોગ વધવાની સાથે ઘેર ઘેર આ પરિસ્થિતિ જોવા મળે છે. તે સંજોગોમાં આપણે શું કરવું જોઈએ ? બાળકના અનેક અઘરા પ્રશ્નોના ઉત્તરો આપણે ક્યાંથી ખોળી લાવવા ? આવા સમયે વિશ્વકોશ આપણી મદદે આવે છે. પરંતુ કયાં માતપિતા પોતાનાં સંતાનોને વિશ્વકોશમાંથી માહિતી મેળવવાનું કહી શકશે ? આજે કેટલા લોકો, શિક્ષણ સિવાયના વ્યવસાયો કે નોકરી કરતા વાલીઓ, વિશ્વકોશ વિશે માહિતગાર છે ? હાઈસ્કૂલના શિક્ષકો પણ વિશ્વકોશનો ઉપયોગ કરતા નથી, તેમાંથી શું શું મળે અને તે કેવી રીતે શોધી શકાય તે જાણતા નથી. વિશ્વકોશ અને શબ્દકોશનો ભેદ પણ શિક્ષિત લોકોને સમજાવવાની જરૂર છે, એમ કહું તો મને લાગે છે કે આપ તે બાબત સ્વીકારશો.

ગુજરાતી ભાષામાં વિશ્વકોશની રચના કરવાના પ્રયાસોનો સિલસિલાબંધ ઇતિહાસ પ્રોફેસર ચંદ્રકાન્ત શેઠે સુંદર શૈલીમાં આલેખ્યો છે; પરંતુ મારે કહેવું જોઈએ કે શિક્ષણજગતના લોકો પણ વિશ્વકોશ વિશે અલ્પ માહિતી ધરાવે છે. ગુજરાતી વિશ્વકોશના પિતા સમાન ડૉ. ધીરુભાઈ ઠાકરે જે ભગીરથ કાર્ય હાથ ધર્યું છે, તેની આવશ્યકતા માટે બેમત નથી; પરંતુ ગુજરાતની પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચશિક્ષણસંસ્થામાં ભણાવતા એકેએક શિક્ષક/શિક્ષિકાને આટલાં વર્ષોથી ગુજરાતી ભાષામાં પ્રગટ થતા વિશ્વકોશનો સંદેશો હજી સુધી પહોંચ્યો નથી. ખેડા જિલ્લાના એક તાલુકા-મથકની ગર્લ્સ હાઈસ્કૂલનાં એક આચાર્યા, એમ.એ.ની પરીક્ષા માટે મારી પાસે માર્ગદર્શન લેવા આવ્યાં હતાં. તેમને મેં 'ગુજરાતી વિશ્વકોશ'ની વાત કરી. તેમને માટે તે નવા સમાચાર હતા. ગુજરાતની બધી શિક્ષણસંસ્થાઓના શિક્ષકો વિશ્વકોશ વિશે જાણશે, તેની આવશ્યકતા સમજીને તેનો ઉપયોગ કરશે ત્યારે વિશ્વકોશની ઉપરાછાપરી આવૃત્તિઓ છાપવા માટે પાંચ-દસ પ્રેસની જરૂર પડશે.

ઈ. સ. 1964માં એચ. કે. આર્ટ્સ કૉલેજમાં ગ્રીસનો ઇતિહાસ ભણાવવાનું મેં શરૂ કર્યું ત્યારે મારા સંદર્ભગ્રંથમાં ઇતિહાસકાર થુસિડાઇડિસનો ઉલ્લેખ હોવાથી તેના વિશે વર્ગમાં વધુ માહિતી આપવી મને જરૂરી લાગવાથી તેની શોધ કરવા માંડી. તે માહિતી મેળવવામાં મને વિશ્વકોશ જ સૌથી વધારે ઉપયોગી થયો હતો.

ભારતની ક્રાંતિકારી ચળવળ વિશે વર્ગમાં ભણાવતી વખતે ગુજરાતના ક્રાંતિકારીઓ–મોહનલાલ કામેશ્વર પંડ્યા અને નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ–નાં નામોનો ઉલ્લેખ હતો; પરંતુ વર્ગમાં જતાં અગાઉ તેમના વિશે મારે વધારે માહિતી

મેળવવી હતી. ઘણાં પુસ્તકો શોધ્યા બાદ, તેમના વિશે છૂટક ઉલ્લેખો અને કાર્યોની નોંધ મળ્યાં; પરંતુ કોઈ એક ઠેકાણેથી સંપૂર્ણ માહિતી ન મળી. વળી ગાંધીજીની આત્મકથા મેં ન વાંચી હોત તો મોહનલાલ કામેશ્વર પંડ્યા 'ડુંગળીચોર' કેમ કહેવાયા, એ જાણવાનું મને અવશ્ય અઘરું પડત.

કૉલકતાની ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ હિસ્ટૉરિકલ સ્ટડીઝ તરફથી 'ડિક્ષનરી ઑવ્ નૅશનલ બાયૉગ્રાફી'ના ગ્રંથો પ્રગટ થયા છે. તે સંસ્થાએ મને લક્ષ્મીદાસ રવજી તેરસીના જીવન અને કાર્યો વિશે લખવાનું કામ સોંપ્યું. તે કામ સોંપાયું ત્યારે જ મેં તેરસીનું નામ સાંભળ્યું. તેઓ ગુજરાતના કયા પ્રદેશના હતા તે પણ હું જાણતો ન હતો. સદનસીબે મારી કૉલેજમાં એવા સમર્થ અધ્યાપકો હતા, કે જેમને મૂંઝવતા પ્રશ્નો પૂછી શકાય; અને તેઓ તેના વિશે સારી રીતે સમજાવે. સદગત નગીનદાસ પારેખ તેરસી વિશે જાણતા હતા. તેમના વિશે વધુ માહિતી ક્યાંથી મળશે એનું માર્ગદર્શન પણ એમણે મને આપ્યું.

આ ઉપરાંત જગતના ઇતિહાસનું પુસ્તક લખતી વખતે જૉન વિક્લિફ, જૉન હસ, ઇરેઝમસ જેવા યુરોપના ધર્મસુધારકો તથા રૂસો અને વૉલ્ટેર જેવા લેખકો વિશે આધારભૂત માહિતી મેળવવાનો મારો મુખ્ય સ્રોત એન્સાઇક્લોપીડિયા જ હતો.

આવા અનુભવો મારી જેમ અનેક અધ્યાપકોને થતા હશે. ગુજરાતની એક પ્રતિષ્ઠિત કૉલેજમાં તથા પ્રબુદ્ધ અધ્યાપકો સાથે કામ કરવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થવાથી મને વિશ્વકોશનો ઉપયોગ કરવાની ટેવ પડી. તેથી હું ચોક્કસપણે માનતો થયો છું કે વિદ્યાર્થીઓ તથા બધા શિક્ષકોએ વિશ્વકોશ વાપરવાની ટેવ પાડવી જોઈએ.

# કલા અને વિશ્વકોશ

અમિતાભ મડિયા

18

કલા એટલે શું ? કલા અને વિશ્વકોશ વચ્ચે શો સંબંધ ?

કલા ચાક્ષુષ દૃશ્યસંચાર છે. વિશ્વકોશ કોઈ ને કોઈ શાબ્દિક ભાષામાં લખેલો-છાપેલો ગ્રંથ હોય છે; છતાં, અમુક પ્રકારના ખ્યાલોની સમજ ચાક્ષુષ દૃશ્યસંચાર વગર શક્ય નથી. કયું સ્થળ કયાં આવ્યું તે દર્શાવવા શબ્દો ઉપરાંત નકશો વધુ ઉપયોગી બને. ભૂતકાળમાં થઈ ગયેલી કે જીવતી કોઈ પણ વ્યક્તિના ચરિત્ર-ચિત્રણમાં તે વ્યક્તિનો ફોટાગ્રાફ તે વ્યક્તિની લાક્ષણિકતાઓ ઉપસાવવામાં મદદગાર થાય જ છે. વિજ્ઞાન અને ટૅકનૉલૉજીનાં પાસાં સમજાવવા આકૃતિઓ અને ફોટોગ્રાફ અનિવાર્ય બને છે. આકૃતિથી સમજાવતાં ગેરસમજ અને ગોટાળા ઊભાં થતાં અટકે છે, લખાણ સ્પષ્ટ બને છે, તે એકવાક્યતા પામે છે અને સૌથી મોટો ફાયદો તો એ છે કે આકૃતિના ટેકાથી ઓછાં વાક્યો વડે તેને સમજાવી શકાય છે; કારણ કે માહિતીસંચારનો ઘણો મોટો ભાર તો આકૃતિ-ચિત્ર કે ફોટોગ્રાફે ઉઠાવી લીધો હોય છે. આમ, વિશ્વકોશમાં માહિતીના સંચારમાં વપરાતા ‘વિઝયુઅલ્સ’ એ શોભાનાં લટકણિયાં તો નથી જ, પણ માહિતીસંચારનું એક મહત્વનું અંગ છે. આ થઈ વાત વિષયોને સમજાવવા માટે આકૃતિના સ્વરૂપમાં કલાના ઉપયોગની.

હવે કલા એક વિષય તરીકે વિશ્વકોશમાં કેવી રીતે સમાવેશ પામે એ જોઈએ. વિજ્ઞાનની વિવિધ શાખાઓની જેમ કલાની શિલ્પ, ચિત્ર અને સ્થાપત્ય – એ ત્રણ શાખાનાં અધિકરણો

સમાવેશ પામે. આ અધિકરણોનાં ત્રણ જૂથ પાડી શકાય :

1. વિશિષ્ટ વાદ, શૈલી, ખ્યાલ, ચળવળ કે વિચારસરણીને લગતાં અધિકર-ણો; દા.ત., ‘બંગાળ-શૈલીની કલા’.

2. વિશિષ્ટ કલાકૃતિને લગતાં અધિકરણો; દા.ત., શિલ્પ, ‘સાંથાલ કુટુંબ’.

3. વિશિષ્ટ કલાકારને લગતાં અધિકરણો; દા.ત. ‘રામકિંકર બઈજ’.

કલાના વિષયમાં પણ દૃશ્ય-ટેકા વગર વાત કરવી એ અંધજનને તાજમહેલ બતાવવા બરાબર અથવા બહેરાને સંગીત સંભળાવવા બરાબર છે. તેથી કલાકૃતિ છાપીને જ કલાની વાત કરી શકાય છે અને તો જ વાચક સમજી શકે કે કયો શબ્દ ક્યાં લાગુ પડે છે. અધ્ધર વાતો કરવામાં નથી આવી તેની પ્રતીતિ પણ તેથી થશે.

છાપેલી કલાકૃતિ જો સુમુદ્રિત હોય તો વિશ્વકોશનાં પાનાં ઉથલાવી રહેલા સંભવિત વાચકને તે અધિકરણ વાંચવા પ્રેરિત કરી શકશે. વાચકો જો આ રસ્તે મેળવી શકાતા હોય તો તે પણ ખોટું નથી. આ માટે હાલમાં ઉપલબ્ધ વિકસિત મુદ્રણકલાનો ઉપયોગ થાય છે.

# વિજ્ઞાન, ટેકનૉલૉજી અને વિશ્વકોશ

**પ્રહલાદ છ. પટેલ**

19

વીસમી સદીમાં વૈશ્વિક સ્તરે શુદ્ધ (સૈદ્ધાંતિક) વિજ્ઞાને અને પરિણામે ટેકનૉલૉજીએ અભૂતપૂર્વ વિકાસ સાધ્યો છે. વિજ્ઞાન અને ટેકનૉલૉજીના વિકાસને લીધે માણસની જીવનશૈલી અને સામાજિક અભિગમ પણ બદલાયાં છે. ઇલેક્ટ્રૉનિક્સ, અવકાશ-સંશોધન, પરમાણુ-ઊર્જા અને કમ્પ્યૂટરના આ વર્તમાન યુગમાં જ્ઞાન અને માહિતીના ઢગલા થવા લાગ્યા છે. આજનું જ્ઞાન કે માહિતી આવતી કાલે જૂનાં થઈ જાય છે અને વર્ષ-ગાળામાં તો કાલગ્રસ્ત બની જાય છે.

ભારતે આઝાદી મેળવ્યાને પચાસ વર્ષ પૂરાં કર્યાં છે. ભારતે પણ પરમાણુ-ઊર્જા, અવકાશ-સંશોધન, તબીબી અને કૃષિ-વિકાસના ક્ષેત્રે પ્રશંસનીય પ્રગતિ કરી છે. સમુચિત વૈજ્ઞાનિક વિકાસને કારણે આજે સામાજિક અને વૈયક્તિક જીવનમાં ઘણાં પરિવર્તનો થયાં છે. રસવૈવિધ્યને અનુરૂપ લોકોમાં નવું નવું જાણવાની જિજ્ઞાસા ઉત્કટ બનતી જાય છે.

કોઈ પણ દેશને પોતાની આગવી ટેકનૉલૉજી હોઈ શકે છે, પણ પોતાનું વિજ્ઞાન હોતું નથી. વિજ્ઞાનને સીમાડા હોતા નથી. વિજ્ઞાનજન્ય ટેકનૉલૉજીના કારણે ઔદ્યોગિક વિકાસ થયો; ઔદ્યોગિક વિકાસથી આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ થયો. આ સર્વાંગી વિકાસ સાથે જ્ઞાનનો વિસ્ફોટ થયો. આથી સમય સાથે તાલ મિલાવવા માણસે કોઈ ને કોઈ રીતે જ્ઞાન પ્રાપ્ત કરવું જ રહ્યું.

બીજી બાજુ વિજ્ઞાન સતત પરિવર્તનશીલ રહ્યું છે. વિજ્ઞાનનાં રહસ્યો જાણવાનો એકમાત્ર રસ્તો સંશોધન છે. રહસ્યોનાં ઉકેલ, હકીકતો અને માહિતીઓના ભંડાર સંચિત કરી રાખવા એ વિજ્ઞાનની ખૂબી નથી; પણ વિજ્ઞાન તો જુદી જુદી કડીઓને જોડવાનું અને સંવાદિતા શોધી કાઢવાનું કાર્ય કરે છે. અંતિમ વિશ્લેષણમાં વિજ્ઞાન પણ બીજાં માનવીય ક્ષેત્રોની જેમ મૂલ્યોના નિર્ણય ઉપર આવે છે. આ રીતે જેમ વિજ્ઞાનને દેશના સીમાડા નડતા નથી તેમ ભિન્ન ભિન્ન વિજ્ઞાનો અને માનવ-વિદ્યાઓ વચ્ચે પણ જ્ઞાન એકરૂપ થતાં સીમાડા લુપ્ત થાય છે. આથી માણસ સાથે સંલગ્ન એવાં તમામ ક્ષેત્રો સાથે સંબંધ સ્થાપિત કરવાનું આવશ્યક બની રહે છે.

વિજ્ઞાનમાં ભૌતિક અને પ્રાકૃતિક હકીકતો, પ્રાયોગિક પરિણામોનું અવલોકન, તેમનાં સંકલન અને પૃથક્કરણ તો ખરાં જ. ઘટનાઓના માત્ર બાહ્ય અવલોકનથી અનુભૂતિ થતી નથી. જ્ઞાનની અનુભૂતિ એ ઘણી મોટી બાબત છે એટલે વિજ્ઞાનનાં રહસ્યો, પરિણામો અને વિકાસથી સમાજને અવગત કરાવવો રહ્યો.

ગુજરાતી વિશ્વકોશ નીચેનું લક્ષ્ય રાખીને કાર્ય કરે છે :

કોઈ પણ વિદ્યાશાખાનું જ્ઞાન કે માહિતી હોય, પણ તે સમાજના છેવાડે રહેલા સામાન્ય માણસને ઉપલબ્ધ થવાં જોઈએ. જ્ઞાન અને માહિતીને ત્યાં સુધી પહોંચાડવાના ઘણા રસ્તા છે; જેમ કે, વર્તમાનપત્રો, રેડિયો, ટીવી, ઇન્ટરનેટ, ટેલનેટ વગેરે. આવાં ઇલેક્ટ્રૉનિક માધ્યમોને કારણે ભારત અને અમેરિકા કે કોઈ અન્ય દેશ વચ્ચે અંતર રહ્યું નથી.

શું આવાં અદ્યતન ઇલેક્ટ્રૉનિક માધ્યમો સર્વત્ર સુલભ છે ? સામાન્ય માણસને આર્થિક રીતે પરવડે તેમ છે ? કોઈ પણ ભણેલી કે અભણ વ્યક્તિ રોકટોક વિના આ સુવિધાઓ સુધી પહોંચી શકે છે ? ભારતના સામાન્ય નાગરિકને નજર સમક્ષ રાખતાં આ બધા સવાલોના ઉત્તરો ઉત્સાહજનક નથી.

આ સવાલોનો અંશતઃ ઉકેલ કે વિકલ્પ ગુજરાતી વિશ્વકોશ બની શકે તેમ છે.

ભૌતિક, પ્રાકૃતિક, જૈવ, સામાજિક અને માનવીય તથા અન્ય વિદ્યાશાખાઓના જ્ઞાનને વિશ્વકોશ ગુજરાતી ભાષામાં રજૂ કરે છે. ગુજરાતી ભાષા આ વિશ્વકોશની એક વિશિષ્ટતા છે. ગુજરાતી ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવનાર વ્યક્તિ પણ આ કોશનો સરળતાથી ઉપયોગ કરી શકે છે. અને જે આની વિશિષ્ટતા છે તે આની એક મર્યાદા પણ બને છે ને તે એ રીતે કે ગુજરાતી ભાષા ન જાણનાર વ્યક્તિ આનો ઉપયોગ કરી શકતી નથી.

વિજ્ઞાનનાં વિશ્વસનીય પાઠ્યપુસ્તકો, સંદર્ભગ્રંથો અને અન્ય જરૂરી સાહિત્ય અંગ્રેજી ભાષામાં જ ઉપલબ્ધ છે. વિશ્વસ્તરે વિજ્ઞાનનાં તમામ ક્ષેત્રોમાં થતા સંશોધનની છેલ્લી માહિતી ખાસ કરીને અંગ્રેજી, જર્મન, રશિયન, જાપાની, ચીની,

ફ્રેન્ચ વગેરે ભાષાઓમાં ઉપલબ્ધ છે. જ્ઞાન-વિજ્ઞાન તો માતૃભાષા દ્વારા જ સરળતાથી ગ્રહણ કરી શકાય છે અને એટલી જ સરળતાથી અભિવ્યક્ત પણ કરી શકાય છે. માટે વિજ્ઞાનના આ સંદર્ભમાં વિશ્વકોશનું મહત્વ ઘણું છે. અહીં વિજ્ઞાનનાં સિદ્ધાંતો, માહિતીઓ, સંશોધનો વગેરેને ગુજરાતી ભાષામાં રજૂ કરવામાં આવ્યાં છે. ગુજરાતી વિશ્વકોશ, વિજ્ઞાનક્ષેત્રે, અમુક અંશે પાઠ્યપુસ્તકનું તો મહદંશે સંદર્ભગ્રંથનું કાર્ય કરે છે. વિજ્ઞાનની તમામ વિદ્યાશાખાઓનો આ વિશ્વકોશમાં સમાવેશ કરવામાં આવ્યો છે. શક્ય તેટલી વધારે ચોક્કસ અને અદ્યતન માહિતી આમાં આપીને આને વિશ્વસનીય બનાવવાના પ્રામાણિક પ્રયત્નો કરવામાં આવ્યા છે; આમ છતાં ક્યાંક કોઈ મર્યાદાએ ભાગ ભજવ્યો હોય એવું પણ બને.

કેટલાક વિશ્વકોશને તેમની પોતાની આગવી લાક્ષણિકતા હોય છે; જેમ કે, 'વર્લ્ડ બુક એન્સાઇક્લોપીડિયા'માં વિજ્ઞાનનાં સિદ્ધાંતો, સંશોધનો અને અદ્યતન સામગ્રી ગણિતનો ઉપયોગ કર્યા સિવાય આપેલી છે. એટલે જેને ગણિતનું જ્ઞાન નથી તેવી વ્યક્તિ પણ તેનો સરળતાથી ઉપયોગ કરી શકે છે. પ્રાથમિક અને માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, ગ્રંથપાલો, વ્યાવસાયિકો તેનો ઉપયોગ સરળતાથી કરી શકે એ હેતુથી તે તૈયાર કરેલ છે. જે અધિકરણ વાંચવામાં આવે છે તે વાચકમાં વિષય પરત્વે રસ જાગ્રત કરે છે, તેનામાં જિજ્ઞાસા જગાવે છે અને વિષયમાં ઊંડા ઊતરવા પ્રેરે છે.

વિજ્ઞાન અને ટેકનૉલૉજીના 'મેક્-ગ્રો હિલ એન્સાઇક્લોપીડિયા'માં આધુનિક ગણિતના ઉપયોગ સાથે સિદ્ધાંતો, હકીકતો અને માહિતી રજૂ કર્યાં છે. તે વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વ્યાવસાયિકોને શૈક્ષણિક અને સંશોધનસામગ્રી પૂરી પાડે છે. તેમાં ભૌતિક, જૈવ અને પ્રાકૃતિક વિજ્ઞાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ વાચકની સંશોધનવૃત્તિને ઉત્તેજિત કરી શકે તેમ છે. વિજ્ઞાનના કોઈ પણ વિષયની વિસ્તૃત વિગતો તેમાં આપવામાં આવી છે. આ સાથે 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા' તથા અમેરિકાનાનો પણ ઉલ્લેખ કરી શકાય.

'ગુજરાતી વિશ્વકોશ', વિજ્ઞાનના સંદર્ભમાં, 'વર્લ્ડ બુક' અને 'મેક્-ગ્રો હિલ એન્સાઇક્લોપીડિયા' – એમ બંનેનાં લક્ષણો ધરાવે છે. 'ગુજરાતી વિશ્વકોશ' સામાન્ય વાચકમાં રસ જાગ્રત કરે છે; અન્ય અધિકરણો વાંચવા પ્રેરે છે (જેમ કે, ખગોળ, બ્રહ્માંડ-વિજ્ઞાન વગેરે). વાચકોને તેમના મનગમતા વિષયમાં વધુ ઊંડા ઊતરવા પ્રેરે છે; પરિણામે આવા વિશિષ્ટ વાચકને સંશોધનની કોઈ દિશા પણ મળી રહે તેમ છે, જેમ કે, ન્યૂક્લિયર ઊર્જા, કમ્પ્યૂટર, ડી.એન.એ., અવપરમાણુ-કણો વગેરે.

ગુજરાતી વિશ્વકોશમાં વિજ્ઞાનનાં અધિકરણો રજૂ કરવા માટે પારિભાષિક શબ્દોની ઘણી મુશ્કેલી છે. વાચક સરળતાથી સમજી શકે તે માટે લોકપ્રિય શબ્દોનો

ઉપયોગ કરતાં ક્યારેક વિજ્ઞાનના તત્વને નુકસાન થાય છે.

કેટલાક પારિભાષિક શબ્દો વધુ પડતા ભદ્રંભદ્રીય લાગે ત્યાં અંગ્રેજી શબ્દ વાપરવાનું ઉચિત સમજવામાં આવ્યું છે.

વિજ્ઞાનના વિષયોને ગુજરાતી ભાષામાં રજૂ કરી 'ગુજરાતી વિશ્વકોશે' ગુજરાતી ભાષાને વધુ સમૃદ્ધ કરવાનો નોંધપાત્ર પ્રયાસ કર્યો છે. ખુશીની વાત છે કે તમામ અધિકરણોનાં 40 % અધિકરણો શુદ્ધ અને પ્રયુક્ત વિજ્ઞાનનાં છે. ઉપરાંત વિજ્ઞાનના કેટલાક વ્યાપ્તિલેખો સર્વગ્રાહી પુસ્તિકાની ગરજ સારે તેવા છે. વિજ્ઞાનની ગુજરાતી ભાષામાં સચોટ, અસરકારક અને ભાવવાહી રજૂઆત માટે 'ગુજરાતી વિશ્વકોશ' એક અમૂલ્ય માધ્યમ બની રહે તેમ છે. અત્યારે વિજ્ઞાન માટે ગુજરાતી ભાષામાં અદ્યતન સંદર્ભ અને સંશોધનસાહિત્ય અપ્રાપ્ય છે ત્યારે વિજ્ઞાનરસિકો માટે 'ગુજરાતી વિશ્વકોશ' દીવાદાંડી બની રહે તેમ છે.

એક તરફ પરમાણુની અંદર ન્યૂક્લિયસ, ન્યૂક્લિયસની અંદર ન્યૂટ્રૉન અને પ્રોટૉન, ન્યૂટ્રૉન અને પ્રોટૉનની અંદર ક્વાર્ક્સ (quarks), ક્વાર્ક્સની અંદર પણ અતિ સૂક્ષ્મ કણ પ્રિયૉન્સ – આ રીતે વિજ્ઞાન અતિસૂક્ષ્મતાની દિશામાં આગળ વધી રહ્યું છે; તો બીજી તરફ પૃથ્વી, સૂર્યમંડળ, તારાગુચ્છ, તારાવિશ્વ અને બ્રહ્માંડનાં રહસ્યો જાણવાના પડકારો ઝીલતું વિજ્ઞાન પ્રગતિકૂચ કરી રહ્યું છે. અતિસૂક્ષ્મ જગતથી અતિસ્થૂળ જગત વચ્ચેની ઇતિહાસકથા અને વિકાસગાથાને 'ગુજરાતી વિશ્વકોશ' આવરી લે છે; તે સંદર્ભમાં વિશ્વકોશ વાચકને ક્વાર્ક્સથી કૉસ્મૉલોજીની સફર કરવા પ્રેરે છે.

# વાણિજ્ય અને વિશ્વકોશ

જયન્તિલાલ પો. જાની

20

બુદ્ધિબળ, બાહુબળ અને વિત્તબળ માનવજીવનમાં પાયાનાં પરિબળો છે. આર્યસંસ્કૃતિમાં પણ કર્માનુસાર, બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય અનુક્રમે આ ત્રણ પ્રકારનાં પરિબળોનાં પ્રતીક છે.

આપણું જીવન સુવિધાયુક્ત બનાવવા માટે અનેક પ્રકારના માલસામાનનું ઉત્પાદન અને વિતરણ આવશ્યક છે. વિત્તબળ એટલે નાણાંના ઉપયોગ વિના તે શક્ય નથી. આમ ત્રણ પરિ-બળોમાંના એક પરિબળ વિત્ત/નાણાં અંગે વાણિજ્ય વિષયમાં વિચારણા કરવામાં આવે છે. આધુનિક સમયમાં નાણાં અને વાણિજ્યની ક્ષિતિજોનું સતત વિસ્તરણ થઈ રહ્યું છે તેને અનુ-લક્ષીને માલનું ઉત્પાદન કરતાં કારખાનાંનું સંચાલન, માલની પડતર કિંમતની ગણતરી, પડતર કિંમત ઘટાડવાનો પ્રયત્ન, હિ-સાબકિતાબની જાળવણી, તેમનું અન્વેષણ (audit), વાણિજ્ય સાથે સંકળાયેલા જુદા જુદા કાયદાઓ(mercantile laws) ની માહિતી, બૅન્કિંગ, વીમાઉદ્યોગ, કરવેરાની જાણકારી વગેરે અંગેનાં અધિકરણોનો વાણિજ્ય વિષયમાં સમાવેશ થાય છે. વિ-શ્વકોશમાં સમાવિષ્ટ આ અધિકરણો ઉદ્યોગપતિઓ અને વ્યા-પારીઓ માટે તેમની દૈનિક પ્રવૃત્તિઓમાં નિઃશંક ઉપયોગી છે. તે ઉપરાંત બૅન્કિંગ ઉપરનાં અધિકરણો જેવાં કે ચેક, સેવિંગ બૅન્ક ખાતું, બૅન્ક ઓવરડ્રાફ્ટ, ડિમાન્ડ ડ્રાફ્ટ અને ટ્રાવેલર્સ ચેક. વીમા ઉદ્યોગ ઉપરનાં અધિકરણો જેવાં કે જીવનવીમો, આવકવેરો, આવકનું પત્રક (return of income), વેચાણવેરો, જકાતવેરો,

ઑક્ટ્રૉય જેવાં સામાન્ય જનસમૂહને પોતાના અધિકારો અને જવાબદારી સમજવામાં ઘણાં ઉપયોગી નીવડે છે. આમ વિશ્વકોશમાં સમાવિષ્ટ વાણિજ્ય અંગેનાં અધિકરણો ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓ માટે માહિતીસભર સાહિત્ય અને સામાન્ય જનસમૂહ માટે રોજબરોજમાં ઉપયોગી સાહિત્ય એમ બંને પ્રકારની ભૂમિકાઓ ભજવે છે.

મોટા ઉદ્યોગો પોતાનાં આગવાં સંશોધન અને વિકાસ વિભાગો (Research and Development Departments) નિભાવતા હોય છે અને સંશોધનનો ઉપયોગ પોતાના ઉત્પાદનની કાર્યક્ષમતા સુધારવા માટે કરે છે તેથી આવકવેરા અધિનિયમ 1961 અનુસાર તેમની આવકની ગણતરી કરવા માટે સંશોધન અને વિકાસ વિભાગમાં કરેલો ખર્ચ બાદ આપવામાં આવે છે. મધ્યમ અને લઘુ ઉદ્યોગો તથા વિક્રેતાઓ પોતાના ખર્ચે આગવું સંશોધન કરવા માટે આર્થિક રીતે સશક્ત હોતા નથી તેથી સરકારશ્રીએ આવકવેરા અધિનિયમમાં પ્રબંધ કર્યો છે કે ધંધાની આવકમાંથી સંશોધન કરતી સંસ્થાને આપેલી દાનની રકમ કરપાત્ર આવક નક્કી કરવા માટે પૂરેપૂરી (100 ટકા) બાદ આપવામાં આવશે. વિશ્વકોશ તૈયાર કરવો તે સંશોધનકાર્ય છે તેમ સરકારશ્રીએ સ્વીકારેલું છે, કારણ કે પોતપોતાના ક્ષેત્રમાં અનુભવી તજ્જ્ઞો દ્વારા વિષયના મૂળ સુધી પહોંચીને, વિગતોનો અભ્યાસ કરીને અને વ્યવસ્થિત અન્વેષણ કરીને વિશ્વકોશ તૈયાર કરવામાં આવે છે. ઉદ્યોગપતિઓ તથા વિક્રેતાઓ વિશ્વકોશમાં વૈજ્ઞાનિક રીતે એકત્રિત કરેલી માહિતીનો ઉપયોગ કરીને પોતાની ઉત્પાદનક્ષમતા અને વિતરણવ્યવસ્થા કાર્યદક્ષ બનાવી શકે છે તથા વિશ્વકોશ સંસ્થાને આપેલી દાનની રકમ આવકની ગણતરી કરવામાં મજરે મેળવી શકે છે.

# ગણિતશાસ્ત્ર અને વિશ્વકોશ

**શિવપ્રસાદ મણિશંકર જાની**

21

વિશ્વકોશ એટલે વિશ્વની વિદ્યાનો કોશ. તેમાં જ્ઞાનવિજ્ઞાન-ની તમામ શાખાઓ અંગેની માહિતી એક જ ગ્રંથમાં કે ગ્રંથશ્રે-ણીમાં એકત્રિત સ્વરૂપે મળે છે. જ્ઞાનવિજ્ઞાનની શાખા-પ્રશાખાઓ અંગેની અદ્યતન માહિતી સંક્ષિપ્ત અને અધિકૃત સ્વરૂપમાં તેમાં રજૂ કરવામાં આવે છે. વિશ્વકોશમાં વિષય અને તેના ઘટકોની નિષ્કર્ષરૂપ માહિતી આપવામાં આવે છે. વિષયના તમામ ઘટકો વિશેનું પ્રાથમિક જ્ઞાન, વિષયના સંબંધિત વિષયો અંગેનું જ્ઞાન, તેની શાખા-પ્રશાખાઓનું જ્ઞાન આપવામાં આવે છે. વિશ્વ-કોશ તત્કાળ માહિતી આપતો સંદર્ભગ્રંથ છે. વાચકની રુચિના વિષય પરત્વેની જિજ્ઞાસા સંતોષી તેની સાથે સંકળાયેલી અન્ય બાબતો અને અન્ય વિષયો અંગેની દૃષ્ટિ ખીલવવાનું જ્ઞાનસાધન છે. બૃહદ્ શબ્દકોશમાં શબ્દના અર્થ, તેની ઉત્પત્તિ, શબ્દના વિવિધ અર્થોનું નિદર્શન કરતાં દૃષ્ટાંતો, રૂઢિપ્રયોગો વગેરે હોય છે (દા.ત., ભગવદ્ગોમંડલ). વિશ્વકોશ આવા શબ્દકોશથી કંઈક વિશેષ છે, છતાં તે વિસ્તૃત વિવેચનાત્મક શોધનિબંધ નથી. તેમાંથી સંદર્ભ સ્વરૂપે મેળવેલી માહિતી અને જ્ઞાન, વાચકને શો-ધનિબંધ લખવામાં મદદરૂપ જરૂર થઈ શકે. મતમતાંતરો હોય ત્યારે કોઈ મત તરફ પક્ષપાત બતાવ્યા સિવાય તેનું નિષ્પક્ષ નિરૂપણ તટસ્થ રૂપે વિશ્વકોશમાં રજૂ કરવામાં આવે છે. તેમાં વિષયના પ્રત્યેક પાસાનું સ્વચ્છ, સંક્ષિપ્ત અને યથાર્થ નિરૂપણ કરવામાં આવે છે. વિષય અંગે રજૂ કરેલી હકીકતની બાબતમાં

પુનરુક્તિ, અલ્પોક્તિ કે અત્યુક્તિને તેમાં અવકાશ નથી. પરંતુ તેમાં વિષયની યથાતથ રજૂઆત જ અભિપ્રેત છે.

એક જ વિષયની વિગતવાર માહિતી આપતા કોશ, પ્રકરણવાર વિવિધ વિષયોની માહિતી આપતા કોશ અને સર્વસંગ્રાહક વિશ્વકોશ (general encyclopaedia) – આમ વિશ્વકોશના મુખ્ય ત્રણ પ્રકારો છે. એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા અને ગુજરાતી વિશ્વકોશને સર્વસંગ્રાહક સ્વરૂપના વિશ્વકોશ ગણી શકાય. અહીં બધા વિષયોનાં અધિકરણ એકત્ર કરી અકારાદિ ક્રમમાં ગોઠવી મૂકવામાં આવે છે. વિષયોની માહિતી વિવિધ પ્રકારનાં અધિકરણો દ્વારા વિશ્વકોશમાં મૂકવામાં આવે છે. વિષયને સરળ, સંક્ષિપ્ત અને સામાન્યજન (layman) સમજી શકે તેવી ભાષામાં રજૂ કરતાં ટૂંકાં અધિકરણો; વિષય અંગે વિગતવાર જાણવા ઇચ્છતા જિજ્ઞાસુઓ, વિદ્યાર્થીઓ અને અભ્યાસીઓ માટેનાં વૈવિધ્યવાળાં માહિતી-પ્રધાન અધિકરણો અને વિષય અંગેની સર્વક્ષેત્રીય માહિતી અને જરૂરી ટેક્નિકલ માહિતીપ્રચુર વ્યાપ્તિલેખો – આવા ત્રણે પ્રકારનાં અધિકરણોને વિષયના સ્વરૂપ અને મહત્વને અનુલક્ષીને રચેલો વિશ્વકોશ સર્વસંગ્રાહક વિશ્વકોશ (everyman encyclopaedia) બને છે. તે દરેક કક્ષાના માણસ માટે સંદર્ભગ્રંથ બનવાની ક્ષમતા અને ઉપયોગિતા ધરાવે છે.

## ગણિતશાસ્ત્ર અને વિશ્વકોશ : સંદર્ભસેવાના સાધન તરીકે

માણસમાં અનેક સહજવૃત્તિઓ (instincts) હોય છે, કુતૂહલવૃત્તિ (curiosity) તેમાંની એક છે. માણસ આસપાસના સમાજ, વાતાવરણ, રીતરિવાજો, રોજબરોજની ઘટનાઓ, વૈજ્ઞાનિક ઉપકરણોનો ઉપયોગ, વ્યક્તિઓનાં વાણી, વર્તન અને વ્યવહારમાંથી ઘણું ગ્રહણ કરે છે, નવું શીખે છે. તેમાંથી વિશેષ જાણવાની ઇચ્છા તેને થાય છે. જિજ્ઞાસા સંતોષવા તે પોતાના સહાધ્યાયીઓ, મિત્રો, કુટુંબના સભ્યો, વડીલો અને શિક્ષકો પાસેથી માહિતી મેળવે છે છતાં તેના મનમાં રહી ગયેલ કુતૂહલ અને શંકાનું સમાધાન શોધવા જ્ઞાનપ્રાપ્તિનાં અન્ય સાધનો તરફ તે વળે છે.

પુસ્તકાલયમાં વાંચન દ્વારા અને રેડિયો, ટેલિવિઝન જેવાં દૃશ્યશ્રાવ્ય સાધનો દ્વારા વિશેષ માહિતી મેળવવા પ્રયત્ન કરે છે. પુસ્તકાલયમાં વાચન કરતાં તેના કુતૂહલને સંતોષતાં વિવિધ વિષયનાં વિવિધ પ્રકારનાં પુસ્તકો, સામયિકો વગેરે જોવાની તેને ટેવ પડે છે. પુસ્તકાલય સમૃદ્ધ હોય તો કદાચ સંદર્ભ તરીકે વિશ્વકોશ જોવાની પણ તેને તક મળે છે. વિશ્વકોશને સંદર્ભગ્રંથ તરીકે જોતાં જોતાં પોતાનાં કુતૂહલ અને રુચિના વિષયનો અભ્યાસ કરવા ઉપરાંત તે વિષય સાથે સંકળાયેલા વિષયો અંગે પણ જાણકારી મેળવે છે; વિષયની શાખા, ઉપશાખાઓ, તેની ઉપયુક્તતા વિશે જ્ઞાન મેળવે છે. પોતે 'જ્ઞાનસમૃદ્ધ' થયા કરે છે. વિષયનો ગહન અભ્યાસ

કરવા લાગે ત્યારે આનુષંગિક વિષયોના સંદર્ભો જોવાનું પણ બને છે અને તેમાંથી સંશોધનની પ્રવૃત્તિઓ આગળ વધે છે. વિશ્વકોશની સંદર્ભગ્રંથ તરીકેની ક્ષમતા અને ઉપયોગિતા અહીં પ્રસ્તુત છે.

હવે ગણિતશાસ્ત્ર અને વિશ્વકોશને સંદર્ભસાધન તરીકે મૂલવીએ. શુદ્ધ ગણિતમાં બહોળું વિષયવૈવિધ્ય છે. સંકેતો, સૂત્રો, સમીકરણો, આલેખો, પ્રમેયો, નિયમો, સિદ્ધાંતો વગેરે દ્વારા માહિતીને સંક્ષેપમાં અને ખૂબ ચોકસાઈથી રજૂ કરવાની તેમાં વિશિષ્ટ ક્ષમતા છે. વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનના અનેક વિષયોમાં તેની ઉપયુક્તતા છે. સમાજવિદ્યાઓ, ભાષાશાસ્ત્ર (linguistics), શિક્ષણ, માનસશાસ્ત્ર, તર્કશાસ્ત્ર; વાણિજ્ય, બૅન્કિંગ, વીમાવિજ્ઞાન, વાહનવ્યવહાર, વસ્તીવિદ્યા; ભૌતિકવિજ્ઞાનો, જૈવવિજ્ઞાનો, ઇજનેરી વિદ્યાઓ, કમ્પ્યૂટર, અવકાશવિજ્ઞાન, ખગોળશાસ્ત્ર, યુદ્ધશાસ્ત્ર જેવી અનેક વિદ્યાશાખાઓમાં તેનું નોંધપાત્ર પ્રદાન છે. આને કારણે ગણિતશાસ્ત્રને વિશ્વકોશમાં સંદર્ભવિષય તરીકે ઔચિત્યથી રજૂ કરવું જોઈએ. વિષયવૈવિધ્યની દૃષ્ટિએ ગણિતશાસ્ત્રનાં અનેક પાસાં જોવા મળે છે.

**સંદર્ભ તરીકે ગણિતનું લોકભોગ્ય પાસું (popular aspect of mathematics) :**

સંખ્યામાં અવનવી અને અટપટી કરામતો દ્વારા ગણિતગમ્મત (number games), ગણિતની રમતો, ગણિતમાં જાદુ, ગણિતમાં પ્રયોગો, ગાણિતિક પરિરૂપો (models), જાદુઈ ચોરસો, ગાણિતિક તર્કદોષ (fallacies) અને વિરોધાભાસ (paradox), તેમાંથી ઊભી થતી અસમંજસતા (absurdity) પણ ગણિતમાં મનોરંજન સાથે બુદ્ધિમત્તાની કસોટી કરે છે. આથી ગણિતમાં સામાન્ય માણસ રસ લેતો, ભાગ લેતો અને અભ્યાસ કરતો થાય છે.

પ્રાચીન કાળથી શરૂ કરીને મધ્ય યુગ અને અર્વાચીન યુગનો ગણિતનો ઇતિહાસ રસપ્રદ છે. પશ્ચિમમાં ગ્રીસ, બેબિલોન, રોમ, ઇજિપ્ત અને પૂર્વમાં અરબસ્તાન, ભારત, ચીન અને જાપાનનું ગણિતના વિકાસમાં પ્રદાન જાણવાલાયક છે. વિવિધ દેશના ગણિતીઓનો ગણિતના વિકાસ, ઉપયોગ, પ્રયુક્તતા (applications) અને સંશોધનમાં જુદા જુદા સમયગાળા દરમિયાન મોટો ફાળો છે. પ્રાચીન ગણિત અને ફિલસૂફીમાં ઍરિસ્ટોટલ, પ્લેટો, હીપોક્રેટસ, થેલ્સ, બ્રુનો વગેરેનો ફાળો છે. ગૅલિલિયો, ટોલેમી, બ્રુનો, ગ્રેગરી, ન્યૂટન, એડિંગ્ટન, ચંદ્રશેખર, નારલીકર વગેરેની જીવનઝરમરમાંથી ગણિત અને ખગોળના વિકાસની અવનવી માહિતી સાંપડે છે. યૂક્લિડ, પાયથાગોરાસ, દ'કાર્ત, બોલ્યાઇ, રીમાન, લેબોચેવ્સ્કી, પોઇંકેર જેવા ભૌમિતિકો(geometors)નું ભૂમિતિમાં નોંધપાત્ર પ્રદાન છે. યૂક્લિડીય ભૂમિતિથી શરૂ કરીને યામભૂમિતિ, સદિશભૂમિતિ, વિકલભૂમિતિ, પ્રક્ષેપીય ભૂમિતિ, યૂક્લિડીયેતર

ભૂમિતિ વગેરે ભૂમિતિના વિકાસ અને સંશોધનની ગાથા રસપ્રદ છે. રીમાનની યૂક્લિડીયેતર ભૂમિતિ આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદમાં ઉપયોગી નીવડી છે. ન્યૂટન, લાઇબ્નીત્ઝ, કોશી, લાગ્રાન્જ, ઑઇલર, ગોસ, કેન્ટર, બૂલ, ગોડેલકુર્ત, વૉનનોયમાન, બર્ટ્રાન્ડ રસેલ જેવા મેધાવી અને વિચક્ષણ ગણિતીઓના સંશોધનકાર્ય સાથે કલનશાસ્ત્ર, ગાણિતિક પૃથક્કરણ, યંત્રશાસ્ત્ર, ગણગણિત, બુલીય બીજગણિત અને કમ્પ્યૂટર જેવા અનેક વિષયોના વિકાસની માહિતી સાંપડે છે. ફ્રુરીએ, ફર્મા, ડાયોફેન્ટાઇન, ફીબોનાકી, જી. એચ. હાર્ડી અને રામાનુજનનું સંખ્યાસિદ્ધાંતો(theory of numbers)માં બહુમૂલ્ય પ્રદાન છે. આવા ગણિતીઓની જીવનઝરમરને વિશ્વકોશમાં આવરી લેવાથી તે સમૃદ્ધ સંદર્ભગ્રંથ બને છે.

ગણિતશાસ્ત્રને અધ્યયન, અધ્યાપન અને સંશોધનના વિષય તરીકે જોઈએ તો તેના ત્રણ પ્રકાર છે : શુદ્ધ ગણિત (pure mathematics), પ્રયુક્ત ગણિત (applied mathematics) અને આંકડાશાસ્ત્ર (statistics). શુદ્ધ ગણિતમાં સામાન્ય વ્યવહારમાં વપરાતું ગણિત; શાળા, કૉલેજ અને મહાશાળાઓમાં શીખવાતું બીજગણિત, સુરેખ બીજગણિત, અરૂપ બીજગણિત, બુલીય બીજગણિત, યૂક્લિડીય અને યૂક્લિડીયેતર ભૂમિતિ, ત્રિકોણમિતિ અને ગોલીય ત્રિકોણમિતિ, કલનશાસ્ત્ર, ગણસિદ્ધાંતો અને તેનું ગણિત, વાસ્તવિક અને સંકર ગાણિતિક-પૃથક્કરણ, સંખ્યાસિદ્ધાંતો અને ટૉપોલૉજી મુખ્ય છે.

પ્રયુક્ત ગણિતની અનેક શાખાઓ છે. તદ્ઉપરાંત તેના સહયોગથી અન્ય વિજ્ઞાનોમાં અનેક વિદ્યાશાખાઓ ઉદભવી, વિકસી અને વિસ્તરી છે. અહીં જાણે કે ગીતાનું વિશ્વરૂપ દર્શન पश्यमेऽपाररुपाणि शतशो च सहस्त्र च ।' મળે છે. સ્થિતિશાસ્ત્ર, ગતિશાસ્ત્ર, દ્રવસ્થિતિ અને ગતિશાસ્ત્ર, વૈદ્યુત્ ગતિશાસ્ત્ર, સાપેક્ષવાદ, ગુરુત્વાકર્ષણનું વિજ્ઞાન, ખગોળ અને ખભૌતિકશાસ્ત્ર, ગાણિતિક ભૌતિકશાસ્ત્ર, ભૌતિક રસાયણશાસ્ત્ર, બાયોમૅથેમૅટિક્સ, જિનેટિક્સ, અવકાશવિજ્ઞાન, ઇજનેરી વિદ્યાઓ, મોસમવિજ્ઞાન, યુદ્ધશાસ્ત્રબેલિસ્ટિક્સ અને સાઇબરનેટિક્સ, રોબૉટિક્સ, કમ્પ્યૂટર વિજ્ઞાન અને સોલિડસ્ટેટ ફિઝિક્સ  આમ વિજ્ઞાનની અનેક શાખાઓમાં ગણિતશાસ્ત્ર વ્યાપેલું છે.

સમાજવિદ્યા, અર્થશાસ્ત્ર, વસ્તીવિદ્યા, શિક્ષણ, માનસશાસ્ત્ર, વાણિજ્ય, બૅન્કિંગ, એકાઉન્ટન્સી, ભાષાશાસ્ત્ર, વહીવટી વિદ્યા વગેરેમાં ગણિત; વાહનવ્યવહાર અને આંકડાશાસ્ત્રના સહયોગથી અર્થમિતિશાસ્ત્ર, શૈક્ષણિક આંકડાશાસ્ત્ર, વેક્ટર અને ટૉપોલૉજિકલ માનસશાસ્ત્ર, ગાણિતિક ભાષાશાસ્ત્ર, સંજ્ઞાત્મક તર્કશાસ્ત્ર, ઑપરેશન રિસર્ચ, ટ્રાન્સપૉર્ટેશન, નેટવર્ક ટૅકનૉલૉજી, એક્ચ્યુઅરી જેવી અનેક પ્રયુક્ત વિદ્યાશાખા વિકસી છે. વિશ્વકોશમાં સમાયેલું આ સમૃદ્ધ સંદર્ભસાહિત્ય છે.

રોજબરોજના વ્યવહારમાં ગણતરી, લેવડદેવડ, ખરીદી, વાહનવ્યવહાર, ધંધારોજગાર, વાણિજ્ય, બૅન્કિંગ, ભૌતિક વિજ્ઞાનો, જૈવ વિજ્ઞાનો, અવકાશવિજ્ઞાન અને ટૅકનૉલૉજી, શિક્ષણ, સાહિત્ય, યુદ્ધશાસ્ત્ર, મોસમવિજ્ઞાન, પરમાણુવિજ્ઞાન, કમ્પ્યૂટરવિજ્ઞાન આમ अत्र, तत्र, सर्वत्र ગણિતશાસ્ત્રનું યોગદાન છે. તે સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને વૈશ્વિક મહત્વ ધરાવતો વિષય છે. સાંપ્રત વિશ્વમાં સંદર્ભસેવાના સાધન તરીકે સર્વથા, સર્વ ક્ષેત્રે ઉપયોગી વિષય છે.

# ભૂસ્તરવિદ્યા અને વિશ્વકોશ

ગિરીશભાઈ પંડ્યા

22

1985થી ગુજરાતી વિશ્વકોશે ગુજરાતીઓ માટે સેવાનું જે ભગીરથ કાર્ય ઉપાડ્યું છે તે ખરેખર પ્રશંસનીય છે. અનેક વિદ્યાશાખાઓને આવરી લેતાં વિશ્વકોશનાં લખાણો માહિતીપ્રચુર બની રહ્યાં છે. સુજ્ઞ વાચકો એનો પ્રતિભાવ જરૂર આપી શકે.

વિશ્વકોશના વિજ્ઞાનવિભાગમાં ભૂસ્તરશાસ્ત્રના વિષયનો પણ સમાવેશ કરેલો છે. જોકે આ વિષયની પૂરી જાણકારી હજી સામાન્ય લોકો સુધી પહોંચી નથી. માધ્યમિક શાળાસ્તરના અભ્યાસક્રમમાં પણ આ વિષયનું સ્થાન હજી નહિવત્ છે. વિજ્ઞાનના જિજ્ઞાસુ વર્ગમાં પણ zoology અને geology શબ્દો વચ્ચે સમજની અસ્પષ્ટતા પ્રવર્તે છે ! એટલે સંપાદકોએ ગુજરાતી વિશ્વકોશમાં આ વિષયને સ્થાન આપીને તેનું ગૌરવ વધાર્યું છે તે આનંદની બાબત છે. ગુજરાતી વિશ્વકોશના વાચકોમાં આ વિષયનો પ્રસાર વધે એ હવે સમયની માંગ છે. કેટલાક લોકોને હજી 'વિશ્વકોશ' અને 'શબ્દકોશ' વચ્ચેનો તફાવત પણ સમજાયો નથી, તેથી એવા કોશો અંગેની સમજ સ્પષ્ટ થાય, એમનો સાર્થક રીતે લાભ લેવાય એ માટેનું વાતાવરણ પેદા કરવાનું કાર્ય ગુજરાતી દૈનિક પત્રોએ – સમૂહ માધ્યમોએ ઉપાડી લેવાની તાતી જરૂરિયાત છે.

આ વિષયના લેખકો વતી આજે અહીં વિષયની સામાન્ય રૂપરેખા, સમજ અને ઉપયોગિતા રજૂ કરતાં ગૌરવની લાગણી અનુભવું છું અને મને આ તક આપવા બદલ આ ચર્ચાસભાના વ્યવસ્થાપકોનો હાર્દિક આભાર માનું છું.

ભૂસ્તરશાસ્ત્ર એટલે શું ? ભૂસ્તરશાસ્ત્ર એટલે ખડકો અને ખનિજોનો તેમનાં વિવિધ પાસાંઓ દ્વારા કરવામાં આવતો અભ્યાસ. વિદ્યાર્થી માટે આ વ્યાખ્યા બરાબર ગણાય, પણ જિજ્ઞાસુ વર્ગ માટે આ અર્થઘટન અધૂરું બની રહે છે. તેથી તેના અર્થવિસ્તારની જરૂર છે.

કોઈ પણ ખડક કે ખનિજ ક્યારે, કયા સંજોગોમાં બન્યાં હશે તે જાણવા માટે તેનું વયનિર્ધારણ કરવું જોઈએ. વયનિર્ધારણ તેમાં મળતા જીવાવશેષો પરથી થઈ શકે. જીવન સામેલ થાય એટલે તેમાં પ્રાણીશાસ્ત્ર કે વનસ્પતિશાસ્ત્ર સંકળાય તેથી પ્રાચીન જીવાવશેષશાસ્ત્ર (palaenotology) તેની વિષયશાખા બને; ભૂપૃષ્ઠના કે પેટાળના ખડકો કે ખનિજો કેટલી વિશિષ્ટ ઘનતા કે સ્થિતિસ્થાપકતા કે વીજવા-હકતા કે ચુંબકત્વ ધરાવે છે, તે બાબતમાં ભૌતિકશાસ્ત્ર સંકળાતું હોવાથી ભૂભૌ-તિકશાસ્ત્ર (geophysics) તેની શાખા બને; ખડકો કે ખનિજો કયાં કયાં તત્વોનાં સંયોજનોથી બનેલાં છે, તેમાં રસાયણશાસ્ત્ર સંકળાતું હોવાથી ભૂરસાયણશાસ્ત્ર (geochemistry) તેની વિષયશાખા બને; આ જ રીતે ઇજનેરી, ગણિતશાસ્ત્ર, કમ્પ્યૂટર, પર્યાવરણ, ભૂગોળ, અર્થશાસ્ત્ર તેમજ અન્ય વિષયો પણ ભૂસ્તરશાસ્ત્રના વિષયની સમજ સાથે સંકળાયેલા છે.

આ સંદર્ભમાં જોતાં, ભૂસ્તરશાસ્ત્રનો વિષય ભૂવિજ્ઞાન તરીકે, ઘણી શાખાઓનું મિશ્રણ બની રહેલો છે. આ વિષયનો વિદ્યાર્થી વિવિધ શાખાક્ષેત્રોથી માહેર બને છે અને તેના નિષ્ણાત વિવિધ બાબતોમાં માર્ગદર્શન આપી શકે છે.

જિજ્ઞાસુ-વાચકવર્ગ આ બધાં સંકલનો અને વિષયની ઉપયોગિતા સમજી શકે એ માટે થોડાં ઉદાહરણોની જરૂર છે, જે નીચે આપેલાં છે. ઉદાહરણો અજાયબી-ભર્યાં લાગશે, પણ તેનાં પ્રમાણો અને પુરાવાઓ પણ છે. તેની માહિતી વિશ્વકોશ-માંથી મળી શકશે :

(1) અહીં આ ચર્ચાસભામાં બેઠેલા આપણી દરેકની ચોક્કસ ઉંમર છે. પૃથ્વી આપણું નિવાસસ્થાન છે, તેની ઉંમર કેટલી હશે ? જવાબ છે 4.6 અબજ વર્ષ. તેની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? ઉત્પત્તિ સૂર્યમંડળ સાથે સંકળાયેલી છે, જોકે અન્ય સિદ્ધાંતો – તર્કો પણ છે. પૃથ્વીનું પેટાળ કેવું છે ? ઘન કે પ્રવાહી ? ગોળો તો ઘન છે, પણ જ્વાળામુખીઓ ક્યારેક લાવા અને વાયુઓ બહાર કાઢે છે, તે પેટાળમાં હોવા જોઈએ. તેના વિસ્ફોટ વખતે ભૂકંપ પણ થતા હોય છે.

(2) ખંડો અને મહાસાગરોનાં કદ અને આકાર આજે દેખાય છે એવાં જ અગાઉ પણ હતાં અને એવાં જ રહેશે ? ના. ખંડો દૂરના ભૂતકાળમાં ભેગા હતા, પછી તૂટ્યા, ખસતા ગયા અને હજી આજે પણ ખસે છે. ખસે છે ત્યારે અન્યોન્ય ઘસાય કે અથડાય છે. વિશાળ ભૂપૃષ્ઠ-તકતીઓ ક્યાંક એકબીજી પર ચઢી જાય છે, ક્યાંક એક તકતી બીજીની નીચે દબાતી જાય છે. દબાતી જતી તકતી ઓગળતી

જાય છે, ભૂરસ બની જાય છે, લાવા રૂપે બહાર આવે છે; વળી તકતીઓ અથડાય ત્યારે વિનાશકારી ભૂકંપો પણ સર્જાય છે.

આજના ઍટલાન્ટિક મહાસાગર, રાતો સમુદ્ર, અરબી સમુદ્ર વગેરેનું ભૂતકાળમાં એક કાળે અસ્તિત્વ જ ન હતું. મહાસાગરો તેમના મધ્યતળભાગમાંથી ફાટતા જાય છે, ફાટતા ભાગો એકબીજાથી દૂર તરફ વિસ્તરતા જાય છે.

(3) હિમાલય અને આલ્પ્સ જેવી પર્વતમાળાઓનું અસ્તિત્વ પાંચ કરોડ વર્ષ અગાઉ હતું જ નહિ. તેની જગાએ ટેથીઝ નામનો મહાસાગર ઘૂઘવતો હતો. તેના તળ પર થયેલી સ્તરજમાવટમાંથી ખંડોની અથડામણને કારણે આ પર્વતમાળાઓ ઊંચકાઈ આવેલી છે. હજી તે દર વર્ષે બે-અઢી સેમી. જેટલી ઊંચી જાય છે. જળ-સ્થળના આવા ફેરફારો તો ઘણા થયેલા છે. અરવલ્લી પર્વતમાળા તો 170 કરોડ વર્ષથી પણ વધુ જૂની છે, તેથી ખૂબ ઘસાઈ ગઈ છે. અરવલ્લીને જો પરદાદાનોય પરદાદા કહીએ તો હિમાલય તેની સરખામણીએ બાળક ગણાય ! ભૂસ્તરશાસ્ત્રી માટે આ હકીકત છે, તો સામાન્ય માણસ માટે અજાયબી છે !

(4) સૌરાષ્ટ્ર એક કાળે અલગ ટાપુ હતો, નળકાંઠાથી ઉત્તર-દક્ષિણનો નીચાણવાળો ભાગ કાંપથી ભરાઈ ગયો છે, સૌરાષ્ટ્ર ગુજરાતની તળભૂમિ સાથે જોડાઈ ગયું છે. રાજસ્થાનના રણની પરિસ્થિતિ હજી હમણાં શરૂ થયેલી ઘટના છે.

પૂર્વ આફ્રિકા નજીકનો માડાગાસ્કર ટાપુ 3 કરોડ વર્ષ અગાઉ છૂટો પડેલો છે. ઇથિયોપિયા અને સોમાલિયાવાળો ઈશાન આફ્રિકી ભાગ એક કાળે અરબસ્તાન સાથે જોડાયેલો હતો, તેમાંથી અરબસ્તાન તૂટીને છૂટું પડ્યું, ખસ્યું અને રાતો સમુદ્ર બન્યો. ઈશાન આફ્રિકી ભાગ પણ 70 લાખ વર્ષ અગાઉ ફાટ્યો છે, સંભવ છે કે 3 કરોડ વર્ષ પછી આફ્રિકાથી છૂટો પડી જાય, તો ત્યાં નવો સમુદ્ર આકાર લેશે. એ જ રીતે પશ્ચિમ અમેરિકી કૅલિફૉર્નિયાનો અખાત ફાટયુક્ત હોવાથી ત્યાં વારંવાર ભૂકંપ થતા રહે છે. પેસિફિક કિનારાને ફરતા બધે જ જ્વાળામુખીઓ છે, તેથી તેને 'પેસિફિક અગ્નિવલય' (Pacific Ring of Fire) કહે છે.

(5) પૃથ્વી પરના બધા જ મહાસાગરોના તળ પર હજારો કિમી. લંબાઈવાળી અને હજારો મીટર ઊંચાઈવાળી ગિરિમાળાઓ બની રહી છે. તે બધી જ વચ્ચેથી ફાટોવાળી છે, તેમાંથી લાવા નીકળતો રહે છે. બંને બાજુ સમુદ્રતળનું વિસ્તરણ થતું જાય છે.

યુ.એસ.ના 'યેલોસ્ટોન નૅશનલ પાર્ક'માં ગરમ પાણીના ફુવારા પેટાળની ગરમીને કારણે અવારનવાર કાર્યરત બની જાય છે. અલાસ્કામાં 'સહસ્ર ધૂમ્રસેર ધારક ખીણ' (Valley of Thousand Smokes) આવેલી છે.

આઇસલૅન્ડની નીચે તથા ઈશાન આફ્રિકી ભાગમાં આવેલા 'એફાર ત્રિકોણ'

નીચે ધગધગતો અને ખદબદતો મૅગ્મા અસ્તિત્વ ધરાવે છે.

આ બધી ઘટનાઓ મૅગ્માની હાજરી અને ભવિષ્યના ભૂસંચલનનો અણસાર આપી જાય છે.

(6) આજે ઉત્તર-દક્ષિણ ધ્રુવના પ્રદેશો તેમજ ઊંચાં શિખરો બરફના થરથી ઢંકાયેલાં છે, પરંતુ આજથી માત્ર 10,000 વર્ષના ભૂતકાળમાં જઈએ તો એશિયા, યુરોપ અને અમેરિકાનો લગભગ 50 % જેટલો ભાગ હિમાચ્છાદિત હતો. ત્યારે ત્યાં હિમયુગ પ્રવર્તતો હતો. આશરે 20થી 25 લાખ વર્ષ સુધી ઉત્તર ગોળાર્ધના ઉત્તર ભાગો બરફ હેઠળ રહેલા. હિમાલય, આલ્પ્સ, અલાસ્કાની આજની હિમનદીઓ તેના માત્ર અવશેષો જ છે. આવો જ હિમયુગ 25 કરોડ વર્ષ અગાઉના ગાળામાં દક્ષિણ ગોળાર્ધમાં પણ પ્રવર્તેલો.

અરવલ્લી પણ એક કાળે હિમાલયની જેમ ઊંચો હતો. ત્યાં પણ હિમનદીઓ હતી. તેના પુરાવા રૂપે હિમઘસરકાવાળા ઉપલો (pebbles) ઓરિસાના તાલ્ચીર-માંથી આજે મળે છે. તે સ્થાનાંતરિત થઈને એટલે દૂર સુધી પહોંચ્યા હશે !

(7) ભારતનો દખ્ખણનો લાવાનો ઉચ્ચપ્રદેશ આજથી અગાઉનાં 3.5થી 6.5 કરોડ વર્ષ વચ્ચેના કાળગાળા દરમિયાન ત્યાંના ભૂપૃષ્ઠમાં પડેલી ફાટોમાંથી નીકળેલા લાવાના થરોનો બનેલો છે. પાવાગઢ પણ આ જ રીતે લાવાના ઘણા થરોનો બનેલો છે.

દક્ષિણ ભારતની નદીઓ પૂર્વતરફી વહેણવાળી છે, તે બધી બંગાળના ઉપ-સાગરમાં ઠલવાય છે. પશ્ચિમ ભારતનો ગુજરાત ભાગ વાયવ્ય તરફ ઝૂક્યો હોવાથી અહીંની ભગિની નદીઓ નર્મદા–તાપી પશ્ચિમતરફી વહેણવાળી બની ગયેલી છે, તે અરબી સમુદ્રમાં ઠલવાય છે.

(8) સિંધુ–ગંગાનું અફાટ મેદાન હિમાલયની ઉત્પત્તિ વખતે ઊંડું થાળું હતું. નદીઓના કાંપથી તે પુરાઈ ગયું છે.

હિમાલયની ઉત્પત્તિ અગાઉ તત્કાલીન ભારતના ઉત્તર ભાગમાં અને ટેથીઝ મહાસાગરની દક્ષિણે 'બ્રહ્મસિંધુ' અથવા 'શિવાલિક' નામની ઘણી મોટી નદી અસ્તિત્વ ધરાવતી હતી. હિમાલયના ઉત્થાનની સાથે સાથે આ નદી ત્રણ ફાંટાઓ – સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્રા – માં વહેંચાઈ ગઈ. આ નદીઓએ તેમના વહનમાર્ગો બદલ્યા કર્યા છે. સિંધુ પહેલાં કચ્છ તરફ વહેતી હતી, ધીમે ધીમે પશ્ચિમ તરફ તે ખસતી ગઈ છે, આજે તે કરાંચી નજીકથી વહે છે. વેદકાલીન સરસ્વતી પણ આ વિભાગમાં જ લુપ્ત થઈ ગઈ છે.

ભૌગોલિક પુરાવાઓ જણાવે છે કે કૉલકાતા પહેલાં દરિયાકિનારે હતું, આજે નથી; ગંગા–બ્રહ્મપુત્રાએ અહીંના કિનારાના વિસ્તારને પૂરી દઈ નવસાધ્ય બનાવ્યો

છે, જે આજે સુંદરવનના પ્રદેશ તરીકે ઓળખાય છે.

(9) પ્રાણીઓની ઉત્ક્રાંતિનો વિચાર કરીએ તો ઘોડો અને હાથી તેનાં ઉત્તમ ઉદાહરણો છે. ઘોડો પહેલાં આજના કૂતરા જેવડો હતો અને તેના પગને પાંચ આંગળાં હતાં. દોડવાથી તેનું કદ વધ્યું અને વચલી આંગળી પર વજન આવતું જવાથી ખરી બની ગઈ છે, બાકીનાં આંગળાં અવશેષ બની ગયાં. હાથી આજના ભુંડ જેવડો હતો, ત્યારે તેને સૂંઢ અને દંતૂશળ પણ ન હતાં. શિવાલિક પહાડીઓમાંથી મળી આવેલા અવશેષો પુરવાર કરે છે કે પહેલાં હાથીની આશરે 29 જેટલી જાતિઓ હતી, તેમાંથી આજે માત્ર બે જ બચી છે – એક એશિયાઈ અને બીજી આફ્રિકી. લાંબી ડોકવાળાં જિરાફ અને ઊંટ પણ આ જ રીતે ક્રમશઃ ઉત્ક્રાંતિ પામેલાં છે.

(10) માનવ પણ વાનર અને કપિવાનરમાંથી, ઉત્ક્રાંતિની કક્ષાઓમાંથી પસાર થતો થતો આજનું સ્વરૂપ પામ્યો છે. ફ્રાન્સ, જર્મની, જાવા, ચીન, ઑસ્ટ્રેલિયા તથા વિશેષે કરીને ટાન્ઝાનિયા અને ઇથિયોપિયામાંથી મળેલાં આદિમાનવોનાં હાડપિંજર અને અવયવોના અવશેષો પરથી પુરવાર થયું છે કે ચોપગા વાનર અને કપિમાંથી બે પગે ચાલતા આજના માનવની ઉત્ક્રાંતિ આજથી 40–50 લાખ વર્ષ અગાઉથી શરૂ થઈ ચૂકી હતી. બોલવાની ક્ષમતા પણ શરૂમાં તો ન હતી. મગજનો વિકાસ પણ ક્રમે ક્રમે થયેલો છે. માનવ આકાર, કદ અને બાંધામાં બદલાતો ગયેલો છે. અન્ય પ્રાણીઓની જુદી જુદી જાતિઓ છે, પણ માનવની તો માત્ર એક જ જાતિ છે – જે 'હોમોસેપિયન્સ સેપિયન્સ' નામથી ઓળખાય છે.

જુદા જુદા દેશો જુદી જુદી ખનિજસંપત્તિમાં સમૃદ્ધ કે અછતવાળા હોય છે. સમૃદ્ધિ કે અછતમાંથી આયાતનિકાસનો વેપાર ઊભો થાય છે. આ બાબતમાં આર્થિક ભૂસ્તરશાસ્ત્ર તથા વ્યાવહારિક ભૂસ્તરશાસ્ત્ર મદદરૂપ થઈ પડે છે. ખનિજસંપત્તિમાં ઇજારાશાહી ધરાવતા કેટલાક દેશો વેપારી અસમતુલા ઊભી કરી પોતાનું વર્ચસ સ્થાપવા પ્રયાસ કરે તો ક્યારેક તેમાંથી દેશો વચ્ચે સંઘર્ષો–લડાઈઓ કે યુદ્ધો પણ થતાં હોય છે. અમેરિકી–ઇરાકી સંઘર્ષ તેનું ઉદાહરણ છે.

ભૂસ્તરશાસ્ત્રના વિષય સાથે ઘનિષ્ઠપણે સંકળાયેલી આ પ્રકારની તથા આવી અનેક જાતની હકીકતો સામાન્ય જનને કે જિજ્ઞાસુને તેની જાણકારી માટે, વિદ્યાર્થીને તેના અભ્યાસ માટે, શિક્ષક–અધ્યાપકને તેમના સ્તરના અધ્યાપન માટે, નિષ્ણાત કે સંશોધકને જરૂરી સંદર્ભ કે સંશોધન માટે પૂરતી માત્રામાં સુલભ કરી આપવામાં વિશ્વકોશ ઉપયોગી થઈ પડે તેમ છે.

સામાન્ય માણસ કે જિજ્ઞાસુ વાચકથી માંડીને વેપારી તથા રાજકીય વર્ગોને, સમાજને, ઉદ્યોગોને તેમજ અન્ય કોઈ પણને પોતપોતાની જરૂરિયાતની માહિતી વિશ્વકોશમાંથી મળી શકે છે.

# જ્ઞાનવિસ્તરણનું સાધન

## બાળકૃષ્ણ માધવરાવ મૂળે

23

બ્રહ્માંડની સમગ્ર ચરાચર સૃષ્ટિને આવરી લેતી વિવિધ વિદ્યાઓનો કોશ તે વિશ્વકોશ એવી તેની સર્વગ્રાહી વ્યાખ્યા કરવામાં આવે છે. વિદ્વાનોના મત મુજબ જ્ઞાન ત્રણ મુખ્ય વિભાગોમાં વહેંચી શકાય છે : (1) પ્રાકૃતિક વિભાગો (દા.ત., પદાર્થવિજ્ઞાન) અને ગણિત. આમાં શુદ્ધ અને પ્રયુક્ત બંનેનો સમાવેશ થાય છે.

(2) માનવવિદ્યાઓ જેમાં માનવશાસ્ત્ર, સાહિત્ય અને કલા સાથે સંબંધ ધરાવતી વિદ્યાશાખાઓનો સમાવેશ કરવામાં આવે છે. (3) સમાજવિદ્યાઓ જેમાં સામાજિક પ્રાણી તરીકેની માનવની પરસ્પર આદાનપ્રદાનની સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું વિશ્લેષણ કરવામાં આવે છે. સમાજવિદ્યાઓના વિષયજૂથમાં મુખ્યત્વે માનવશાસ્ત્ર (anthropology), અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, સામાજિક મનોવિજ્ઞાન (social psychology) આ વિષયો ઉપરાંત કેટલાક વિદ્વાનો તેમાં કાયદાશાસ્ત્ર, અપરાધશાસ્ત્ર (criminology), શિક્ષણ, ઇતિહાસ અને ભૂગોળનો પણ સમાવેશ કરે છે. સમાજવિદ્યાઓ હેઠળ માનવની સમૂહના એક ઘટક તરીકેની વિવિધ પ્રવૃત્તિઓનો પદ્ધતિસર રીતે તલસ્પર્શી અભ્યાસ કરવામાં આવે છે.

વિશ્વકોશના ઘણા પ્રકારો હોય છે; પરંતુ સામાન્ય રીતે તે બે મુખ્ય વિભાગોમાં વહેંચી શકાય : (1) બ્રહ્માંડની સમગ્ર ચરાચર સૃષ્ટિને આવરી લેતી બધી જ વિદ્યાઓનો જેમાં સમાવેશ કરવામાં આવે છે તે સર્વસંગ્રાહક વિશ્વકોશ; દા.ત., 1768થી

1996 દરમિયાન 16 આવૃત્તિઓમાં પ્રકટ થયેલ એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા, 1965થી 1996 દરમિયાન 14 ખંડોમાં પ્રકટ થઈ ચૂકેલ મરાઠી વિશ્વકોશ અથવા 1987થી 1997 સુધીમાં નવ ખંડોમાં પ્રકટ થયેલ 'ગુજરાતી વિશ્વકોશ'. આ પ્રકારના સર્વસંગ્રાહક વિશ્વકોશમાં વિવિધ વિદ્યાશાખાઓને લગતી સર્વાંગીણ, પ્રમાણભૂત છતાં સંક્ષિપ્ત માહિતી આપવામાં આવે છે. 'ગુજરાતી વિશ્વકોશ' 20 ખંડોમાં પ્રકાશિત કરવાનો સંકલ્પ છે અને તેમાં આવનાર આશરે 40,000 અધિકરણોની યાદી 1987માં પ્રકટ થયેલ ભૂમિકાખંડમાં આપવામાં આવેલ છે. અલબત્ત, બદલાતા સમયની માંગ પ્રમાણે તે યાદીમાં જરૂરી સુધારાવધારા કરવામાં આવે છે. (2) માત્ર એક જ વિદ્યાશાખાને સ્પર્શતા જ્ઞાનની માવજત જે વિશ્વકોશમાં કરવામાં આવે છે તે વિશિષ્ટ (specialised) વિશ્વકોશ; દા. ત., સમાજવિદ્યાઓને આવરી લેતો 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ સોશિયલ સાયન્સીઝ', પ્રાકૃતિક વિજ્ઞાનોની માવજત કરતો 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ નૅચરલ સાયન્સિઝ', તકનીકી વિષયોને આવરી લેતો 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ ટૅકનૉલૉજી', ભારતીય ભાષાઓના સાહિત્યને આવરી લેતો 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ ઇન્ડિયન લિટરેચર', 'આયુર્વેદકોશસંગ્રહ', 'વનસ્પતિશાસ્ત્ર કોશસંગ્રહ' વગેરે. કેટલીક વાર પ્રાદેશિક સ્તરના સર્વસંગ્રાહક વિશ્વકોશો પણ તૈયાર કરવામાં આવે છે; દા. ત., ભૂતકાળમાં પ્રકટ થયેલ 'કાઠિયાવાડ સર્વસંગ્રહ', 'ગુજરાત સર્વસંગ્રહ', 'ચરોતર સર્વસંગ્રહ', બિરલા ફાઉન્ડેશન દ્વારા હાલ તૈયાર થઈ રહેલ 'એન્સાઇક્લોપીડિયા ઇન્ડિયાના', એશિયાટિક સોસાયટી દ્વારા પ્રયોજિત 'એન્સાઇક્લોપીડિયા એશિયાટિકા' વગેરે. કેટલીક વાર માત્ર એકાદ વિષયને આવરી લેતા વિશ્વકોશો પણ તૈયાર કરવામાં આવે છે. દા. ત., હિંદુ હેરિટિજ ફાઉન્ડેશન દ્વારા પ્રયોજિત 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ હિંદુઇઝમ', 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ મર્ડર્સ', 'એન્સાઇક્લોપીડિયા ઑવ્ સેક્સ' વગેરે.

લગભગ એક દાયકા પહેલાં અદ્યતન ગુજરાતી વિશ્વકોશ તૈયાર કરવાનું કાર્ય શરૂ થયું તે પહેલાં 1898થી 1910 દરમિયાન રતનજી ફરામજી શેઠના નામક પારસી સદગૃહસ્થે ગુજરાતી ભાષામાં 9 ખંડો પ્રકટ કર્યા હતા; જેમાં ધર્મ, ઇતિહાસ અને દેશી હુન્નરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. માત્ર જૂજ વિષયોને આવરી લેતા આવા વિશ્વકોશને સર્વસંગ્રાહક વિશ્વકોશ કહી શકાય નહિ. ત્યારપછી પુણેના શ્રીધર વ્યંકટેશ કેતકર નામના મહારાષ્ટ્રીયન વિદ્વાને મરાઠી ભાષામાં સર્વસંગ્રાહક વિશ્વકોશના 23 ખંડો પ્રકટ કર્યા હતા, જેનું ગુજરાતી ભાષાંતર કરવાની તેમની મહેચ્છા હતી; પરંતુ માત્ર બે ખંડો પ્રકાશિત થયા પછી આ કામ આગળ ચાલ્યું નહિ. આઝાદી પછી અને ખાસ કરીને 1960માં અલાયદા ગુજરાતી રાજ્યની સ્થાપના પછી ગુજરાતમાં વિશ્વકોશને સમકક્ષ ગણાય તેવાં કેટલાંક કાર્યો થયાં છે. દા. ત., સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગર દ્વારા 1967થી 1996ના ત્રણ દાયકા

દરમિયાન ગુજરાતી ભાષામાં 30 ખંડોમાં જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી પ્રકટ કરવામાં આવી છે. નિરીક્ષણાત્મક નિબંધોનું સ્વરૂપ ધરાવતી આ શ્રેણીને સર્વસંગ્રાહક વિશ્વકોશોની હરોળમાં મૂકી શકાય નહિ. ગુજરાત યુનિવર્સિટીએ પણ વિજ્ઞાન અને યંત્રવિદ્યાને લગતા 10 ગ્રંથોની એક શ્રેણી ગુજરાતી ભાષામાં પ્રકટ કરી છે; પરંતુ તેમાં પણ જ્ઞાનવિજ્ઞાનની બધી જ શાખાઓનો સમાવેશ થયેલો ન હોવાથી તેને પણ સર્વસંગ્રાહક વિશ્વકોશ ગણાય નહિ.

ગુજરાત વિશ્વકોશના નેજા હેઠળ છેલ્લા લગભગ એક દાયકાથી જે કામ હાથ ધરવામાં આવ્યું છે તેનું મુખ્ય લક્ષ્ય સર્વસામાન્ય ગુજરાતીભાષી જિજ્ઞાસુને બ્રહ્માંડની ચરાચર સૃષ્ટિને લગતું જ્ઞાન સર્વસંગ્રાહક વિશ્વકોશની 20 ગ્રંથોની શ્રેણી દ્વારા પૂરું પાડવાનું છે, જેથી કોઈ એક જ વિષય કે વિષયજૂથ નહિ પરંતુ બધા જ વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરવાની તેની ઝંખના સંતોષી શકાય. આ મુખ્ય હેતુને અનુલક્ષીને જ આ સર્વસંગ્રાહક વિશ્વકોશમાં 169 વિષયોની માવજત કરવામાં આવી રહી છે.

વિશ્વકોશ ગમે તે પ્રકારનો હોય, તેની એક આગવી વિશિષ્ટતા એ હોય છે કે તેમાંનાં અધિકરણો અકારાદિ ક્રમે ગોઠવવામાં આવતાં હોય છે. ગુજરાતી વિશ્વકોશે પણ આ પરિપાટી સ્વીકારી છે.

વિશ્વકોશનું મુખ્ય લક્ષ્ય જ્ઞાનસંચય અને જ્ઞાનવિતરણ હોય તોપણ બહોળા પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો આ પ્રક્રિયા જ્ઞાનવિસ્તરણમાં પરિણમે તેવી તેની ગુણવત્તા હોવી જોઈએ. જે પ્રક્રિયા જ્ઞાનસંચય અને જ્ઞાનવિતરણ પૂરતી જ મર્યાદિત રહે છે, જે પ્રક્રિયા જ્ઞાનવિસ્તરણને પ્રોત્સાહન પૂરું પાડી શકતી નથી. તે પ્રક્રિયા માત્ર ભૂતકાળ અને બહુ બહુ તો વર્તમાનકાળની માહિતી પીરસવા પૂરતી જ સંકુચિત બની રહેશે. જ્ઞાનસંચય અને જ્ઞાનવિતરણ ઉપરાંત વિશ્વકોશનું મુખ્ય લક્ષ્ય જ્ઞાનવિસ્તરણનું પણ હોવું જોઈએ અને તો જ વિશ્વકોશ સંદર્ભગ્રંથ તરીકે ઉપયોગી નીવડવાની ક્ષમતા હાંસલ કરી શકશે.

વીસમી સદીના ઉત્તરાર્ધમાં શુદ્ધ અને પ્રયુક્ત વિજ્ઞાનને લગતા જ્ઞાનના વિસ્ફોટની સાથે સમાજવિદ્યાઓમાં સમાવી લેવામાં આવતા વિવિધ વિષયોના જ્ઞાનનો પણ વિસ્ફોટ થઈ રહ્યો છે. આ વિસ્ફોટ અને તેનું વિસ્તરણ બંનેની જોડાજોડ સમાજવિદ્યાઓમાં પરપલન (cross-fertilisation) પણ થઈ રહ્યું છે અને આંતરવિદ્યાકીય (interdisciplinary) સહકારની પ્રક્રિયા પણ પુરજોશથી ચાલી રહી છે. પરિણામે તે ક્ષેત્રમાં ભિન્ન ભિન્ન વિષયોનું એકીકરણ પણ જોર પકડતું જાય છે. વીસમી સદીના આ જ ગાળામાં જ્ઞાન સંપાદન કરવાની ગતિમાં તો વધારો થયો છે જ, પરંતુ તે ઉપરાંત વિવિધ પ્રકારનાં જ્ઞાનક્ષેત્રોનું વ્યવસાયીકરણ (professionalism) પણ થતું જાય છે, જેને લીધે પ્રવીણતા અને કૌશલ હાંસલ કરવાની પ્રક્રિયા વધુ ને

વધુ સુગમ બનતી જાય છે. આજના આ યુગમાં ઉદ્યોગો, સરકારી કચેરીઓ, જાહેર ક્ષેત્રના એકમો, બૅંકો, વીમા કંપનીઓ, ધંધાદારી પ્રતિષ્ઠાનો વગેરેના અર્થશાસ્ત્રીઓ, મનોવૈજ્ઞાનિકો, રાજ્યશાસ્ત્રજ્ઞો, વસ્તીશાસ્ત્રના નિષ્ણાતો તથા અન્ય ઘણાં ક્ષેત્રોના તજ્જ્ઞો એકસાથે એકબીજાના સહકારથી કામ કરતા જોવા મળે છે. આધુનિક યુગમાં સમાજવિદ્યાઓના અભ્યાસ-અધ્યયનનું મહત્વ માત્ર બૌદ્ધિક કસરત પૂરતું જ મર્યાદિત રહેલું નથી, તેનો વ્યાપ દિવસે દિવસે વધતો જાય છે અને નીતિઘડતર-ના અસરકારક સાધન તરીકે પણ તેનો હવે વ્યાપક સ્વીકાર થઈ રહ્યો છે. ઉપરાંત, સમાજવિદ્યાઓમાં સામેલ કરવામાં આવતા વિવિધ વિષયોમાંથી કોઈ એક વિષયમાં વિશ્લેષણની જે તકનીક કે પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે તે જ તકનીક કે પદ્ધતિનો ઉપયોગ તે વિષયજૂથના અન્ય વિષયો અપનાવી રહ્યા છે એવું પ્રતીત થઈ રહ્યું છે. ટૂંકમાં, એક તરફ વિશિષ્ટીકરણ, પરપલન, આંતરવિદ્યાકીય સહકાર, વ્યવસાયીકરણ, તકનીકનું આદાનપ્રદાન જેવી પ્રક્રિયાઓની સાથોસાથ એકીકરણ, સમન્વય, સંયોગીકરણ જેવી પ્રક્રિયાઓ પણ દષ્ટિગોચર થાય છે. અગાઉ જણાવ્યું છે તે મુજબ, સર્વસંગ્રાહક વિશ્વકોશનો ઉદ્દેશ માત્ર જ્ઞાનસંચય અને જ્ઞાનવિતરણ પૂરતો જ મર્યાદિત રહી શકે નહિ, તેના વ્યાપમાં – દાયરામાં જ્ઞાનવિસ્તરણનો ઉદ્દેશ પણ સમાવી લેવો જોઈએ અને જો આ વિચારસરણી સ્વીકારી લેવામાં આવે તો સર્વસંગ્રાહક વિશ્વકોશ, તે કોઈ પણ ભાષામાં હોય, સંદર્ભગ્રંથ તરીકે તે ભવિ-ષ્યની સંશોધનાત્મક પ્રવૃત્તિઓમાં આગવી ભૂમિકા ભજવી શકે છે. અલબત્ત, આ કહીએ ત્યારે સંદર્ભગ્રંથ તરીકે તેનો ઉપયોગ કરનાર વ્યક્તિ સમાજવિદ્યાઓમાં સામેલ કરવામાં આવતા વિષયોના પરસ્પર સંબંધોથી, ગુજરાતી વર્ણમાળા તથા ગુજરાતી પરિભાષાથી પૂર્ણ પરિચિત હોય તે અપેક્ષિત છે.

# શિક્ષણ, સંશોધન અને વિશ્વકોશ

રક્ષા શાહ

ગુજરાતીમાં જેને આપણે વિશ્વકોશ તરીકે ઓળખીએ છીએ તેનો અંગ્રેજી પર્યાય encyclopaediaનો શબ્દશઃ અર્થ છે 'education within the circle'. આધુનિક અર્થમાં આ શબ્દ પ્રથમ વાર 'The Govornour'માં ઈ. સ. 1531માં વાપરવામાં આવ્યો. આ ગ્રંથ શિક્ષણ અને રાજકારણ પરનો મહાનિબંધ (treatise) હતો, જેના રચનાકાર અંગ્રેજ વિદ્વાન અને મુત્સદ્દી સર ટૉમસ ઇલિયટ હતા.

24

મુસ્લિમ અને પૌર્વાત્ય સંસ્કૃતિમાં અરબી વિદ્વાન અલ-ફરાબી રચિત વિશ્વકોશ હતો. ચીન પાસે પણ વિશ્વકોશ હતો. આ અંગે તદ્દન સામાન્ય ઉલ્લેખોથી વિશેષ વિગતો ઉપલબ્ધ નથી. 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા' અને એન્સાઇક્લોપીડિયા અમેરિકાના જેવા બહુ જાણીતા વિશ્વકોશો પણ આ બાબતોનો માત્ર ઉલ્લેખ કરવા સિવાય ખાસ આગળ વધી શક્યા નથી.

પશ્ચિમમાં સત્તરમી સદીના અંતભાગમાં પ્રગટ થયેલ J. H. Alstedનો એન્સાઇક્લોપીડિયા એ યુગનો મહાન પ્રમાણભૂત (great authority) ગ્રંથ ગણાયેલો. ઈ. સ. 1728માં પ્રગટ થયેલ ચેમ્બર્સનો એન્સાઇક્લોપીડિયા પણ નોંધપાત્ર હતો. ઈ. સ. 1768માં પ્રગટ થયેલ 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા' પોતે એક સીમાચિહનરૂપ ઘટના છે.

ઓગણીસમી સદીથી સર્વસંગ્રાહક વિશ્વકોશ ઉપરાંત

વિવિધ પ્રકારના વિશ્વકોશો પ્રગટ થવાનો પ્રારંભ થયો. ઈ. સ. 1924થી નાના કદના વિશ્વકોશો તેમજ જ્ઞાનવિશેષ ધરાવતા (specialized) વિશ્વકોશો પ્રગટ થવા લાગ્યા. આમ વિશ્વકોશો તમામ શક્ય જ્ઞાનના સારસંગ્રહરૂપ હોય છે. તેમની પાસેથી સત્ય-નિષ્ઠ અને પરિપક્વ માહિતી અપેક્ષિત હોય છે. તેમાં ભૂતકાળથી માંડીને વર્તમાન કાળ સુધીના મહામાનવોનાં જીવનચરિત્ર, ઘટનાઓ, બનાવો, સિદ્ધાંતો એમ અનેક વિષયો અકારાદિ ક્રમે સંગૃહીત થવા ઉપરાંત ઊંડી વિગતો પૂરી પાડતી ગ્રંથસૂચિ, સંદર્ભસૂચિ તથા પ્રતિસંદર્ભસૂચિ સમાવિષ્ટ હોય છે. મૂળભૂત રીતે વિશ્વકોશો માન-વજાતની વિદ્વત્તાના વિકાસની ગાથા છે. સદીઓ પર્યંતના વિકાસનું સીમાચિહન છે. પ્રકાશન-સમયે જે કંઈ જ્ઞાન ઉપલબ્ધ હતું તેનું આલેખન છે અને (બિનઉપયોગી જણાય તોપણ) જાળવી રાખવા જેવું તે હોય છે.

આમ એ વિવિધ માહિતી માટેના સંદર્ભગ્રંથ તરીકે શિક્ષણ-સંશોધનના કાર્યમાં વિશ્વકોશ કેવી રીતે ઉપયોગી બની શકે તેનો વિચાર કરીએ ત્યારે પ્રથમ નજરે વિશ્વકોશની ઉપયોગિતા સીમિત દેખાય, પરંતુ વાસ્તવમાં પરિસ્થિતિ કંઈક અલગ જ છે, કારણ કે સંશોધનકાર માટે જ્ઞાનનું વિશ્વ અસીમિત અને અસંગઠિત હોય છે. વિશ્વકોશ તેને સંગઠિત  વ્યવસ્થિત સ્વરૂપે જિજ્ઞાસુઓ સમક્ષ મૂકે છે. આ અર્થમાં કોઈ પણ સંશોધનની શરૂઆત વિશ્વકોશથી કરી શકાય. સંશોધન બે પ્રકારનાં હોઈ શકે : (1) સંક્ષિપ્ત યા લઘુ સંશોધન, જેમાં સંશોધનલેખનો સમાવેશ કરી શકાય અને (2) દીર્ઘ સંશોધન, જેમાં શોધપ્રબંધનો સમાવેશ કરી શકાય.

આવા કોઈ પણ સંશોધનનો પ્રારંભ થાય ત્યારે તેને મુખ્યત્વે ત્રણ કક્ષાઓમાં વહેંચી શકાય : (1) પૂર્વતૈયારીની કક્ષા, (2) મુખ્ય સંશોધનની કક્ષા અને (3) સમાપ-નની કક્ષા. અહીં પ્રથમ, પૂર્વતૈયારી કક્ષાએ વિશ્વકોશ પ્રારંભિક અને અતિઉપયોગી માહિતીનો ભંડાર બની રહે છે; દા.ત., સ્થાપત્ય કે કલા અંગેના સંશોધન માટે દેલવાડાનાં મંદિરો કે ગુજરાતનું સ્થાપત્ય જેવાં અધિકરણોનો અભ્યાસ કરવામાં આવે તો સંશોધનકાર પાસે તત્કાલ આવશ્યક માહિતી હાજર થાય છે. તદુપરાંત સ્થાપત્ય અંગેની માહિતી અન્ય કાલાનુક્રમે અધિકરણોમાંથી પણ પ્રાપ્ત થાય છે. આમ, સર્વાંગી રીતે પ્રાથમિક માહિતીનો અંદાજ મેળવવામાં વિશ્વકોશ ઉપયોગી બની રહે છે.

સંશોધનનું બીજું અગત્યનું પાસું છે. જે તે ક્ષેત્રનાં તથ્યો અને માહિતીથી પરિચિત થઈ તેનાં મૂલગામી કાર્યકારણો, તે અંગેનાં પ્રયોગો, પરીક્ષણ અને વિશ્લે-ષણ સુધી પહોંચવાનું. વિશ્વકોશ આવી માહિતીનું સંપાદન કરી ચોક્કસ નિષ્કર્ષ પર પહોંચે છે, જે સંશોધનકારને માટે ભારે રાહતરૂપ થાય છે. વિશેષે, વિશ્વકોશ એક જ્ઞાનસાધન તરીકે સંશોધકને વિષયનું સામાન્ય (general), પણ સર્વગ્રાહી દર્શન કરાવે છે. કોઈ એક વિષય અંગે ધર્મ, રૂઢિ કે માન્યતા; પૂર્વગ્રહ કે રુચિ-અરુચિના

ભેદ વચ્ચે લાવ્યા વિના, એ અંગે પ્રવર્તતા મતમતાંતરોનો સચોટ ખ્યાલ પૂરો પાડે છે. આમ કોશની મદદથી કોઈ એક વિષય અંગેની પ્રાથમિક માહિતી સીધી અને તાત્કાલિક ઉપલબ્ધ થાય છે. સંશોધકના પ્રારંભિક કાર્યમાં પરિશ્રમ, સમય અને શક્તિની બચત થાય છે તેમજ જ્ઞાનની પ્રારંભિક કક્ષાની યોગ્ય ભૂમિકા મળી રહે છે.

વિશ્વકોશનું ફલક અતિવ્યાપ્ત હોવાથી તેમાં અનેક વિષયો સમાય છે; તેથી કોઈ એકવિષયલક્ષી કે બહુવિષયલક્ષી સંશોધન હોય તેમ છતાં આવા અનેક વિષયો અંગે ઓછા-વત્તા પ્રમાણમાં માહિતી ઉપલબ્ધ કરાવીને, આનુષંગિક વિષયોનો જરૂરી પરિચય પૂરો પાડીને સંશોધનને કેટલા ઊંડાણ સુધી લઈ જવું તે અંગેનો અંદાજ બાંધવામાં વિશ્વકોશ સંશોધનકારને મદદરૂપ બને છે. દૃષ્ટાંત તરીકે, કોઈ એક વિચારધારા અંગે સંશોધન કરવાનું હોય તો તેની આનુષંગિક વિચારધારાઓ કઈ ? વિચારક પર અન્ય કોઈ વિચારધારા કે ઇતિહાસની ઘટનાઓનો પ્રભાવ હતો કે કેમ ? વિચારધારાઓનો પરસ્પર પ્રભાવ અને તે સમયની સામાજિક–આર્થિક સ્થિતિનો પ્રભાવ ક્યાં, કેટલો અને કેવો હતો ? તેમાં કેટલા ઊંડાણ સુધી સંશોધકે જવું ? – આવી આવી અનેક બાબતોનો ખ્યાલ વિશ્વકોશના અભ્યાસ દ્વારા મળી રહે. આમ સંશોધકને આનુષંગિક વિષયો અંગે દિશાસૂચન મળી રહે તેમજ આંતરવિદ્યાકીય અભિગમ (inter-disciplinary approach) અંગે પર્યાપ્ત માર્ગદર્શન પણ પ્રાપ્ત થાય. આ અર્થમાં વિશ્વકોશ સંશોધક માટે સંદર્ભગ્રંથ હોવા ઉપરાંત અભ્યાસગ્રંથની ગરજ સારે છે.

તદ્ઉપરાંત આવશ્યક સંદર્ભો અને સ્રોતની જાણકારી દ્વારા સંશોધનના પૂર્વતૈયારીરૂપ પ્રથમ તબક્કામાં વિશ્વકોશ સંશોધનકાર માટે 'માહિતીનો ખજાનો' પુરવાર થાય છે.

સંશોધનની બીજી કક્ષા મુખ્ય વિષયના ઊંડાણભર્યા અભ્યાસ અને મૌલિક પ્રયાસની અપેક્ષા રાખે છે, જે અંગેનો પરિશ્રમ પ્રત્યેક સંશોધકે પોતે જ કરવાનો રહે છે.

સંશોધનની ત્રીજી કક્ષા સમાપન(conclusion)ની હોય છે, જેમાં સંશોધક વિષય-નિષ્કર્ષ તારવી આપે છે. તદ્ઉપરાંત આ તબક્કામાં સંદર્ભસૂચિ, ગ્રંથસૂચિ, પાદટીપસૂચિ અને અન્ય સંદર્ભ-સાહિત્ય વિશેની માહિતીનો સમાવેશ થયેલો હોય છે. સંશોધક વિશ્વકોશના માળખા(structure)થી પરિચિત બને તો તેને આવી સૂચિઓ અંગેની અદ્યતન માહિતી પણ વિશ્વકોશમાંથી સાંપડે. સંશોધક કોશકીટ બનીને સૂચિઓનો રચનાત્મક ઉપયોગ કરી શકે. 'સારા સંશોધનનો આધાર સારી નોંધો હોય છે' (Good research depends on good notes) એ મુજબ નોંધ માટેનું વ્યાપક સાહિત્ય વિશ્વકોશ પૂરું પાડી શકે.

હાલને તબક્કે અન્ય બે બાબતો પરત્વે ધ્યાન દોરવાની પણ આવશ્યકતા

છે : એક, સ્વરાજ્ય-પ્રાપ્તિ બાદ સરકારની નીતિ માતૃભાષાઓને શિક્ષણભાષા તરીકે સ્વીકારવાની છે, જેથી જ્ઞાન સમાજના પ્રત્યેક સ્તરે પ્રસરે. શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોય ત્યારે અધ્યયન-સંશોધન માટે વ્યાપક સાધનોની જરૂર વર્તાય. આવી જરૂરિયાત પૂરી પાડવાનું મુખ્ય સાધન વિશ્વકોશ બની રહે છે; કારણ કે વિશ્વકોશ જ્ઞાનસંપાદન ઉપરાંત જે ભગીરથ કાર્ય આ ક્ષેત્રે કરે છે તે નવા સંદર્ભમાં આવશ્યક પરિભાષાના સર્જનનું છે. આવી પરિભાષાનું સર્જન કરીને વિશ્વકોશ મહત્વનાં સંશોધનસાધનો હાથવગાં કરી આપે છે.

બીજું, વિશ્વકોશની સામગ્રીનું એક લક્ષણ એ કે તે અદ્યતન, પ્રમાણભૂત અને ચોકસાઈભરી હોય છે. આથી વિશ્વકોશકાર પોતે જ સંશોધનપ્રક્રિયા હાથ ધરી લખાણને છેવટનું સ્વરૂપ આપતાં પહેલાં વિષયનાં વ્યાપ અને ઊંડાણનો તાગ લે છે. તે અંગે વિવિધ પ્રમાણભૂત માહિતીનું સંશોધન કરી અધિકરણનું આખરી સ્વરૂપ બાંધે છે. આ અર્થમાં વિશ્વકોશ સંદર્ભગ્રંથ હોવા ઉપરાંત અંશતઃ સંશોધનગ્રંથ પણ બની રહે છે.

અંતે વિશ્વકોશના સંદર્ભમાં અને સવિશેષે 'ગુજરાતી વિશ્વકોશ'ના સંદર્ભમાં એકાદ-બે સૂચન કરવાનું પ્રલોભન થાય છે.

એક, વિશ્વકોશમાં જેમ અંગ્રેજી/ગુજરાતી તથા ગુજરાતી/અંગ્રેજી પરિભાષા રજૂ કરવામાં આવી છે તેમ સંદર્ભસૂચિ, ગ્રંથસૂચિ, વિષયસૂચિ અને પ્રતિસંદર્ભસૂચિ આપવામાં આવે તો તેના સંશોધનમૂલ્યમાં અનેકગણો વધારો થઈ શકે.

બીજું, માતૃભાષા માધ્યમ હોય ત્યારે ઠીક ઠીક સાહિત્ય ઉપલબ્ધ હોવા છતાં તમામ સાહિત્ય ઉપલબ્ધ કરાવવું લગભગ અશક્ય છે. આ સંદર્ભમાં અધિકરણોને અદ્યતન બનાવવા કોઈક ચોક્કસ નિયત સમયે વિશ્વકોશની વાર્ષિકીઓનું પ્રકાશન થતું રહે તો તેથી વિશ્વકોશમાં સંદર્ભગ્રંથ ઉપરાંત સંશોધનગ્રંથ તરીકેની ઉપયોગિતા ઉમેરાય. અહીં કદાચ કોઈને સ્વાભાવિક પ્રશ્ન થાય કે વિશ્વકોશ કંઈ થોડો જ સંશોધનગ્રંથ છે ? તો તેના જવાબમાં બે બાબતો મુખ્ય છે : (1) કોઈ પણ વિશ્વકોશ એ ચયનગ્રંથ છે, જે તે વિષય પરના તમામ સુલભ સાહિત્યમાંથી આવશ્યક ઉપયોગી માહિતી તારવીને વાચકો સમક્ષ મૂકે છે. (2) માતૃભાષામાં મૌલિક અભ્યાસપૂર્ણ લખાણોની અછત વરતાતી હોય ત્યારે પ્રત્યેક વિષયને ઊંડાણથી રજૂ કરવાનું પગલું આવકાર્ય છે. વિશ્વકોશના ખંડ 9ના દૂધ, દુગ્ધવિદ્યા અને ડેરીઉદ્યોગ યા દાંત અને દંતવિદ્યા જેવાં સુદીર્ઘ અધિકરણો સાચે જ કોઈ પણ સંશોધનના પ્રારંભિક તબક્કા માટેની માતબર ભૂમિકા બની રહે તેવાં દળદાર છે. આ રીતે માતૃભાષામાં સાહિત્યની અછતના પાસાને છતમાં પલટાવી શકાય.

# પત્રકારત્વ અને વિશ્વકોશ

**પ્રીતિ શાહ**

25

ગઈ કાલ, આજ અને આવતી કાલ – એ ત્રણેયને એક સૂત્રે સાંકળે છે વિશ્વકોશ અને પત્રકારત્વ. વિશ્વકોશમાં ગઈ કાલ સુધીની પ્રમાણભૂત અને વિશ્વસનીય વિગતો હોય છે. પત્રકારત્વ આજની દુનિયાનો અસબાબ લઈને આવે છે, પરંતુ વિશ્વકોશ અને અખબાર એ બંનેની નજર આવતી કાલને વધુ જ્ઞાનસમૃદ્ધ બનાવવા પર છે. વિશ્વકોશને વિશ્વના સમગ્ર જ્ઞાનસંચય સાથે સંબંધ છે. પત્રકારત્વને સમગ્ર વિશ્વમાં બનતી વર્તમાન ઘટનાઓ સાથે સંબંધ છે. વિશ્વકોશ એ work of enlightenment કહેવાય. પત્રકારત્વ એ આજનો પ્રહરી અને આવતી કાલનો ઘડવૈયો કહેવાય. એક અર્થમાં જોઈએ તો બંનેનો સંબંધ લોકશિક્ષણ સાથે છે. વિશ્વકોશ અને પત્રકારત્વ બંને પોતાની આગવી રીતે રાષ્ટ્રના ઘડતરનું કાર્ય કરે છે. વિશ્વકોશ ભૂતકાલીન સમયનો માત્ર દસ્તાવેજ નથી, પરંતુ એક જીવંત પરિબળ છે. ફ્રાંસની રાજ્યક્રાંતિની વાત કરીએ ત્યારે એન્સાઇક્લોપીડિયાને યાદ કરવો પડે. એન્સાઇક્લોપીડિયાને આધારે લખાયેલ ‘ઑન ધ માઇન્ડ’ને પૅરિસની પાર્લમેન્ટે જાહેરમાં બાળી નખાવેલ. દેનિસ દિદેરોને વૉલ્ટેરે કહ્યું કે પૅરિસની બહાર છપાવીએ, પરંતુ દિદેરોએ નમતું ન જોખ્યું અને ફ્રાંસની ક્રાંતિની ભૂમિકામાં અને સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં એન્સાઇક્લોપીડિયામાંના લેખોએ પ્રબળ અસર કરી.

પત્રકાર માહિતીના માધ્યમ મારફતે લોકજાગૃતિ આણે છે તો વિશ્વકોશ જ્ઞાનના માધ્યમ વડે પ્રજાને જગાડે છે. પ્રજાનો

વિકાસ એના જ્ઞાન અને માહિતીના સંચય પર અવલંબે છે. એ જ્ઞાન પ્રજાની ચેતનાને જાગ્રત રાખે છે. એ માહિતી પ્રજાને સમકાલીન ઘટનાઓ પર જગાડતી રહે છે. આ રીતે વિશ્વકોશ અને પત્રકારત્વ બંને પરસ્પર સાથે સંકળાયેલાં છે. કોઈ પણ સમૃદ્ધ અખબારની કચેરીને વિશ્વકોશ વિના ન ચાલે. કોઈ પણ વિશ્વકોશની પ્રવૃત્તિને અખબારો અને સામયિકોમાં આવતી માહિતી વિના ચાલે નહિ.

પત્રકારને વિશ્વકોશની અનેક ઉપયોગિતા છે. ઇન્ડોનેશિયામાં આર્થિક ઊથલાપાથલ થતી હોય, હૉંગકૉંગ બ્રિટનની પકડમાંથી મુક્ત થતું હોય (કે પછી વૅટિકન વિશિષ્ટ વલણ દાખવતું હોય) ત્યારે એની પૂર્વભૂમિકા જાણવા માટે વિશ્વકોશ અનિવાર્ય સાધન બને છે. એ જ રીતે ચંદ્ર પર પાણી સાંપડે ત્યારે માનવીની પ્રથમ ચંદ્રયાત્રાની વિગત મેળવવી હોય તો વિશ્વકોશ હાથવગો લેવો જોઈએ. (એક અર્થમાં જોઈએ તો પૉકેટ એન્સાઇક્લોપીડિયા બહાર પડે છે, જે પત્રકારને વારંવાર જરૂરી માહિતી આપતા હોય છે. 'મનોરમા' કે 'સ્ટેટ્સમૅન ઇયર બુક' જે તે વર્ષની માહિતી આપે છે. આ રીતે પત્રકારને શ્રીલંકાની એલ.ટી.ટી.ઈ. સંસ્થા વિશે લખવાનું હોય કે પછી અફઘાનિસ્તાનની પરિસ્થિતિ વિશે લખવાનું હોય ત્યારે વર્તમાન ઘટના સાથે ભૂતકાળનો દોર સાધી આપવાનું કામ વિશ્વકોશ કરે છે.) વળી વિશ્વકોશમાંથી મળતી માહિતી એક બીજી દૃષ્ટિએ પણ પત્રકારને ઉપયોગી પુરવાર થાય. વિશ્વકોશમાં આલેખાયેલી માહિતી પ્રમાણભૂત માહિતી હોય છે. વિશ્વકોશનો અધિકરણલેખક કોઈ અત્યાગ્રહ કે વાદનાં ચશ્માં પહેરીને લખતો નથી. બલકે એ પરિસ્થિતિનું તટસ્થ આલેખન કરતો હોય છે એટલે કે વિશ્વકોશમાં આવેલી વિગતો પ્રમાણભૂતતા અને તાટસ્થ્ય ધરાવતી હોય છે.

આજના માહિતીયુગમાં જ્યારે માહિતીનો ખડકલો થતો હોય છે અને શ્રી ઝવેરચંદ મેઘાણીના શબ્દોમાં કહીએ તો રતીભાર સત્ય અને ખાંડી ખાંડી પ્રચારવેગ જેવું પત્રકારત્વ છે ત્યારે ભૂતકાળમાં બનેલી ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવા જનારને વિશ્વકોશ મહત્વનો બને છે. આ જ રીતે પ્રમાણભૂત આંકડાઓ મળે છે અને તેથી વિશ્વકોશમાંથી મળતી માહિતીની ચકાસણી કરવાની મોટેભાગે જરૂર હોતી નથી. કોઈ સાહિત્યનું પુસ્તક ખોલો તો એમાં એન્સાઇક્લોપીડિયામાં આપેલી વ્યાખ્યાથી નવલકથા કે નિબંધના સ્વરૂપની સમજાવટ શરૂ થાય છે. અર્થશાસ્ત્રનો કોઈ સિદ્ધાંત હોય તો ત્યાં પણ એન્સાઇક્લોપીડિયાનો ઉલ્લેખ મળે. જેમ વિશ્વનું સૌથી વધુ પ્રસાર પામેલું પુસ્તક (1815થી 1992 સુધીમાં લગભગ 6 અબજ 10 કરોડ નકલ વેચાઈ છે અને 2,900 ભાષામાં અનૂદિત થયું છે તે) બાઇબલ એમ વિશ્વમાં સૌથી વધુ ઉદ્ધરણ પામેલા ગ્રંથોમાં એન્સાઇક્લોપીડિયા હશે. કોઈ પણ વિષયના મૂળ સુધી પહોંચવા માટે એન્સાઇક્લોપીડિયા ઉપયોગી બને છે અને કોઈ પણ વસ્તુની સમજ આપતાં એ શબ્દ મૂળ ગ્રીક, લૅટિન કે સંસ્કૃતમાં કઈ રીતે

પ્રયોજાયો છે ત્યારથી આરંભીને વાત કરાય છે. આમ પત્રકારને વિશ્વકોશ ગંગા અને ગંગોત્રી બંનેનો ખ્યાલ આપે છે.

બ્રિટન, જાપાન અને બ્રુનેઇમાં રાજ્યારોહણનો પ્રસંગ હોય તો એ ત્રણેય દેશોમાં રાજાશાહીની ભિન્ન પરિસ્થિતિ હોય છે. બ્રિટનમાં શાહી કુટુંબ ચર્ચાસ્પદ બન્યું હોવાને કારણે રાજાશાહી માટેનું માન ઓસરવા લાગ્યું છે. જાપાન હજી એના સમ્રાટને આદર આપે છે; પણ બ્રુનેઇનો સુલતાન વદુલ્લાહ બ્રુનેઇનો રાજા જ નથી, પણ સર્વસ્વ છે; કારણ કે સુલતાનની સમૃદ્ધિની ખીંટી પર જ ત્રણ લાખની વસ્તી ધરાવતો આખો દેશ ટીંગાયેલો છે. આ બધી ભેદરેખાઓનો ખ્યાલ વિશ્વકોશમાંથી મળી રહે અને એથી પત્રકારને માટે વિશ્વકોશ એ કોઈ પણ દેશની આર્થિક, સામાજિક, રાજકીય પરિસ્થિતિ સમજવા માટેની પીઠિકા પૂરી પાડે છે.

આજે વિશ્વ વધુ ને વધુ સાંકડું થતું જાય છે. જગતમાં મહત્વના સમાચાર માત્ર બે મિનિટમાં વિશ્વને ઘેરી વળે છે. આવે સમયે પત્રકારને એકાએક માહિતીની જરૂર હોય ત્યારે વિશ્વકોશનો ઉપયોગ કરે છે; પણ એથીયે વિશેષ આજે એક જ વિષય પર લખનારને પોતાના વિષયને આલેખવા માટે બીજા વિષયની સહાય લેવી પડે છે. હૃદયરોગ વિશે લખનાર વ્યક્તિને માત્ર મેડિકલ સાયન્સનો અભ્યાસ પૂરતો નથી, પણ હૃદય પરનો બોજ ઘટાડવા માટે મનને હળવું ફૂલ કઈ રીતે રાખવું તે માટે એને સ્ટ્રેસની વાત પણ કરવી પડે. આને માટે એણે મનશ્ચિકિત્સાના શાસ્ત્ર સુધી જવું પડે. ખોરાકની વાત નીકળતાં એણે આહારશાસ્ત્ર પર નજર દોડાવવી પડે અને હૃદયરોગમાં જૉગિંગ કેટલું લાભદાયી છે તેને માટે વ્યાયામશાસ્ત્ર પર નજર દોડાવવી પડે. વળી આમાં યોગ ઉપયોગી થઈ શકે છે કે નહિ તે જાણવા માટે યોગનું અધિકરણ પણ જોવું પડે. આમ આ વિષયો તો ઓછેવત્તે અંશે એકબીજા-માં સમાયેલા છે, પણ પત્રકાર વાસુદેવ મહેતાની સૃષ્ટિ જોઈએ તો તેમણે તેલની રૉયલ્ટી, સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીઓ વિશેની ભાવના, ભારતીય રાજકારણ-નો ભ્રષ્ટાચાર, ગુજરાતી ભાષાની જોડણીના વિવાદો – આવા અનેક ભિન્ન ભિન્ન વિષયો પર લખ્યું છે. આવે સમયે માત્ર વર્તમાનપત્ર કે સામયિક પૂરતાં થતાં નથી, પરંતુ એણે વિશ્વકોશના જ્ઞાનસાધનનો ઉપયોગ કરવો પડે છે.

સામે પક્ષે અખબારો અને સામયિકો – એ વિશ્વકોશ માટે અદ્યતન માહિતીનો સ્રોત છે. ઈરાન વિશે અધિકરણ છપાતું હોય ત્યારે એની અદ્યતનમાં અદ્યતન માહિતી આવે તેને માટે અખબારનો આશરો લેવો પડે. કેટલીક વિગતની પ્રમાણ-ભૂતતા ચકાસવા અખબાર પાસે જવું પડે. કોઈ વ્યક્તિની જન્મતારીખ, અવસાન-તારીખ કે ઘટનાની તારીખ જાણવી હોય તો અખબાર ઉપયોગી બને. માત્ર માહિતી પૂરતો જ વિશ્વકોશને અખબારનો ઉપયોગ છે તેવું નથી, પરંતુ અખબારમાં આવતી કોઈ ઘટના કે વ્યક્તિની જીવનઝરમર, કોઈ બનાવના આંકડાઓ, વ્યક્તિચિત્ર કે

કોઈ ઘટનાની અગાઉની સાલવારી વિશ્વકોશના લેખકને ઘણી ઉપયોગી બને છે. આમ માણસની માહિતી અને જ્ઞાનની ખેવનામાંથી માનવસંસ્કૃતિની આ બે મહત્વ-ની ધારા પ્રગટ થઈ. એન્સાઇક્લોપીડિયા એ education within the circle છે, તો અખબાર એ એક અર્થમાં information within the circle છે.

પત્રકારત્વ એ અદ્યતન સમયનું પ્રતિબિંબ ઝીલે છે. વિશ્વકોશ કાયમી જ્ઞાનને નિતારીને આપે છે. બંનેનાં ક્ષેત્રોની સીમા આંકી શકાય તેમ નથી, પરંતુ બંનેનાં સ્વરૂપમાં કેટલોક ભેદ અને કેટલુંક સામ્ય છે. અખબારમાં કૉલમ લખનારને તંત્રી કહેતો હોય છે કે એક કૉલમ જેટલું મૅટર લખો. તો વિશ્વકોશનો સંપાદક અધિક-રણ-લેખકને એમ કહેતો હોય છે કે 500 શબ્દોની મર્યાદામાં લેખ આપો. એટલે કે અખબારના લેખક અને અધિકરણ-લેખકને જગ્યા (સ્પેસ) સાથે સંબંધ છે. બંનેનું માધ્યમ ભાષા છે અને એ ભાષા પ્રયોજવાનો એમનો ઉદ્દેશ પણ મહદ્અંશે સમાન છે. અખબારની ભાષા એ સાહિત્યિક ભાષા કે ટૅકનિકલ ભાષાના બોજવાળી દુર્ગમ ભાષા હોવી જોઈએ નહિ. એ એઇડ્ઝ કે કૅન્સરની વાત લખે તોપણ સામાન્ય વાચકને સમજાય તે રીતે લખશે. આ જ પરિસ્થિતિ વિશ્વકોશમાં પણ થોડે અંશે હોય છે. વિશ્વકોશ કૅન્સર વિશે લખશે તો આ રીતે લખશે :

"અપરિપક્વ કોષોની સંખ્યાવૃદ્ધિને કારણ થતી જીવલેણ ગાંઠ...... કૅન્સર આધુનિક કાળનો રોગ નથી. તે સદીઓથી થતો આવ્યો છે તેવા પુરાવા મળે છે, આદિકાળમાં ડાયનોસૉર જાતિનાં પ્રાણીઓ હતાં અને તેમને હાડકાનું કૅન્સર થયાના પુરાવા છે."

અર્થાત્ સામાન્ય વાચકને સમજાય તેવી રીતે એ ભાષા લખશે. પ્રત્યેક સમયે પ્રગટ થયેલો વિશ્વકોશ એ એ ભાષાની સમૃદ્ધિનો પરિચાયક છે, કારણ કે અનેક વિષયોને આલેખવા માટે એમાં પ્રચંડ ભાષાકીય પુરુષાર્થ કરવામાં આવ્યો હોય છે. અખબારને પણ એનાં ભાષાકીય ઓજારો વર્તમાન સાથે તાલ મિલાવીને સતત ચમકતાં રાખવાં પડે છે.

પત્રકારત્વ અને વિશ્વકોશ બંનેમાં સમાનપણે ઍડિટિંગનું મહત્વ છે. એ ઍડિ-ટરની કાપકૂપથી અખબારની મુદ્રાને ઉપસાવે છે. અમુક પ્રકારની શૈલી, રજૂઆત બધાંને તંત્રી લક્ષમાં રાખે છે. બરાબર એ જ રીતે વિશ્વકોશનો સંપાદક પણ એને અમુક ઘાટ અને શૈલીમાં મૂકતો હોય છે. આમ બંને પાસે એક ઢાંચો છે, એક format છે અને એ જ માહિતીને વ્યવસ્થિત સ્વરૂપ આપે છે.

અખબાર અને વિશ્વકોશમાં સમય સમય પ્રમાણે સ્વરૂપ બદલાયું છે. પ્રા-રંભકાળે માત્ર સમાચાર આપનારાં, એ પછી ચહેરા વિનાનાં અખબારો, ફીચરનો પ્રભાવ ધરાવનારાં અખબારો તથા વિજ્ઞાપન ધરાવનારાં અખબારો જોવા મળે છે. એક સમયે વાચકને સમાચાર આપતું અખબાર અનેક વિષયને પોતાના વ્યાપમાં

લેવા માંડ્યું. ગુજરાતી અખબારોની પૂર્તિમાં આવતા વિષયોની ગણતરી કરીએ તો લગભગ 40–50 વિષયો આવે છે. એથીયે આગળ વધીને અમુક વિષયને લગતાં સામયિકો પ્રગટ થવા લાગ્યાં. એન્સાઇક્લોપીડિયાની ગતિ પણ આવી જ છે. એક સમયે general એન્સાઇક્લોપીડિયા હતો. એમાંથી સમય જતાં જુદા જુદા વિષ-યવાર એન્સાઇક્લોપીડિયા તૈયાર થયા. 17મી સદી પૂર્વે અને 17મી સદી પછીના એન્સાઇક્લોપીડિયામાં ઘણો ભેદ જોવા મળે છે. પહેલાંના એન્સાઇક્લોપીડિયામાં લાઇબ્રેરીને લક્ષમાં રાખીને વિગતો અપાતી. હવે વૈજ્ઞાનિક સામગ્રી પર વધુ ભાર મૂક્યો. મધ્યકાલીન સમયના મોટા ભાગના એન્સાઇક્લોપીડિયા તત્વજ્ઞાન અને theologyના વિષયને પ્રાધાન્ય આપનારા હતા. જ્યારે હવે ચરિત્ર, વિજ્ઞાન, ધર્મ, થિયેટર, સિનેમા, રમતગમતો, સાહિત્ય જેવા વિષયો પર encyclopaedia મળે છે. આમ general encyclopaediaથી શરૂ થયેલી વિશ્વકોશની યાત્રા આગવા વિષયો સુધી પહોંચી છે.

આમ પત્રકારત્વ અને વિશ્વકોશ પરસ્પરને ઉપકારક છે. આ બંને વચ્ચેનો સેતુ જેટલો દૃઢ હોય તેટલો બંનેને લાભદાયી છે. વિશ્વ 21મી સદીના ઉંબરે છે ત્યારે માહિતી-વિસ્ફોટનાં જુદાં જુદાં સ્વરૂપો વધુ બળવત્તર થશે. રેડિયો કે ટેલિવિઝન હોય તેમ છતાં અખબારની જરૂર છે. એ જ રીતે ઇન્ટરનેટ હોય છતાં વિશ્વકોશની જરૂર રહેશે. આ બંને પ્રવૃત્તિઓ પૃથ્વીના પટ પર વેરાયેલા જ્ઞાનનો સંચય કરીને માનવજગત સમક્ષ રજૂ કરે છે અને આ જ પ્રવૃત્તિઓ આવતી કાલની પેઢીને ઘડવામાં નિર્ણાયક પરિબળ બનશે. 'ગુજરાતી વિશ્વકોશ'ના વિમોચન પ્રસંગે શ્રી હરીન્દ્ર દવેએ વિશ્વકોશ વિશે કહેલા શબ્દો મારા કાનમાં ગુંજે છે : આ વિશ્વકોશ આવતી પેઢીનાં બાળકોમાં ગુજરાતી ભાષા, તેની અસ્મિતા અને તેના શિક્ષણ પ્ર-ત્યેની ભાવનાના નિર્માણનું મહત્વનું જ્ઞાનસાધન છે. પત્રકારત્વનું લોકશિક્ષણ અને વિશ્વકોશનું અસ્મિતા-જતન કેવું પડખોપડખ ઊભું છે ! એ જ આવતી સદીનો સહિયારો પુરુષાર્થ બની રહે તે ભાવના સાથે મારું વક્તવ્ય પૂરું કરું છું.

# સર્વસંગ્રાહક સંદર્ભગ્રંથ

કુલીનચંદ્ર યાજ્ઞિક

26

સંદર્ભગ્રંથ તરીકે વિશ્વકોશ વિશે ઘણી ઉપયોગી વાતો થઈ. આ બે દિવસમાં વિશ્વકોશ વિશે ઘણી ચર્ચાઓ થઈ. તુલસીદાસે કહ્યું છે, 'હરિ અનંત, હરિકથા અનંતા'. વિશ્વ અનંત હોય તો વિશ્વકોશનું કામ પણ અનંત છે. તે રીતે જોતાં વિશ્વકોશનું કામ કદી પૂરું થવાનું નથી. વીસમો ગ્રંથ બહાર પડે તે પહેલાં તો પહેલા ગ્રંથનું સંવર્ધન-સંશોધન કરવાનો સમય આવી ગયો ! તે સિવાય પણ અહીં ઉલ્લેખ થયો તેવા વિશિષ્ટ વિશ્વકોશો – એક એક વિષય ઉપરના – પણ કરવાની જરૂર રહેવાની જ. ધર્મ અને નીતિશાસ્ત્ર, સમાજવિદ્યાઓ, તત્વજ્ઞાન, રમતગમત જેવા વિષયો ઉપર અંગ્રેજીમાં સ્વતંત્ર વિશ્વકોશો છે. તે ઉપરાંત સામાન્ય માણસ માટે 'પીયર્સ એન્સાઇક્લોપીડિયા' બહાર પડતો. તેની ઘણી આવૃત્તિઓ બહાર પડી છે. નવાઈની વાત કે એક સાબુ બનાવનારી કંપની એ બહાર પાડતી. હમણાં 'મનોરમા ઇયર બુક' જેવાં સંદર્ભ-સંકલનો બહાર પડે છે. તે વિશ્વકોશ સાથે સરખાવી ન શકાય, પણ ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓના ઉમેદવારો માટે તે સસ્તાં અને ઉપયોગી સંકલનો હોય છે. દર વર્ષે તેની અદ્યતન આવૃત્તિઓ બહાર પડતી હોય છે.

'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'નો વિસ્તાર તો એટલો વધી ગયો કે પ્રોપીડિયા, માઇક્રોપીડિયા અને મેક્રોપીડિયા એવા ત્રણ વિભાગ કરવા પડ્યા. માત્ર સૂચિ માટે અલગ ગ્રંથ કરવો પડ્યો.

અંગ્રેજી શબ્દકોશો પણ કક્ષાવાર હોય છે. Little Oxford, Pocket Oxford, Concise Oxford, અને OED. હવે ઝીણા ટાઇપમાં બે વૉલ્યુમ બહાર પડ્યાં તેની સાથે સૂક્ષ્મદર્શક કાચ પણ આવે છે ! માત્ર ડિક્શનરી પૂરતી નથી, કારણ કે રૂઢ પ્રયોગો પણ જાણવા પડે, એટલે ફાઉલરનો Modern English Usage પણ વાપરવો પડે. હમણાં એક Dictionary of Diseased English પણ જોવામાં આવેલી. પ્રમાણભૂત ડિક્શનરીઓ યુનિવર્સિટીઓ અને પ્રકાશનગૃહો દ્વારા એટલી બધી બહાર પડી છે કે તેમની એક માર્ગદર્શિકા Dictionaries નામે પણ બહાર પડી !

કક્ષાવાર કોશોનો વિચાર કરતાં બાળકો માટેના સચિત્ર કોશનો પણ વિચાર થવો જોઈએ.

આપણી પરંપરામાં પણ સંદર્ભગ્રંથો હતા જ. હેમચંદ્રનું 'શબ્દાનુશાસન', 'અમરકોશ' અને એવા બીજા અનેક હતા. 'અમરકોશ' જેવાની ખૂબી એ કે એ પદ્યમાં લખાયેલ છે. પાઠશાળાઓમાં ઉચ્ચશિક્ષણ લેનાર કેટલાક વિદ્યાર્થીઓ એ કંઠસ્થ પણ કરે. પદ્યમાં યાદ રાખવાનું વધુ સુલભ બને છે.

સામાન્ય ઉપયોગ માટે ગૅઝેટિયર્સ, સેન્સસ રિપોર્ટ અને વિશ્વના ઍટલાસના ગ્રંથો તે તે વિષયના એન્સાઇક્લોપીડિક સંદર્ભગ્રંથો છે.

જમાનો સ્વ-શિક્ષણનો છે. જાપાનમાં તો પ્રાથમિકથી માંડીને સ્નાતક સુધી વિદ્યાર્થી ઘેર બેસીને કમ્પ્યૂટર વગેરેની મદદથી ભણી શકે એવી વ્યવસ્થા છે. પ્રેસિડેન્ટ ક્લિન્ટન પોતાની શિક્ષણનીતિના એક અગત્યના ભાગ તરીકે જણાવે છે કે કૉલેજમાંથી બહાર પડતા દરેક સ્નાતકને આજીવન નિરંતર શિક્ષણનાં સાધન મળી રહેવાં જોઈએ. તે સંજોગોમાં વિશ્વકોશની અગત્ય ઘણી વધી જાય છે.

સંદર્ભગ્રંથ – વિશ્વકોશ કેમ જોવો એ વિદ્યાર્થીઓને શીખવવું જોઈએ એવું સૂચન સારું છે. ઘણાને તો રેલવે-ટાઇમટેબલ પણ જોતાં આવડતું નથી, કક્કાવારી આવડતી નથી તેથી કેટલાક મિત્રોએ ઉપાય શોધી કાઢ્યો છે મૂળાક્ષરો જ ઓછા કરવાનો ! તેમ કરવાથી કેટલા શબ્દકોશો – વિશ્વકોશો અને અન્ય સાહિત્ય ફરી છપાવવાની જરૂર પડશે તે વિચારવાનું !

પણ વિશ્વકોશ કેમ વાંચવો તેની જાણકારી આપવાના વર્ગ વિદ્યાર્થીઓ માટે રાખતાં પહેલાં શિક્ષકોના વર્ગ રાખવાની પણ જરૂર પડશે ! અમારાં સમગ્ર શિક્ષણનાં વર્ષોમાં માત્ર એક જ શિક્ષકે – પ્રિન્સ ફૈઝીએ – લાઇબ્રેરીના દળદાર ગ્રંથ વાંચવાની શરૂઆત કેમ કરવી તે શીખવ્યું હતું.

હવે તો વાંચવાનો કંટાળો હોય તેને માટે દશ્ય-શ્રાવ્ય કેસેટો અને ઇન્ટરનેટ પણ પ્રાપ્ય છે. સામાન્ય જ્ઞાનની પરીક્ષાઓ ભરતી માટે લેવાય છે તેમાં અને ક્વિઝ હરીફાઈઓમાં આ સાધનો ઉપયોગી જણાય છે. વિશ્વકોશ-આધારિત કસોટીઓ

રાખવાનું સૂચન થયું છે તે પણ સારું છે.

બધી માહિતી કોઈને યાદ રહે નહિ; પણ ગમે તે વિષય ઉપર જોઈતી માહિતી ક્યાં મળી રહે તેના સ્રોતની જાણકારી હોય તો ઘણી હૂંફ રહે છે. ગમે ત્યારે ગમે તે વિષય ઉપર બોલવાની જરૂર પડે તેવા પદાધિકારીઓને તે આત્મવિશ્વાસ અને આશ્વાસન આપે છે.

પણ સૌથી આનંદદાયક તો Browsing – સહજવાચન – છે. કોઈ શબ્દ ખોળતાં તેની આજુબાજુની એન્ટ્રીઓ નજરે ચઢે ને તેમાં રસ પડે અથવા અમસ્તાં નિરુદ્દેશે જ પાનાં ફેરવાતાં ક્યાંક નજર પકડાઈ જાય ને કેટલું ડૂબી ગયા ને કેટલું જ્ઞાન ભેજામાં ગયું તે ખબર પણ ન પડે તેનો કેફ જુદો  છે. આ રસ અવકાશે માણવા જેવો છે.

આ બે દિવસનો પરિસંવાદ પૂરેપૂરો ઉપયોગી નીવડે તે માટે તેની નોંધો જળવાશે ને શક્ય હોય તો બહાર પડશે એવી આશા રાખું છું. વર્તમાન કામગીરી-માં જ નહિ, પણ ભવિષ્યના કોશકારોને પણ એ કામમાં આવશે.

# ગુજરાતી વિશ્વકોશ
# એક વિશિષ્ટ અભિયાન

| | | |
|---|---|---|
| * | શાન્ત ક્રાન્તિનું સમર્થ વાહન | ધીરુભાઈ ઠાકર |
| * | વિશ્વકોશ : આયોજન અને નિર્માણ | ચંદ્રકાન્ત શેઠ |
| * | વિશ્વકોશની વિકાસવાર્તા | ધીરુભાઈ ઠાકર |

# શાન્ત ક્રાન્તિનું સમર્થ વાહન

**ધીરુભાઈ ઠાકર**

27

ભાષાવાર પ્રાંતરચના ભારતમાં થઈ તે ઇતિહાસની એક મહત્વની ઘટના ગણાવી જોઈએ. 1960ના પહેલી મેના દિવસે ગુજરાત બૃહદ્ મુંબઈ રાજ્યમાંથી છૂટું પડીને અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું. આ ઘટનાનો પ્રભાવ ગુજરાતી ભાષા, પ્રજા અને સંસ્કૃતિ પર અવશ્ય પડ્યો છે, જેની નોંધ ભવિષ્યના ઇતિહાસકારને લીધા વિના ચાલશે નહિ.

ગુજરાત રાજ્ય અલગ થવાથી ગુજરાતી પ્રજાને ગુજરાત-ની અસ્મિતાનું સંવર્ધન કરવાનો વિશેષ અવકાશ મળ્યો. ઉદ્યોગ, અર્થકારણ, રાજકારણ આદિ ક્ષેત્રોમાં નવાં આયોજનો કરવાની તક સાંપડી. શિક્ષણના ક્ષેત્રમાં માતૃભાષાને માધ્યમ તરીકે સ્વી-કારવાને કારણે અનેક નવાં જ્ઞાનસાધનો ઊભાં કરવાની જરૂરિ-યાત ઊભી થઈ.

દરેક પ્રજાને પોતાની ભાષા હોય છે અને એ ભાષા દ્વારા તે પોતાનો વહેવાર ચલાવે છે, તેની સાથે પોતાનું સાંસ્કારિક વ્યક્તિત્વ પણ પ્રગટ કરે છે. આ વ્યક્તિત્વ પરંપરાગત પ્રાપ્ત થયેલ સંસ્કૃતિ અને સાહિત્ય દ્વારા બંધાય છે. પ્રજા તરીકે વિકાસ પામવા માટે સ્વભાષાનું ખેડાણ વિપુલ પ્રમાણમાં થયેલું હોવું જોઈએ. દુનિયા દિનપ્રતિદિન નાની થતી જાય છે. વિવિધ વર્ણ, ભાષા અને સંસ્કૃતિની પ્રજાઓ એકબીજાની ખૂબ નિકટ આવી રહી છે તેવે વખતે દુનિયામાં ચાલતી ગતિવિધિનો ખ્યાલ દરેક દેશના માનવીને રાખવો આવશ્યક બન્યો છે. તે માટે વિવિધ

વિષયો, ઘટનાઓ, પ્રસંગો, વ્યક્તિઓ અને સંશોધનોની માહિતી દરેક પ્રગતિશીલ વ્યક્તિએ જાણવી પડે તેવું બન્યું છે. સમયની સાથે તાલ લેવા માટે દરેક વ્યક્તિએ નાનામોટા જ્ઞાનસાધનનો ઉપયોગ કરવો પડે તેવો આ જમાનો છે.

વિશ્વકોશ આવું એક મહત્વનું જ્ઞાનસાધન છે. અંગ્રેજીમાં જેને Encylopaedia કહે છે તેનો આધુનિક ભારતીય પર્યાય વિશ્વકોશ છે. તેમાં જ્ઞાનવિજ્ઞાનની તમામ શાખાઓની સર્વાંગીણ માહિતી પીરસવામાં આવે છે. 1768માં પ્રગટ થયેલ 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'ની 1975 સુધી આવતાં પંદર આવૃત્તિઓ થઈ હતી. બસો વર્ષના ગાળામાં સમયની માગ અનુસાર વૈજ્ઞાનિક સંશોધનોને આવરી લેતું તેનું સઘન અને વ્યાપક સ્વરૂપ બંધાયું હતું. એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકાએ દુનિયાભરમાં ઉત્તમ કોટિના વિશ્વકોશ તરીકે છેલ્લા બે શતક દરમિયાન ખ્યાતિ પ્રાપ્ત કરી છે. ભારતમાં શબ્દકોશરચનાની પ્રાચીન પરંપરા હતી. પણ સર્વસંગ્રાહક (general) વિશ્વકોશની સંકલ્પના તો અર્વાચીન યુગની છે. એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકાને આધારે બંગાળીમાં 'વિદ્યાહારાવલિ'થી (1819–1821) પ્રારંભ થયો ગણાય છે. નગેન્દ્રનાથ બસુએ એકલે હાથે બાવીસ ભાગમાં બંગાળી વિશ્વકોશ રચ્યો હતો.

ત્રીજી પંચવર્ષીય યોજનામાં સરકારની આર્થિક સહાયથી પ્રાદેશિક ભાષાઓમાં વિશ્વકોશ તૈયાર કરવાની જોગવાઈ થઈ હતી. તે અન્વયે હિન્દી, બંગાળી અને મરાઠી તેમજ તમિળ, તેલુગુ, કન્નનડ, મલયાળમ, ઊડિયા, પંજાબી વગેરે ભાષાઓમાં વિશ્વકોશની ગ્રંથશ્રેણીઓ તૈયાર કરવાનું કામ હાથ પર લેવાયું.

ગુજરાતમાં સ્વરાજપ્રાપ્તિ પહેલાં રતનજી ફરામજી શેઠનાનો 'જ્ઞાનચક્ર' (1898–1910) નવ ભાગમાં અને ડૉ. શ્રીધર વ્યંકટેશ કેતકરનો 'ગુજરાતી જ્ઞાનકોશ' (1921–1929) બે ભાગમાં પ્રગટ થયો હતો. સ્વરાજપ્રાપ્તિ બાદ વલ્લભવિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીએ વિવિધ વિદ્યાશાખાના 'જ્ઞાનગંગોત્રી' શ્રેણીના 30 ગ્રંથો (1967 –1996) પ્રગટ કર્યા છે. તે વિશ્વકોશમાં અપેક્ષિત માહિતીના કરતાં નિરીક્ષણાત્મક નિબંધસ્વરૂપના છે. ગુજરાત યુનિવર્સિટીએ વિજ્ઞાન અને યંત્રવિદ્યા કોશની શ્રેણીના 10 ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે.

આ બધું છતાં સચરાચર સૃષ્ટિની તમામ માહિતી એકસાથે આપે તેવા સર્વગ્રાહી (general) વિશ્વકોશની ખોટ ઊભી હતી. વિષયના અધ્યયન-અધ્યાપન ઉપરાંત સામાન્ય જિજ્ઞાસુને ઉપયોગી થાય તેવા વિશ્વકોશની ઊણપ રહી હતી. તેને પૂરવા માટે ગુજરાતી ભાષામાં સર્વગ્રાહી વિશ્વકોશ રચવાનો પ્રથમ પ્રયોગ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે કરેલો છે. 170 જેટલાં વિષય-જૂથોને આવરી લેતો 25,000થી વધુ અધિકરણો સમાવતો વિશ્વકોશ તૈયાર કરવાનું બીડું ટ્રસ્ટે ઝડપ્યું છે. એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકાના ધોરણે તેનું આયોજન કરેલું હોવા છતાં એન્સાઇક્લોપીડિ-

યા બ્રિટાનિકામાં કીટકશાસ્ત્ર, વનસ્પતિરોગશાસ્ત્ર અને ઔષધશાસ્ત્ર જેવા વિષયો સમાવેશ પામેલા નથી તે ગુજરાતી વિશ્વકોશમાં સમાવિષ્ટ છે. સમગ્ર ગ્રંથશ્રેણીમાં સમાવિષ્ટ તમામ અધિકરણોની વિષયવાર યાદી સહિત સમગ્ર વિશ્વકોશ શ્રેણીના આયોજનની વિગતો તેના ભૂમિકાખંડમાં આપેલી છે. સમગ્ર શ્રેણીમાં પ્રગટ થનાર કુલ વીસ ગ્રંથોમાંથી છેલ્લાં 15 વર્ષ દરમિયાન 13 ગ્રંથો પ્રગટ થઈ ચૂક્યા છે. તેમાં વિજ્ઞાનનાં 5,300 જેટલાં, સમાજવિદ્યાનાં 4,094 જેટલાં અને માનવવિદ્યાનાં 4,103 જેટલાં અધિકરણો મૂકેલાં છે. 2,713 જેટલાં લઘુચરિત્રો છે, 315 જેટલા વ્યાપ્તિલેખો છે અને 5,800 જેટલાં ચિત્રો-આકૃતિઓ અને કોષ્ટકો છે. પ્રત્યેક ગ્રંથમાં સરેરાશ 300 જેટલા લેખકોનાં લખાણો પ્રગટ થાય છે.

ગુજરાતી વિશ્વકોશ ગુજરાતીભાષી વર્ગને માટે તૈયાર થયેલો હોવાથી ગુજરાતને લગતી માહિતી તેમાં અગ્રસ્થાન પામે તે સ્વાભાવિક છે. ગુજરાતનાં ઇતિહાસ, ભૂગોળ, સાહિત્ય, કલા, સમાજ અને ધાર્મિક તથા સાંસ્કૃતિક પરંપરા અને વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓ વિશે તેમાં વિસ્તારથી કહેવાનો ઉપક્રમ રાખ્યો છે. બીજી ભાષાઓના કોશોમાં ગુજરાત વિશે સંક્ષેપમાં નિરૂપણ હોય છે એટલે દુનિયાના કોઈ ખૂણામાં બેસીને ગુજરાત વિશે સંશોધન કરનારને ગુજરાત વિશે સર્વાંગીણ માહિતી આ વિશ્વકોશમાંથી મળી શકે તેમ છે.

ગુજરાતી ભાષામાં આ કોશ તૈયાર થતો હોવાથી અનેક વિષયોના પારિભાષિક શબ્દો ગુજરાતીમાં વાપરવાના થાય છે. નવા વિચારો અને સંકુલ વિભાવનાઓને સ્પષ્ટ કરતી વખતે ભાષાની કસોટી થાય છે. તેને પરિણામે ભાષા ખેડાય છે અને નવા પરિમાણમાં વિકસે છે. આમ થતાં ચોક્કસ પરિભાષા બંધાય છે. આ પરિભાષા એ વિશ્વકોશના કાર્યને નિમિત્તે ગુજરાતી ભાષાને મળેલી વિશિષ્ટ બક્ષિસ છે. સમગ્ર શ્રેણી પૂરી થયા પછી વિવિધ ગ્રંથોમાં વપરાયેલ પરિભાષાનો અલગ ગ્રંથ પ્રગટ કરવાની ધારણા છે.

વિશ્વકોશમાં મૂકેલી માહિતી અધિકૃત અને અદ્યતન હોય તેની ખાસ કાળજી રાખવામાં આવે છે. તમામ વિષયોનાં અધિકરણો તે તે વિષયોના નિષ્ણાતો પાસે તૈયાર કરાવવામાં આવે છે. દરેક વિષયના અધિકરણ-લેખકોની પસંદગી નિષ્ણાતોની સમિતિ દ્વારા થાય છે. તેમના સૂચન મુજબ વિષયના ઘટકના મહત્વ પ્રમાણે તેમને શબ્દસંખ્યા ફાળવવામાં આવે છે.

વિશ્વકોશની રચનાનું વિશિષ્ટ શિસ્ત માંગી લે તેવું શાસ્ત્ર છે. જ્ઞાનના મહોદધિમાંથી સાચાં મોતી તારવી આપવાની કળા વિશ્વકોશના લેખકમાં હોવી જોઈએ. સત્ય, નિતાંત સત્ય, હકીકતરૂપ નક્કર સત્ય રજૂ કરવાનો તેનો આદર્શ હોય છે. કોઈ એક પક્ષ કે વાદમાં વિશ્વકોશનો લેખક ખેંચાતો નથી. જ્યાં એકથી વધારે મંતવ્ય હોય ત્યાં દરેક મતનો સ્પષ્ટ ખ્યાલ આપીને તેને વિશે નિર્ણય કરવાનું તે

વાચક ઉપર છોડે છે. એટલે તેમાં પૂર્વગ્રહ કે પક્ષિલતાનો અંશ માત્ર પ્રવેશી શકતો નથી. સત્યની શોધ કરનારને એ રીતે વિશ્વકોશ સહાયરૂપ બને છે.

ગુજરાતી વિશ્વકોશમાં મૂકેલી માહિતી શાળા, કૉલેજ અને યુનિવર્સિટીમાં તો ઉપયોગી થાય જ, પણ તે ઉપરાંત ઉદ્યોગ, વાણિજ્ય, વ્યવસ્થાપન, કૃષિ, ઇજનેરી વગેરે તમામ મહત્વનાં ક્ષેત્રોમાં કામ કરનારને ઉપયોગી માહિતી અને માર્ગદર્શન પૂરાં પાડે છે. આ પ્રકારની માહિતીનો વ્યાપક અને વ્યવસ્થિત ઉપયોગ થઈ શકે તે માટે તેમાંનાં લખાણોને અલગ ગ્રંથસ્વરૂપે પ્રગટ કરવાની યોજના પણ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે કરેલી છે. તે યોજના અનુસાર 'ગુજરાત', 'કૅન્સર', 'ગાંધીચરિત' અને 'ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો (માહિતીકોશ), જેવાં ઉપયોગી પુસ્તકો ટ્રસ્ટ તરફથી પ્રગટ થયેલ છે. 'ભારત', 'ભારતીય સાહિત્ય', 'નાટક', 'દૂધ, દુગ્ધવિદ્યા અને ડેરીઉદ્યોગ', 'અંતરીક્ષ વિજ્ઞાન', 'વિક્રમ સારાભાઈ' તેમજ અન્ય મહત્વના વિષયોના ગ્રંથો પણ ક્રમશઃ પ્રગટ કરવાની યોજના છે.

વિશ્વકોશરચનાની આ પ્રવૃત્તિ છેક 1985થી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી ચાલી રહી છે. તેમાં ગુજરાત સરકાર, ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિઓ અને દાનવીરોનો સક્રિય સહકાર મળેલો છે. પણ સૌથી વિશેષ મહત્વનો સહયોગ ગુજરાતના વિવિધ ક્ષેત્રના અધ્યાપકો, નિષ્ણાતો, વિદ્વાનો, સંશોધકો, તેમજ તબીબો, ન્યાયવિદો, ધારાશાસ્ત્રીઓ, ઇજનેરો, કૃષિકારો વગેરે મહાનુભવોનો સાંપડ્યો છે જેને કારણે આ મહાભારત કાર્ય સિદ્ધ થઈ રહ્યું છે. આ કાર્યમાં સતત રસ લઈને મહેનતપૂર્વક લખાણો તૈયાર કરવામાં મોટાભાગના નિવૃત્ત અધ્યાપકો, આચાર્યો, સંશોધકોની મદદ મળેલી છે. તેને કારણે કોશ કાર્યાલયમાં વિદ્યાકીય વાતાવરણ જામેલું રહે છે.

વિશ્વકોશની આ પ્રવૃત્તિનો પરિચય પ્રજાના વિવિધ સ્તરના જિજ્ઞાસુઓને સતત થતો રહે તે માટે વિશ્વકોશનું સંપર્કપત્ર 'વિશ્વવિહાર' દર મહિને પ્રગટ થાય છે. તેમાં વિશ્વકોશ ઉપરાંત વિશ્વના વિવિધ દેશોમાં બનતી ઘટનાઓ તથા લોકોનાં વિચાર-વલણોની ગતિવિધિ વિશે માહિતી અપાય છે. પરદેશમાં વસતા ગુજરાતીઓને ગુજરાતનાં સાહિત્ય, સંસ્કૃતિ અને પરંપરાનો સંપર્ક સાધી આપવામાં પણ આ વિશ્વકોશ મહત્વની સેવા બજાવે છે.

ત્વરિત પરિવર્તનનો આ યુગ છે. છેલ્લા ત્રણ દાયકામાં જેટલાં વૈજ્ઞાનિક સંશોધનો થયાં છે તેટલાં અગાઉનાં ત્રણસો વર્ષમાં થયાં નથી. સતત પલટાતી દુનિયાની જાણકારી માટે વિવિધ પ્રકારના વિશ્વકોશ દરેક પ્રજાને તેની ભાષામાં હોવા જોઈએ. વિદ્યાશાખાવાર અને વિષયવાર વિશ્વકોશો રચાય અને કલા, રમત-ગમત, યુદ્ધશાસ્ત્ર જેવા વિષયો પર અલગ કોશ રચાય અને આ કમ્પ્યૂટરના યુગમાં તેની માહિતી 'સીડીરોમ'ની નાનકડી તકતીમાં સંચિત થયેલી રહે તે નવા જમાનાની

માગ છે. તે રીતે પ્રજાની સંસ્કૃતિ અને જીવનશૈલીમાં જબ્બર પરિવર્તન આવી રહ્યું છે. તે પરિવર્તનનનું વાસ્તવિક હકીકતરૂપ પ્રતિબિંબ વિશ્વકોશમાં ઝિલાય છે. એ દૃષ્ટિએ જોતાં ગુજરાતી વિશ્વકોશની પ્રવૃત્તિ વૈશ્વિક સંદર્ભમાં શાન્ત ક્રાન્તિનું સમર્થ વાહન બની રહેલ છે.

# વિશ્વકોશ : આયોજન અને નિર્માણ

ચંદ્રકાન્ત શેઠ

28

વિશ્વકોશ એટલે આખા વિશ્વ વિશેની મહત્વની જાણકારી જેમાંથી મળી શકે એવો જ્ઞાનના ખજાનારૂપ ગ્રંથ. વિશ્વકોશો જાતભાતના જોવા મળે છે. કેટલાક કોશ સંગીત, નાટક, રમત, ચિત્રકળા વગેરેના હોય તો તેમાં તે તે વિષયની બધી મહત્વની માહિતી મૂકવામાં આવી હોય. કોઈ કોશ દાક્તરી વિદ્યાનો હોય તો કોઈ ભૂગોળ કે ખગોળ અંગેનો પણ હોય. આવા કોશો વિશેષ જ્ઞાનના કહેવાય. જીવનનાં અનેક ક્ષેત્રો ને તે અંગેની અનેક વિદ્યાશાખાઓ છે. તે સર્વને લગતા જ્ઞાનકોશો મળે છે. એ રીતે જ્ઞાનકોશોના અનેક પ્રકારો હોય છે. અમુક વિષય કે વિદ્યાશાખાથી આગળ વધીને વિશ્વ સમસ્તની મહત્વની પસંદ કરેલી પ્રમાણભૂત માહિતી આપવા માટે સર્વસામાન્ય(general) વિશ્વકોશની એટલે કે વિશ્વજ્ઞાનકોશની આયોજના થાય છે. એમાં વિશ્વ સમસ્ત વિશેની માહિતી આપતાં તમામ લખાણો અકારાદિક્રમે ગોઠવવામાં આવ્યાં હોય છે. આજના યુગમાં જાતભાતનું જ્ઞાન સહેલાઈથી ને જલદીથી મેળવવાની ઇચ્છા રાખનારા જિજ્ઞાસુઓ માટે આ પ્રકારની વિશ્વકોશની આયોજના થાય છે. જિજ્ઞાસુ બાળકો માટેના વિશ્વકોશ પણ હોય છે અને જિજ્ઞાસુ પુખ્તજનો માટેનાયે હોય છે.

વિશ્વકોશ બનાવવાની ઇચ્છા ધરાવનાર તે મુખ્ય સંપાદક. તેનામાં શાણપણ ને જાણપણનો સુભગ સમન્વય હોવો જોઈએ. તેનામાં સાચા જ્ઞાન-સાધકનાં પાયાનાં બધાં લક્ષણો અનિવાર્ય

છે. વળી વિશ્વકોશ સામાન્ય રીતે એકલે હાથે થાય એવું કામ નથી. એમાં જીવનનાં ને જ્ઞાનનાં ઘણાંબધાં ક્ષેત્રોના નિષ્ણાતોનાં સલાહ-સૂચન-માર્ગદર્શન, લેખન-સહાય વગેરેની જરૂર પડે છે. એવા બધા નિષ્ણાતોને સુમેળથી સાથે રાખીને વિશ્વકોશ રચવાનો હોય છે; તેથી મુખ્ય સંપાદકમાં જરૂરી વિદ્યાકીય સજ્જતા ઉપરાંત વિશ્વકો-શના નાના-મોટા સૌ કાર્યકરોને સુમેળપૂર્વક સાથે રાખીને એમની પાસેથી અપેક્ષિત કામ લઈ શકે એવી વ્યવહારદક્ષતા ને કાર્યદક્ષતા હોવી આવશ્યક છે.

મુખ્ય સંપાદકે કે વિશ્વકોશ-નિર્માતાએ વિશ્વકોશના વાચકવર્ગની કક્ષા અને વિષયસામગ્રીનો પ્રકાર લક્ષમાં રાખીને વિશ્વકોશનું આયોજન અને નિર્માણ કરવાનું હોય છે. તે ધ્યેય કે પ્રયોજનને ધ્રુવતારાની જેમ પોતાની નજર સામે રાખીને કોશકાર્યમાં આગળ વધવાનું રહે છે. કોશનિર્માતા મુખ્ય સંપાદક – સર્વસામાન્ય (general) પ્રકારનો વિશ્વકોશ બનાવવા માટે સૌપ્રથમ વિશ્વકોશની ગ્રંથશ્રેણિનો વ્યાપ (નિશ્ચિત કદનાં પૃષ્ઠો અને તેમાં સમાવવાની શબ્દ-સંખ્યા) નક્કી કરે છે; દા.ત., એક હજાર પાનાંનો એક એવા વીસ ગ્રંથો અને દરેક પૃષ્ઠના કહો કે, સાતસો શબ્દો એમ અંદાજ કાઢી લે છે. પછી પોતાની બુદ્ધિશક્તિ મુજબ જ્ઞાનના એ કોશને માનવવિદ્યાઓ, સમાજવિદ્યાઓ, વિજ્ઞાન (શુદ્ધ અને પ્રયુક્ત), વાણિજ્ય-ઉદ્યોગ-વ્ય-વસ્થાપન – એવાં વિવિધ જૂથોમાં, પ્રત્યેકનાં જ્ઞાન-માહિતીના જથ્થા અને ગુણવત્તા અનુસાર પૃષ્ઠ કે શબ્દસંખ્યા વહેંચી નાખે છે. તે પછી વિષયજૂથમાં આવતા પ્ર-ત્યેક વિષયની તેના મહત્વ અનુસાર શબ્દસંખ્યા નક્કી થાય છે. વિષયનિષ્ણાતોની સમિતિ વિષય અને તેના ઘટકરૂપ પ્રત્યેક અધિકરણ(entry)ને શબ્દો ફાળવે છે. વિષયજૂથની કુલ ફાળવેલી પૃષ્ઠસંખ્યાની મર્યાદામાં રહીને અધિકરણલેખનનું કામ સોંપાય છે.

વિષયનિષ્ણાતોની પસંદગી પર કોશની ગુણવત્તાનો આધાર રહેલો છે. તે માટે મુખ્ય સંપાદક વિવિધ જ્ઞાનક્ષેત્રોના નિષ્ણાતોની અગ્રતાક્રમે યાદી કરે છે અને એ યાદીને આધારે પોતાને સૌથી વધુ ઉપયોગી ને અનુકૂળ આવે એવા નિષ્ણા-તોને પસંદ કરીને વિવિધ વિષય-નિષ્ણાતોની સમિતિઓ રચે છે. એ નિષ્ણાતોની વરણીમાં કોશનિર્માતાએ પૂરી ખબરદારી ને સાવધાની રાખવાની રહે છે. તેમની સાથે જે તે વિષયક્ષેત્રમાંથી વિશ્વકોશ માટે કયા કયા મુદ્દાઓ અધિકરણલેખન માટે પસંદ કરવા તેની ચર્ચા-વિચારણા કોશનિર્માતા કરે છે. એ રીતે અધિકર-ણ(entries)ની સૂચિ તૈયાર થાય છે; એનાં કાર્ડ તૈયાર થાય છે. કોશનિર્માતા એ પછી નિષ્ણાતોની સાથે મસલત કરી જે તે અધિકરણ માટેના યોગ્ય લેખકોની વરણી કરે છે. એમ કરતાં બને તેટલું તાટસ્થ્ય અને ઔચિત્ય જળવાય એ માટેની ચીવટ–સજાગતા કોશનિર્માતા તેમજ વિષયનિષ્ણાતો રાખતા જ હોય છે. આ રીતે અધિકરણોની વિષયસૂચિ તથા અધિકરણો માટેની લેખકસૂચિ તૈયાર થયા

બાદ કોશકાર્યાલયના વહીવટી તંત્રની મદદથી નિર્ધારિત લેખકોને વિશ્વકોશ માટેનાં નક્કી કરેલાં અધિકરણો ઉપર નિયત શબ્દસંખ્યામાં, નિયત સમયાવધિમાં લેખો તૈયાર કરી આપવાનું નિમંત્રણ પાઠવવામાં આવે છે. નિમંત્રણપત્રની સાથે દરેક લેખકને તેને સોંપવામાં આવેલ અધિકરણના પ્રકાર અનુસાર વિશ્વકોશને અનુરૂપ લેખનનું માળખું (format) તથા તેને લગતી સૂચનાઓ મોકલવામાં આવે છે. એ રીતે તૈયાર થઈ આવેલાં લખાણોનું વિષય-નિષ્ણાતો પાસે પરામર્શન કરાવવામાં આવે છે. પરામર્શકોના અભિપ્રાય-સૂચન મુજબ જરૂરી કાપકૂપ, સુધારાવધારા વગેરે કરવામાં આવે છે. ક્યારેક કોઈ લખાણ અપેક્ષિત ધોરણ અનુસારનું ન હોય તો તે રદ પણ કરાય છે અને એ જ લેખ અન્ય પાસે લખાવવાનો પણ થાય છે.

વિશ્વકોશના મુખ્ય સંપાદક વિશ્વકોશના ઉપભોક્તાને, એની સામાન્ય જ્ઞાનની અપેક્ષા સંતોષાય એ પ્રકારની લેખનસામગ્રી આપવા સંકલ્પબદ્ધ હોય છે. જે લેખનસામગ્રી વિશ્વકોશમાં પીરસાય તે પ્રમાણભૂત હોય, સાચી હોય, તાટસ્થ્ય-પૂર્વકની હોય, બને તેટલી પર્યાપ્ત અને છેવટની હોય, તાર્કિક રીતે, સુગમ રીતે, ટૂંકાણમાં ને છતાં આકર્ષક રીતે રજૂ થઈ હોય તે અપેક્ષિત છે. વિશ્વકોશના મુખ્ય સંપાદકે આ વિશ્વકોશના આરંભે જે નકશો (blue print) મનમાં રાખ્યો હોય છે તે સંતોષકારક રીતે વિશ્વકોશના છેવટના નિર્માણ-પ્રકાશનમાં સાકાર થયો હોય તે જોવાનું રહે છે. વિશ્વકોશમાં અંગ્રેજી પારિભાષિક શબ્દોના ગુજરાતી પર્યાયો નક્કી કરવાની કામગીરી સંપાદકમંડળ બજાવે છે. એ રીતે પ્રત્યેક ગ્રંથના લખાણોમાં ઉપયોગમાં લીધેલી પરિભાષા એકત્ર કરીને ગ્રંથને છેડે મૂકવામાં આવે છે, જે સમગ્ર શ્રેણી પૂરી થયા પછી ગ્રંથ રૂપે પ્રગટ કરી શકાય છે.

વિશ્વકોશનું નિર્માણ એ રીતે સંગીતની ઑરકેસ્ટ્રાના સંચાલન જેવું છે. એમાં સૂત્રધાર તે મુખ્ય સંપાદક. તેણે કોશનિર્માણમાં જુદે જુદે તબક્કે કામ કરતા સર્વ નિષ્ણાતો, અધિકરણ-લેખકો, પરામર્શકો, સહસંપાદકોથી માંડીને મુદ્રકો, ગ્રંથ બાંધનારાઓ સુધીના અનેકોનો સૂઝબૂઝપૂર્વકનો સહકાર મેળવવાનો હોય છે ને તો જ વિશ્વકોશનો ખરેખરો હેતુ ચરિતાર્થ થાય છે. વિશ્વ પ્રતિ અભિમુખ કરનાર, વિશ્વને સમજવા-ઓળખવામાં સહાયભૂત થનારા વિશ્વકોશનું નિર્માણ એક પ્રકા-રનું ઋષિકાર્ય છે; સ્વાધ્યાયપૂત જ્ઞાનનિષ્ઠ તપની ફળશ્રુતિરૂપ તે સત્કાર્ય છે એમ સમજવું જોઈએ.

# વિશ્વકોશની વિકાસવાર્તા

**ધીરુભાઈ ઠાકર**

29

ગુજરાત રાજ્યની સ્થાપના પછી ગુજરાતી પ્રજાની અસ્મિતાને ઉપસાવનારાં વિવિધ સાંસ્કૃતિક પરિબળો અસ્તિત્વમાં આવ્યાં તેમાંનું એક તે વિશ્વકોશરચનાની પ્રવૃત્તિ. શિક્ષણ અને સાહિત્યના સંવર્ધન માટેના પ્રોત્સાહક સંજોગો ઊભા થતાં અનેક જ્ઞાનવર્ધક યોજનાઓ અમલમાં મૂકવાનો ઉપક્રમ વિચારાયો.

આશ્ચર્યની વાત એ છે કે આવા ઉપક્રમનો વિચાર શાસક કે શિક્ષણક્ષેત્રના કોઈ અગ્રણીને આવવાને બદલે 'ગુજરાતને બેઠો કરવાની' હોંશ ધરાવતા ગુજરાતના એક કર્મઠ સંત પૂ. શ્રીમોટાના મનમાં આવ્યો ! તેમણે પ્રાથમિક શાળાના ઓરડા બાંધવાથી માંડીને ઉચ્ચ કોટિના વૈજ્ઞાનિક સંશોધનની સાથે તરણસ્પર્ધા જેવી સાહસપ્રવૃત્તિને ઉત્તેજન આપવા માટે મોટું ભંડોળ ઊભું કરીને હરિ ૐ આશ્રમ દ્વારા ગુજરાતની અસ્મિતાને ઊજળી કરનારા કાર્યક્રમોનો કાયમી પ્રબંધ કર્યો. તેની અંતર્ગત ગુજરાતી ભાષા અને સાહિત્યના વિકાસ માટે વિશ્વ સમસ્તના જ્ઞાનવિજ્ઞાન-ની તમામ માહિતી એક જ સ્થળે ઉપલબ્ધ થાય તેવો સર્વસાધા-રણ વિશ્વકોશ (general encyclopaedia) ગુજરાતીમાં તૈયાર કરવા માટે તેમણે ગુજરાત યુનિવર્સિટીને દસ લાખ રૂપિયાનું દાન આપ્યું. તે રકમમાંથી યુનિવર્સિટીને વિશ્વકોશનો અલાયદો વિભાગ ઊભો કરીને વિદ્વાનો પાસે કામ શરૂ કરાવ્યું. પણ વર્ષો વીતવા છતાં તે વિભાગ તરફથી નક્કર પરિણામ આપે એવું કામ નીપજ્યું નહિ.

**(2)**

1978માં હું મોડાસાથી નિવૃત્ત થઈને આવ્યો. તે વખતના કુલપતિ ડૉ. પી. સી. વૈદ્યે વિશ્વકોશનું કામ ઝડપથી અને વ્યવસ્થિત રીતે થાય તે માટે એનું સુકાન મને સોંપ્યું. એ અરસામાં મરાઠી વિશ્વકોશનું કામ સતારા જિલ્લાના વાઈ ગામે મહારાષ્ટ્ર સરકાર તરફથી ચાલતું હતું. ગુજરાત યુનિવર્સિટી તરફથી ડૉ. રઘુવીર ચૌધરી અને યુનિવર્સિટીના બે અધિકારીઓ સાથે મેં તે વિશ્વકોશના કાર્યાલયની મુલાકાત લીધી. મહારાષ્ટ્ર રાજ્ય અસ્તિત્વમાં આવ્યું તે વખતે મુખ્ય પ્રધાન યશવંતરાવ ચવાણે ત્યાંની પ્રજાનાં સાહિત્ય-સંસ્કૃતિના વિકાસ માટે એક સ્વાયત્ત મંડળ સ્થાપ્યું હતું. મહારાષ્ટ્રનો ઇતિહાસ અને મરાઠી વિશ્વકોશ તૈયાર કરવાનું કામ એ મંડળને સોંપાયેલું. તદનુસાર જાણીતા સ્વાતંત્ર્યસેનાની અને વિદ્વાન તર્કતીર્થ લક્ષ્મણશાસ્ત્રી જોશીના મુખ્ય સંપાદકપદે મરાઠી વિશ્વકોશ તૈયાર થઈ રહ્યો હતો. સરકારે તે માટે અધિકારી વિદ્વાનોની નિયુક્તિ ઉપરાંત વિશ્વકોશના મકાન અને અલાયદા મુદ્રણાલયની વ્યવસ્થા પણ ત્યાં કરી હતી. મુલાકાતી વિદ્વાનોને રહેવા-જમવાની સુવિધા ધરાવતું અતિથિગૃહ પણ જોડે હતું. ગમે તે પક્ષની સરકાર હોય તોપણ સાહિત્ય અને સંસ્કૃતિનું કામ અટકે કે વિલંબમાં ન પડે તેવી એ વ્યવસ્થા હતી. અમે બે દિવસ રહ્યા તે દરમિયાન વિવિધ ક્ષેત્રના વિદ્વાનોને વિચારવિમર્શ અને લેખનકાર્ય કરતા જોવાની તક મળી. સમૃદ્ધ પુસ્તકાલયની પણ સગવડ હતી. કશા ભપકા કે ઊહાપોહ વગર શાન્તિથી ચાલી રહેલો એ જ્ઞાનયજ્ઞ જોઈને અમે પ્રભાવિત થયા.

મરાઠી વિશ્વકોશની પદ્ધતિનો અભ્યાસ કરીને અમે અમારી રીતે 20 ભાગમાં ગુજરાતી વિશ્વકોશ તૈયાર કરવાની યોજના ઘડી કાઢી અને 75 લાખ રૂપિયાનો ખર્ચ અંદાજીને સરકાર સમક્ષ તેની વિગતો યુનિવર્સિટી દ્વારા રજૂ કરી. તે વખતની જનતા પક્ષની સરકારે આ યોજનાનું મહત્વ ધ્યાનમાં લઈને પ્રથમ 50 લાખ રૂપિયા મંજૂર કર્યા. તેનો સરકારી ઠરાવ (GR) પણ યુનિવર્સિટીને મળી ગયો. પ્રથમ વર્ષની ગ્રાન્ટના પાંચ લાખ રૂપિયાની માગણીના કાગળ યુનિવર્સિટીએ તૈયાર કરાવ્યા; પણ એ જ અરસામાં સરકાર બદલાઈ. બીજી સરકાર આવી તેણે આગલી સરકારનો ઠરાવ રદ કરીને વિશ્વકોશની યોજના નામંજૂર કરી ! યુનિવર્સિટીને વિશ્વકોશ વિભાગ બંધ કરવો પડ્યો. થયેલું કામ સીલ કરીને યુનિવર્સિટીને સોંપીને અમે ઘેર આવ્યા. યુનિવર્સિટીએ હરિ ૐ આશ્રમને દાનની રકમ વ્યાજ સાથે પાછી આપી અને તે સાથે થયેલા કામનું પોટલું પણ પહોંચાડ્યું.

**(3)**

પાંચ વર્ષ વીતી ગયાં. 1985ના ઑગસ્ટમાં ગિજુભાઈ બધેકાની જન્મશતાબ્દી પ્રસંગે વ્યાખ્યાન નિમિત્તે મારે વિસનગર જવાનું થયું. અમારા જૂના મિત્ર, સ્વાતંત્ર્યસેનાની અને ઉત્તર ગુજરાતના અગ્રણી કાર્યકર શ્રી સાંકળચંદ પટેલને ત્યાં

જમવાનું હતું. જમતાં જમતાં સરકારમાં ચાલતી ગેરરીતિઓની વાત નીકળી. મેં તેમને પૂ. મોટાના દાનથી શરૂ થયેલ વિશ્વકોશનું કામ કેવી રીતે બંધ પડ્યું તેની વાત કરી અને કહ્યું, ''ગુજરાત સરકારને ગુજરાતી પ્રજાના ઉત્કર્ષમાં રસ નથી કે નથી એની અસ્મિતાનો તેને ખ્યાલ. ગુજરાતી ભાષામાં વિશ્વકોશ ઉપલબ્ધ કરી આપવો તે સરકારની ફરજ છે. મહારાષ્ટ્રમાં અને ભારતનાં બીજાં રાજ્યોમાં પોતપોતાની ભાષાના વિશ્વકોશ થઈ રહ્યા છે ત્યારે ગુજરાતની સરકારે તેની યોજના નામંજૂર કરીને પ્રજાનો દ્રોહ કર્યો છે.'' મેં જરા આવેશમાં આવીને કહ્યું. સાંકળચંદભાઈ સાત ગુજરાતી ભણેલા. તેમને વિશ્વકોશ એટલે શું તેની ખબર નહોતી. મેં તેમને ટૂંકમાં સમજાવતાં કહ્યું, ''દુનિયાભરનું જ્ઞાન ગુજરાતી ભાષામાં ઉતારી આપે તે વિશ્વકોશ.''

''કરવા જેવું કામ છે ?'' એમણે મને પૂછ્યું.

''દરેક પ્રજાને માટે એ જરૂરી છે.'' મેં કહ્યું.

એ પછી હું ઘેર આવ્યો. ત્રીજે દિવસે સાંકળચંદ પટેલ અમદાવાદ આવ્યા. મને કહે, ''ધીરુભાઈ, તમે કહેતા હતા તે વિશ્વકોશનું કામ આપણે કરીએ. તમે તૈયાર છો ?'' હું હસ્યો : ''ભલા માણસ, આ થોડું બે-પાંચ લાખનું કામ છે ? બારપંદર વર્ષ યા કામ પૂરું થાય ત્યાં સુધીમાં તો બે-અઢી કરોડ ખર્ચ થઈ જાય. આવાં કામ તો સરકાર કે યુનિવર્સિટી જ કરી શકે.'' વાત ત્યાં અટકી.

પછીને અઠવાડિયે તેઓ મને લઈને હરિ ૐ આશ્રમ ગયા. પૂછ્યું, ''આ કામ કરવા જેવું છે ?'' પૂ. મોટાના શિષ્ય શ્રી નંદુભાઈ શાહે કહ્યું, ''કરવા જેવું તો છે, પણ મોટા ગજાનું કામ છે. તૈયાર કરવા માટે સમર્થ માણસો જોઈએ અને મોટું ખર્ચ થાય.'' ત્યાર પછી જનતા સરકારના શિક્ષણપ્રધાન શ્રી નવલભાઈ શાહને મળ્યા. તેમનો અભિપ્રાય લીધો. પછી મને કહે,

''હવે જો આ કામ ગુજરાતના હિતનું છે ને કરવાની જરૂર છે તો આપણે કરવું જોઈએ.''

''પણ પૈસાનું શું ? આટલી મોટી રકમ ક્યાંથી લાવવી ?'' મેં કહ્યું.

''અરે યાર, પૈસાનું થઈ રહેશે. સારું કામ પૈસા વિના અટકતું નથી.'' કર્મવીર સાંકળચંદ પટેલનો અનુભવ બોલતો હતો. પછી થોડી વાર અટકીને મારી આંખમાં આંખ પરોવીને જરા ઊંચા સાદે સાંકળચંદ બોલ્યા, ''તમે આની જવાબદારી લેવા તૈયાર છો ?''

''તમે પૈસાની જવાબદારી લેતા હો તો વિચારીએ.'' મેં કહ્યું.

''વિચારીએ એમ નહિ; કરવા માંડીએ એમ કહો.'' એમણે કંઈક જુસ્સામાં આવીને કહ્યું.

"હું બેચાર મિત્રોને પૂછી જોઉં, પછી કહું. આ કાર્યમાં તો વિદ્વાનોના મોટા સમૂહનો સહકાર જોઈએ." મેં કહ્યું.

"ભલે. આવતા અઠવાડિયે જવાબ જોઈશે." – એમ કહીને તેઓ ગયા.

દરમિયાનમાં મેં ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. જે. જે. ત્રિવેદી વગેરે મિત્રોને પૂછ્યું ને તેમનો સહકાર માગ્યો. ત્રિવેદી સંશોધનના અનુભવી અને કુમારપાળમાં વિદ્યાકીય વિત્ત ઉપરાંત વહીવટ અને સંગઠનની સૂઝ. એ બેનો સક્રિય સહકાર મળવાની ખાતરી થઈ. સાંકળચંદભાઈ આવ્યા. ટ્રસ્ટ રચાયું. તેમને લઈને કુમારપાળ અને હું શેઠશ્રી શ્રેણિકભાઈને મળ્યા અને ટ્રસ્ટના પ્રમુખ થવા વિનંતી કરી. સાંકળચંદભાઈને લોકહિતના કાર્યમાં કેવી દિલચસ્પી છે તેનો શ્રેણિકભાઈને અનુભવ થયો. તેમની ભલામણથી અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ ટ્રસ્ટના કાર્યાલય માટે એચ. એલ. કૉલેજ ઑવ્ કૉમર્સની હૉસ્ટેલના કંપાઉન્ડમાં આવેલું ભોજનાલયનું મકાન વાપરવા આપ્યું. સાંકળચંદભાઈએ રાતોરાત વિસનગરથી કડિયા-મજૂર લાવીને રસોડાના ચૂલા ખોદાવી, જરૂરી સમારકામ અને રંગરોગાન કરાવીને વિદ્વાનોને કામ કરવા માટેની સગવડ ઊભી કરી આપી. વિવિધ વિષયોના વિદ્વાનોનો સાથ મળ્યો. પ્રો. દેવવ્રત પાઠક આ અરસામાં જોડાયેલા. તે સમાજવિદ્યાઓના આયોજનમાં મદદરૂપ થયા. ડૉ. દેરાસરીએ ડૉ. શિલીન શુક્લનો મેળાપ કરાવ્યો તે વિશ્વકોશરચનાની નોંધપાત્ર ઘટના છે. ડૉ. શુક્લે તબીબીવિદ્યાના સમગ્ર વિભાગનું ઉત્તમ રીતે આયોજન કરીને નવી જ ભાત પાડી. ડૉ. એન. પી. મહેતા કૃષિમાં, શ્રી એન. એલ. કરગથ્રા ફૉરેન્સિક સાયન્સમાં, ડૉ. સુશ્રુત પટેલ ખગોળમાં અને પ્રો. રવીન્દ્ર વસાવડા સ્થાપત્યમાં મદદરૂપ બન્યા.

કામ શરૂ કરતી વખતે યુનિવર્સિટીમાં થયેલી કામગીરીનું પોટલું યાદ આવ્યું. તેને માટે યુનિવર્સિટીમાં તપાસ કરી તો જાણવા મળ્યું કે વિશ્વકોશનું કામ પૂ. મોટાના દાનમાંથી થયેલું હોવાથી દાનની રકમની સાથે એ પોટલું હરિ ૐ આશ્રમમાં મોકલ્યું છે. અમે નડિયાદ ગયા. આશ્રમમાં પૂછ્યું તો નંદુભાઈ શાહે કહ્યું કે એ પોટલું તેમના પુત્રને ત્યાં અમદાવાદ છે. તેમના પુત્રે તે પોટલું સાહિત્ય પરિષદને આપેલું. પરિષદના કાર્યકરોને તે પોટલું ઉપયોગી નહિ લાગવાથી ગૂજરાત વિદ્યાપીઠમાં મોકલેલું એવું પટાવાળા પાસેથી જાણવા મળ્યું ! પછી તેનું પગેરું કાઢતાં વિદ્યાપીઠના ગ્રંથાલયના ભોંયરામાં એક ખૂણામાં પડેલું તે મળી આવ્યું. કોઈને એનું ખાસ મહત્વ કદાચ નહિ હોય એટલે મને એનો કબજો સહેલાઈથી મળ્યો ! હું રિક્ષામાં નાખીને પોટલું ઘેર લાવ્યો. યુનિર્સિવટીમાં દોઢ–પોણા બે વર્ષ કામ કરેલું તે દરમિયાન અધિકરણોની યાદી બનાવવાના પ્રાથમિક તબક્કાના કામનો અમુક હિસ્સો પોટલામાં સચવાયેલાં કાર્ડમાં હતો. પછી તો વિશ્વકોશનું નવેસર આયોજન કર્યું.

સાંકળચંદ પટેલ પ્રસન્ન થયા. તેમણે આરંભમાં એવી સંગીન આર્થિક સગવડ ઊભી કરી આપી કે વિશ્વકોશનું કામ તરત વેગ પકડી શક્યું. કામને આગળ ધપાવવા તેઓ સતત પ્રોત્સાહન આપતા રહેતા. દર અઠવાડિયે વિશ્વકોશના કામનો હેવાલ માગે અને સાધન કે સગવડના અભાવે એ કામ અટકે કે બગડે નહિ અને ગુણવત્તામાં ઊતરતું ન થવા પામે એ માટે ચેતવે. એક પૈસો પણ ખોટું ખર્ચ ન થાય અને જરૂર પડે તો લાખો રૂપિયા ખર્ચાય એ તેમની નીતિ હતી.

1986ના ઑક્ટોબરમાં તેઓ માંદા પડ્યા. અમે તેમની ખબર કાઢવા ગયા તો વિશ્વકોશના કામની વિગત માગી. પછી કહે, "અમદાવાદમાં જમીન લઈ રાખો. આપણે એક પ્રેસ કાઢવું છે ને છાપું કાઢવું છે. તેમાં આપણા વિચારો નિર્ભય રીતે મૂકવાના." નવેમ્બરની 28મીએ તેમણે વણથંભી સમાજસેવા કરતાં કરતાં આ દુનિયામાંથી વિદાય લીધી ત્યારે વિશ્વકોશનો ભૂમિકાખંડ તૈયાર થઈ રહ્યો હતો. સાંકળચંદભાઈએ તેર લાખ રૂપિયા જેટલી માતબર રકમ આ સત્કાર્ય પાછળ ખર્ચી નાખી હતી.

**(4)**

ટ્રસ્ટીમંડળમાં આ અરસામાં જ જાણીતા દાનવીર શ્રી દીપચંદભાઈ ગાર્ડી જોડાયા હતા. સાંકળચંદભાઈના અવસાન પછી ટ્રસ્ટીમંડળમાં તેમના જમાઈ અને ધારાસભ્ય શ્રી ભોળાભાઈ પટેલ આવ્યા. તેમણે સાંકળચંદના જેટલો જ રસ લેવાનો જારી રાખ્યો. સાંકળચંદભાઈની સાથે આવેલા શ્રી પ્રભુદાસ પટેલ થોડે વખતે અવસાન પામ્યા. ટ્રસ્ટની પ્રવૃત્તિમાં શ્રી વિઠ્ઠલભાઈ અમીન પણ સક્રિય રસ લેતા હતા. પરંતુ તેમને વિદેશ રહેવાનું થતાં તેમનો વિશેષ લાભ મળી શક્યો નહિ. દરમિયાનમાં અમદાવાદનાં જાહેર હિતનાં કાર્યોમાં હમેશાં ઊભે પગે રહેનાર શ્રી હીરાલાલ ભગવતી અને સહકારી બૅંક પ્રવૃત્તિના આગેવાન શ્રી બળદેવભાઈ ડોસાભાઈનો ટ્રસ્ટને લાભ મળ્યો. બળદેવભાઈનું અવસાન થતાં ઉત્તર ગુજરાતમાં ઉચ્ચશિક્ષણની સંસ્થાઓના સંચાલક અને ટૅકનોક્રેટ શ્રી નરસિંહભાઈ પટેલનો લાભ હાલ ટ્રસ્ટને મળે છે. આરંભથી જ ટ્રસ્ટીમંડળને ગુજરાત યુનિવર્સિટીના નિવૃત્ત ઉપકુલપતિશ્રી કંચનલાલ પરીખનાં સલાહસૂચનનો લાભ મળતો રહે છે તે આનંદની વાત છે.

આ અરસામાં કુમારપાળ દેસાઈને લઈને હું કવિશ્રી ઉમાશંકરને મળવા ગયો. તેમને વિશ્વકોશ ટ્રસ્ટની રચના અને ગુજરાતી વિશ્વકોશ શ્રેણીના અમે કરેલા આયોજનની વિગતો આપી. 'મોટું સાહસ ઉપાડ્યું છે' એમ કહીને તેમણે થોડુંક આશ્ચર્ય વ્યક્ત કર્યું. મેં તેમના સક્રિય સહકાર સહિત સલાહસૂચન માગ્યાં. તેમણે લગભગ દોઢેક કલાક વિસ્તારથી વાત કરી. તેમની સલાહના મુખ્ય મુદ્દા આ હતા : (1) ટ્રસ્ટે તાત્કાલિક વીસ લાખ રૂપિયા જેટલું ભંડોળ ઊભું કરવું જોઈએ. (2)

તેના વહીવટમાં વિદ્યાના માણસોનું પ્રાધાન્ય હોવું જોઈએ. (3) સરકાર દ્વારા ગ્રંથો ખરીદાઈને પુસ્તકાલયોમાં વહેંચાય એવી વ્યવસ્થા થવી જોઈએ. (4) આગોતરા ગ્રાહકની યોજના આરંભથી જ કરવી. (5) જુવાન પેઢીમાંથી નવા કાર્યકરોની બીજી હરોળ ઊભી કરવી. (6) ગુજરાતમાં વિશિષ્ટ સ્થળ–વસ્તુ–વ્યક્તિ–જાતિ વગેરેનો વિસ્તારથી પરિચય આપવો. (7) નાનામોટા સર્વસંગ્રહો એકત્ર કરીને માહિતીનો સ્રોત બને તેટલો વિશાળ ને સમૃદ્ધ કરવો. તેમનાં આ સૂચનોનું મૂલ્ય ઘણું હતું. પરંતુ દુર્ભાગ્યે લેખન રૂપે યા અન્યથા તેમનો પ્રત્યક્ષ સાથ મળી શક્યો નહિ તેનો વસવસો રહ્યો છે.

સાંકળચંદભાઈની પ્રથમ પુણ્યતિથિને દિવસે (28 નવેમ્બર 1987ના રોજ) વિશ્વકોશનો ભૂમિકાખંડ પ્રગટ થયો. એ ગ્રંથ સાભિપ્રાય જ સાંકળચંદ પટેલને અર્પણ કર્યો હતો. તેનું વિમોચન તે વખતના રાજ્યપાલશ્રી આર. કે. ત્રિવેદીએ કરેલું. તેમણે ગુજરાતમાં શરૂ થતી આ વિરલ વિદ્યાકીય પ્રવૃત્તિને બિરદાવી. આથી અનેક મુસીબતોની વચ્ચે કામ કરનાર વિદ્વાનો અને ટ્રસ્ટીઓને આગળ વધવાનું પ્રોત્સાહન મળ્યું.

પછીના વર્ષે (જુલાઈ 1988માં) ઓરિસામાં ભુવનેશ્વર ખાતે ભારતીય ભાષાઓમાં વિશ્વકોશની રચના કરી રહેલી સંસ્થાઓના પ્રતિનિધિઓની પરિષદ માનવસંસાધન મંત્રાલયના ઉપક્રમે યોજાઈ હતી. તેમાં હાજરી આપવા હું ગયો હતો. ગુજરાતમાંથી ડૉ. રમણલાલ જોશી પણ આવેલા. પરિષદમાં વિશ્વકોશરચનાને લગતા વિવિધ પ્રશ્નોની ચર્ચાવિચારણા ચાલેલી. હું ગુજરાતી વિશ્વકોશનો ભૂમિકાખંડ લઈ ગયેલો. તેમાં વિશ્વકોશના વીસ ગ્રંથોમાં સમાવેશ પામનાર 25,000થી વધુ અધિકરણો(entries)ની વિષયવાર યાદી મૂકી હતી. સામાન્ય રીતે એન્સાઇક્લોપીડિયા પૂરો થયા પછી છેલ્લે 'ઇન્ડેક્સ'ના ગ્રંથો તૈયાર કરવાની પદ્ધતિ અખત્યાર થાય છે. અમે વિશ્વકોશ તૈયાર કરતાં પહેલાં યાદી મૂકી હતી તેની ટીકા થયેલી. તેનો ખુલાસો કરતાં મેં ત્રણ મુદ્દા રજૂ કરેલા : (1) અધિકરણોની વિષયવાર સૂચિ અન્યત્ર સામાન્ય રીતે ઉપલબ્ધ થતી નથી; કેમ કે, આ પ્રકારના સર્વસામાન્ય વિશ્વકોશમાં તમામ અધિકરણોને વર્ણાનુક્રમે ગોઠવવાનાં હોય છે. (2) વાચકને અગાઉથી સમગ્ર સૂચિનું નિરીક્ષણ કરવાની તક સાંપડે અને પોતાની રુચિના વિષયનાં અધિકરણ પસંદ કરવાની સરળતા રહે. (3) આ સૂચિ એક રીતે કામચલાઉ ગણાય. તદ્વિદો અને વાચકોનાં સૂચનોનો તેને અવારનવાર લાભ મળતો રહેશે. વિવિધ ક્ષેત્રોમાં થતાં સંશોધનો, પલટાતાં પરિબળો અને નવી બનતી ઘટનાઓના સંદર્ભમાં વિવિધ વિષયોનાં અધિકરણો ઉમેરાતાં જશે અને પ્રમાણભૂતતા ને અદ્યતનતાને અનુલક્ષીને ફેરફાર થતા રહેશે. એટલે કામ ચાલતું જશે તેમ યાદીમાં ફેરફાર થતા રહેશે. આ સ્પષ્ટતાએ પરિષદમાં ચાલતી વિશ્વકોશના આયોજનની

ચર્ચાને યોગ્ય દિશામાં વાળી હતી. એટલું જ નહિ, તેનાથી પ્રભાવિત થઈને સ્થાનિક સંસ્થાએ ગુજરાતી વિશ્વકોશમાં મૂકેલી અધિકરણોની યાદીનું ઊડિયામાં ભાષાંતર કરવાનો પણ પ્રબંધ કર્યો.

આ પરિષદમાં હિન્દી, ઊડિયા, મરાઠી, બંગાળી, પંજાબી, કન્નડ, તેલુગુ, તમિળ વગેરે ભાષાઓમાં ચાલતી વિશ્વકોશનિર્માણની પ્રવૃત્તિનો ખ્યાલ મળ્યો; પણ મોટો લાભ તો છોતેર વર્ષના ઊડિયા કોશકાર વિનોદ કાનૂનગોનો પરિચય થયો તે હતો. તેઓ જૂના ગાંધીવાદી કાર્યકર હતા. નિશાળમાં ચાર અંગ્રેજી ભણીને ઊઠી ગયેલા. સ્વાતંત્ર્યસંગ્રામ વખતે જેલવાસ વેઠેલો. જેલમાં તેમને વિશ્વકોશ રચવાની પ્રેરણા થઈ. પુસ્તક, માસિક, વર્તમાનપત્ર વગેરેમાંથી જેલમાં જ ખંતપૂર્વક માહિતી એકત્ર કરવા માંડી. કેટલીક માહિતી-નોંધો તો છાપા જેવા રદ્દી કાગળ પર ઊડિયા ભાષામાં ટપકાવેલી. જેલમાંથી બહાર આવ્યા પછી પણ એ કામ ચાલુ રાખ્યું. માહિતીની વિષયવાર ફાઇલ બનાવી. વખત જતાં એની દસ હજાર ફાઇલો તેમની પાસે એકઠી થઈ હતી. વિશ્વકોશનું પ્રથમ પુસ્તક છપાવવા માટે એક પઠાણ પાસેથી 125 ટકાના વ્યાજે એક હજાર રૂપિયા લીધેલા તેની વાત તેમણે કરારખતની નકલ પરિષદમાં રજૂ કરેલા પોતાના નિવેદનમાં છાપીને કરી હતી. તેમણે એકલે હાથે પુરુષાર્થ કરીને 200 પાનાંનો એક એવા ઊડિયા વિશ્વકોશના 40 ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે.

પરિષદના દિવસો દરમિયાન એક સાંજે અમે તેમના કટક ખાતેના નિવાસ-સ્થાનની મુલાકાતે ગયા હતા. પુસ્તકો અને ફાઇલોના ખુલ્લા ઘોડાથી ખીચોખીચ ભરેલા એક ઓરડામાં તેમની ઑફિસ હતી. તેમણે સ્થાપેલ જ્ઞાનમંડળ ફાઉન્ડેશન તરફથી અખિલ ભારતીય વિશ્વકોશ કેન્દ્ર શરૂ કરવાની યોજના વિનોદજીએ અમને સમજાવી. તેમના ટેબલ પર એક મોટી બરણી હતી. તેમાં દસ પૈસા અને વીસ પૈસાના સિક્કા ભરેલા હતા. 'આટલા બધા સિક્કા કેમ રાખ્યા છે ?' મેં કુતૂહલથી પૂછ્યું. તેમણે કહ્યું, ''હું ગામડાંમાં જાઉં છું ત્યાં મારી ચોપડીઓ લઈ જાઉં છું. દરેક ચોપડીની કિંમત બે રૂપિયા હોય છે. ગામડામાં દસ કે વીસ જણની વચ્ચે એક ચોપડી આપું છું. દરેક જણ દસ કે વીસ પૈસા આપી શકે એવી ગોઠવણ કરેલી છે. ગરીબ માણસો વધુ પૈસા ક્યાંથી આપી શકે ?'' અનોખી રીતે વિદ્યાનો પ્રસાર કરનાર આ ઋષિજન વિશે અમને અહોભાવ થયો. (ખાદીનું ધોતિયું અને ખાદીનો ઉપરણો તે તેમનો પહેરવેશ હતો.) બાળકો અને પ્રૌઢો માટે તેમણે ઊડિયામાં સૂર્ય, રક્ત, વિમાન વગેરે વિષયોની સચિત્ર પુસ્તિકાઓ તૈયાર કરેલી. બાળવિશ્વકોશનું કામ પણ ત્યાં ચાલે છે. વિશ્વકોશરચના વિનોદ કાનૂનગોનું જીવનકાર્ય (mission) હતું. તેમનાં કુટુંબીજનો પણ એ કાર્ય સાથે સંકળાયેલાં છે. મારે તેમની સાથે સ્નેહ-સંબંધ બંધાયો હતો. ગુજરાતી વિશ્વકોશના પ્રથમ ખંડના વિમોચન માટે અમે તેમને નિમંત્રેલા, પણ નાદુરસ્ત તબિયતને કારણે આવી શકેલા નહિ. પછી કેટલેક મહિને

તેમના અવસાનના સમચાર તેમના પુત્ર ડૉ. દીપક કાનૂનગોએ આપ્યા. વિશ્વકોશને સમર્પિત થવાની પ્રેરણા મળે તેવો વિનોદ કાનૂનગોનો પુરુષાર્થ હતો.

ભુવનેશ્વરથી સમય કાઢીને અમે જગન્નાથપુરી ગયેલા. તે દિવસે દેવશયની એકાદશી હતી. જગન્નાથજીની રથયાત્રાનો છેલ્લો દિવસ હતો. અતિશય ભીડમાં રથમાં બિરાજેલા જગન્નાથજીનાં દર્શન મારાં પત્નીએ અને મેં કર્યાં. ભગવાનનો રથ કેટલા બધા ભાવિકો ખેંચીને ધન્ય થતા હતા ! વિશ્વકોશનો રથ પણ કેટલા બધા ભાવિકો ખેંચી રહ્યા છે એવો વિચાર મને તે વખતે આવ્યો.

**(5)**

ગુજરાત સરકારે ગ્રાન્ટ આપવાની ના પાડી હતી. સાંકળચંદ પટેલનું અવસાન થયા પછી વિશ્વકોશનું કામ સુપેરે ચાલે તે માટે આર્થિક સગવડ કરવાની જરૂર ઊભી થઈ હતી. તે માટે ટ્રસ્ટના પ્રમુખ શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ અને સાંકળચંદભાઈને સ્થાને વિદ્યાકાર્યમાં તેમના જેટલી જ દિલચસ્પી ધરાવનાર પૂર્વ ધારાસભ્ય ને મંત્રી શ્રી ભોળાભાઈ પટેલ હતા. દાયકાઓથી ગુજરાતમાં સંસ્કારપ્રવૃત્તિ ઉપરાંત રાહત અને સેવાકાર્યમાં હમેશ મોખરે રહેનાર હીરાલાલ ભગવતી હતા; લાખો રૂપિયાનું દાન કરીને સમાજના ઉત્થાનમાં ખડે પગે રહેનાર દીપચંદભાઈ ગાર્ડી હતા અને વિશાળ વિદ્વત્સમુદાયનો સંપર્ક ધરાવનાર મૂર્તિમંત યુનિવર્સિટી જેવા કંચનલાલ પરીખ હતા. તે સૌની જેવીતેવી હૂંફ નહોતી. તેમને સહારે વિશ્વકોશનું વહાણ મંજિલે પહોંચશે તેની પતીજ કુમારપાળ દેસાઈને અને મને હતી.

આમ છતાં લાંબા ગાળાનો પ્રોજેક્ટ પ્રસંગોપાત્ત પ્રાપ્ત થતા છૂટક દાનથી ચલાવવો મુશ્કેલ ગણાય. ભારત સરકાર જો આ કાર્ય માટે ગ્રાન્ટ આપે તો પ્રયત્ન કરવો – એ ગણતરીથી હું ભુવનેશ્વરથી પાછા વળતાં દિલ્હી ઊતર્યો. શિક્ષણ-મંત્રાલયમાં સચિવ તરીકે ગુજરાતના ડૉ. કિરીટભાઈ જોષી હતા. (તેમના પિતાશ્રી જેઠાલાલ જોષી સૌરાષ્ટ્ર એકમ રાજ્યની વિધાનસભાના અધ્યક્ષ હતા.) તેમને મળ્યો. વિશ્વકોશની પરિસ્થિતિ સમજાવી. તેમણે સહાનુભૂતિપૂર્વક વાત સાંભળી; પણ કહ્યું કે ગ્રંથશ્રેણીના સમગ્ર પ્રોજેક્ટ માટે ગ્રાન્ટનો અવકાશ નથી; પણ દરેક ગ્રંથને અલગ પુસ્તક તરીકે પ્રકાશનસહાય મળવાનો સંભવ ખરો. તેમની સૂચના મુજબ અરજી કરી અને વિશ્વકોશના પ્રત્યેક ગ્રંથને બેથી ત્રણ લાખ રૂપિયા જેટલું અનુદાન મળે તેવી જોગવાઈ થાય તેવી ગ્રાન્ટની મંજૂરી ડૉ. કિરીટભાઈ જોશીએ મેળવી આપી. જે દિવસે આ મંજૂરી મેળવી આપી તે દિવસ તેમની સેવાનો છેલ્લો દિવસ હતો; બીજે દિવસે તો તેઓ નિવૃત્ત થવાના હતા.

આમ, કંઈક અંશે અદષ્ટપ્રેરિત સાહસ રૂપે વિશ્વકોશની પ્રવૃત્તિ આગળ વધી રહી હતી.

**(6)**

પ્રથમ ગ્રંથ તા. 2–12–1989ના રોજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પૂ. પ્રમુખસ્વામી મહારાજને હસ્તે વિમોચન પામ્યો હતો. તે ગ્રંથ પૂ. શ્રીમોટાને અર્પણ થયો હતો. બીજો ગ્રંથ પૂ. પ્રમુખસ્વામી મહારાજને અર્પણ થયો હતો. સંતના આશીર્વાદના પ્રતીક રૂપે નડિયાદ અને સૂરત તરફથી અનુક્રમે સવા પાંચ અને પાંચ લાખ રૂપિયાનું તેમજ બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થા તરફથી પાંચ લાખ રૂપિયાનું દાન મળ્યું. પછી પણ ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિઓ અને ઉદ્યોગગૃહો તરફથી દાનનો પ્રવાહ વહેતો રહ્યો, પરંતુ આ મહાભારતકાર્યના ગંજાવર ખર્ચને પહોંચી વળવા નક્કર ને નિયમિત આવકની જરૂર હતી.

વિશ્વકોશના ત્રીજા ગ્રંથનું વિમોચન તા. 21–12–1991ના રોજ ગુજરાત રાજ્યના તે વખતના મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલને હસ્તે થયું. શ્રી ચીમનભાઈ કસાયેલ પ્રોફેસર હતા. તેમને વિશ્વકોશની ઉપયોગિતા સ્વયંસ્પષ્ટ હતી એટલે ઝાઝી દલીલ કરવાની હતી નહિ. મેં માત્ર એટલું જ કહ્યું કે ‘‘નર્મદાની યોજના ગુજરાતની જીવાદોરીરૂપ છે તો આ વિશ્વકોશની યોજના ગુજરાતની સંસ્કારદોરી છે. એને નિભાવવાની જવાબદારી સરકારની છે.’’ ચીમનભાઈને તેની અસર થઈ. સરકારી તંત્રે અનેક વાંધા ઊભા કર્યા પણ ચીમનભાઈ પટેલ મક્કમ હતા. એમના અવસાનને આગલે અઠવાડિયે જ વિશ્વકોશશ્રેણીને આઠમી પંચવર્ષીય યોજના દરમિયાન પ્રકાશનખર્ચના પચાસ ટકા જેટલું અનુદાન મળે એ માટેની મંજૂરી પર મહોર મારી.

